# પ્રવચન અંજન



પ્રવચન-લેખન

આચાર્ય વિજય પૂર્ણચન્દ્રસૂરિ

# પ્રવચન અંજન
## પુસ્તક પ્રકાશન લાભાર્થી



નાનાલાલ હાથીભાઈ શાહ
(ભુજપુર)

**નિરંજનાબેન નાનાલાલ શાહ**
હ. રાજેશભાઈ શાહ
ભુજપુર-કચ્છ હ. બોરિવલી, મુબઈ

**પ્રેરણા**
માતૃહૃદયા પ.પૂ.સાધ્વીવર્યાશ્રી દિવ્યપ્રજ્ઞા
શ્રીજી મ.સા.ના શિષ્યા
પ.પૂ.સાધ્વીશ્રી નયપ્રજ્ઞાશ્રીજી મ.સા.
પ.પૂ.સાધ્વીશ્રી મુક્તિપ્રજ્ઞાશ્રીજી મ.સા.
પ.પૂ.સાધ્વીશ્રી શીલપ્રજ્ઞાશ્રીજી મ.સા.

**જિતેન્દ્રભાઈ ચીનુભાઈ શાહ**
ધર્મપત્ની સ્વ. સ્મિતાબેનના સુકૃત કાર્યોની
અનુમોદનાર્થે
સુપુત્ર : અંકિતભાઈ તથા રવિભાઈ પરિવાર
ઉમતા ગામ (તીર્થ), હાલ અમદાવાદ





**સ્વ.કાન્તિલાલ લહેરચંદ શાહના**
**ધાર્મિક કાર્યોની અનુમોદનાર્થે**
રમીલાબેન ગીરીશભાઈ શાહ
જયશ્રીબેન સુરેશભાઈ શાહ
સુશીલાબેન રવિન્દ્ર શાહ

પારૂલ-ભાવેશ ● વિનિતા-અભય ● મૌસમી-ચંદ્રેશ ● પાયલ-વિશાલ ● જૈની-મયંક
ઊંઝા (ઉ.ગુ.)

॥ શ્રી સિદ્ધાચલ મહાતીર્થાધિપતિ આદિનાથાય નમઃ ॥
॥ ૐ હ્રીઁ અર્હ઼ શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય નમઃ ॥
॥ શ્રી ગૌતમસ્વામીને નમઃ ॥

શ્રી પદ્મ-જીત-હીર-કનક-દેવેન્દ્ર-કંચન-કલાપૂર્ણ-કલાપ્રભસૂરિ
સદ્ગુરુભ્યો નમઃ

# પ્રવચન અંજન

(સમેતશિખર તીર્થે થયેલ
ચાતુર્માસના પ્રવચનોનું આલેખન)

: દિવ્ય આશિષ :
અધ્યાત્મયોગી
પ.પૂ.આ.શ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.

: શુભ આશિષ :
કચ્છ વાગડ સમુદાય ગચ્છનાયક
પ.પૂ.આ.શ્રી કલાપ્રભસૂરીશ્વરજી મ.સા.

: પ્રવચન-લેખન :
પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મ.સા.

પુસ્તક : પ્રવચન અંજન

: પ્રવચનકાર અને લેખક :
પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયકલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય
પૂ. આચાર્ય શ્રીપૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મ.સા.

પ્રત : ૨૦૦૦
કિંમત : ૫૦

: પ્રથમ આવૃત્તિ :
વિ.સં. ૨૦૭૪, ઇ.સ. : ૨૦૧૮

: આલંબન :
સમેતશિખર તીર્થે પૂ.આ. શ્રી પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી
મ.સા. આદિ સાધુ-સાધ્વી વૃન્દની નિશ્રામાં વિ.સં. ૨૦૭૨, ઈ.સ. ૨૦૧૬માં
સામૂહિક ૭૦૦ આરાધકોના ચાતુર્માસની અનુમોદના નિમિત્તે

: પ્રાપ્તિસ્થાન :
રવિભાઈ કુબડીઆ
રજવાડી વેર, ૧૧૨, મલાડ શોપિંગ સેન્ટર,
S.V. રોડ, મલાડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૪
મોબાઈલ : ૯૮૭૦૧ ૨૯૧૮૦, ૯૮૨૧૪ ૦૮૯૦૯

જિતુભાઈ શાહ
૩૦૨, પુણ્યભૂમિ એપાર્ટમેન્ટ,
પંકજ સોસાયટી, ભઠ્ઠા ચાર રસ્તા, પાલડી, અમદાવાદ
મોબાઈલ : ૯૯૦૪૩૦ ૨૪૦૫, ૯૩૭૬૬ ૩૦૮૨૨

સુરેશભાઈ કે. શાહ
કાન્તિલાલ લહેરચંદ એન્ડ સન્સ
૨૦/એ, માર્કેટ યાર્ડ, ઊંઝા. (ઉ.ગુ.)
મોબાઈલ : ૯૮૯૮૨૦૨૨૦૮

: પ્રકાશક :
પૂરાબેન જેન ધર્મશાળા, શ્રી જિનશાસન સેવા કેન્દ્ર,
કલાપૂર્ણ સ્મૃતિ મંદિર પાસે, શંખેશ્વર તીર્થ, જિ. પાટણ, ગુજરાત.

: ડીઝાઈન :
વીતરાગ ગ્રાફીક્સ, અમદાવાદ. મો. ૮૯૮૦૦૦૭૮૭૨

आचार्य श्री पूर्णचन्द्रसूरीश्वरजी म.सा.के

चातुर्मास प्रवेश प्रसंगे

# ‘प्रवचन अंजन’

पुस्तक का विमोचन



**: शुभ दिन :**

**अषाढ सुद-12, ता. 24 जुलाई**

**वि.सं. 2074, इ.स. 2018**

**: चातुर्मास :**

**मेवाड भवन**

**हस्तगिरि रोड, तलेटी, पालीताणा - 364270**

**जि. भावनगर, गुजरात.**

**मो. 9821408911, 9429402799**

## श्री सम्मेत शिखर तीर्थ में ऐतिहासिक चातुर्मास के पश्चात् कल्याणक भूमि की दीर्घ विहारयात्रा

**शासन प्रभावक प.पू. आ. श्री पूर्णचन्द्रसूरीश्वरजी म.सा. एवं प.पू. मुनिराज श्री पूर्णरक्षितविजयजी म.सा. आदि 14 श्रमण-श्रमणी वृन्द की निश्रा में सम्मेत शिखर तीर्थे 700 आराधकों का ऐतिहासिक यादगार चातुर्मास सम्पन्न करके कठीनतम 2200 की.मी. की सुदीर्घ विहारयात्रा में अनेक कल्याणक भूमि की स्पर्शना करते हुए, जिन शासन की प्रभावना पूर्वक प्रवचन के माध्यम से जैन-अजैन प्रजा एवं विद्यार्थियों के जीवन में संस्कृति-संस्कार को उजागर किया।**

भारत की राजधानी (दिल्ली) से तीर्थों की राजधानी शत्रुंजय तीर्थ

## एक यादगार विहारयात्रा

प.पू. आचार्य श्री पूर्णचन्द्रसूरीश्वरजी म.सा. आदि 14 साधु-साध्वीजी दिल्ली से विहार करके मेरठ, हस्तिनापुर तीर्थ, हरिद्वार, ऋषिकेश (उत्तराखंड), गाजीयाबाद, गुड़गांव, राजस्थान में जयपुर, वरखेड़ा तीर्थ, अजमेर, ब्यावर, सोजत, पाली, मांडवला, केशवणा, जालोर, आहोर, शिवगंज, सिरोही, बामणवाड़ा, नांदिया, लोटाणा, दियाणा, पावापुरी, भेरुतारक, देलवाड़ा, माऊण्ट आबु, जीरावला, बरमाण, मंडार आदि अनेक तीर्थों की यात्रा दर्शन एवं अनेक शहर-नगर गाँव में शासन प्रभावना, प्रवचन आदि लाभ देते हुए पाँच वर्ष के पश्चात् गुजरात में पदार्पण किया एवं पश्चात पांथावाडा, पालनपुर, मगरवाड़ा, सुलतान तीर्थ, ऊंझा, महेसाणा, पानसर, आदि तीर्थ यात्रा करते हुए अहमदाबाद पधारे, जहाँ विभिन्न संघों में 1 मास स्थिरता में दीक्षाएँ एवं महोत्सव आदि कार्यक्रम में निश्रा प्रदान करके शंखेश्वर तीर्थ में पधारे। वहाँ भी विशेष स्थिरता करके पू. गुरुदेव आदि विशाल समुदाय के साथ पालीताणा-सिद्धाचल तीर्थ 2700 कि.मी. विहारयात्रा करके चातुर्मास हेतु पधार रहे हैं।

# પ્રવચન અંજન

## માનવીય જીવનને નંદનવન સમાન બનાવે તથા સમ્યગ્દષ્ટિનો ઉઘાડ કરે

આજના વિલાસવાદ અને ઉપભોક્તાવાદના વિષમ યુગના વાતાવરણમાં ધાર્મિક શુભ સંસ્કારોની માહિતીની આવશ્યકતા છે. સંસારના અનેક પ્રલોભનોમાં યા ભૌતિક આકર્ષણોમાં તથા આધુનિક વ્યાપક વિકૃતિઓમાં મનુષ્ય લપેટાઈ જાય છે. ફસાઈ જાય છે, ત્યારે શુભ સંસ્કારોનું જોર ઘટી જાય છે અને માનવીય જીવન ઉપર ખરાબી, કુટેવો, દુર્વ્યસનો, રાગાદિ ભાવો તથા આસૂરી ભાવનાઓનું જોર વધી જાય છે. તેના દ્વારા થતા નિરંતર આંતરિક આક્રમણોમાં ધાર્મિક ચેતના, દિવ્ય ચેતના, માનવીય ચેતના તથા સંસ્કાર ચેતનાના સ્પંદનો હત-પ્રહત થઈ જાય છે.

આર્યપુરુષોએ કહ્યું છે - માનવીય જીવન ઉત્ક્રાંતિ માટે છે... અપક્રાંતિ માટે નહિ, આરાધના માટે છે. વિરાધના માટે નહિ, દિવ્યતા માટે છે... પશુતા માટે નહિ, આસૂરી તાકાત વધારવા માટે નહિ, પણ સાત્વિક બળ વધારવા માટે છે... અસ્તાચલ તરફ જવા માટે નહિ, પણ ઉદયાચલ તરફ જવા માટે છે... અને કુસંસ્કારો અને કુકાર્યો માટે નહિ પણ સુસંસ્કારો અને સત્કાર્યો માટે છે... ! અસાર સંસારમાં આ જ સાર છે, રહસ્ય છે, પરમાર્થ છે, નવનીત છે અને સફળતા છે... જેમ કે,

*સોનેરી આ જીવનની કિંમત ઘડી પળ જાય છે,*
*દિન ઊગીને આથમે, આયુષ્ય ઘટતું જાય છે.*
*જે જે દિસે છે જગતમાં, ક્ષણમાં બધુંયે ક્ષય થશે,*
*આંખો મીંચાતા આખરે, બધું માટી માંહી જશે.*
*ચતુર નર ચેતજે બાજી હજી છે હાથમાં,*
*પુણ્ય કેરા પુંજ રૂપ ભાથું ગ્રહી લે સાથમાં.*
*અસાર આ સંસારમાં રમતા બધાએ સ્વાર્થમાં,*
*આ દિવ્ય જીવન મેળવી તું ગાળજે પરમાર્થમાં.*
*કર્તવ્યના સ્વીકારમાં, ભીતિ કદી કરવી નહીં,*
*પાપી તણા સહવાસમાં નીતિ કદી તજવી નહિ.*
*નિંદા કરે ખોટા જનો, તેથી કદી ડરવું નહિ,*
*ધારેલ સત્ય વિચારથી પાછા કદી ફરવું નહિ.*

આ છે સાત્વિક મનુષ્યની સંસ્કારશીલતા સાથેની ચિંતનશીલતા... અનિત્ય સંસારની અનુપ્રેક્ષા... સ્વાર્થ ત્યાગ સાથે પરમાર્થ આસેવનની ભાવના, અસારમાંથી સારગ્રહણની વૃત્તિ અને સાત્વિકતા, જવાંમર્દી તથા ખુમારીની જ્વલંત મનોમય ભૂમિકા...

આ જીવનમાંથી માનવ ચાહે તો ઘણું ઘણું મેળવી શકે છે. ઘણી ઘણી ઉપલબ્ધિઓ અર્જિત કરી શકે છે પરંતુ એમાં જો સફળતા ન મેળવતા નિષ્ફળ બની ગયા તો ઘણું ઘણું ગુમાવી અને ઘમરોળી પણ શકે છે.

**કહ્યું છે -**

***જીવતા જો આવડે તો જાહોજલાલી જિંદગી,***
***જીવતા જો ના આવડે તો પાયમાલી જિંદગી,***
***આવડે તો શોધ એમાંથી તને મળશે ઘણું...***
***છે ઘણા જન્મોથી આ તો ગોઠવી છે જિંદગી...***

જેઓએ જીવનનો ઉંડાણથી અભ્યાસ કર્યો છે અને જીવનને સહજતાથી સમજણપૂર્વક સ્વીકાર્યું છે... તેમના જીવનમાં વિસંવાદિતા નહિ, પણ સંવાદિતા છે, એકાંતવાદ (આગ્રહવાદ) નહિ પણ અનેકાંતવાદ છે, સંઘર્ષ નહિ પણ સમાધાન છે, ક્રૂરતા અને કઠોરતા નહિ પણ કરુણા અને કોમલતા છે... તેથી તેઓનું જીવન લોકોત્તર મંગલમય બની જાય તેમાં શી નવાઈ ? તેઓ સ્વ ઉપર કઠોર હોવા છતાં પણ અન્ય પર અતિ કોમલ હોય છે. તેઓની પ્રસન્ન કૃપાપૂર્ણ દૃષ્ટિ, પીયૂષવર્ષિણી વાણી, આધ્યાત્મિકતાની પ્રકર્ષતા કેટલી બધી ચિત્તાકર્ષક અને આહ્લાદક બની જતી હોય છે ?

કહ્યું છે -

**वज्रादपि कठोराणि, मृदूनि कुसुमादपि ।**
**लोकोत्तराणां चेतांसि, को नु विज्ञातुमर्हति ॥**

લોકોત્તર મહાપુરુષોના ચિત્ત વજ્ર કરતા પણ કઠોર હોય છે અને કુસુમ કરતા પણ વધુ કોમલ હોય છે તેને જાણવા કોણ સમર્થ બની શકે ? જ્ઞાનસારમાં પણ કહ્યું છે-

**यस्य दृष्टिः कृपावृष्टिः, गिरः शमसुधाकिरः ।**
**तस्मै नमः शुभज्ञानध्यानमग्नाय योगिने ॥**

જેમની દૃષ્ટિ કૃપાની વૃષ્ટિ છે, જેમની વાણી સમતારૂપી અમૃતની વર્ષા કરનાર છે. તે પવિત્ર જ્ઞાન અને ધ્યાનમાં નિમગ્ન બનેલા યોગી પુરુષને મારા નમસ્કાર હો...!!

આપણું પણ જીવન આ રીતે ઉચ્ચ મંગલમય અને પ્રશસ્ત બનાવવા મળ્યું

છે... શુભનું સર્જન અને અશુભનું વિસર્જન થાય એ માટે મળ્યું છે... જિંદગીનું અમૃત માણવા માટે આ ભવમાં ઉત્તમ તક મળી છે.

***જિંદગી અમૃત હૈં મેરે રાજા***
***ઈસે ઢોલો કમ, પીઓ જ્યાદા...***

જીવન એક પ્રશિક્ષણ છે. ટ્રેનિંગ છે, કલા છે, અભ્યાસ છે, મંથન છે, જેના દ્વારા શુભ આચરણની પ્રગતિ અને અનુભૂતિ થાય છે.

***Life is a great School for the development of Character.***

જિંદગી એ ચારિત્રના વિકાસ માટેની એક મોટી શાળા છે. ઉચ્ચ વિચારોમાંથી ઉચ્ચ આચરણનું ઉત્પાદન થાય છે. ઉત્તમ વિચાર વિના ઉત્તમ જીવન પણ સંભવિત નથી. માટે દરેક વ્યક્તિએ જીવનને મહાન બનાવવા માટે, સુસંસ્કારિત બનાવવા માટે સુંદર સંસ્કારપોષક વિચારોનો સંગ્રહ મનમાં કરવો જોઈએ.

***Strong Characters are produced by strong thinking, Good deed are the outcome of good thoughts. No man live a Noble life without thinking Nobly.***

સદ્‌વિચાર એ સુસંસ્કારપોષક સત્સાહિત્યની પણ આજે એટલી જ આવશ્યકતા છે. સમાજના સ્તરનું ધોરણ ઉચ્ચ બનાવવા માટે આ પણ એક સર્વોત્તમ ઉપાય છે. જેથી ઉકરડા જેવું નહિ... પણ નંદનવન સમાન સુવાસિત અને સુરભિથી માનવીય જીવન મઘમઘાયમાન બને... !

આવા શુભ આશયથી પ્રેરિત બનીને જ **સમેતશિખર તીર્થે ચાતુર્માસમાં થયેલ પ્રવચનોના માધ્યમથી** આ 'પ્રવચન અંજન' પુસ્તકનું સર્જન-લેખન થયું છે.

આ પુસ્તકમાં સમેતશિખર ચાતુર્માસમાં ઉપદેશ ભાવના તથા ધર્મરત્ન પ્રકરણ વગેરે ગ્રંથમાં આવતા ઉપદેશ વૈવિધ્ય તથા શ્રાવકના ૨૧ ગુણો તથા અન્ય સદ્‌ગુણોની શ્રેણીના માધ્યમથી પ્રવચન આપવામાં આવેલ, જે વિભિન્ન વિષયો પર આલેખન અંતર્ગત કરેલ છે. અહીં આપેલ ઉત્તમ વિચારોને મનોમય ભૂમિકામાં ઉત્પન્ન કરવાનો પ્રયાસ કરવો, જેથી વિચાર એક દિવસ આચારમાં પરિવર્તિત થઈ જશે. સ્વાધ્યાયના પાંચ પ્રકારમાં અનુપ્રેક્ષા યાને ચિંતનાત્મક વિચારનું શ્રેષ્ઠ સ્થાન છે. વિચારોની દઢતા અને આચારની ચુસ્તતાથી માનવીય જીવન સુસંસ્કારોની સુરમ્ય રોશનીથી સુવિકસિત અને સુપ્રકાશિત બને છે. જેથી વિકૃતિ, અજ્ઞાન, રાગ-દ્વેષ મોહ-માયાના અંધકારની નિશા સ્વયં ગાયબ-અદશ્ય થઈ જાય છે. તથા સમ્યગ્ જ્ઞાનામૃતના પ્રવચન અંજનથી સદ્‌ગુરુ દષ્ટિનો ઉઘાડ કરે છે. જેથી અંતર આત્મામાં રહેલ પરમ નિધાનનું પ્રગટ દર્શન થાય છે.

શ્રીમદ્ આનંદઘનજી યોગિરાજ કહે છે :

**"પ્રવચન અંજન જો સદ્ગુરુ કરે દેખે પ્રગટ નિધાન"**

પૂજ્યપાદ ગુરુદેવ કરુણામૂર્તિ, ભક્તિરસનિમગ્ન, અધ્યાત્મયોગી આચાર્યદેવ શ્રીમદ્ વિજય**કલાપૂર્ણસૂરીશ્વરજી** મહારાજ સાહેબની અસીમ કૃપાથી ગચ્છનાયક તથા શાસનપ્રભાવક પ.પૂ. આચાર્યદેવશ્રી **કલાપ્રભસૂરીશ્વરજી** મ.સા. તથા પ.પૂ. આચાર્યદેવ શ્રી **કલ્પતરુસૂરીશ્વરજી** આદિના શુભ આશીર્વાદથી સમેતશિખર ચાતુર્માસમાં બે વર્ષ પૂર્વે થયેલ પ્રવચનોના માધ્યમથી આ પુસ્તકનું સર્જન થયું છે.

સમેતશીખર ચાતુર્માસ ખરેખર અમારા જીવનનું યાદગાર સંભારણું બની ગયું. મેં નાની ઉંમરમાં દીક્ષા લીધી હોવાથી સમેતશીખર આદિ તીર્થોની યાત્રા થઈ શકી ન હતી. અમારું એ યાત્રાનું સ્વપ્ન નાગપુર ચાતુર્માસ પછી લાંબી વિહાર યાત્રાથી શિખરજી યાત્રા થઈ. કુલ ૯ મહિના ત્યાં રોકાવાનું થયું, ચાતુર્માસ ઉપરાંત સૂરિમંત્ર સાધના-૪૯ દિવસ તથા છરીપાલક સંઘ આદિ કાર્યક્રમો પણ થયા, તથા ચાતુર્માસ પછી પણ ઝારખંડ, બિહાર, ઉત્તરપ્રદેશના લગભગ કલ્યાણક તીર્થની યાત્રા-સ્પર્શનાનો લાભ પણ મળી ગયો, જેનું વર્ણન અને લિસ્ટ ઘણું લાંબું છે. ત્યારપછી દિલ્હી ચાતુર્માસ ભવ્યતાથી થયું. હવે આ વખતે સિદ્ધાચલ તીર્થે પણ સમૂહ ચાતુર્માસ થઈ રહેલ છે. સમેતશિખર ચાતુર્માસમાં ૭૦૦ આરાધકો સાથે **જિતુભાઈ ઉમતાવાળા**એ પ્રવચનોનું એકાગ્ર શ્રવણ કરેલ અને તેઓએ આ પ્રવચનોનું પુસ્તક તૈયાર થાય તેવી ઉત્તમ ભાવના દર્શાવી હતી અને નિરંજનાબેન નાનલાલ શાહ, હ. રાજેશભાઈ શાહ (ભુજપુર-કચ્છ), જિતુભાઈ ઉમતાવાળા હાલ અમદાવાદ, સુરેશભાઈ ઊંઝાવાળા તથા બોરીવલીના રાજેશભાઈ નાનાલાલ શાહ વગેરેએ આ પુસ્તક પ્રકાશનનો લાભ લીધેલ છે અને અમદાવાદમાં જ પુસ્તકનું પ્રિન્ટિંગ કાર્ય વગેરે સંભાળેલ છે, જે વિશેષ અનુમોદનીય છે. પૂ. ગુરુદેવના ચરણકમલમાં મારા અનંતશઃ પ્રણિપાત હો...

અંતમાં, જિનાજ્ઞા વિરુદ્ધ કંઈ પણ મારાથી પ્રવચન અને આલેખન થયું હોય તો તેનું અંતઃકરણપૂર્વક મિચ્છામિ દુક્કડમ્.

**વિ.સં. ૨૦૭૪**
**દ્વિતીય જેઠ સુદ-પૂનમ**
**તા. ૨૮/૬/૨૦૧૮**

**ગુરુપાદપદ્મરેણુ**
**આચાર્ય વિજય પૂર્ણચંદ્ર સૂરિ**
**ખીમઈબેન જૈન ધર્મશાળા, પાલીતાણા**
**શ્રી સિદ્ધાચલ તીર્થ**

**વાદળના રંગોથી ઇન્દ્રધનુષનું સર્જન થાય છે,**
**ગુરુના સંગથી ધર્મધનુષનું સર્જન થાય છે.**

**મેઘરાજ પાણી વરસાવે... ગુરુરાજ વાણી વરસાવે...**

**૨૦ તીર્થંકર ભગવંતોની નિર્વાણસ્થલી સમેતશિખર તીર્થે**

**(વિ.સં. ૨૦૭૨, ઈ.સ. ૨૦૧૬)**

**થયેલ ભવ્યાતિભવ્ય ચાતુર્માસ**

**વિવિધ અનુષ્ઠાનોના અદ્ભુત આયોજન સાથે ૭૦૦ આરાધકોની સમૂહ આરાધનાની અંતરથી અનુમોદના વારંવાર**

## ચાતુર્માસ પાવન સાનિધ્ય-સામ્રાજય

પ્રભાવક-પ્રવચનકાર, સૂરિમન્ત્ર સમારાધક, સુપ્રસન્નમૂર્તિ, વિદ્વદ્વર્ય

**પ.પૂ.આ. શ્રી પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મ.સા.**

### પ્રવચનકાર

પ.પૂ. મુનિશ્રી પૂર્ણરક્ષિત વિજયજી મ.સા.
પ.પૂ. મુનિશ્રી મુક્તિનિલય વિજયજી મ.સા.
પ.પૂ. મુનિશ્રી પ્રશમલબ્ધિ વિજયજી મ.સા.
પ.પૂ. મુનિશ્રી પ્રિયદર્શન વિજયજી મ.સા.
પ.પૂ. મુનિશ્રી પાવનમન્ત્ર વિજયજી મ.સા.
પ.પૂ. મુનિશ્રી પુનિતચંદ્ર વિજયજી મ.સા.

તથા

પ.પૂ. મુનિશ્રી જયદર્શનવિજયજી મ.સા. 'નેમિપ્રેમી'

### શ્રમણીવૃંદ

- પૂ.સા. શ્રી દીપ્તિદર્શનાશ્રીજી મ.સા.
  પૂ.સા. શ્રી અર્હમ્દર્શનાશ્રીજી મ.સા.
- પૂ. સા. શ્રી દેવેન્દ્રયશાશ્રીજી મ.સા.
  પૂ.સા. શ્રી દિવ્યાંજનાશ્રીજી મ.સા.
  પૂ.સા. શ્રી અર્હમ્પ્રિયાશ્રીજી મ.સા.
- પૂ. સા. શ્રી ઈન્દ્રવંદિતાશ્રીજી મ.સા.
  પૂ. સા. શ્રી ઈન્દ્રનિધિશ્રીજી મ.સા.

તથા અન્ય સમુદાયના સાધ્વીવૃન્દનું પણ સાન્નિધ્ય મળ્યું હતું.

# આમુખ

વીતરાગ પરમાત્માની વીરવાણીનું શ્રવણ કરવાથી અનંત કર્મો ખપે છે તે જ રીતે વીરવાણીનું વાંચન-મનન કરવાથી પણ કર્મો ખપે છે.

તીર્થંકર પરમાત્માએ પ્રરૂપેલ વાણી અનેક શબ્દો વડે વહી... જન જનના હૃદયને સ્પર્શે છે અને આ ભાવિક આત્મા ધર્મકરણી દ્વારા અને આગમવાણીના રસપાન દ્વારા પ્રભુભક્તિમાં તલ્લીન બને છે.

પરમપૂજ્ય અધ્યાત્મયોગી આચાર્ય ભગવંત શ્રી **કલાપૂર્ણસૂરીશ્વરજી** મ.સા.ના શિષ્ય આચાર્યશ્રી **પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી** મ.સા. એક સારા પ્રભાવક પ્રવચનકાર છે. પરમાત્માની પાવન વાણીને તેમણે શબ્દોના અલંકાર વડે શણગારી પ્રભુ સંદેશ અનેક લોકો સુધી પહોંચાડવાનું ભગીરથ કાર્ય અનેક પુસ્તકોના ચિંતનીય-મનનીય લખાણ દ્વારા પહોંચાડ્યું છે.

પૂજ્યશ્રીનું લેખિત-સંપાદિત પુસ્તકોની શ્રૃંખલામાં વધુ એક પુષ્પ **'પ્રવચન અંજન'** ઉમેરાઈ રહેલ છે.

પ્રસ્તુત પુસ્તકમાં પૂજ્યશ્રીએ પ્રવચન સ્વરૂપ અનેક ચિંતનીય મનનીય લેખો આલેખ્યા છે, જે વાંચતા જીવનમાં સદ્ગુણો પ્રગટશે અને જીવન નંદનવન સમાન સુવાસિત થઈને મહાન બનશે તેમજ પરમાત્મા પ્રત્યેના અહોભાવમાં અભિવૃદ્ધિ નિશ્ચિત થશે જ.

આ પુસ્તક પ્રકાશનમાં તન-મન-ધનથી લાભ લેનાર દાતાશ્રીઓ નિરંજનાબેન નાનાલાલ શાહ, હ. રાજેશભાઈ શાહ (ભુજપુર, કચ્છ), જિતુભાઈ (ઉમતાવાળા) અને શ્રી સુરેશભાઈ કે. શાહ (ઊંઝાવાળા) તેમજ પુસ્તકને ઝડપથી પ્રિન્ટિંગ સાથે તૈયાર કરી આપવા બદલ વીતરાગ ગ્રાફિક્સ અમદાવાદ તેમજ અન્ય નામી-અનામી સહયોગીઓનો આભાર.

પ્રાતઃ સ્મરણીય, શાસન પ્રભાવક, કરૂણામૂર્તિ અને અત્યંત સરલ સ્વભાવી ગુરુદેવશ્રી પ.પૂ.આ.ભ. શ્રી **પૂર્ણચંદ્રસૂરીશ્વરજી** સાથે તેમજ અન્ય ગુરુ ભગવંતો સાથે સમેતશિખરજી મુકામે ચાતુર્માસ દરમિયાન તેમની પાવન પ્રેરણા અને આશીર્વચન થકી તેમના જ સત્સંગ થકી તેમની વ્યાખ્યાન માળાને બાંધે એક 'પ્રવચન અંજન' નામે પુસ્તક બહાર પાડતા અમે ઘણા જ પુણ્ય, ઉલ્લાસ અને આનંદની લાગણી અનુભવીએ છીએ.

**— પ્રકાશક**

## પૂ. આચાર્યદેવશ્રી પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મ.સા.ની ગુણ ગરિમા તથા

# સંક્ષિપ્ત જીવનધારા

ધર્મભૂમિ ભારતમાં અનેક ધર્મદર્શનો વચ્ચે જૈન શાસનના રત્નાકરમાં ચારિત્ર્ય અને પાવિત્ર્યના પ્રતીકરૂપે અનેક સંયમરત્નો રત્નદીપક બની પ્રકાશી રહ્યા છે.

કચ્છની ધીંગી ધરાએ ભૂજ મુકામે વિક્રમ સં. ૨૦૧૬ અષાઢ સુદ-૭ ઈ.સ.૧૯૬૦ ૧જુલાઈના રોજ ધર્મનિષ્ઠ શ્રાવક જગજીવન માણેકચંદ વસાને ત્યાં ધર્મપરાયણ ચંદનબહેનની કુક્ષીએ એક પુત્ર રત્નનો જન્મ થયો. નામ પ્રકાશકુમાર રખાયું. ધાર્મિક જ્ઞાન અને વ્યવહારિક અભ્યાસ કરતાં કરતાં નાનપણથી જ અધ્યયનો સારો લાભ મળ્યો. પૂજ્યશ્રીની પ્રતિભાનું દર્શન અલૌકિક રહ્યું છે.

પૂર્વ જન્મના કોઈ પ્રબળ સંસ્કારોએ આ બાળકને નાની ઉંમરથી દીક્ષાનો ભાવ દૃઢ બનતો રહ્યો, સંયમજીવનની ઉચ્ચત્તમ સાધના માટે મન હંમેશા ઉત્સુક હતું. ધર્મનિષ્ઠા માતા ચંદનબહેનની પ્રેરણા પણ સતત મળતી રહેલી. પ્રકાશકુમારની બંને માસીઓ, તેમનો પરિવાર તથા કાકાની છોકરી વગેરેએ પણ દીક્ષા ગ્રહણ કરી છે.

સં. ૨૦૨૬માં ઉત્તર ગુજરાતના પાટણ મુકામે નવ વર્ષના દુધમલીયા-બાળ પ્રકાશકુમારને તેમના માતાપિતાએ પૂ. ગુરુદેવ પં. કલાપૂર્ણવિજયજી મ.ના ચરણોમાં વહોરાવવા રૂપે ભાવથી સમર્પિત કરેલ. બે વર્ષ મુમુક્ષુપણામાં રહીને નાની ઉંમરમાં હજારો ગાથાઓ કંઠસ્થ કરી લીધી. ગુરુદેવ સાથે વિહારોમાં પણ રહીને સારું એવું ઘડતર થયું.

કુમળી બાલ્યવસ્થામાં ૧૧ વર્ષની ઉંમરે ૧૧ સામૂહિક દીક્ષા સાથે પ્રકાશકુમારની દીક્ષા વિ.સં. ૨૦૨૮ મહા સુદ-૧૪ના શુભ દિને ભૂજ નગરે ભારે ઠાઠમાઠથી સુસંપન્ન થઈ. નામ મુનિશ્રી પૂર્ણચન્દ્રવિજયજી ઘોષિત થયું. દીક્ષા તથા વડીદીક્ષા આ. વિજય દેવેન્દ્રસૂરિજી મહારાજના તથા પંન્યાસશ્રી કલાપૂર્ણવિજયજી મ.ના વરદ્‌હસ્તે થઇ, વિ.સં. ૨૦૫૬, મહા સુદ-૬ના ગણિપદવી વાંકી તીર્થમાં પૂ.આ.ભ. શ્રી કલાપૂર્ણસૂરિજી મ.ની નિશ્રામાં થઈ. પંન્યાસ પદવી વિ.સં. ૨૦૫૯, વૈ. સુ. ૭ના મહારાષ્ટ્રમાં શાહપુર ભુવનભાનુ માનસમંદિરમાં વિશાળ અંજનશલાકાના પ્રતિષ્ઠા મહોત્સવે શ્રમણ સાર્થાધિપતિ ગીતાર્થ મૂર્ધન્ય પ.પૂ.આ. શ્રીવિજયજયઘોષસૂરિજી મ. તથા કચ્છ વાગડ સમુદાયનાયક આ. શ્રીકલાપ્રભસૂરીશ્વરજી મ.સા. આદિની શુભનિશ્રામાં થઈ તથા આગળ વધતા કચ્છ વાગડના કમનીય કટારીઆ તીર્થે પૂ. આચાર્યશ્રી કલાપ્રભ સૂરીશ્વરજી મ.સા.ના

પવિત્ર હસ્તે વિ.સં. ૨૦૬૮, કારતક વદ-૧૨ના શુભ દિને છ આચાર્ય પદવીની સાથે તેઓશ્રીની પણ આચાર્ય પદવી થઈ.

પૂજ્યશ્રીના જીવનકવનમાં ડોકિયું કરતાં એક વાત બહુ જ દૃઢ બની છે કે પૂજ્યશ્રી જમાનાની દૂષિત હવાથી ઘણા જ અલિપ્ત રહી શક્યા છે. સાચી સાધુતાના બધા જ લક્ષણો પૂજ્યશ્રીમાં જોવા મળ્યા. જિનશાસનને ઝળહળતું રાખવામાં આવા નિસ્પૃહી સંતો જ વધુ કાર્યશીલ રહ્યા છે.

ગુરુદેવ પૂ. આ. શ્રી કલાપૂર્ણસૂરિજી મ.ની નિશ્રામાં રહીને ધાર્મિક અભ્યાસ, તત્ત્વચિંતન, અનુપ્રેક્ષા, સાહિત્ય સર્જન વગેરે ક્ષેત્રમાં તથા તપ, ત્યાગ અને વિવિધ અનુષ્ઠાનોમાં આગળ વધતાં રહ્યાં.

વિહારયાત્રાઓ પણ કચ્છ, ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, આંધ્ર પ્રદેશ, તામિલનાડુ, કર્ણાટક, છત્તીસગઢ, ઓરિસ્સા, બિહાર, ઝારખંડ, ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ, દિલ્હી વગેરે પ્રદેશોમાં વિચરણ કરીને વિવિધ ચાતુર્માસો કરીને વ્યાખ્યાન માળા તથા શાસન પ્રભાવનાના કાર્યોમાં આગળ વધતા રહ્યાં છે.

પ્રસન્ન અને મધુર વ્યક્તિત્વને કારણે સૌના પ્રીતિપાત્ર બન્યા. બાલ્ય અને કિશોર વયમાં જેમણે ૩૫ હજાર શ્લોક ગાથા કંઠસ્થ કરી હતી. તેમજ સંસ્કૃત, પ્રાકૃત, અંગ્રેજી, ગુજરાતી, હિન્દી આદિ ભાષાઓ ઉપર તેમનો અદ્‌ભુત કાબુ જોવા મળ્યો. વ્યાકરણ, કાવ્ય, કોશ, ન્યાય અને આગમિક ગ્રંથોનો અભ્યાસ, વિશાળ વાંચન તથા અનેક પુસ્તકોનું લેખન સંપાદન કર્યું. વિશેષ પ્રભુ ભક્તિ અને પરોપકારી કાર્યોની રુચિને કારણે ગુરુ ભગવંતોની સાથે રહીને સાતેય ક્ષેત્રોમાં સતત પ્રેરણા આપતા રહ્યા છે. અનેક પ્રતિષ્ઠા મહોત્સવો, છ'રી પાલિત સંઘો અને ધર્મ પ્રભાવક કાર્યોમાં સતત નિમિત્ત બન્યા છે.

અદ્‌ભુત શ્રુતભક્તિ અને પ્રભાવશાળી ચિંતનપૂર્ણ લેખનકળાથી અનેકોના મનમાં સારું એવું સ્થાન ઊભું કરી શક્યા છે. અનેકોને ધર્મ માર્ગે પણ વાળ્યા છે. પૂજ્યશ્રીમાં ગુણાનુરાગનો વિશિષ્ટ ગુણ પણ જોવા મળ્યો. ઘણા જ નમ્ર, ઉદાર અને સુપ્રસન્ન વ્યક્તિત્વ, શાંત સ્વભાવશીલતા આદિ સદ્‌ગુણોથી વિભૂષિત પૂજ્ય આચાર્ય પૂર્ણચંદ્રસૂરીશ્વરજી મ. પરોપકાર શ્રેણીમાં પણ હંમેશા આગળ રહ્યાં છે.

પૂજ્યશ્રીએ ૧૫ ચાતુર્માસ પૂ. ગુરુદેવ આ.ભ. શ્રી કલાપૂર્ણસૂરિજી મ. સાથે કર્યા. પચીસ જેટલા ચાતુર્માસ સ્વતંત્રપણે વ્યાખ્યાન વગેરેની જવાબદારીપૂર્વક કર્યા. પ્રતિષ્ઠાઓ, ઉપધાન પ્રસંગો, છ'રીપાલિત યાત્રાસંઘોમાં પૂજ્યશ્રીની નિશ્રાથી શાસનપ્રભાવનાનું ગજબનું કાર્ય થયું. શંખેશ્વર, સિદ્ધાચલ, સમેતશીખર તીર્થ

વગેરેના ચાતુર્માસના વિરાટ આયોજન અને વિવિધ શાસનપ્રભાવનાના સંદર્ભે પૂજ્યશ્રીનું માર્ગદર્શન સૌને સતત મળતું રહ્યું છે.

પૂજ્યશ્રીનાં પાંચ શિષ્યરત્નો છે : પૂ. મુનિશ્રી પૂર્ણરક્ષિત વિજયજી મ.સા., પૂ. મુનિશ્રી પ્રશમલબ્ધિવિજયજી મ.સા., પૂ. મુનિશ્રી પ્રિયદર્શનવિજયજી મ.સા., પૂ. મુનિશ્રી પાવનમન્ત્રવિજયજી મ.સા., પૂ. મુનિશ્રી પુનિતચંદ્રવિજયજી મ.સા. તથા અન્તેવાસી પૂ. મુનિશ્રી મુક્તિનિલયવિજયજી મ.સા. છે.

પૂજ્યશ્રીને પુસ્તક પ્રકાશનમાં પણ ગજબની ધૂન હોવાને કારણે ચાલીશ જેટલા તેઓશ્રી દ્વારા લિખિત-સંપાદિત પ્રેરણાદાયી પુસ્તકો પ્રકાશિત થઈ ચૂક્યા છે. ૪૬ વર્ષ ઉપરનો પૂજ્યશ્રીનો દીક્ષાપર્યાય છે. વિશેષમાં ચતુર્વિધ સંઘમાં પૂજ્યશ્રીની ખાસ સલાહ-પ્રેરણા-માર્ગદર્શન લેવામાં આવે છે.

પૂજ્ય આચાર્યશ્રી પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મ.સા. સૂરિમંત્ર સમારાધક પણ છે, જેઓશ્રીએ છેલ્લા ત્રણ ચાતુર્માસ દરમિયાન સૂરિમંત્રની પ્રથમ પિઠીકા નાગપુર-વર્ધમાનનગર ચાતુર્માસમાં ૨૧ દિવસ સુધી કરી તથા બીજી પિઠીકા ૧૪ દિવસ, ત્રીજી પિઠીકા ૨૫ દિવસ અને ચોથી પિઠીકા ૮ દિવસ - કુલ ૪૭ દિવસ સુધી સળંગ સમેતશીખર તીર્થ ચાતુર્માસમાં પર્યુષણ પછી તેમજ પાંચમી પિઠીકા દિલ્હી ચાતુર્માસમાં ૧૬ દિવસ સુધી આ રીતે કુલ ૮૪ દિવસની સંપૂર્ણ મૌનપૂર્વક એકાંતવાસમાં વિશિષ્ટ જપ-ધ્યાન અને તપશ્ચર્યાપૂર્વક પરિપૂર્ણ કરી છે.

અનેક ગુણગણથી અલંકૃત શોભાયમાન પૂજ્યશ્રીના ચરણે ભાવસભર વંદન હો !

**લિ. ગુરુભક્ત પરિવાર**

# સમેતશિખરજીના ભવ્ય ચાતુર્માસના પ્રતિભાવ

જીવન કિતાબની પાટી બિલકુલ કોરી હતી અને નાગપુરથી અમારા વેવાઈ 'શર્મિષ્ઠાબહેન નટવરલાલ મહેતા પરિવાર'ના સમાચાર આવ્યા... મુખ્ય આયોજકમાં ગુરુદેવશ્રીએ લાભ આપેલ છે. તો ભવ્ય ચાતુર્માસનું આયોજન થઈ ગયું છે. આપશ્રી આરાધક તરીકે ચોક્કસ જોડાઓ... સોનેરી તકને જવા દેવી નથી તેમ સમજી 'સમેતશિખરજી ચાતુર્માસ' માટે અમે ધર્મપત્ની વગેરે સાથે જવાનું નક્કી કર્યું...

કંકોત્રીમાં નામ **સમતા સાધક, ૩૫૦૦૦ ગાથા કંઠસ્થકારી, સુમધુર પ્રવચનકાર પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીપૂર્ણચંદ્રસૂરીશ્વરજી મ.સા. તથા પૂ. મુનિ શ્રીપૂર્ણરક્ષિતવિજયજી મ.સા.** આદિ સાધુ-સાધ્વી વૃન્દની નિશ્રાનું વાંચ્યું ત્યારથી વાયબ્રેશનની શરૂઆત થઈ ગઈ હતી. નિર્ણય પાકો હતો... એટલે જ અમારા પગરણ સમેતશિખરજીની ધરતી ઉપર મંડાયા.. ઊતરતાં જ લોકોનો ધસારો... ભવ્ય ચાતુર્માસની ભવ્ય તૈયારીઓ થઈ ગઈ હતી... ચાતુર્માસિક સમિતિ કામે લાગેલ હતી...ગુરુ મહારાજશ્રી આદિઠાણાં સર્વેનો ભવ્યાતિભવ્ય પ્રવેશ ધામધૂમપૂર્વક થયો... પરમ પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા ૪૦૦ આરાધકોની તૈયારી... અને તે મુજબ આયોજન... પરંતુ **ગુરુદેવ આચાર્ય શ્રીપૂર્ણચન્દ્રસૂરીશ્વરજી** મ.સા.નું નામ સમગ્ર કચ્છ પ્રદેશ, મુંબઈ, સુરત, અમદાવાદ, મદ્રાસમાં ગાજતું હતું. ગુરુદેવશ્રીના નામ વાંચી સાહેબના વિશ્વાસ - ભરોસાની મજબૂતાઈથી ૭૦૦ આરાધકો આવી ગયા હતા... આરાધકો નાચી ઊઠ્યા... ઝૂમી પડ્યા... સૌ આરાધકો 'ભવ્ય ચાતુર્માસ'માં જોડાવાનો નિર્ધાર હતો... પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની આજ્ઞાને... આદેશોને માથે ચઢાવવાની તલપાપડતા જોઈ... પૂજ્ય ગુરુદેવશ્રીએ સૌને આરાધનામાં જોડાવવા સગવડ કરવાના આદેશો અપાયા... અને જોતજોતામાં દૂધમાં સાકર ભળે તેમ બધા જ આરાધકોની સગવડો થઈ ગઈ... અને સૌના મુખારવિંદ ઉપર સતત સંતોષનો અનુભવ નિરખી... વંદન કરવાનું મન થઈ જાય તેવો માહોલ સર્જાયો...

આરાધકો સાથે ભવ્ય ચાતુર્માસની ભવ્ય શરૂઆત થઈ ત્યારથી આરાધકોનો પૂર્ણ થયું ત્યાં સુધીનો દરેકનો ઉમંગ... ઉત્સાહ... તરવરાટ... અને તેમના ગુણવૈભવને હૈયાના હેતથી ઓવારણાં લઈ અભિવંદીએ છીએ અને તે માટે પ્રેરક સદાય માટે ગુરુદેવશ્રી રહ્યા છે તેના અમો ઋણી છીએ...

પરમ પૂજ્ય ગુરુદેવશ્રીએ સતત આરાધકોને એક મિનિટનો સમય ન મળે છતાં આનંદથી... ઉભરાતા મને આરાધનાનો સ્વાદ ચાખતા જાય... તેમ સવારના

૪.૦૦ વાગ્યાથી રાત્રિના ૧૦.૦૦ સુધી પૂજ્ય ગુરુદેવશ્રીએ અવિરત ધારાની માફક આરાધનાના કાર્યક્રમોની ધારા વહેવડાવવી... ગુરુદેવશ્રીની આશ એક જ હતી...

ચાતુર્માસ માટે આવ્યા છો તો...

**'ખ્વાહિશ ઐસી કરો કી... આસમાન કો છુ સકો...**
**ધર્મ ઐસા કરો કી... ભગવાન કો પા સકો...**
**યુ તો જિને કે લિએ પલ કમ હૈ...**
**લેકિન ઐસા 'ચાતુર્માસ' કરો કી હરપલ જિંદગી પા સકો.**

પૂજ્ય ગુરુદેવશ્રીની નિશ્રામાં ચાતુર્માસ દરમિયાન... તેમના ભક્તવર્ગોમાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવી પ્રતિભાશાળી વ્યક્તિઓ પાસેથી સુદૃઢ વહીવટ... વ્યવસ્થા શક્તિમાં અનેરો નિખાર આવ્યો... આરાધકોની શક્તિઓને બહાર લાવી તપશ્ચર્યાની વણથંભી વણઝાર... આરાધકોનો હકારાત્મક અભિગમ અપ્રતિમ ધૈર્ય...ના કારણે ભવ્ય ચાતુર્માસના ક્લેવરને ઉજમાળું બનાવેલ છે. સતત ગુરુદેવશ્રીની સક્રિયતા... રસ... કર્મઠતા અને નિષ્ઠા ઉપર સફળતા અવલંબિત રહી હતી... પ.પૂ. ગુરુદેવશ્રીની ટીમ આદિ ઠાણાં સર્વેની નિશ્રાનું સુપરપાવર જનરેટર કામે લાગે એટલે ઊર્જા હાઉસ 'ચાતુર્માસ'ની આકાશગંગા જોરદાર રીતે ઝળહળી ઊઠી.

ગુરુદેવશ્રીના વચનમાંથી વહેતો બોલ ઝીલી લેવા આરાધકો સતત તત્પર રહેતા... ચાહે વાત તપશ્ચર્યાની હોય... દાનની સરવાણીની હોય... આરાધનાની હોય... પ્રતિમા બનાવવાની હોય... પૂજન-ભણાવવાની હોય... રત્નકુક્ષી માતા-પિતાના બહુમાનની હોય... કે શ્રાવકની બાર વ્રતોની હોય... કે પુદ્ગલો વહોરાવવાની હોય...ગમે તે હોય પણ આરાધકોનો નાણાંનો ઘડો છલકાઈ જાય તેવો સતત માહોલ સર્જાતો રહ્યો...

જૈન શાસન કેવું મહાન છે ! આત્મખોજની અવિરતયાત્રા ખેડનારા આ સંયમધર્મી આપણા **પ.પૂ. આચાર્યદેવ શ્રીપૂર્ણચંદ્રસૂરિ મ.સા.** દ્વારા ચાતુર્માસ દરમિયાન આરાધકોના આંતરચક્ષુઓ ખુલી જાય... દુનિયા વામણી લાગે... ગુણપ્રાપ્તિની ઝંખના વધી જાય... તેવું જબરદસ્ત રહ્યું...

સેવા-સમર્પણના માહોલમાં ગુણવાન અને શીલવાન પુણ્યાત્માઓની ભક્તિ કે અનુમોદના અતિદુર્લભ છે. પુણ્યાત્માઓની ભક્તિ અને સમ્યક્સ્વરૂપ આપણા જીવનને અજવાળે પણ ચાતુર્માસ દરમિયાન ભાવનાભક્તિ હોય... રસોડામાં ભક્તિ હોય... ન રાખું ખામી રે... સમેતશિખરજી યાત્રામાં આવનાર યાત્રાળુઓ માટે પ્રેરક ભક્તિ હતી.

ચાતુર્માસ વિશિષ્ઠ છે. આ ભગીરથ કાર્ય માટે તન-મન અને ધનથી જે સેવા કરી તે માટે મારા સૌને અભિનંદન છે. શરૂઆતથી અંત સુધીમાં જૈન ઓજસ્વી દીપકસમ **'શ્રી કનકભાઈ કુબડીયા'** જેઓએ આરાધનામાં જોડાઈ આરાધકના ભાવથી જ ચાતુર્માસને ચાર ચાંદ લગાવી દીધા... જેમની મીઠી મધુરી વાણી સાથે સૌને પ્રેરી આપતા આદેશો... કાર્યપદ્ધતિ દાદ માગી દે તેવી હતી.

પરમ પૂજ્ય ગુરુદેવની નિશ્રા... મૈત્રીભાવની લહેર જેવી... ખુલ્લા દિલથી... ધર્મની પ્રેરણા... તપશ્ચર્યાની આરાધનાની... બધી વાતોને તકને તાકાતમાં અને આવેલી સોનેરી ક્ષણ ધર્મની તકને વેડફ્યા વગર પૂરેપૂરી ઉષ્મા મળે... પુણ્ય ઉપાર્જન થાય તેવી રીતે આરાધકોને આરાધનામાં ડુબાડી દીધા.

ચાતુર્માસના અતિતમાં ડોકિયું કરી આનંદની લખલૂટ લહાણી કરતા રહેવાનું... એ તો વધુ દોહીલી સાધના છે. ૭૦૦ આરાધકો સાથે ભાતિગળ મેળામાં 'ભવ્ય ચાતુર્માસ' ઝારખંડ જેવી ભૂમિ ઉપર 'સમેતશિખરજી ૨૦ તીર્થંકરોની નિર્વાણસ્થળી' ઉપર કરાવવું લોઢાના ચણા ચાવવા બરાબર છે. પરંતુ કસબી એવા **ગુરુદેવ આચાર્યદેવ શ્રીપૂર્ણચંદ્રસૂરીશ્વરજી મ.સા.** આદિઠાણાં સર્વેની શક્તિઓની થતી પૂર્ણપણે લહાણીનો માહોલ નિહાળ્યો... સતત સ્મરણમાં રહે એવા આ ચાતુર્માસને સિદ્ધ કરવામાં પૂજ્યશ્રીનું જીવન-કવન પણ આપણને ઉપયોગી અને ઉપકારી બન્યું... તેમજ પૂ. ગુરુદેવના પ્રવચન અંજન પુસ્તક દ્વારા સમેતશીખર ચાતુર્માસની જિનવાણીનો પ્રસાર-પ્રચાર થાય અને સ્વ-પરનું કલ્યાણ થાય એ જ મારી કલ્યાણ કામના....

**– સુરેશભાઈ કે. શાહ (ઊંઝા), ટ્રસ્ટી શ્રી - ઊંઝા જૈન મહાજન**

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | માનવીય જીવનને નંદનવન સમાન બનાવે તથા સમ્યગ્દૃષ્ટિનો ઉઘાડ કરે | ૪ |
| ૨. | આમુખ | ૯ |
| ૩. | સંક્ષિપ્ત જીવનધારા | ૧૦ |
| ૪. | સમેતશિખરજીના ભવ્ય ચાતુર્માસના પ્રતિભાવ | ૧૩ |
| ૫. | આત્માનો X-Ray | ૧૭ |
| ૬. | આત્માની Medicines = ઔષધિઓ | ૩૮ |
| ૭. | આત્માની Precautions = સાવધાનીઓ | ૫૬ |
| ૮. | આત્માનું Health = સ્વાસ્થ્ય | ૯૨ |
| ૯. | આત્માના Ornaments = અલંકારો | ૧૧૬ |
| ૧૦. | ઉમતા તીર્થના કામિતપૂર્ણ શ્રી કુંથુનાથ | ૧૪૧ |


## શ્રુતભક્તિ

**પૂ.આ.શ્રી પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મ.સા.,**

**પૂ.મુનિ શ્રી પૂર્ણરક્ષિત વિજયજી મ.સા.** આદિની નિશ્રામાં **સમેતશીખર ચાતુર્માસ**માં થયેલ જ્ઞાનદ્રવ્યની ઉપજમાંથી પણ પુસ્તક પ્રકાશનમાં સુંદર લાભ લેવામાં આવેલ છે.


तपागच्छ-कच्छ बागड़ समुदाय के कर्णधार
गुरूराज को सदा मोरी वंदना रे..
गुरूराज को सदा मोरी वंदना रे..
प.पू. प्रभावक प्रवचनकार सूरिमंत्रसाधक
आचार्य श्रीमद् विजय पूर्णचंद्रसूरीश्वरजी म.सा.


પીતલડી બંધાણી રે...



# ચાતુર્માસનો ભવ્યાતિભવ્ય પ્રવેશ











# એકાગ્રતા પૂર્વક પ્રવચન શ્રવણ કરતાં આરાધકો







ચાતુર્માસના મુખ્ય લાભાર્થી

માતૃશ્રી શર્મિષ્ઠાબેન નટવરલાલ મહેતા પરિવાર

ઊંઝાવાળા હાલ.નાગપુર



લોકોની ભાવધારામાં વૃદ્ધિ કરતા કનકભાઈ





# શાશ્વત ગિરિરાજ શત્રુંજયની
# ભાવયાત્રા કરાવતા
# આ.પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી











સદૈવ સવારે સિદ્ધચક્રની
સાધના કરાવતાં
પૂ. પૂર્ણરક્ષિત વિજયજી





નવલખા નવકારનો
મહિમા સમજાવતાં
પૂ. જયદર્શન વિજયજી



પર્યુષણ પર્વના આઠેય દિવસ
અનુકંપાદાનના પ્રેરણાદાતા
પૂ. મુક્તિનીલય વિજયજી





ગરવા ગિરનારની ભાવયાત્રા
કરાવતાં પૂ. પ્રિયદર્શન વિજયજી









સમેતશિખર તપના સાધક
પૂ. પાવનમંત્ર વિજયજી



૧૦-૧૦ માસક્ષમણનાં તપસ્વીઓનું સુવર્ણ ચેન વડે બહુમાન
કરનારા તથા તપસ્વી મુનિરાજની ડોલી ઉઠાવતા કિરણભાઈ



માસક્ષમણની ભીષ્મ તપસ્યાના તપસ્વી
પૂ. પ્રશમલબ્ધિ વિજયજીનું પારણું

## પ્રભુજીના પાઠશાલા ગમનના લાભાર્થી ભરતભાઈ મહેતા, સિકંદ્રાબાદ (માસક્ષમણના તપસ્વી)





## ગિરડીહથી શિખરજી પૌષધધારી છ'રીપાલિત સંઘયાત્રા





છ'રીપાલિત સંઘનો બાલયાત્રી તત્વ





સમેતશિખર તપના બિઆસણા કરતાં આરાધકો





આચાર્યના ૩૬ ગુણોને અનુલક્ષી
૩૬ છોડો તથા રત્નત્રયીનાં
ઉપકરણો વડે ભવ્ય ઉજમણું





અદ્ભૂત માતૃવંદના કરાવતા
કમલેશભાઈ




# ગુરૂદેવના શ્રીમુખે ૧૨ વ્રત ગ્રહણ કરતા આરાધકો





## આરાધકોએ અર્પણ કરેલા અલંકારોમાંથી ચાંદીના પ્રતિમાજી પ્રગટ થતાં જ આનંદથી ઝૂમી ઉઠતાં આરાધકો









**પર્યુષણ પર્વ પછી**
**આ. પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી દ્વારા સૂરિમંત્રની સળંગ**
**બીજી, ત્રીજી, ચોથી પીઠિકાની સાધના**







નવ દિવસીય પરમાત્મભકિત
મહોત્સવમાં તરબોળ કરતાં
નિકુંજભાઇ ,તપોવની,અમદાવાદ







પૂ. મુનિરાજ શ્રી પુનિતચંદ્ર વિજયજી
(સંસારી સુપુત્ર)

પોતાના શ્રાવિકા તથા ૩-૩ યુવાન સંતાનોને
જેમણે જિનશાસનને સમર્પિત કર્યા છે એવા
સુશ્રાવક રવીભાઈ સુંદરજી કુબડીયા,
લાકડીયા,હાલ-મલાડ (મુંબઈ)



પૂ. સા. શ્રી વિશુદ્ધિ પ્રિયાશ્રીજી (સંસારી સુપુત્રી)

પૂ. સા. શ્રી વિશુદ્ધિ ક્રિયાશ્રીજી (સંસારી સુપુત્રી)

પૂ. સા. શ્રી વિશુદ્ધ કલાશ્રીજી (સંસારી સુશ્રાવિકા)



# સુમધુર સંગીતકાર તથા નૃત્યકાર મોહનભાઈ







તસ્મૈ




શ્રી





ગુરવે



નમઃ





તસ્મૈ
શ્રી
ગુરવે
નમઃ









# ૨૦-૨૦ તીર્થંકરોની નિર્વાણભૂમિ
# સમેતશિખરજી તીર્થ



# આત્માનો X-ray

' શુભ કાર્યો જીવનને શણગારે છે,

અશુભ કાર્યો જીવનને સળગાવે છે.'

(૧) પ્રવૃત્તિ

(૨) પ્રેરણા

(3) પક્ષપાત

(૪) પ્રોત્સાહન

(૫) પ્રશંસા

કોઈપણ મનુષ્ય પોતાના જીવનમાં કોઈ ને કોઈ કાર્ય તો અવશ્ય કરવાનો જ છે. નવરો બેસવાનો નથી. પણ એ કાર્યો, જો શુભ હોય તો આપણા જીવનને શણગારે છે. જેથી આપણું જીવન તો સુધરે જ છે પણ સાથે બીજા અનેક જીવો માટે આદર્શરૂપ બને છે અને જો એ કાર્યો અશુભ હોય તો એ આપણા જીવનને સળગાવે છે. એક વૃક્ષમાંથી હજારો દિવાસળી બને છે, પણ એક જ દિવાસળી હજારો વૃક્ષોને બાળવા માટે સમર્થ છે, તેમ એક જ અશુભ કાર્ય આપણા જીવનને પતનની ખાઈમાં ફેંકવા સમર્થ છે. તો ચાલો આ પાંચ કાર્યને જાણી અશુભમાંથી પાછા વળીએ અને શુભમાં આગળ વધીએ.

## (૧) પ્રવૃત્તિ

***શુભ પ્રવૃત્તિ આપણા જીવનને ન્યાલ બનાવે છે,***
***અશુભ પ્રવૃત્તિ આપણા જીવનને કંગાલ બનાવે છે.***

કોઈપણ વ્યક્તિને જીવવા માટે કોઈક ને કોઈક પ્રવૃત્તિ તો કરવી જ પડે છે. પ્રવૃત્તિ કર્યા વિના માણસ જીવી શકતો નથી. તો કેવી પ્રવૃત્તિ કરવી જોઈએ અને કેવી પ્રવૃત્તિ ન કરવી જોઈએ એ આપણે વિચારવાનું છે. શુભ પ્રવૃત્તિ આત્માને પરમાત્મા બનાવી શકે છે. માનવને મહામાનવ બનાવી શકે છે. જીવને શિવ બનાવી શકે છે. ઈન્સાનને ભગવાન બનાવી શકે છે. એટલે કે શુભ પ્રવૃત્તિ આપણા જીવનને ન્યાલ બનાવી શકે છે.

જ્યારે અશુભ પ્રવૃત્તિ આપણા જીવનને કંગાલ બનાવી શકે છે. માનવને દાનવ બનાવી શકે છે. નર ને વાનર બનાવી શકે છે. પાવનને પતિત બનાવી શકે છે. ઈન્સાનને શેતાન પણ બનાવી શકે છે. આપણે શું બનવું છે ન્યાલ કે કંગાલ ?

પરમાત્માની આપણા ઉપર જબરદસ્ત કરૂણા છે કે આપણને મોક્ષે જવા માટે અલગ અલગ અનેક રસ્તાઓ બતાવ્યા છે. દાન, શીલ, તપ, ભાવ, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, પરમાત્મભક્તિ, સામાયિક, પ્રતિક્રમણ વગેરે અનેક રસ્તાઓ બતાવ્યા છે. આમાંથી તમને પસંદ પડે એ રસ્તા ઉપર આગળ વધો અને આત્માનું કલ્યાણ કરો. અનેક આત્માઓ આ માર્ગ ઉપર ચાલ્યા છે અને પોતાના જીવનને ન્યાલ બનાવ્યું છે.

પેલો જંગલમાં રહેલો હાથી ! ક્યાંક આગ પ્રગટેલી જોઈ અને જાતિસ્મરણ જ્ઞાન થયું એટલે કે પોતાનો પૂર્વભવ યાદ આવ્યો. પૂર્વભવમાં પણ તે હાથી જ હતો. એક દિવસ જંગલમાં દાવાનલ પ્રગટ્યો અને મોતના ખપ્પરમાં હોમાઈ ગયો. હવે આ ભવમાં એ દાવાનલથી બચવા એણે એક મોટું મેદાન ઘાસ-વૃક્ષ વિનાનું કરી દીધું. જેથી આગ અહીં સુધી પહોંચી શકે જ નહિ.

દિવસો પસાર થતાં ગયાં અને એક દિવસ અચાનક ભયાનક દાવાનલ

પ્રગટ્યો. જંગલના બધા પશુઓ પોતપોતાનો જીવ બચાવવા આ મેદાનમાં આવ્યા. આટલા દિવસોથી મહેનત હાથી કરતો હતો. બધા ત્યાં આવે છે ત્યારે એ પોતાના મનને ઉદાર બનાવી કોઈને પણ ના કહેતો નથી.

આ હાથી જેવો હાથી પણ આપણને શીખવાડે છે કે

***Love to all living beings***

દરેક જીવોને પ્રેમ કરો.

આખું મેદાન ખીચોખીચ ભરાઈ ગયું છે. એવામાં હાથીને ખંજવાળ આવે છે. એ ખંજવાળ દૂર કરવા જ્યાં પગ ઉપાડે છે એટલીવારમાં એક સસલું મુંબઈની લોકલ ટ્રેનની જેમ ગરદીમાં ફસાઈ ગયેલું હોવાથી હાથીના પગની જગ્યાએ ગોઠવાઈ જાય છે. હાથી પગ મૂકવા જાય છે ત્યાં દૃષ્ટિ નીચે પડે છે ને વિચારે છે કે જો હું પગ મૂકીશ તો આ સસલાના રામ રમી જશે. એનો આત્મા આવું દુષ્કાર્ય કરવા ના પાડે છે અને હાથી હવામાં જ પગ અધ્ધર રાખે છે.

૧ કલાક... ૮ કલાક... ૧૦ કલાક... ૧ દિવસ... ૨ દિવસ, અઢી દિવસ થયા ને જંગલની આગ શાંત થઈ. બધા પોતપોતાની જગ્યાએ ગયા. આખું મેદાન ખાલી થઈ ગયું. આ હાથી પગ નીચે મૂકવા ગયો ત્યાં જ લોહી જામ થઈ જવાના કારણે નીચે પડ્યો અને થોડીવારમાં પ્રાણ પણ છોડી દીધા. મૃત્યુ પામી શ્રેણિક રાજાને ત્યાં **મેઘકુમાર** રાજપુત્ર તરીકે જન્મ પામ્યો. માત્ર એક સસલાની જીવદયાના કારણે તિર્યંચમાંથી રાજપુત્ર તરીકે જન્મ મળ્યો.

પ્રભુવીરની દેશના સાંભળી વૈરાગ્ય થયો. પ્રભુ પાસે દીક્ષા લીધી. દીક્ષાના પ્રથમ દિવસે જ દરવાજાને ત્યાં સંથારો કરવાનો વારો આવ્યો. આખી રાત મહાત્માઓ માત્રું જવા માટે આવ-જા કરતા હોવાથી એમના પગની ધૂળ આમના સંથારા ઉપર પડતી. આખી રાત ઊંઘ ન આવી. મનમાં દીક્ષા છોડવાના ભાવ થયા. મેઘમુનિ પ્રભુ મહાવીર પાસે ગયા ત્યાં તો પ્રભુએ પૂર્વભવ યાદ કરાવ્યો. સંયમમાં સ્થિર થયા. ઉત્કૃષ્ટ સંયમજીવનનું પાલન કરી સર્વાર્થસિદ્ધ વિમાનમાં પહોંચ્યા. ત્યાંથી માનવભવ પામી કેવલી બની મોક્ષે જશે.

માત્ર એક નાનકડી શુભ પ્રવૃત્તિ દ્વારા પોતાના જીવનને ન્યાલ બનાવી દીધું. જો તિર્યંચનો જીવ પણ આટલી સરસ શુભ પ્રવૃત્તિ કરતો હોય તો આપણે માનવ એ કાર્ય ન કરી શકીએ ?

***'શુભ પ્રવૃત્તિ જીવનમાં બાગ લગાડે છે,***
***અશુભ પ્રવૃત્તિ જીવનમાં આગ લગાડે છે.'***

બે પાગલ નાવમાં જઈ રહ્યા હતા ને અચાનક નાવમાં છિદ્ર-કાણું પડ્યું.

પહેલો પાગલ બીજાને પૂછે છે શું કરશું ? બીજો કહે છે એમાં પૂછવાનું શું હોય ? બીજું કાણું કરી દેવાનું ! જેથી એક કાણામાંથી પાણી આવે છે, તે બીજા કાણામાંથી નીકળી જશે... પરંતુ વાસ્તવિક્તા કંઈક અલગ જ છે. એમ કરવાથી નાવડુ દરિયામાં જલદી ડૂબી ગયું...

એક જ છિદ્ર જો નાવને ડૂબાડવા માટે કાફી છે. તો એક જ પાપ આપણા જીવનને ભવસાગરમાં ડૂબાડવા કાફી છે. આપણા જીવનની નાવમાં પાપના હજારો છિદ્રો છે તો આપણું શું થશે ?

નાવને બચાવવાનો એક જ ઉપાય છે કે નવા છિદ્રોને ઉત્પન્ન થતાં અટકાવતાં જાવ અને જૂના છિદ્રો પુરાય એટલા પૂરતા જાવ. બસ આ જ ગણિત જીવનમાં લગાડવાનું છે. જીવનની નાવમાં નવા પાપોરૂપી છિદ્રોને ઉત્પન્ન થતા અટકાવતા જાવ અને જૂના પાપોરૂપી છિદ્રોને પૂરતા જાવ.

પાપ સાપ કરતાં પણ ભયંકર છે. સાપ કરડે તો એક ભવમાં મોત મળે. પાપ કરડે તો અનેક ભવોમાં મોત મળે. સાપ દેખાતા જ આપણે એનાથી દૂર ભાગીએ છીએ. તેમ પાપની પ્રવૃત્તિઓથી પણ દૂર જ રહેવાનું છે.

પાપથી દૂર રહેવા માટે સૌથી પહેલા પાપના નિમિત્તોથી દૂર રહેવું જોઈએ. કારણ કે આપણો આત્મા નિમિત્તવાસી છે. પાણીને જે વાસણમાં નાંખો તે વાસણનો આકાર તે ધારણ કરી લે છે તેમ આત્માને જેવા નિમિત્તો આપો તેવો આકાર તે ધારણ કરી લે છે.

ઘણા બધાને અનુભવ હશે જ કે દેરાસર-ઉપાશ્રય વગેરે શુભ સ્થાનોમાં જાવ તો ભાવોની ધારા ઉંચકાય છે. પણ જેવા એ શુભ નિમિત્તોનો સંગ છોડ્યો અને ઘરમાં, દુકાનમાં, ટી.વી. સામે ગોઠવાયા કે ભાવોની ધારા પટકાય છે માટે સૌથી પહેલા પાપના નિમિત્તોથી અટકો.

આત્મા અનાદિકાળથી અશુભ પ્રવૃત્તિઓના કુસંસ્કારોથી લેપાયેલો છે માટે એને આવું નાનકડું નિમિત્ત મળતાં જ એ તે કાર્ય કરવા માટે દોડી જાય છે.

નાનપણમાં સાપ-સીડીની રમત ઘણીવાર રમી હશે. એમાં સીડી એટલે શુભ પ્રવૃત્તિ જે તમને ૯ નંબર ઉપરથી ૯૦ નંબર ઉપર પણ પહોંચાડી શકે છે તો સાપ એટલે અશુભ પ્રવૃત્તિ જે તમને ૯૫ નંબર ઉપરથી સીધા ૫ ઉપર પણ પહોંચાડી શકે છે.

માણસને પર્વત ઉપર ચઢવા માટે જ મહેનત કરવાની હોય છે. પર્વતથી ઊતરી તો આરામથી જવાય છે. સાઈકલને ઢાળ ઉપર ચઢાવવા માટે મહેનત કરવી પડે છે. ઊતરી તો automatic જાય છે. તેમ આત્માને શુભ પ્રવૃત્તિમાં જોડવા માટે મહેનત કરવી પડે છે. અશુભ પ્રવૃત્તિઓમાં તો આસાનીથી જોડાઈ જાય છે. પણ જો

તમારી નજર એ પાપના પરિણામ તરફ હશે તો એ પાપની પ્રવૃત્તિથી આસાનીથી અટકી શકો છો. પાપ કરવું તો સહેલું છે પણ પાપના પરિણામ ભોગવવા બહુ કઠિન છે માટે જ તો કહ્યું છે કે,

**'હસતાં હસતાં બાંધ્યા કર્મ રોતાં પણ નવિ છૂટે.'**

પાપ બાંધતી વખતે તો આપણે હસતાં હસતાં બાંધી નાંખીએ છીએ પણ એ જ્યારે ભોગવવાનો સમય આવે છે ત્યારે આંખમાંથી આંસુ નીકળી જાય છે. આ ભવમાં દુનિયાની યાત્રાઓ તો ઘણી કરી... પણ ક્યારેક આત્મામાં ડોકિયું કરી ચારગતિની અતીતની અંતરયાત્રા પણ કરતા રહો...!

**કોઈ જન્મે કરમ, મેં હસીને કર્યા, આંસુડા આજ મારા, નયનમાં ભર્યા જાણ ન્હોતી મને, આ પરિણામની, તો કરત નહિ સંગત બુરા કામની...**

**હા...હા...હા..હા...હા...**
**હો...હો...હો...હો...**
**'કર્મો કરેલા મુજને નડે છે...**
**હૈયું હિબકા ભરીને રડે છે.'**

નરકગતિની અંદર પ્રત્યેક સમયે ત્યાંનો નારકીજીવ પેલા પરમાધામી દ્વારા કાપાકાપી, મારામારીમાંથી પસાર થઈ રહ્યો છે. કોઈકને તલવાર, ભાલા ભોંકાય છે તો કોઈકને પોતાનું જ માંસ કાપી ખવડાવાય છે. કોઈકને ઉપર ઉછાળી ત્રિશૂલમાં પરોવાય છે તો કોઈકને ગરમાગરમ રેતી ઉપર ચલાવાય છે. આમ તેઓ પ્રત્યેક ક્ષણો ત્યાં ચીસાચીસ કરી રહ્યાં છે. આંખોમાંથી સતત આંસુની ધારા વહાવી રહ્યા છે પણ ત્યાંથી નીકળવાનો કોઈ ઉપાય નથી. નરકગતિમાં ઓછામાં ઓછું - minimum આયુષ્ય પણ ૧૦,૦૦૦ વર્ષનું છે.

અહીંનો માનવી જ્યારે આવા દુ:ખોથી કંટાળે છે ત્યારે સહન ન થાય તો આપઘાત પણ કરી લે છે પણ ત્યાં આવી કોઈ વ્યવસ્થા નથી. ન રહી શકાય... ન સહી શકાય એવી ભયંકર વેદનાઓ પૂર્વભવમાં કરેલા પાપોનાં કારણે ભોગવી રહ્યો છે.

તિર્યંચોના ભવોમાં ય ક્યાં ઓછાં દુ:ખો સહન કર્યાં છે. ગમે ત્યાં રહેવાનું, ગમે ત્યાં ફરવાનું... મળે તો ખાવાનું... ખાવા માટે ય ઝઘડા કરવાના... ઘોડા-ગાય-પાડા-ઊંટના ભવોમાં ગજા બહારનો ભાર ઉપાડીને આંખમાં આંસુ સાથે ય ઢાળ ચઢવાનો, માછલા-મરઘા-બકરા-ગાયના ભવોમાં કેટલીય વાર કપાઈ કપાઈને કો'ક મુખનો કોળિયો બની ગયા.

ગમે તેટલી ઠંડીમાં ય વગર કપડે ક્યાંક ખૂણામાં પડ્યા રહેવાનું તો ક્યારેક ગમે તેટલી ગરમીમાં એ જ સૂર્યના તાપથી તપેલું પાણી પીવાનું, પક્ષીઓના

ભવોમાં ય પાંજરામાં પુરાઈ-પુરાઈને આખી જિંદગી કાઢવાની, તો ઉત્તરાયણ-મકરસંક્રાંતિના દિવસોમાં કેટલાયના કપાયેલા માંજાનો ભોગ બની જીવન પૂર્ણ કરી દેવાનું... આંખો ગુમાવી દેવાની... ઘાયલ બની જવાનું... ક્યારેક સરકસમાં ખેલ બતાવવાનો તો ક્યારેક પ્રાણી સંગ્રહાલયમાં પ્રદર્શન માટે પુરાઈ રહેવાનું.

પાડ માનો પરમાત્માનો કે મનુષ્ય ભવમાં ય કોઈ અનાર્ય દેશમાં, આંધળા, બહેરા, મૂંગા, લૂલા-લંગડા, રોગી તરીકે જન્મ નથી મળ્યો પણ જૈન ધર્મમાં, આર્યદેશમાં, શ્રાવક કુલમાં આપણને જન્મ મળ્યો છે. જો પૂર્વભવમાં આપણે પણ પાપો ભારે કર્યા હોત તો આવા જ કોઈક નરક, તિર્યંચ કે અનાર્ય દેશમાં જન્મ મળત પણ પૂર્વભવમાં શુભપ્રવૃત્તિઓ વડે પુણ્ય ઉપાર્જન કર્યું હતું માટે જ આવા ઉત્તમ કુળમાં જન્મ મળ્યો છે.

કેટલુંય પ્રચંડ પુણ્યનું બલિદાન આપી આપણે આ માનવભવ મેળવ્યો છે. તો હવે એનો ઉપયોગ સત્કાર્ય માટે, શુભપ્રવૃત્તિ માટે જ કરવો છે. કારણ કે અશુભ પ્રવૃત્તિઓએ તો આપણા જીવનમાં આગ લગાડી અનેક ભવોમાં ભ્રમણ કરાવ્યું છે.

હવે આ સમજણના ભવમાં શુભ પ્રવૃત્તિઓ વડે જીવનને બાગ બનાવી જીવનને શણગારવું છે. આ ભવમાં હવે વિશ્વાસઘાત, ચોરી, હિંસા, ઈર્ષ્યા, અહંકાર જેવા સઘળા ય પાપોને તિલાંજલિ આપવી છે. કારણ કે હું જે કર્મ કરીશ તેનું ફળ મારે જ ભોગવવાનું છે. બીજો કોઈ એને ભોગવવા આવવાનો નથી તો શા માટે અશુભ કાર્ય કરી મારા જીવનને હું બરબાદ કરું ?

પેલી **કલાવતીએ** પૂર્વભવમાં પોપટ ઉપર અપૂર્વ સ્નેહ હોવાના કારણે... પોપટ ઊડીને ક્યાંય ચાલ્યો ન જાય માટે... એની પાંખ કાપી પાંજરામાં પૂર્યો હતો તો આ ભવમાં જીવતે જીવ એના હાથના કાંડા કપાવવાનો વારો આવ્યો. કર્મ ક્યારેય કોઈને છોડતું નથી. માટે કોઈ પણ પ્રવૃત્તિ કરતાં પૂર્વે સો વાર વિચાર કરીને કરજો, જેથી ભવિષ્યમાં પસ્તાવાનો વારો ન આવે.

**'અશુભ પ્રવૃત્તિ ઈન્સાનને શેતાન બનાવી શકે છે,**
**શુભ પ્રવૃત્તિ ઈન્સાનને ભગવાન બનાવી શકે છે.'**

## (૨) પ્રેરણા

***'શુભ પ્રેરણા જીવનમાં આશીર્વાદરૂપ બને છે,***
***અશુભ પ્રેરણા જીવનમાં અભિશાપરૂપ બને છે.'***

માનવીને નાનપણથી જ અલગ-અલગ પ્રકારની પ્રેરણાઓ મળતી હોય છે એ પ્રેરણા શુભ પણ હોય છે તો અશુભ પણ હોય છે. જેમ કે મ.સા. પાસે વ્યાખ્યાનમાં

જશો તો સતત શુભકાર્યો કરવાની પ્રેરણા મળશે કે દીક્ષા લેવા જેવી છે. ઉપધાન-સંઘ-શ્રાવકના ૧૨ વ્રત-સાધર્મિક ભક્તિ - જીવદયા - દીનજનોનો ઉદ્ધાર - તીર્થયાત્રા - શાસન પ્રભાવના - અઠ્ઠમ વગેરે તપ - સ્વાધ્યાય-જિનવાણી શ્રવણ વગેરે વગેરે શુભકાર્યો કરવા જેવા છે. આમ સતતને સતત ધર્મસ્થાનકોમાંથી શુભકાર્ય કરવાની પ્રેરણા મળે છે.

તો સંસારમાં વધુમાં વધુ પ્રાયઃ કરીને અશુભકાર્ય કરવાની જ પ્રેરણા મળે છે. જેમ કે ધંધામાં અનીતિ તો કરવી જ જોઈએ નહિં તો ક્યારેય ઘર નહિ ચાલે, કોઈ સામે બોલે તો સિંહની જેમ ત્રાડ નાંખી એને ચૂપ કરી દેવાનો પણ ક્યારેય બકરા બનીને નહીં જીવવાનું, પાઉંભાજી-પાણીપુરી-હૉટલ-લારી-રાત્રિભોજન-અભક્ષ્ય-કંદમૂળ-થિયેટર-રોજ રવિવારે ફરવા જવાનું - ૫૦,૦૦૦નો મોબાઈલ, ફેન્સી અંગ પ્રદર્શન કરનારા વસ્ત્રો-જિન્સ વગેરે બધા જ મોજશોખો આ જિંદગીમાં પૂરા કરવાના... આવી અશુભ પ્રેરણા કરનારા વ્યક્તિઓ પણ મળે છે.

આપણે કઈ પ્રેરણા ગ્રહણ કરવી એ આપણા હાથમાં છે. શુભ પ્રેરણા જીવનમાં આશીર્વાદરૂપ બની જીવનનો વિકાસ કરનારી, માતા-પિતા-પરિવાર-સમાજનું નામ રોશન કરનારી બને છે તો અશુભ પ્રેરણા જીવનમાં અભિશાપરૂપ બની જીવનનો વિનાશ કરનારી, માતા-પિતા-પરિવાર-સમાજનું નામોનિશાન મિટાવનારી બને છે.

**યાદ કરો પેલા વજ્રસ્વામીજીને** ! ધનાવહ શેઠની કન્યા વજ્રસ્વામીના ગુણો સાંભળી એમના ઉપર મોહિત થઈ હતી. તેથી તેણે મનમાં નક્કી કરી લીધું કે લગ્ન કરીશ તો આ વજ્રસ્વામી જોડે જ કરીશ. બીજા કોઈ પણ જોડે નહિ કરું. આ વાતની પિતાને ખબર પડી. પિતા ઘણું સમજાવે છે છતાંય એ સ્ત્રીહઠ છોડવા તૈયાર ન થઈ.

આખરે પિતાએ મનમાં કંઈક વિચાર કર્યો. પ્રવચન પૂર્ણ થયા બાદ વજ્રસ્વામી મ.સા. પાસે ગયા અને સુવર્ણનો થાળ એમના ચરણે ધર્યો. ગુરુદેવે કહ્યું આ શું છે ? અમે સુવર્ણ રાખતા પણ નથી, સ્પર્શ પણ નથી કરતાં. અહીં શા માટે લાવ્યા છો ? શેઠે કહ્યું આ ભેટ હું આપ મારી કન્યા સાથે વિવાહ કરો એના માટે લાવ્યો છું. એણે જિદ પકડી છે કે તે આપના સિવાય બીજા કોઈ સાથે વિવાહ નહીં કરે.

વજ્રસ્વામીએ કહ્યું આપ કન્યાને અહીં લેતા આવજો. શેઠ તો ખુશ થતાં થતાં ઘેર ગયા. કન્યાને લઈ આવ્યા. ગુરુ ભગવંતે કન્યાને સંસારની અસારતાનો ઉપદેશ આપ્યો. આવા સંબંધો તો અનંતીવાર અનેક જીવો સાથે કર્યા છે. અરે ! દેવલોકમાં ય અપ્સરા જેવી દેવીઓ સાથે અનેકવાર વિષય સુખો આ જીવડાએ ભોગવ્યા છે. છતાંય હજુ સંતોષ થયો નથી. તો આ ભવમાં એને સંતોષ ક્યાંથી થવાનો ?

આ વિષયસુખો તો કિંપાક ફલ જેવા છે. જેમ કિંપાક ફલ ખાવામાં મીઠું મધુરું

હોય છે પણ થોડીવારમાં એનું ઝેર ચઢે છે ત્યારે મોત અપાવીને રહે છે તેમ આ વિષયસુખો તો શરૂઆતમાં સારા લાગે છે. પણ જ્યારે તેના દ્વારા ઉત્પન્ન થયેલા પાપો ઉદયમાં આવે છે ત્યારે ગાભા નીકળી જાય છે. આ વિષયસુખોને છોડી આત્મસુખોનો અનુભવ કરવા પ્રયત્ન કરો અને એના માટે સંયમ એ જ સર્વશ્રેષ્ઠ ઉપાય છે.. અને પેલી કન્યા રાગીમાંથી વિરાગી બની અને વિરાગીમાં વિતરાગી બનવા પ્રભુવીરના સંયમપંથે ચાલી નીકળી.

આમ વજસ્વામીએ ધનાવહ શેઠની કન્યા માટેની અશુભ પ્રેરણા ન સ્વીકારી. જીવનને બરબાદ થતું બચાવ્યું.

તો પેલી કન્યાએ વજસ્વામીની શુભ પ્રેરણા સ્વીકારી જીવનને આબાદ બનાવ્યું.

***'શુભ પ્રેરણા જીવનને નંદનવન બનાવે છે,***
***અશુભ પ્રેરણા જીવનને વેરાન રણ બનાવે છે.'***

યથાશક્તિ શુભ પ્રેરણાઓને જીવનમાં અપનાવવાનો પ્રયત્ન કરો અને અશુભ પ્રેરણાઓને જીવનમાંથી દફનાવવાનો પ્રયત્ન કરો. કારણ કે શુભ પ્રેરણા જીવનને ક્યારેય ખરાબ બનાવવા દેતી નથી. તો અશુભ પ્રેરણા જીવનને ક્યારેય સારું બનાવવા દેતી નથી.

અમે એક વખત એક અનાથ આશ્રમની મુલાકાત લેવા માટે ગયા. જિંદગીમાં ક્યારેય અનાથ આશ્રમ જોયો ન્હોતો. જ્યાં પ્રવેશ કર્યો ત્યાં જ નાની નાની ઉંમરના ૨૦૦ બાલક-બાલિકાઓ ત્યાં ઊભા હતાં. બધા નમસ્કાર કરીને બેઠા. એમને ઘણી શુભ પ્રેરણાઓ અપાઈ. જીવનમાં કદી નિરાશ ન થવા જણાવ્યું. ત્યાંના શિક્ષકો જોડે મુલાકાત થઈ. પછી અંદરના ઓરડામાં લઈ ગયા.

ક્યારેય ન જોયા હોય એવા દશ્યો ત્યાં જોવા મળ્યાં. માત્ર બે મહિનાથી લઈને બે વર્ષના ૧૫ થી ૨૦ બાળકો ઘોડિયામાં હતાં. આના ઊંડાણમાં મૂળ હકીકત ઘણે ઠેકાણે એવી પણ હોય છે કે, કોઈ યુવાન લગ્નની લાલચો આપી યુવતી જોડે લગ્ન પૂર્વે જ જાતિય સંબંધો બાંધવાની અશુભ પ્રેરણા કરે અને યુવતી એના જૂઠાં, માત્ર શરીરસંબંધી પ્રેમમાં પાગલ બની આ અશુભ પ્રેરણા સ્વીકારે છે ને લગ્નપૂર્વે જ આવા સંબંધો બાંધી દે છે.

***ભૂખ ન જુએ વાસી ભાત***
***નિંદ ન જુએ તૂટી ખાટ***
***પ્યાસ ન જુએ ધોબી ઘાટ***
***ઈશ્ક ન જુએ જાત-કજાત.***

પેલા યુવાનને આના પ્રેમ સાથે કશો જ મતલબ નથી હોતો. એ તો આવા શિકાર શોધતો જ ફરતો હોય છે અને છેલ્લે એ યુવતી આપઘાત કરી બેસે છે અથવા લગ્ન પૂર્વે જ જન્મેલા બાળકને આ અનાથ આશ્રમમાં ભરતી કરે છે.

અરે ! હદ તો ત્યાં થાય છે કે લગ્નના શરૂઆતના વર્ષોમાં હરવા-ફરવા મોજશોખ પૂરા કરવાની ઈચ્છામાં આ બાળક વિઘ્નરૂપ બનશે એમ વિચારી પતિની અશુભ પ્રેરણા ગ્રહણ કરીને મા જેવી મા પણ બિચારા માસૂમ બાળકને મોતને ઘાટ ઉતારતા અચકાતી નથી અને એનું ભયંકર પાપ ઉદયમાં આવે છે ત્યારે બાળકની ઈચ્છા હોવા છતાં પણ વંધ્યા સ્ત્રી તરીકે જન્મ મળે છે અને ત્યારે આંખમાં આંસુ સિવાય બીજું કશું નથી હોતું.

માટે જીવનમાં ક્યારેય કોઈની અશુભ પ્રેરણાઓ ઝીલવી નહિ. કારણ કે અશુભ પ્રેરણાઓ જીવનને વેરાન રણ બનાવીને જ રહે છે. જ્યારે શુભ પ્રેરણાઓ જીવનને નંદનવન બનાવીને જ રહે છે. માટે સતત સત્પ્રેરણાઓ સ્વીકારવા તૈયાર રહેવું જોઈએ. આ વાત થઈ કે કેવી પ્રેરણા સ્વીકારવી જોઈએ એના માટેની. અને હવે બીજી વાત એ છે કે બીજાને કેવી પ્રેરણા કરવી જોઈએ ?

સાચું બોલજો તમારા ઘરમાં તમારા દીકરા-દીકરીઓને શેની પ્રેરણા આપો. દીક્ષાની કે લગ્નની ? તમારા ઘરની વાત જવા દો... પાડોશીના કે કોઈ સગા વ્હાલાના છોકરાને ય દીક્ષાની ભાવના થાય તો પણ આપણે રહી શકતા નથી. બેટા ! સમજીને કરજે... ચાર દિવસની ચાંદની છે... પછી તો અંધારી રાત છે... લોઢાના ચણા ચાવવા જેવું છે... તલવારની ધાર પર ચાલવા સમાન છે ! આવા તો કેટલાય વાક્યો આપણા મોંઢામાંથી નીકળી જાય છે.

પણ એ જ છોકરો જ્યારે લગ્ન કરવા જતો હોય ત્યારે કહો છો કે બેટા ! લગ્ન કરવા જેવા નથી... અમે તો ફસાઈ ગયા છીએ... તારે ફસાવા જેવું નથી... દરેક ઘરમાં રામાયણ-મહાભારત લગ્ન કર્યા પછી જ સર્જાય છે... સંભાળજે...

અત્યાર સુધી સંસારના કાર્યો કરવા માટે બીજાને ખૂબ પ્રેરણાઓ કરીને પાપો આપણે બાંધ્યા છે. હવે એ ખોટા પાપો ભેગા કરવા નથી. માટે આજથી જ નક્કી કરવું છે કે સારા કાર્યની પ્રેરણા કરવામાં મારે ક્યારેય પાછા પડવું નથી તો ખરાબ કાર્યની પ્રેરણા કરવામાં મારે ક્યારેય આગળ આવવું નથી.

કદાચ જીવનમાં એવી લાચારી આવી જાય કે હું લાચારીવશ થઈ કદાચ દેરાસર-ઉપાશ્રય ન જઈ શકું પણ મારા સંપર્કમાં આવનાર કોઈને રોકીશ નહિ. ક્યારેય વિરોધ કરીશ નહિ પણ સામેથી એ લોકોને જવા માટે પ્રેરણા આપીશ.

*'શુભ પ્રેરણાઓ જીવનમાં હરિયાળી સર્જે છે,*
*અશુભ પ્રેરણાઓ જીવનમાં હોનારત સર્જે છે.'*

# (૩) પ્રોત્સાહન

*'સત્કાર્યનું પ્રોત્સાહન એ સદ્‌ગુણોનું પોષણ કરે અને દુર્ગુણોનું શોષણ કરે, દુષ્કાર્યનું પ્રોત્સાહન એ દુર્ગુણોનું પોષણ કરે છે અને સદ્‌ગુણોનું શોષણ કરે.'*

અનાદિકાળથી જીવ પાપની પ્રવૃત્તિઓ કરતો આવ્યો છે. અકામ નિર્જરા કરતાં કરતાં આજે અહીં માનવભવ-જૈન ધર્મ સુધી પહોંચ્યો છે. અહીં પણ સદ્‌ગુરુ ભગવંતની પ્રેરણાઓ મળે છે અને તેના જીવનમાં સત્કાર્યની શરૂઆત થઈ જાય છે.

કાર્યની શરૂઆત તો થઈ ગઈ પણ એને પૂર્ણતા સુધી પહોંચાડવા... એનો આત્મવિશ્વાસ વધારવા... એને પ્રોત્સાહન આપવું પડે છે. પ્રોત્સાહન આપવાથી તે સત્કાર્ય કરવા માટે એની અંદર જોમ... ઉત્સાહ... ભાવોની... વૃદ્ધિ થાય છે. તે કાર્ય થયા પછી નવું સત્કાર્ય કરવાની એની ભાવના થાય છે.

Cricketની Matchમાં જે ટીમ વિજેતા બને છે તેને 'Cup' આપવામાં આવે છે. સંપૂર્ણ મૅચ દરમિયાન સારું પ્રદર્શન કરનારને 'Man of the Match' તરીકે જાહેર કરવામાં આવે છે. સ્કૂલમાં સારા માર્ક્સ લાવનાર વિદ્યાર્થી, સંગીતકલા, નૃત્યકલા, ચિત્રકલા, વકતૃત્વકલા વગેરેમાં જે સારું પ્રદર્શન કરે છે તે બધાને સ્ટેજ ઉપર ઈનામ આપી-જાહેરમાં સન્માન કરી એનું પ્રોત્સાહન વધારવામાં આવે છે. આ ભૌતિક ક્ષેત્રમાં આગળ વધારવા આમ પ્રોત્સાહન અપાય છે.

ધાર્મિક ક્ષેત્રમાં આગળ વધારવા પણ પ્રોત્સાહન આપવામાં આવે છે. જેમ કે કોઈ વ્યક્તિને માસક્ષમણ, સિદ્ધિતપ, શ્રેણીતપ વગેરે અનેક તપોની સાધનાઓ ચાલતી હોય છે. એવા અનેક તપસ્વીઓનું જાહેરમાં સન્માન કરવામાં આવે તો એમનો તપ પ્રત્યે ઉત્સાહ વધે છે. બીજા અનેક લોકોને તપ કરવાની પ્રેરણા પણ મળે છે.

સમેતશિખર ચાતુર્માસ દરમિયાન એક અદ્‌ભુત કાર્યક્રમ ગોઠવાયો હતો, જેમાં ૭૦૦ આરાધકોમાંથી જે આરાધકોએ પોતાના સંતાનોને જિનશાસનને સમર્પણ કર્યા હતા એ બધાય આરાધકોનું-માતા-પિતાનું સન્માન કરવામાં આવ્યું હતું.

કેટલાકે પોતાના ૫-૫ સંતાનોને શાસનને સમર્પણ કર્યા હતા... તો કેટલાકે પોતાના એકના એક સંતાનને શાસનને સોંપી દીધો હતો... આવા અનેક માતા-પિતાઓના સન્માન દ્વારા એમનો ઉત્સાહ વધારવામાં આવ્યો હતો. તો આ પ્રસંગ પછી અનેક ભાવુકોને આમાંથી અલગ-અલગ પ્રેરણાઓ મળી હતી.

આપણા સંઘમાં કોઈ બાલક-બાલિકા પ્રતિક્રમણમાં અતિચાર, અજિતશાંતિ,

હાલરડું, ૨૭ ભવનું સ્તવન, મોટીશાંતિ વગેરે સૂત્રો બોલે ત્યારે એનું પ્રોત્સાહન થવું જોઈએ. જેથી નવા નવા સૂત્રો કરવા માટે એને મન થયા કરે. જો એના કાર્યની કદર કરવામાં ન આવે તો બાળક એ કાર્ય છોડી દે છે.

ઘણી પાઠશાળાઓમાં આજે પ્રોત્સાહન આપવામાં આવે છે. ચેન્નઈની પાઠશાળામાં જાહેરાત થઈ કે જે બાળક સંપૂર્ણ અતિચાર કરીને આવશે એનું સુવર્ણચેનથી બહુમાન કરવામાં આવશે.

સમેતશિખરમાં પણ ચાતુર્માસ દરમિયાન જે આરાધકોએ માસક્ષમણ કર્યા એ દરેકનું સુવર્ણચેન દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

***'સત્કાર્યનું પ્રોત્સાહન સદ્‌ગુણોને મજબૂત બનાવે,***
***દુષ્કાર્યનું પ્રોત્સાહન દુર્ગુણોને મજબૂત બનાવે.'***

એક વ્યક્તિ ચોરી કરતાં પકડાયો. કોર્ટમાં કેસ થયો. ઘણા બધા ગુનાઓ એના દ્વારા થયા હતા. કેસનો અંતિમ નિર્ણય આવ્યો કે એને ફાંસી આપવામાં આવે. ફાંસી ઉપર ચઢાવતાં પૂર્વે એને અંતિમ ઇચ્છા પૂછવામાં આવી ત્યારે એણે કહ્યું કે મારે મારી માતાને મળવું છે.

માતાને બોલાવવામાં આવી ને એ ચોરે માતા નજીક આવતાં જ એના નાક ઉપર બચકું ભર્યું. નાકમાંથી લોહી નીકળવાનું શરૂ થઈ ગયું. આજુબાજુવાળાએ એને પકડ્યો અને પૂછ્યું કે તેં આવું શા માટે કર્યું ?

ત્યારે એણે કહ્યું કે આજે હું જેલમાં છું એનું કારણ મારી માતા છે. કેમ કે હું નાનો હતો ત્યારે સ્નાન કરી બહાર આવ્યો અને પાડોશીના બહાર રહેલા તલના ઢગલા પર પડ્યો. મારું શરીર ભીનું હોવાને કારણે બધા તલ શરીર સાથે ચોંટી ગયા. ઘરે આવ્યો. માતાએ બધા તલ નીકાળી જમા કરી દીધા. પછી આ અમારો રોજનો કાર્યક્રમ થઈ ગયો.

મને મારી માતાએ ત્યારે મને લાફો મારી આવી નાની નાની ચોરી કરતા અટકાવ્યો હોત... આવા કાર્યો માટે મને પ્રોત્સાહન ન આપ્યું હોત... તો હું જિંદગીમાં ક્યારેય ચોરી ન જ કરત. પણ આવા ખોટા કાર્ય માટે માતા તરફથી પ્રોત્સાહન મળ્યું અને પરિણામે નાની નાની ચોરીઓમાંથી આગળ વધતાં આજે હું મોટો ચોર બની ગયો.

અમે વિહાર કરતાં કરતાં સમેતશિખરજી પહોંચ્યા. રસ્તામાં એક ગામ આવ્યું અને એ ભાઈએ વાત કરી કે અમુક ગામમાં સગા બાપ જ પોતાના સંતાનોને બીડી પીવડાવે છે અને અવસરે દારૂ પણ પીવડાવે છે. લગભગ ગામનો એકેય ટેણિયો ય

એવો નહિ હોય કે જે બીડી ન પીતો હોય. સ્કૂલમાં જઈને બાથરૂમમાં બેસી બીડી ફૂંકી આવે.

૯ અને ૧૧વર્ષના બાળકોને ખરાબ કાર્ય માટે પ્રોત્સાહન મળે છે ને આગળ વધતા તેઓ કાયમ માટે તેના વ્યસની બની જાય છે. માટે આપણે આપણા પરિવારમાં ક્યારેય કોઈને ખરાબ કાર્ય કરવા માટે પ્રોત્સાહન ન આપવું જોઈએ.

બરાબર ચોવિહાર કરવાના સમયે જ દુકાને ઘરાક આવે અને દિકરો તમને ફોન કરીને પૂછે પપ્પા ! શું કરું ? ચોવિહાર જવા દઉં કે દુકાને આવેલા ગ્રાહકને જવા દઉં ? તમે કયા કાર્ય માટે પ્રોત્સાહન આપો ?

બેટા ! ચોવિહાર તો થોડા લેટ પણ પણ થઈ શકે, કાલે પણ થઈ શકે... પણ ગ્રાહક રોજ-રોજ થોડા આવવાના છે ? આમ ચોવિહારના ભોગે પણ ગ્રાહકને પ્રોત્સાહન આપનારા લોકો આ દુનિયામાં છે.

તો ઘણાય ગ્રાહકના ભોગે પણ ચોવિહારને પ્રોત્સાહન આપનારા છે. બેટા ! ચોવિહારને આઘોપાછો ન કરાય. ગ્રાહક તો મોડેથી પણ આવી શકે છે. એ આઘો-પાછો થઈ શકે છે. માટે તું જરાય ચિંતા કર્યા વિના ચોવિહાર કરી લે. ગ્રાહક જાય તો જવા દેજે પણ જિંદગીમાં ક્યારેય ચોવિહાર નહિ જવા દેતો...

આ રીતે એને એટલું પ્રોત્સાહન આપે છે કે ક્યારેક ચોવિહારના સમયે પોતે બહારગામ ગયો હોય અને ક્યાંય જમવાની સામગ્રી ન મળતાં માત્ર પાણી પીને પણ ચોવિહાર કરી લે છે. આ કાર્ય કરાવે છે તમે નાનપણમાં આપેલું ચોવિહાર કરવા માટેનું પ્રોત્સાહન.

**યાદ કરો પેલા ગુજરાતના મંત્રીશ્વર બાહડને !** શત્રુંજયના જિર્ણોદ્ધાર માટે મોટી સભાનું આયોજન કર્યું હતું. કરોડપતિ શેઠિયાઓ દાન આપવા માટે વરસી પડ્યા હતા. ત્યાં જ મેલા-ઘેલા કપડાંમાં ભીમો કુંડલિયો અંદર આવવા માટે મહેનત કરી રહ્યો હતો. એના કપડાં જોઈને બધાંએ કહ્યું ભઈલા ! અહીં પ્રભાવના નથી થતી. પણ ફંડ થઈ રહ્યું છે. તારું કામ નથી.

ભીમાએ મનમાં વિચાર્યું. જીવનની બધી મૂડી ભેગી કરતાં માત્ર ૭ દ્રમ્મ થઈ. એ ભેગી કરી મંત્રીશ્વર બાહડના જિર્ણોદ્ધાર માટે લખાવી ત્યારે બાહડ મંત્રીએ એને તોડી પાડ્યો ન્હોતો કે આ શું ? અહીં કરોડોની બોલી ચાલે છે ને તું ૭ દ્રમ્મ લખાવે છે. જા સાઈડમાં બેસી જા.

બાહડમંત્રીએ એને પ્રોત્સાહન આપ્યું સૌથી પહેલું નામ એનું લખ્યું અને જાહેર કર્યું કે આપણે તો આપણી ૧૦૦ % મૂડીમાંથી ૫ કે ૨૫ % રકમ દાનમાં આપી છે પણ આ વ્યક્તિએ પોતાના જીવનની સંપૂર્ણ મૂડી ૧૦૦ % આમાં લખાવી છે. માટે એનું નામ સૌથી પ્રથમ લખવામાં આવે છે.

આવા નાના વ્યક્તિઓ આપણા સંપર્કમાં પણ ઘણીવાર આવે છે. આપણે એ સામાન્ય વ્યક્તિને ઉતારી પાડીએ છીએ. અપશબ્દો બોલીએ છીએ. ગુસ્સો કરીએ છીએ ત્યારે સામેવાળી વ્યક્તિને આપણા પ્રત્યે, જિનધર્મ પ્રત્યે અણગમો પેદા થાય છે; જેમાં નિમિત્ત આપણે બનીએ છીએ.

માટે ક્યારે પણ ગમે તેટલો નાનો વ્યક્તિ હોય એને પણ આપણે સત્કાર્ય કરવા માટે પ્રોત્સાહન આપવું જોઈએ. પણ એના હૃદયના ટુકડા કરવાનું કામ જિંદગીમાં ક્યારેય ન કરવું જોઈએ. વ્યક્તિ સંપત્તિથી મહાન નથી બની શકતો પણ એનામાં રહેલા સદ્‌ગુણોના કારણે મહાન બને છે.

ઘણી વખત એવું જોવા મળે છે કે સામેવાળી વ્યક્તિના સત્કાર્યનું પ્રોત્સાહન કરવાની વાત તો ઘરે ગઈ પણ એ વ્યક્તિને બદનામ કરવામાં પાછા પડતાં નથી. કોઈ વ્યક્તિ મોટી ઉંમરમાં ધર્મ પામ્યો હોય ને ઘણી મહેનત કરી પ્રતિક્રમણમાં પહેલી જ વાર વંદિત્તુ કે શાંતિ બોલતો હોય ને વચ્ચે ક્યાંક ભૂલ પડે, અટકે ત્યાં તો આખી સભામાંથી ભૂલો કાઢવાનો વરસાદ થાય. પેલો નવો વ્યક્તિ એટલો ગભરાઈ જાય કે જે આવડતું હોય એ પણ ભૂલી જાય... અને પ્રતિક્રમણ પછી એને ઠપકા આપવાના શરૂ થઈ જાય.

એક નાનકડો બાળક પહેલીવાર અતિચાર બોલી રહ્યો હતો ને આવા જ કારણોસર ગભરાઈ ગયો. બાજુવાળી વ્યક્તિએ એની ભૂલો ગણી તો ૯૦ ભૂલો પડી હતી. શિક્ષકે એને પ્રોત્સાહન આપ્યું. બેટા ! બહુ જ સરસ અતિચાર બોલ્યો. થોડી ભૂલો પડી પણ કંઈ વાંધો નહિ, આવતી વખતે આનાથી સરસ પાકું કરીને બોલજે. બાળકે પણ ખૂબ મહેનત કરી અને પછીની ચૌદશે અતિચાર બોલતાં માત્ર ત્રણ ભૂલ પડી.

માટે ક્યારેય કોઈને તોડી પાડવાનો નથી પણ એને સારા કાર્યમાં જોડી રાખવાનો છે. જો શિક્ષકે બાળકને તોડી નાંખ્યો હોત તો એ બાળક બીજીવાર ક્યારેય અતિચાર બોલવાનો આદેશ જ ન માંગત, અરે ! પ્રતિક્રમણમાં આવવાનું બંધ કરી દેત, ધર્મથી વિમુખ થઈ જાત.

આવા કેટલાય નુકસાનો આપણા દ્વારા થતા હશે; સામેવાળાને તો થાય જ છે સાથે આપણને પણ થાય છે. કારણ કે સામેવાળી વ્યક્તિ આરાધના કરતા બંધ થઈ ગઈ એમાં નિમિત્ત આપણે બન્યા. માટે ક્યારેય ભૂલેચૂકે ય આવી ભૂલ આપણાથી ન થાય એના માટે સાવધાન રહેવાનું છે. સત્કાર્ય કરવા માટે બીજાને પ્રોત્સાહન આપવાનું શરૂ કરી દો. દુષ્કાર્ય કરવા માટેનું પ્રોત્સાહન બંધ કરી દો.

***'સત્કાર્યનું પ્રોત્સાહન સત્કાર્યમાં આગળ વધારે,***
***દુષ્કાર્યનું પ્રોત્સાહન દુષ્કાર્યમાં આગળ વધારે.'***

# (૪) પક્ષપાત

***'પાપનો પક્ષપાત એટલે જીવનું અધોગમન,***
***પુણ્યનો પક્ષપાત એટલે જીવનું ઉર્ધ્વગમન.'***

પાપોની પ્રવૃત્તિ, પાપોની પ્રેરણા, પાપોને પ્રોત્સાહન આપવાની વૃત્તિઓને તિલાંજલી આપવાની છે. ધર્મની પ્રવૃત્તિ, ધર્મની પ્રેરણા, ધર્મને અને ધાર્મિકને પ્રોત્સાહન આપવાનું છે. ગમે તે સ્થાન હોય, ગમે તે સમય હોય, ગમે તેવો સંયોગ હોય પણ આપણું મન સતત ધર્મમાં જ રહેવું જોઈએ.

શારીરિક પ્રતિકૂળતાને કારણે કદાચ તપ ન થઈ શકે પણ તપનો પક્ષપાત તો થઈ શકે ને ? તપ કરવા જેવો છે. તપ કરવો જ જોઈએ. આમ મન સતત એ જ તરફ રાખવું આનું નામ છે પક્ષપાત.

ધંધા-નોકરી વગેરેની પ્રતિકૂળતાને કારણે કદાચ રોજ અષ્ટપ્રકારી પૂજા ન થઈ શકે પણ એ તરફનો પક્ષપાત તો થઈ શકે ને ? આપણે અહીં જ થાપ ખાઈ ગયા છીએ. ધર્મની પ્રવૃત્તિ, પ્રેરણા, પ્રોત્સાહનને તો ખોઈ બેઠા... સાથે ધર્મનો પક્ષપાત પણ મૂકી દીધો...

રાત્રિભોજન કરીએ અને કહીએ કે પહેલાના જમાનામાં અંધકારના કારણે જીવોત્પત્તિ થતી હતી. હવે તો Electric light વગેરેના કારણે ખાવામાં વાંધો નથી. પાપ તો કર્યું સાથે પાપનો પક્ષપાત પણ કર્યો. પરિણામ એ જ કે સંસાર ભ્રમણ ચાલુ જ છે.

યાદ છે પેલા **વિનયરત્ન મ.સા.** ને ! એક રાજાનું ખૂન કરવા માટેના રસ્તાઓ શોધી રહ્યા હતા. એકેય રસ્તો હાથમાં ન આવતા દીક્ષા લીધી. ગુરુનો વિનય એટલો જોરદાર કર્યો કે ગુરુએ એનું નામ જ વિનયરત્ન રાખી દીધું. જ્યાં જાય ત્યાં ગુરુ એને સાથે લઈ જાય. આમ કરતાં કરતાં ૧૨ વર્ષ વીતી ગયા. રાજાને મારવા માટેનો ચાકૂ પાસે સંતાડ્યો હતો.

૧૨ વર્ષથી સાથે હતો છતાંય કોઈને ગંધ આવવા દીધી નહિ. ૧૨ વર્ષના અંતે ગુરુ ભગવંત એ જ રાજાને ત્યાં પૌષધની આરાધના કરાવવા ગયા હતાં ત્યાં સાથે એમના શિષ્ય સિવાય કોઈ ન જઈ શકે. ગુરુ એમના વિનયથી ખુશ હતા એટલે એ વિનયરત્નને સાથે લીધા. રાજદરબારમાં ગયાં. રાજાએ પૌષધની આરાધના કરી. રાત્રે ત્રણેએ પ્રતિક્રમણ કર્યું. થોડીવાર પછી ત્રણેયે સંથારો કર્યો.

રાજા અને ગુરુ મહારાજા તો ઘસઘસાટ સૂઈ ગયા પણ આ વિનયરત્નને ઊંઘ આવતી નહોતી. કારણ કે ૧૨-૧૨ વર્ષથી અંદર રહેલી ખરાબ ભાવનાને આજે પૂર્ણ કરવાની તક હતી. રાત્રે ઊઠ્યા... રાજાના સંથારા તરફ આગળ વધ્યા... અત્યાર

સુધી છુપાવેલો ચાકૂ બહાર કાઢ્યો... રાજાના ગળા પર ફેરવી દીધો... રાજાનું મોત થયું... વિનયરત્ન ત્યાંથી ભાગ્યા... દૂર દૂર દોડી ગાયબ થઈ ગયા.

થોડીવાર થઈ. લોહીની ધાર ધીમે ધીમે ગુરુના સંથારા તરફ આવી... ગરમ-ગરમ લોહી શરીરને અડતાં જ ઊઠી ગયા... સંથારો ભીનો થઈ ગયો હતો. બાજુમાં જોયું તો વિનયરત્ન ગાયબ અને આ બાજુ રાજાનું મસ્તક ધડથી અલગ જોયું. પરિસ્થિતિ ઓળખી ગયા.

મનમાં વિચાર્યું જો હું જીવતો રહીશ તો આ કલંક આવશે અને શાસનની અપભ્રાજના થશે. જૈનધર્મની લઘુતા થશે. આ મને ક્યારેય શોભે નહિ. જૈન શાસનની અપભ્રાજના અટકાવવા બાજુમાં પડેલો ચાકૂ લઈ પોતાના ગળા પર ફેરવી દઈ દેહનો ત્યાગ કર્યો.

૧૨-૧૨ વર્ષ સુધી સંયમનું પાલન કર્યું પેલા વિનયરત્ન મુનિએ ! પણ પાપનો પક્ષપાત અંદર બેઠેલો જ હતો. જે નિમિત્ત મળતાં જ બહાર આવી ગયો. ૧૨-૧૨ વર્ષ સુધી પ્રતિક્રમણ, પડિલેહણ, ગોચરી, ગુરુની ભક્તિ વગેરે અનેક કાર્યો કર્યાં પણ બધું પથ્થર ઉપર પાણી ! કારણ કે અંદર પાપનો પક્ષપાત બેઠો હતો.

યાદ કરો પેલા **કાલસૌકરિક કસાઈને !** શ્રેણિક મહારાજાએ નરકમાં ન જવા માટે પ્રભુને પ્રશ્ન પૂછતાં પ્રભુએ એક રસ્તો એ બતાવ્યો કે રોજના ૫૦૦ પાડા મારતા કાલસૌકરિક કસાઈને એક દિવસ તું અટકાવે તો તારે નરકમાં ન જવું પડે.

શ્રેણિક રાજા ગયા કાલસૌકરિક પાસે. જેટલું ધન જોઈએ એટલું ધન આપવાની વાત કરી પણ પેલો કાલસૌકરિક કસાઈ ન માન્યો. એટલે એક પાણી વિનાના કૂવામાં ઊતારવામાં આવ્યો તો ત્યાં પણ માટીના ૫૦૦ પાડા બનાવી એની કતલ કરી. કારણ કે અંદર પાપનો પક્ષપાત ઊભો હતો.

***'પાપનો પક્ષપાત મોહમાં ફસાવે,***
***પુણ્યનો પક્ષપાત મોક્ષ અપાવે.'***

આપણે આપણા જીવનનું Checking કરવાનું છે કે મારા જીવનમાં તો પાપનો પક્ષપાત નથી ને ?

**તપ કરવામાં મજા આવે કે તપ કર્યા પછી એનું પારણું કરવામાં મજા આવે ?**

**સૂકા રોટલા-રોટલીવાળા આયંબિલમાં મજા આવે કે ગરમાગરમ ઢોકળા-ઢોંસાવાળા આયંબિલમાં મજા આવે ?**

**દાળ-ભાત-શાક-રોટલીવાળા એકાસણામાં મજા આવે કે બંગાલી, પંજાબી ફરસાણવાળા એકાસણામાં મજા આવે ?**

**ન્યાય-નીતિથી મેળવેલા ૧૦ રૂપિયા કમાવામાં આનંદ આવે કે અન્યાય-**

અનીતિથી મેળવેલા ૧૦૦૦ રૂપિયા કમાવામાં આનંદ આવે ?

સમય મળે ત્યારે ગાથા કરવાની મજા આવે કે ગપ્પા મારવાની મજા આવે... ? સામાયિક કરવાની મજા આવે કે શોપિંગ કરવાની ?

પ્રવચન સાંભળવાની કે પિક્ચરના ગીત સાંભળવાની ?

નવકારવાળી ગણતાં ગણતાં ઊંઘ આવે ને નવરાત્રિના દાંડિયા રમવા જતાં ઊંઘ ગાયબ થઈ જાય છે !

પ્રતિક્રમણમાં ૨૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરતાં પગ દુઃખે છે ને બહાર આવી ઊભા ઊભા કોઈની નિંદા-કૂથલી કરતાં થાક ગાયબ થઈ જાય છે !

ધર્મના ક્ષેત્રમાં ૫૦૦૦ રૂપિયા વાપરવા હોય તો ૫૦૦ વાર વિચાર કરવો પડે છે અને હૉટલમાં ૫૦,૦૦૦ રૂપિયા ખર્ચવા તૈયાર થઈ જવાય છે !

ઘરમાં કામકાજ કરતાં હાથ-પગ દુઃખે ને થાકી જવાય છે પછી વજન વધી જતાં ડૉક્ટર ૩-૪ KM રોજ ચાલવાનું કહે તો હોંશે હોંશે ચલાય છે !

રાત્રિભોજનનો ત્યાગ કરવાની ગુરુ ભગવંતની વાતોને ક્યાંય ઉડાડી મૂકે છે. પછી શરીરમાં infenctionના કારણે રોગો થતાં ડૉક્ટર રાત્રે ખાવાની ના પાડે તો હોંશે હોંશે સ્વીકારે છે !

બહારની અભક્ષ્ય ચીજોને પેટમાં ન પધરાવવાની ગુરુની વાતમાં મજા નથી આવતી, પછી જ્યારે શરીર રોગોથી ઘેરાય છે અને ડૉક્ટર ના પાડે ત્યારે મન મારીનેય સ્વીકારવું પડે છે !

કોઈને પૈસા આપવાની વાત આવે તો આઘોપાછો ભાગે છે ને પૈસા લેવાની વાત હોય તો સૌથી આગળ આવે છે !

કામ કરવાની વાત આવે તો દૂર દેશાંતર ચાલ્યો જાય છે. પણ હાર-તોરા પહેરવાની વાત હોય તો સ્ટેજ ઉપર હાજર થઈ જાય છે !

પૂજા કરવાની લાઈનમાં કોઈ વચ્ચે ઘૂસી જાય તો રાડારાડ કરી મૂકીએ છીએ અને કોઈક વાર મોકો મળતાં આપણે લાઈનમાં વચ્ચે ઘૂસી જઈએ તો રાજીના રેડ થઇએ છીએ.

આપણી આગળવાળા પરમાત્માની ભાવથી પૂજા કરતાં હોય તો પાછળથી કચકચ કરીએ છીએ, જલ્દી કરો. પાછળવાળાનો નંબર આવવા દો... અને આપણે ભાવથી પૂજા કરતાં હોઈએ અને પાછળથી કોઈક જલ્દી કરવા કહે તો કહીએ ભઈલા ! શાંતિ રાખને ! દિવસમાં એકવાર તો પૂજા કરવાની હોય છે... ભાવથી કરો ને.

આપણે ચૈત્યવંદન કરતા હોઈએ ને કોઈક ભાઈનો આપણા પાટલાને પગ લાગે તો આપણે તાડુકીએ ભાઈ ! જોઈને ચાલો ને ! આટલો મોટો પાટલો નથી

**દેખાતો તો કીડીની રક્ષા કેવી રીતે કરશો ? અને આપણો પગ લાગે તો કહીએ આમાં આટલા ગુસ્સે શું થાવ છો. માણસ માત્ર ભૂલને પાત્ર.**

અત્યાર સુધી આપણે માત્ર પાપનો જ પક્ષ લીધો છે. હવે ધર્મનો પક્ષ લેવો છે. જ્યાં સુધી શરીરમાં તાકાત છે ત્યાં સુધી ધર્મની જ પ્રવૃત્તિ કરવી છે. કદાચ ન છૂટકે પાપની પ્રવૃત્તિ કરવી પડે તો ય પક્ષ તો ધર્મનો જ સ્વીકારવો છે. **મોક્ષનું લક્ષ રાખો અને ધર્મનો પક્ષ રાખો તો પછી કોઈનીય તાકાત નથી કે તમને સંસારમાં રખડાવી શકે.**

જે વ્યક્તિ ધર્મના પક્ષમાં હોય તે કદાચ પાપો કરે તોય આંખમાં આંસુ હોય. **ભગવાન ! આ સંસાર માંડ્યો એ જ મોટી ભૂલ કરી કે રાત-દિવસ પાપો કરવા પડે છે. રોજેરોજ છ કાયની વિરાધના !** પૂર્વે કરેલા પાપોથી છૂટતો નથી ને નવા ભેગા કર્યા જ કરું છું તો પ્રભુ મારી મુક્તિ ક્યારે થશે ? પ્રભુ આપ જ મને રાહ બતાડો...

ઘણા માણસો એવા અહંકારમાં ફરતાં હોય છે કે પાપ કર્યા પછી પણ એ પાપને સ્વીકારવા તૈયાર થતા નથી. એક વ્યક્તિ કંદમૂળ ખાતો હતો અને બીજાએ કહ્યું, ભાઈ ! કંદમૂળમાં અનંત જીવો હોય છે. એનું ભક્ષણ કરવાથી એ જીવોની હિંસા થાય છે. હિંસા થવાથી પાપ બંધાય અને પાપ બંધાય તો નરકે જવું પડે. ત્યારે કંદમૂળ ખાનારા ભાઈએ જવાબ આપ્યો કે બધા જ સ્વર્ગે જશે, તો નરકમાં કોણ જશે ? અમારા જેવા માટે જ તો નરક છે.

એક તો કંદમૂળ ખાવાનું અને ઉપરથી ધર્મની મજાક ઉડાડવાની ? કમ સે કમ એટલું તો નક્કી કરીએ. પાપ કર્યા પછી પણ પાપનો પક્ષપાત ન કરવો.

અમારા ગુરુદેવ ઘણીવાર ગોચરી વાપરતા પૂર્વે કહે 'ખાવું ખોટું છે.' ભૂખ લાગે માટે ભોજન જોઈએ. ભોજન માટે ગોચરીએ જવાનું, વાપરવાનું, એમાં ય આસક્તિ થવાના દોષો, વાપર્યા પછી ય નિહારક્રિયા માટે, આમ ઘણો બધો સમય, ઘણા બધા દોષો આ ભોજનના કારણે સંભવે છે.

જો ભોજન વિના જ શરીર ચાલી શકતું હોત, સાધના થઈ શકતી હોત તો જિંદગીભર એમાં જ મશગૂલ બની જાત. આ ભોજન સાધનાને અખંડ રહેવા નથી દેતું. માટે 'ખાવું એ ખોટું છે.' આમ ભોજન કરે છતાંય પક્ષ એનો નહિ. બસ આ જ કાર્ય આપણે આપણા જીવનમાં શીખવાનું છે.

*'પાપનો પક્ષપાત જીવનને ખારું બનાવે,*
*પુણ્યનો પક્ષપાત જીવનને સારું બનાવે.'*

# (૫) પ્રશંસા

***'પાપની પ્રશંસા દુર્મતિ આપે, દુર્ગતિ આપે,***
***પુણ્યની પ્રશંસા સન્મતિ આપે, સદ્ગતિ આપે.'***

પ્રશંસા એક એવી વસ્તુ છે જે બધાને પ્રિય છે. નાનકડો બાળક જ્યારે પહેલીવાર કાલી-ઘેલી ભાષામાં વાતો કરે ત્યારે બધા ખુશ થઈ જાય છે. એ ભલે એક જ શબ્દ બોલતો હોય તો ય એને વારંવાર સાંભળવાનું મન થાય. એ બાળકને જેમ જેમ પ્રોત્સાહન મળે, જેમ જેમ એ કાર્યની પ્રશંસા સાંભળે તેમ તેમ એ કાર્ય વધુ કરવા લાગે.

સંગીતકાર પણ ગાતા ગાતા વચ્ચે વચ્ચે એમના સાથીદારોની પ્રશંસા કરતો જાય, જેથી એમને પણ વગાડવાનો ઉત્સાહ વધે. કોઈપણ વ્યક્તિના દાનની પ્રશંસા કરશો તો એને દાન આપવાનું મન થશે. એના તપની પ્રશંસા કરશો તો એને તપ કરવાનું મન થશે. એ જ રીતે કોઈ વ્યક્તિ ચોરી કરીને આવે ને એની પ્રશંસા કરો તો એ વ્યક્તિ ચોરી કરવામાં આગળ વધશે. ખૂનીની પ્રશંસા કરશો તો ખૂન કરવામાં આગળ વધશે.

***'સત્કાર્યની પ્રશંસા માનવીને સત્કાર્ય કરવાની પ્રેરણા આપે છે,***
***દુષ્કાર્યની પ્રશંસા માનવીને દુષ્કાર્ય કરવાની પ્રેરણા આપે છે.'***

આ તો થઈ સામેવાળાના લાભ-નુકસાનની વાત. હવે આપણને શું લાભ-નુકસાન થાય તેની વિચારણા કરવી છે.

પાપની પ્રવૃત્તિ કરતાંય પાપની પ્રશંસા ખતરનાક છે. કારણ કે પાપની પ્રવૃત્તિથી short-time નુકસાન થાય છે, જ્યારે પાપની પ્રશંસા દ્વારા logntime નુકસાન થાય છે. કારણ કે પાપની પ્રશંસા ચીકણા કર્મ બંધાવી આપે છે.

જોયું ને ! સામેવાળાને કેવો બાટલીમાં ઉતારી દીધો.

મેં કેવી સરસ રસોઈ બનાવી, સામેવાળો આંગળા ચાટતો રહ્યો.

મેં કેવી બેટિંગ કરી, સામેવાળાને ભોંય ચાટતો કરી દીધો. આવી તો અનેક બાબતો પર વિચારણા કરવા જેવી છે.

યાદ છે પેલા **મહારાજા શ્રેણિક !** સમ્યક્ત્વની પ્રાપ્તિ પૂર્વે શિકાર કરવાના શોખીન હતા. જંગલમાં શિકાર કરવા નીકળ્યા. સામે દૂર દૂર તીર ચલાવ્યું... ગર્ભવતી હરિણિને લાગ્યું... એ હરિણિ તરફડિયા ખાતી ખાતી મૃત્યુ પામી. હરિણિના પેટમાં ગર્ભ હતો. ધનુષનું બાણ પણ એજ ઠેકાણે લાગતા એ માસુમ બચ્ચાએ ધરતી પર પગ મૂક્યા પહેલા જ વિદાય લઈ લીધી.

શ્રેણિક મહારાજા નજીક આવ્યા. બંનેને મૃત્યુ પામેલા જોઈ રાજીના રેડ થઈ ગયા. નાચવા લાગ્યા. અને બોલ્યા મારા જેવો કોઈ શૂરવીર નથી. 'એક તીર અને બે નિશાન.' પાપ કર્યા પછી પાપની પ્રશંસા કરી.

કર્મરાજા કહે છે હવે તું ય સજા ભોગવ. ત્યાં જ આયુષ્યનો બંધ પડ્યો. નરકનું આયુષ્ય બંધાઈ ગયું. એક દિવસ પ્રભુ વીરના મુખે સાંભળ્યું કે તારે નરકમાં જવાનું છે. નરક ટાળવાના ઉપાય પ્રભુને પૂછ્યાં. પ્રભુએ ફરમાવ્યું કે તે નિકાચિત કર્મ બાંધ્યું છે. ભોગવ્યા વિના છૂટકો નથી.

છતાંય તેમના સંતોષ માટે પ્રભુએ ત્રણ રસ્તા બતાવ્યા.

(૧) પુણિયા શ્રાવકનું સામાયિક લઈ આવે તો...

(૨) કપિલા દાસી મુનિ ભગવંતને સુપાત્રદાન આપે તો...

(૩) કાલસૌકરિક કસાઈ એક દિવસ માટે ૫૦૦ પાડાઓની હત્યા બંધ કરે તો તારી નરક અટકી જાય.

ત્રણેય ઉપાયો અજમાવ્યા. પણ કર્મ પાસે કોઈના બાપનું ય ચાલતું નથી. ભલે એ ભિખારી હોય કે પછી મગધ દેશના સમ્રાટ મહારાજા શ્રેણિક હોય ! નિષ્ફળતા મળી. અને જે ભવિષ્યમાં આવતી ચોવીશીમાં પદ્મનાભ નામના તીર્થંકર થવાના છે. એ અત્યારે નરકની ભયંકર વેદનાઓ સહન કરી રહ્યા છે. માત્ર એક જ ભૂલ. શિકાર કર્યા પછી કરેલી એ પાપની પ્રશંસા !

આપણે પણ દિવસભરમાં અનેક પાપોની પ્રવૃત્તિઓ કરીએ છીએ. એમાંથી જેટલું બચાય તેટલું બચવાનું છે. ભૂલે ચૂકેય એક પણ પાપની પ્રશંસા મારે કરવી નથી. આપણી દૃષ્ટિને માત્ર આ લોક પૂરતી જ સીમીત નથી રાખવાની. આપણે દીર્ઘદૃષ્ટા બનવાનું છે. એક પણ એવી પ્રવૃત્તિ નથી કરવાની જેના કારણે આપણે દુર્ગતિમાં ભટકવું પડે.

ઘણી વખત એવું બને છે કે આપણે પોતે પાપ નથી કરતાં પણ બીજાના પાપની પ્રશંસા કરી કર્મનો બોજો આપણા માથે લઈએ છીએ.

વાહ ! રસોઈ બહુ Testy બનાવી છે. રસોઈ બનાવવાનું કામ આપણે નથી કરતાં છતાંય એની પ્રશંસા કરીને પાપથી ભારે બનીએ છીએ.

પેલા કાકાએ બંગલો બહુ મસ્ત બનાવ્યો છે, પેલાનું Furniture, ગાડી, Badroom, Show-case બહુ મસ્ત છે. પાપ આપણે કર્યું નથી, પ્રશંસા કરી. કર્મ ચોંટી ગયા.

બસ, આજથી જ નક્કી કરો કે ક્યારેય પાપની પ્રશંસા કરશું નહિ.

***'પાપની પ્રશંસા દુઃખ આપે અને સુખ કાપે,***
***પુણ્યની પ્રશંસા સુખ આપે અને દુઃખ કાપે.'***

પ્રશંસા કરવી જ છે તો કોઈના સત્કાર્યની કરો. શાસ્ત્રમાં તો ત્યાં સુધી કહેલું છે કે જે બીજાના સત્કાર્યની પ્રશંસા નથી કરતો તેને અતિચાર લાગે છે. માટે કોઇકના નાનકડા સારા કાર્યની પ્રશંસા કરતા ચૂકવું નહિ.

જેમ કે કોઈ વ્યક્તિએ નાની વયમાં આજીવન બ્રહ્મચર્ય વ્રતના પચ્ચક્ખાણ લીધા. તો એના સત્કાર્યની પ્રશંસા કરો. ભગવાન ! હું પાપી જીવડો. આટલા-આટલા વર્ષો વીતી ગયા પછી ય આ તુચ્છ વિષયસુખોથી અટકતો નથી અને આ યુવાવયમાં આમણે જબરદસ્ત સત્ત્વ ફોરવ્યું છે. ધન્યવાદ છે આવા વ્રતધારીઓને !

આ રીતે એમના ગુણોની પ્રશંસા કરવાથી આપણામાં પણ એ વ્રતપાલન કરવાની તાકાત આવે છે. આપણે પણ સત્ત્વ ફોરવી શકીએ એવું મન મજબૂત થાય છે.

પેલા **બલદેવમુનિ !** ગોચરી વહોરવા નીકળ્યાં ને એમના રૂપ ઉપર મોહિત થયેલી પનિહારીએ પાણી ભરવા રસ્સી ઘડાને બદલે પોતાના બાળકના ગળામાં બાંધી. મુનિએ અટકાવ્યાં. પોતાના રૂપના કારણે અનર્થ થવાનો સંભવ જાણી ત્યાંથી સીધા જંગલમાં જતા રહ્યાં.

સાધનાના પ્રભાવે જંગલના પશુઓ પણ અહિંસક બની ગયા. એમની પાસે સિંહ, વાઘ, હરણ, બિલાડી, ઉંદર બધા સાથે જ બેસતાં છતાં ય કોઈને ભય ન હતો. એક મૃગ મુનિની સેવામાં ઉપસ્થિત રહેતો. જંગલમાં કોઈ મુસાફર આવ્યો હોય તો મુનિને ત્યાં લઈ જતો. મુનિ ત્યાં ભિક્ષા ગ્રહણ કરતાં. આ રીતે પોતાનું સંયમ જીવન પાળી રહ્યાં હતાં.

એક દિવસ કોઈ રથકાર જંગલમાં લાકડા લેવા આવ્યો. મૃગલો ત્યાં લઈ ગયો. એ રથકાર ઝાડની ડાળી કાપતો હતો. મુનિને જોઈ નીચે ઊતર્યો અને મુનિ ભગવંતને આહાર વહોરવા વિનંતિ કરી. મુનિ ભગવંત એમની વિનંતિ સ્વીકારી આહાર વહોરી રહ્યા હતાં. રથકાર મુનિ ભગવંતને વહોરાવી રહ્યો હતો અને બાજુમાં જ પેલું હરણ એ રથકારના સત્કાર્યની મનમાં પ્રશંસા કરી રહ્યું હતું કે ધન્ય છે આ રથકારને ! જે મુનિ ભગવંતને સુપાત્રદાન આપી પોતાના જીવનને સફળ કરી રહ્યો છે.

આમ ત્રણેય શુભભાવમાં હતા ત્યાં અચાનક ઉપરથી અડધી કપાયેલી વૃક્ષની મોટી ડાળી પડી અને ત્રણે ય ત્યાં મૃત્યુ પામ્યા. અને ત્રણેય પાંચમા દેવલોકમાં ગયા.

માટે જ તો કહ્યું છે ને,

**'કરણ કરાવવા અનુમોદન, સરિખા ફલ નીપજાવે.'**

જો તમારામાં તાકાત છે તો જાતે જ સત્કાર્ય કરવું જોઈએ. જેનાથી આપણા

ભાવોની સતત વૃદ્ધિ થાય. જેમ કે માસક્ષમણ કરવાની તાકાત હોય તો જાતે જ માસક્ષમણ કરવું જોઈએ.

પણ એ કરવા માટે શરીર સાથ આપતું નથી. તો જે માસક્ષમણ કરી રહ્યા હોય એને અનુકૂળતા કરી આપવી જોઈએ. એની ઘરમાં જે જવાબદારી હોય એ પોતે સંભાળી લેવી. ઘરના કામમાંથી તેમને તદ્દન મુક્ત કરવા. તેની સેવા કરવી. એમના પરિવારની બધી જવાબદારી પોતે ઉપાડી લેવી. જમવાની, કામ કરવાની, બાળકોને સ્કૂલે મોકલવાની વગેરે બધી જ જવાબદારી ઉપાડી લેવાથી એ વ્યક્તિ નિશ્ચિંતપણે માસક્ષમણનો તપ કરી શકે.

કદાચ એ પણ સમય વગેરેની અનુકૂળતા ન મળવાથી ન થઈ શકે તો બેઠા બેઠા પણ એ તપસ્વીની ખૂબ ખૂબ અનુમોદના કરવી. હું તો સાવ કાયર છું કે તપમાં ઝૂકાવી શકતો નથી. એક-એક મહિના સુધી આહાર ત્યાગ કરનારા આવા તપસ્વીઓને ધન્યવાદ છે. મારા જીવનમાં પણ મને આવા તપો કરવાની શક્તિ મળે.

હમણાં સમેતશિખરજી ચાતુર્માસ દરમિયાન ૧૦ માસ ક્ષમણની તપશ્ચર્યા થઈ રહી હતી. ગુરુદેવના પરમ ભક્ત ગોરેગાંવના **કિરણભાઈને** વિચાર આવ્યો કે મારાથી તપ થઈ શકતો નથી. પણ મારે આવા તપસ્વીઓની અનુમોદના તો કરવી જ છે. અને એમને પોતાના તરફથી દરેક તપસ્વીઓનું સુવર્ણચેન દ્વારા બહુમાન કરવાના ભાવ થયા અને કર્યું.

મલાડના એક ભાઈએ સંપૂર્ણ ચાતુર્માસ દરમિયાન મૌનવ્રત ધારણ કર્યું હતું. જ્યારે એમને સભા સમક્ષ ઉભા કરવામાં આવ્યા ત્યારે આખો હૉલ અનુમોદનાના નાદથી ગુંજી ઊઠ્યો. કારણ એ જ કે અમને ૧ દિવસ પણ બોલ્યા વિના ચાલતું નથી જ્યારે આ વ્યક્તિએ દોઢ માસ સુધી સંપૂર્ણ મૌનવ્રત સ્વીકાર્યું છે. ધન્યછે આવા વ્રતધારી શ્રાવકને...

આ અનુમોદના કરવા માટે એક પણ પૈસાનો ખર્ચ થતો નથી અને લાભ એટલો જ મળતો હોય તો આવા અવસરો ગુમાવવા જેવા નથી. વાણિયો તે જ કહેવાય કે જે આવા અવસરો ક્યારેય ચૂકે નહિ. તો ચાલો આપણે પણ આવા સત્કાર્યોની પ્રશંસા દ્વારા આપણા જીવનને ઉજમાળ બનાવીએ.

***'પુણ્યની અનુમોદના આપણને તળેટીથી શિખરે પહોંચાડે છે,***
***પાપની અનુમોદના આપણને શિખરેથી તળેટીએ પહોંચાડે છે.'***



## આત્માની Medicines = ઔષધિઓ

*આંખ આંસુ સારે ત્યારે પીડા ધોવાય,*

*અંતર આંસુ સારે ત્યારે પાપ ધોવાય.*

(૧) પશ્ચાતાપ

(૨) પ્રાયશ્ચિત

(૩) પ્રત્યાખ્યાન

પીડા આવી નથી કે આંખમાં આંસુ આવ્યા નથી. આંખમાં આંસુ આવે છે ત્યારે અંદરની પીડા આંસુ દ્વારા બહાર નીકળી જાય છે, આજુબાજુવાળા મદદ કરવા દોડી આવે છે. આમ આંખ આંસુ સારે ત્યારે આપણી પીડા ધોવાય છે.

**'પીડાને દૂર કરવાની વૃત્તિ એટલે શ્વાનવૃત્તિ,**
**પાપને દૂર કરવાની વૃત્તિ એટલે સિંહવૃત્તિ.'**

અત્યાર સુધી આપણે જીવનમાં શ્વાનવૃત્તિ જ અપનાવી છે. કુતરાને પથ્થર મારવામાં આવે તો શ્વાન એટલે કે કુતરો પથ્થરને જ કરડે છે. જ્યારે સિંહને પથ્થર કે બાણ મારવામાં આવે ત્યારે સિંહ પથ્થર કે બાણ તરફ નજર ન કરતાં એ પથ્થર કે બાણ જે દિશામાંથી આવ્યું ત્યાં એ વ્યક્તિને ખતમ કરવા દોડે છે. દુઃખને દૂર કરવાની વૃત્તિ એટલે શ્વાનવૃત્તિ. પણ દુઃખ કોણે મોકલ્યું ? આપણે કરેલા પાપોએ. એટલે પાપને દૂર કરવાની વૃત્તિ તે સિંહવૃત્તિ. અને એ પાપોને દૂર કરવા આ ત્રણ ગુણોને અંતરમાં ઉતારવા પડશે. માટે જ તો કહ્યું, અંતર આંસુ સારે ત્યારે પાપ ધોવાય છે.

તો ચાલો એ ત્રણ ગુણોને ઓળખી... અમલ કરી... જીવન સફળ કરીએ.

## ૧. પશ્ચાતાપ

***जो कभी भूल न करे उसे भगवान कहते है ।***
***जो भूल करके भूल जाये उसे नादान कहते है ॥***
***जो भूल करके कुछ सीख ले उसे इन्सान कहते है ।***
***जो भूल करके मुस्कुराये उसे शैतान कहते है ॥***

જે પોતાના જીવનમાં ક્યારે પણ એક પણ ભૂલ ન કરે તે ભગવાન હોય છે કારણ કે એમની પાસે સંપૂર્ણજ્ઞાન છે. વીતરાગ છે. રાગ દ્વેષ પર વિજય પ્રાપ્ત કર્યો છે. સંસારની કોઈ આસક્તિ નથી હોતી. માત્ર સ્વરૂપ રમણતામાં જ મગ્ન હોય છે. આત્મસુખનો આનંદ માણી રહ્યા હોય છે. બાકી આપણા જેવા સંસારી જીવો અજ્ઞાનતાના કારણે ભૂલ કર્યા વિના રહી શકતા નથી.

જે ભૂલ કર્યા પછી ભૂલી જાય છે તે નાદાન એટલે કે નાનો બાળક હોય છે. નાનો બાળક જેની સાથે સવારે ઝઘડ્યો હશે સાંજે એની સાથે જ રમતો જોવા મળશે. આપણને નવાઈ લાગે કે સવારે જે હિંદુસ્તાન અને પાકિસ્તાનની જેમ એકબીજા સાથે લડી રહ્યા હતા તેઓ સાંજે એકબીજા સાથે બેસીને જમે, રમે, નાચે છે. કારણ કે એ નાદાન છે. ભૂલ કર્યા પછી એ ભૂલી જાય છે.

જે ભૂલ કર્યા પછી એ ભૂલમાંથી કંઈક શીખી લે છે, બોધપાઠ મેળવે છે, સત્યજ્ઞાન પ્રાપ્ત કરે છે તે ઈન્સાન છે. માણસ છે. કારણ કે માણસ પાસે સમજણ છે.

એ સાચું શું છે અને ખોટું શું છે ? હિતકારી શું છે અને નુકસાનકારી શું છે ? એ બધો જ વિચાર કરી શકે છે.

ઘેટાંનું ટોળું જતું હોય તેમાં પહેલું ઘેટું જેમ ચાલે તેમ એની પાછળ બધાં ઘેટાંઓ ચાલે. એ સાચા રસ્તા ચાલે તો બધા એની પાછળ સાચા રસ્તે જ ચાલે. એ ખોટા રસ્તે ચાલે તો બધા એની પાછળ ખોટા રસ્તે જ ચાલે અને એ ખાડામાં પડે તો બધા એની પાછળ ખાડામાં પડે છે. જ્યારે માણસ પાસે સમજણ છે. આગળવાળો ખાડામાં પડે તો એ વધુ સાચવીને ચાલે છે.

એનો પગ કેળાંની છાલ ઉપર આવે... લપસી પડે... હાડકાં ભાંગે... તો એ ભૂલેચૂકેય બીજીવાર કેળાંની છાલ ઉપર પગ ન મૂકે.

એકવાર ગરમાગરમ દૂધ પીવા ગયો અને દાઝ્યો તો બીજીવાર એ છાશ હશે તો ય ફૂંક મારીને પીશે.

એકવાર નાનકડી ભૂલના કારણે પરીક્ષામાં fail થયો તો બીજીવાર એ સજાગ બની જશે.

ધંધામાં ખોટ આવી, તો બીજીવાર નુકસાન ન થાય એના માટે શક્ય પ્રયત્નો કરશે.

એકવાર તાળું લગાવી બહાર ગયો ને ચાવી ખોવાઈ ગઈ તો બીજીવાર ચાવી કિચેનમાં જોડી, પહેરેલા પેન્ટ પર લટકાવી દેશે.

એકવાર રસોઈમાં મીઠું ડબલ પડી ગયું તો બીજીવાર એ પહેલા ચાખશે પછી મીઠું નાખશે.

એકવાર રોટલી બળી ગઈ તો બીજીવાર સંભાળીને રસોઈ કરશે.

એકવાર કાચનો ગ્લાસ હાથમાંથી ફૂટી ગયો... કાચનું ઝુમ્મર સાફ કરતાં કરતાં ફૂટી ગયું... કાચના કપ-રકાબી હાથમાંથી છટકી ગયા... તો બીજીવાર બધુ કાર્ય સંભાળી સંભાળીને કરશે.

કારણ કે એનાથી થતા નુકસાનોની જાણકારી એની પાસે છે. માનવ પાસે બુદ્ધિ છે. સમજણ છે. વિચાર કરવાની શક્તિ છે. માટે જ તો એકવાર ભૂલ કર્યા પછી એ એની એ જ ભૂલ વારંવાર કરતો નથી. જો એની એ જ ભૂલ માનવ કરતો રહે તો માનવ અને પશુમાં શું ફરક રહેશે ?

***'ભૂલ થઈ જવી સહજ છે, એ ભૂલને સુધારવી એ આપણી ફરજ છે,***
***જે એ ફરજ માટે નાસમજ છે, એના માથે સદા કર્મરાજનું કરજ છે.'***

'માણસ માત્ર ભૂલ ને પાત્ર' ભૂલ થઈ. કંઈ વાંધો નહિ. ભૂલ કર્યા પહેલા ધ્યાન રાખવાની જરૂર હતી. ત્યાંથી આપણે ચૂકી ગયા તો હવે સજાગ બનવાનું છે

કે આ ભૂલ મારાથી ફરીથી મારા જીવનમાં ક્યારેય ન થવી જોઈએ.

એકવાર માથે કરજો ચઢી જાય પછી જો આપણે એના પ્રત્યે બેપરવાહ બની જઈએ તો એ કરજ વધતું જ જાય છે અને માનવી સદાય માટે એ કરજ નીચે દબાયેલો જ રહે છે. માત્ર એકવાર નાનકડી ભૂલ કરી તો એનું પરિણામ એને આખી જિંદગી ભોગવવું પડે છે. આપણે તો આ માનવભવમાં કેટકેટલી મોટી ભૂલો કરી રહ્યાં છીએ તો એનું પરિણામ શું આવશે... ?

કપડામાં પડેલું નાનું કાણું જો સાંધી લેવામાં આવે તો અનેક નવા કાણાંઓ થતાં અટકી જશે, પરંતુ જો એની ઉપેક્ષા કરશું તો ફાટેલા કપડાં પહેર્યાં વિના છૂટકો નથી તેમ જીવનરૂપી કપડામાં પડેલું પાપરૂપી નાનું કાણું જો પશ્ચાતાપ દ્વારા સાંધી લેવામાં આવે તો અનેક નવા પાપો થતાં અટકશે. પરંતુ જો એની ઉપેક્ષા કરશું તો દુઃખને ભોગવ્યા વિના છૂટકો નથી.

**Prevention is better than cure.**

રોગ થયા પછી એનો ઉપચાર કરવા કરતાં રોગ જ પેદા ન થાય એની કાળજી રાખવી શ્રેષ્ઠ છે. તેમ પાપ થયા પછી એનો પસ્તાવો કરવા કરતાં પાપ જ ન થાય એની કાળજી રાખવી શ્રેષ્ઠ છે.

દરેક જન્મમાં આપણને શરીર મળ્યું, ઇંદ્રિયો મળી, ઇંદ્રિયોના વિષયો મળ્યાં. આ ઇંદ્રિયોના વિષયોમાં રાગ, આસક્તિ કરવી કે નહિ એ આપણા હાથમાં હતું. છતાં ય આપણે દરેક ભવોમાં ઇંદ્રિયોના વિષયોમાં આસક્તિ કરી પાપોના પહાડો જમા કર્યાં અને આપણા ભવના ચક્કરો વધારતા જ રહ્યાં.

આ ભવમાં હવે એને એ જ ભૂલ ફરીથી નથી કરવી. એકના એક ખાડામાં બીજીવાર નથી પડવું. એ પાપોથી બચવાનો, પાપોને ખતમ કરવાનો સરળ ઉપાય એટલે પાપોનો પશ્ચાતાપ.

જે પાપો આપણા દ્વારા થઈ ગયા છે એ પાપોનો પસ્તાવો.

**Something is better than nothing**

કશું જ ન કરો તેના કરતાં કંઈક કરો તે સારું છે. માટે રોજ રાત્રે (ઓછામાં ઓછી) ૧૦-૧૫ મિનિટ દિવસભરમાં જે જે પાપો થઈ ગયા છે એને વારંવાર યાદ કરી માફી માંગવી. હે પરમાત્મા ! સવારથી ઊઠું છું ત્યારથી શરૂ કરી રાત્રે સૂતા સુધીમાં પ્રાયઃ બધી પ્રવૃત્તિઓ પાપની જ કરું છું.

કાચું મીઠું વાપરું તે પૃથ્વીકાયની વિરાધના ! ઊઠીને જ મોઢું ધોવું, બ્રશ કરું, સ્નાન કરું, તે અપકાયના જીવોની વિરાધના ! રસોઈ કરું, લાઈટ કરું, mobile, computer, t.v. વગેરેમાં તેઉકાયની વિરાધના ! A.C., **પંખો,** Cooler, ફૂંક મારું તે વાઉકાયના જીવોની વિરાધના. ફળ, ફ્રુટ, શાકભાજી, પુષ્પો, ઘાસ પર ચાલું તે

વનસ્પતિ કાયની વિરાધના ! પગ નીચે કીડી-મંકોડા આવે, વાંદા ન આવે માટે દવા છાંટું, ઉંદર માટે પાંજરા, good night ચાલુ ને મચ્છરો મરે. આમ ત્રસકાયના જીવોની વિરાધના.

પ્રભુ ! આખો દિવસ આ જ પાપો ચાલુ હોય છે. મારા એક જીવને માટે આટલા બધા જીવોનો કચ્ચરઘાણ નીકળી જાય છે. આ મારા પાપો કયા ભવમાં છૂટશે ? **પ્રભુ મને માફ કરો. મારી ભૂલોને સાફ કરો.** આમ દરરોજ ખરા હૃદયના ભાવથી પાપનો પશ્ચાતાપ થવો જોઈએ. પાપનો પસ્તાવો આપણા ઘણા બધા પાપોને ત્યાં જ નષ્ટ કરી નાંખે છે.

યાદ છે પેલા **અર્ણિકાપુત્રાચાર્ય** ! પુષ્પચૂલા કેવલીના મુખથી સાંભળ્યું કે ગંગા નદી પાર ઊતરતા તેઓને કેવળ જ્ઞાનની પ્રાપ્તિ થશે. ઉંમર થઈ ગઈ હતી. શરીરમાં ચાલવાની તાકાત નથી છતાંય કેવલજ્ઞાનની વાત સાંભળી શરીરની બધી શક્તિ ભેગી કરી ગંગા નદીને કિનારે તેઓ પહોંચ્યા. નાવમાં બેઠા અને આગળ વધી રહ્યા છે. નાવ આગળ વધી, જે બાજુ અર્ણિકાપુત્રાચાર્ય બેઠા હતાં એ ભાગ નમવા લાગ્યો. નાવમાં બેઠેલા લોકોએ વિચાર્યું આ આચાર્ય પોતે તો ડૂબશે અને સાથે અમને પણ ડૂબાડશે. પોતાનો જીવ બચાવવા બધાએ ભેગા મળીને આચાર્યને નાવમાંથી ઉપાડી નદીમાં ફેંક્યા.

એ જ સમયે પૂર્વભવની અણમાનીતી રાણી જે અત્યારે દેવી બની હતી એણે પોતાનો બદલો વાળવા ત્રિશૂલ સીધું આચાર્ય ભગવંતના પેટમાં ભોંક્યું. આચાર્ય ભગવંત ત્રિશૂલ ઉપર લટકી રહ્યા છે ને પેટમાંથી લોહીની ધારા વહેવા માંડી. એ લોહીની ધારા નદીના પાણીમાં પડે છે ત્યારે આચાર્ય ભગવંતની આંખમાં આંસુ આવે છે.

ત્રિશૂલ ભોંકાયું અને વેદના થાય છે એના આંસુ નથી. પણ એ લોહીની ધારા નદીના પાણીમાં પડવાના કારણે અપ્‌કાયના જીવોને જે કિલામણા-વેદના થાય છે એના કારણે આંસુ આવે છે. વિચારધારામાં આગળ વધે છે. ધિક્કાર છે મારી જાતને કે મરતા મરતા પણ આ બધા અપ્‌કાયના જીવોની હિંસા કરું છું. આમ પાપોનો પશ્ચાતાપ કરતાં કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે અને મોક્ષમાં પધારે છે. આ તાકાત છે પાપોના પશ્ચાતાપની.

**'મરતા મરતા પણ બીજા જીવોનો વિચાર કરનાર આચાર્યશ્રીને ધન્યવાદ છે. જીવતા જીવતા પણ બીજા જીવોનો વિચાર ન કરનાર આપણને ધિક્કાર છે.'**

પોતાના દુઃખો ઉપર રડનારા તો ઘણા હોય છે. પણ પોતાના પાપો ઉપર રડનારા તો કોઈક વિરલા જ હોય છે. મરતા મરતા પણ જો આચાર્યશ્રી બીજા

જીવોનો વિચાર કરી શકતા હોય તો જીવતે જીવતા આપણે બીજા જીવોનો વિચાર ન કરી શકીએ ?

માત્ર એક જ આ પાપના પશ્ચાતાપ દ્વારા આચાર્યશ્રીએ એમના આત્માનું કલ્યાણ કર્યું તો આપણું ન થઈ શકે ?

જરૂર છે આપણા જીવનમાં પણ આવો પાપનો પશ્ચાતાપ કરવાની. જે કાચી સેકન્ડમાં જ અનેક ભવોમાં ઉપાર્જન કરેલા કર્મોનો ભુક્કો બોલાવી દે છે. માત્ર ૨૪ કલાકમાંથી ૨૪ મિનિટ આપણે આના માટે નીકાળવાની છે. આંખો બંધ કરીને દિવસભરના બધા પાપોને યાદ કરી કરીને માફી માંગવાની છે.

હૃદયના સાચા ભાવપૂર્વક કરેલો પાપનો પસ્તાવો સંસારના કાદવ કીચડમાં ફસાયેલા એવા આપણને સ્નાન કરાવી શુદ્ધ બનાવશે, નિર્મળ બનાવશે.

હા ! એક વાત યાદ રાખજો.

***'પાપોનો પસ્તાવો આપણા પાપોને સાફ કરે છે,***
***પુણ્યનો પસ્તાવો આપણા પુણ્યને સાફ કરે છે.'***

પસ્તાવો હંમેશા પાપોનો હોય. પુણ્યોનો નહિ. ઘણીવાર એવા કેટલાય વ્યક્તિઓને જોયા છે જે સત્કાર્ય કર્યા પછી એનો પસ્તાવો કરતા હોય છે.

જેમ કે, મેં ચડાવો ખોટો ઉતાવળ કરી લઈ લીધો. જો રાહ જોઈ હોત, શાંતિથી બોલ્યો હોત તો સસ્તામાં મળી જાત. કે સિદ્ધચક્રના પૂજનમાં ખોટો અડધો કલાક બેઠો. ૧૦ મિનિટમાં ઊભો થઈ ગયો હોત તો જીવદયામાં મારે પૈસા લખાવવા ન પડત. ભૂલ થઈ ગઈ !

હું ખોટો પૂજા કરવા લાઈનમાં ઊભો રહ્યો. મૂળનાયકને બદલે આજુબાજુમાં પૂજા કરી આવી ગયો હોત તો ભોજનશાળામાં સમયસર પહોંચી જાત. મૂળનાયક ભગવાનની પૂજા કરવા રોકાયો ને જમવાનું ખોયું.

ખોટો ઉપાશ્રયે ગુરુ મહારાજને વંદન કરવા ગયો. વંદન કરવા ગયો એટલે ગુરુ મહારાજે રાત્રિ ભોજન ત્યાગની, ટીવી ન જોવાની બાધા આપી દીધી. ફસાઈ ગયો !

ખોટો હું જમણવારમાં પીરસવા રહ્યો. જો સમયસર બેસી ગયો હોત તો મિઠાઈ ખૂટી ન જાત. પેટ ભરીને વાપરત !

ખોટો પીરસવા રોકાયો !

આજે આયંબિલ, ઉપવાસ કર્યો માટે માથું દુઃખવા આવી ગયું, અશક્તિ આવી ગઈ. ખોટું આયંબિલ કર્યું !

આવી અનેક બાબતો આપણે વિચારવી જોઈએ. સત્કાર્ય કર્યા પછી પસ્તાવો

શા માટે ? સત્કાર્યની તો પ્રશંસા કરવાની હોય. પસ્તાવો નહિ.

યાદ છે પેલો **મમ્મણ શેઠ** ! પૂર્વભવમાં સરસ મજાનો કેસરિયો મોદક પ્રભાવનામાં મળ્યો હતો. ગુરુ મહારાજ ગોચરી વહોરવા પધાર્યા. ઉછળતા ભાવથી મોદક વહોરાવ્યો. પાડોશીએ પૂછ્યું મોદક ખાધો ? ત્યારે મમ્મણે કહ્યું ના મેં તો ગુરુ મ.સા.ને વહોરાવી દીધો. તુંય મુરખનો સરદાર છે. આટલો સરસ સિંહ કેસરિયા મોદક તે ચાખ્યો પણ નહિ ? ૨-૩ દાણા પડ્યાં હતાં તે ચાખ્યાં... દાઢમાં વળગ્યાં...

દોડ્યો ગુરુ મહારાજની પાછળ. હાય મારો લાડવો ! ગુરુ મહારાજ મને મારો મોદક પાછો આપો. મેં ભૂલથી આપને વહોરાવી દીધો છે. ગુરુ કહે એકવાર વહોર્યા પછી અમે પાછો ન આપી શકીએ. મમ્મણે જીદ પકડી. ગુરુ મહારાજ સમયના જાણકાર હતા. ખબર પડી કે આ મમ્મણનો જીવ લાડુ લીધા વિના પાછો જાય તેમ નથી તો તરત જ પાત્રું બહાર કાઢી ધૂળમાં ઊંધું કરી મોદક ધૂળમાં ભેળવી દીધો.

પેલો મમ્મણનો જીવ રાડો પાડતો રહી ગયો. હાય મારો લાડવો... ! હાય મારો લાડવો... ! પોતે તો ન ખાધો ને ગુરુ મહારાજને પણ વાપરવા ન દીધો. આપેલા સુપાત્ર દાનનો પશ્ચાતાપ કર્યો. મરીને એ મમ્મણના ભવમાં આવે છે.

સંપત્તિ સુપાત્ર દાનના પ્રભાવે અઢળક મળી છે પણ ભોગવી શકતો નથી. કારણ કે મોદક પૂર્વભવમાં મુનિને વાપરવા ન્હોતો દીધો. અફાટ સંપત્તિ છે છતાં ભોજનમાં માત્ર તૈલ અને ચોળા ખાય છે. શાકભાજી, ફળ, ફ્રુટ ખાય તો સંપત્તિ ખૂટી જાય. એકના એક કપડાં વર્ષો સુધી પહેરે છે. એના ઘરે બે બળદ હતા ને એમાંથી એક બળદ સંપૂર્ણ અને બીજો બળદના માત્ર શિંગડા સિવાય સંપૂર્ણ રત્નોથી શણગારેલો હતો.

એ શિંગડાને રત્નોથી પૂરવા કડકડતી શિયાળાની ઠંડીમાં નદીમાં જઈને લાકડા ભેગા કરી વેચવાનું મજૂર જેવું કામ કરતો. આ રીતે ધનની કારમી લાલસાના કારણે મરીને ૭મી નરકમાં ગયો. આટલી બધી સંપત્તિઓ છતાંય ભોગવ્યા વિના જ ૭મી નરકે પહોંચી ગયો. પતનનું કારણ એક જ છે કે સુકૃત કર્યા પછી કરેલો સુકૃતનો પશ્ચાતાપ.

આપણા જીવનમાં પણ આવી ભૂલ ક્યારેય ન થઈ જાય એનો ખ્યાલ રાખજો. આપણા પાપોની સામે આપણે કરેલા સુકૃતોની સંખ્યા નહિવત્ હોય છે અને એનેય આપણે પશ્ચાતાપ દ્વારા ખતમ કરી નાંખીશું તો આપણી પાસે બચશે શું ?

માટે જીવનને સફળ બનાવવા, દુર્ગતિમાંથી બચવા, સંસારનું ભ્રમણ અટકાવવા, આત્માની શુદ્ધિ કરવા બે કામ આજથી શરૂ કરવાના છે.

*જીવનમાં કરેલા પાપોનો પશ્ચાતાપ,*
*જીવનમાં કરેલા સુકૃતોની પ્રશંસા.*

*'પાપોનો પશ્ચાતાપ પાપ ખપાવે પ્રભુ અપાવે,*
*પુણ્યોનો પશ્ચાતાપ પુણ્ય ખપાવે પીડા અપાવે.'*

## ૨. પ્રાયશ્ચિત

***'લોખંડ ભારે છે માટે સાગરમાં ડૂબે છે,***
***લાકડું હલકું છે માટે સાગરમાં તરે છે.***
***પાપોથી ભારે થયેલો સંસારમાં ડૂબે છે,***
***પ્રાયશ્ચિતથી હલકો થયેલો સંસારમાંથી તરે છે.***

પ્રાયશ્ચિત એટલે જીવનમાં થઈ ગયેલી ભૂલોને ગીતાર્થ ગુરુ ભગવંત સમક્ષ પ્રગટ કરવી અને એના બદલામાં ગુરુ ભગવંત જે આરાધનાઓ કરવા માટે કહે તે પૂરી કરી આપવી. આપણે ત્યાં 'ભવ આલોચના' નામનો શબ્દ ઘણો પ્રખ્યાત છે. આખા ભવ દરમિયાન જે જે પાપો થઈ ગયા હોય એને યાદ કરીને ગુરુ ભગવંત સમક્ષ પ્રગટ કરવા.

છ કાય જીવના રક્ષક, અષ્ટ પ્રવચન માતાના પાલક, પંચ મહાવ્રતધારી શ્રમણ-શ્રમણી ભગવંતો ! જે ઉચ્ચ પ્રકારના આચારોનું પાલન કરે છે અને આવું સરસ મજાનું સંયમ જીવન જીવતાં જે કોઈ સ્ખલના, ભૂલ થઈ ગઈ હોય એની દર વર્ષે ગીતાર્થ ગુરુદેવ પાસે આલોચના લેતા હોય છે.

આવું ઉત્તમ જીવન જીવનારાઓ પણ નાના-નાના દોષોની આલોચના લેતા હોય તો આપણે તો સંસારના કાદવ-કીચડમાં ફસાયેલા છીએ તો આપણે આલોચના લઈ શુદ્ધ ન બનવું જોઈએ ?

યાદ કરો પેલા **અઈમુત્તા મુનિને** ! ગૌતમ સ્વામી ઘરે ગોચરી વહોરવા પધાર્યા હતા એમને કહે મારે પણ તમારા જેવા બનવું છે. માતા-પિતાની આજ્ઞા મેળવી દીક્ષા લીધી. એક દિવસની વાત છે. તેઓ નિહાર માટે બહાર ગયા હતા. રસ્તામાં નાની ઉંમરના બાળકો નાનકડી તલાવડીમાં કાગળની હોડીઓ બનાવી તરાવી રહ્યા હતા.

નાનકડા મુનિને બાલસહજ સ્વભાવથી રમવાનું મન થયું અને પોતાની તરપણી પાણીમાં તરાવવા રાખી. તરપણી પાણીમાં તરવા લાગી. બધા બાળકો ખુશ થઈ ગયા. ત્યાં જ વડીલ ગુરુ ભગવંતની નજર પડી. ઉપાશ્રયે આવ્યા. પ્રભુ મહાવીરને વાત કરી.

પ્રભુ વીરે બાલમુનિને કહ્યું કે આપણે દીક્ષા લીધી છે. આપણાથી કાચા પાણીને અડાય નહિ. તરપણીને કાચા પાણીમાં તરાવવાથી કાચા પાણીમાં રહેલા અપ્‌કાયના જીવોની વિરાધના થાય છે. આપના દ્વારા આજે આ વિરાધના થઈ છે માટે પ્રાયશ્ચિત રૂપે 'ઇરિયાવહિયં' કરો. બાલમુનિ તરત જ મનમાં પસ્તાવો કરવા સાથે ગુરુએ પ્રાયશ્ચિત આપેલ ઈરિયાવહિયંની ક્રિયા કરવા લાગ્યા. ઈરિયાવહિયં કરતા કરતા મનમાં અપ્‌કાયના જીવોની ક્ષમા માંગવા લાગ્યા.

હે અપ્‌કાયના જીવો ! મારા દ્વારા આપની વિરાધના થઈ. મને માફ કરો. આમ પ્રાયશ્ચિત કરતાં કરતાં મુનિ ભગવંતને ત્યાં જ કેવળજ્ઞાન પ્રગટ થયું. આ તાકાત છે પ્રાયશ્ચિતની.

***'પાપોનું પ્રાયશ્ચિત સંસારરૂપી જેલની સમાપ્તિ કરાવે,***
***પાપોનું પ્રાયશ્ચિત મોક્ષરૂપી મહેલની પ્રાપ્તિ કરાવે.'***

માત્ર એક નાનકડી પાપની ક્રિયા કરી અને ગુરુએ આપેલ પ્રાયશ્ચિતને ભાવપૂર્વક કરતાં કરતાં આત્માનું કલ્યાણ સાધી લીધું. આ રીતે આપણે પણ આત્માનું કલ્યાણ કરવા ઈચ્છતા હોઈએ તો પ્રાયશ્ચિત સ્વીકારવું જ પડશે. જે જે પાપો આપણા જીવનમાં થાય એની નોંધ એક **નોટબૂક**માં કરો અને અવસરે અવસરે ગીતાર્થ ગુરુ ભગવંત પાસેથી પ્રાયશ્ચિત લઈ આત્માને હળવો બનાવો.

જેમ જેમ આપણા પાપો વધતા જાય છે તેમ તેમ પ્રાયશ્ચિત પણ મોટું મોટું થતું જાય છે. માટે જેને મોક્ષની ઝંખના હોય, જલદીથી પાપમાંથી મુક્ત થવું હોય એમણે પાપો ઓછા કરવા પડશે. અને કરેલા પાપોનું પ્રાયશ્ચિત કરવું પડશે. એકબાજુ પ્રાયશ્ચિત કરતાં જાવ અને બીજી બાજુ માપ વિનાના પાપ પણ કરતાં જાવ તો એ ચક્કરમાંથી ક્યારે છુટશો ?

એક વ્યક્તિ રોજના ૧૦૦ રૂપિયા કમાય છે અને ૨૦૦ રૂપિયા ખર્ચો કરે છે તો આ વ્યક્તિ દેવામાંથી ક્યારે મુક્ત થશે ?

કોઈ વ્યક્તિ ઈષ્ટ સ્થાને પહોંચવા માટે ૪ કદમ આગળ વધે છે ને ૫ કદમ પાછળ આવે છે તો એ વ્યક્તિ ક્યારે ઈષ્ટ સ્થાને પહોંચશે ?

ક્યારેય નહિ. કારણ કે લાભ કરતાં નુકસાન વધુ થાય એ પ્રયત્નો વધુ છે. અત્યાર સુધી આપણે પણ સંસારમાં રહી આવા જ ઊંધા ધંધા કર્યા છે જેના કારણે આપણે આ સંસારના ભૂલભૂલામણીવાળા રસ્તામાંથી બહાર નીકળી શક્યા નથી પણ હવે સાચું શું છે એ સમજાઈ ગયું છે.

**'જાગ્યા ત્યારથી સવાર'** એ કહેવતને આપણે આપણા જીવનમાં ઉતારી આજથી જ પાપોની આલોચના કરી સદ્‌ગુરુ ભગવંત પાસેથી પ્રાયશ્ચિત સ્વીકારી આપણે જલ્દી શુદ્ધ બની જવું છે. આ એક સરળ રસ્તો છે જે થોડા જ સમયમાં

આપણને શાશ્વત સ્થાને પહોંચાડી દે છે.

પ્રાયશ્ચિત લેતા દરેક પાપોને યાદ કરી બધા જ પાપોની આલોચના લેવાની હોય છે. ઘણી વખત એવું થાય છે કે જે મોટા મોટા પાપો થયા હોય આપણે એની આલોચના લઈએ. પણ નાનકડા પાપોને યાદ પણ ન કરીએ.

ઘણા વ્યક્તિ મ.સા. પાસે આવે કે મ.સા. ગાડી, સ્કૂટર ચલાવતા પૈડા નીચે કૂતરો, બિલાડો, ઉંદર, પક્ષી આવીને મરી ગયું. ગુરુદેવ પ્રાયશ્ચિત આપો. સારી વાત છે કે તમને પ્રાયશ્ચિત લેવાનું મન થાય છે. પણ આટલાથી જ સંતોષ માનવાનો નથી. પણ જીવનમાં થયેલા દરેક પાપોની આલોચના લેવાની છે. પાપો યાદ ન આવે તો યાદ કરવાનો પ્રયત્ન કરવાનો, નોંધપોથી રાખવાની અને શુદ્ધ થઈ જવાનું છે.

પ્રાયશ્ચિત સરલભાવથી લેવાનું છે. એમાં માયા, કપટ, ઠગાઈ કરવાની નથી. કારણ કે પ્રાયશ્ચિત એ આપણે પોતાના માટે કરવાનું છે. કોઈને બતાડવાનું છે જ નહિ. તો પછી એમાં માયા શા માટે ?

ઘણી વખત માણસને વિચાર આવે કે મારા મનમાં તો કેટલાય ગંદા પાપો ચાલે છે. ગુરુદેવ મને ધર્મિષ્ઠ તરીકે માને છે. જો હું આવા ગંદા વિચાર ગુરુદેવ સમક્ષ પ્રગટ કરીશ તો મારી છાપ, મારી નામના, મારો યશ, મારી કીર્તિ ધૂળમાં ભળી જશે.

સાવધાન ! આવા કોઈપણ પ્રકારના વિચારો કર્યા વિના, છુપાવ્યા વિના ગુરુદેવ સમક્ષ સરળતાથી પાપનો એકરાર કરવો.

પગમાં ઘૂસી ગયેલો કાંટો જો કાઢવામાં ન આવે તો આગળ જઈને પગ કપાવવાની નોબત આવે છે.

આંખમાં ગયેલો કચરો જો કાઢવામાં ન આવે તો આગળ જઈને આંખ ગુમાવવાનો અવસર આવે છે.

નાનકડો કાંટો પણ આટલું ભયંકર નુકસાન કરી શકતો હોય તો નાનકડા પાપની તો વાત જ શી કરવી ? નાનકડું પાપ પણ સાપ કરતાં ય ભારી પડી શકતું હોય તો મોટા પાપો... ?

માટે બધા જ પાપને જડમૂળથી ઉખેડી નાખવા માટે સરળતાથી પ્રાયશ્ચિત સ્વીકારવું પડશે. જો વૃક્ષને જડમૂળથી ઉખેડવામાં ન આવે તો વરસાદ પડતાં જ, સૂર્યપ્રકાશ, ખાતર વગેરે યોગ્ય સામગ્રી મળતાં જ પાછું ત્યાં એવું ને એવું જ ઘટાદાર વૃક્ષ ઊભું થઈ જાય છે.

પણ જો એને જડમૂળથી ઉખેડી નાંખો તો ફરી ક્યારેય નહિ ઊગે. બસ એ જ રીતે આ પાપોને આ માનવભવમાં જડમૂળથી ઉખેડી નાંખવા છે અને એના માટે પ્રાયશ્ચિત એ જ સર્વશ્રેષ્ઠ ઉપાય છે.

જેમ ડૉક્ટર પાસે જઈએ છીએ ત્યારે આપણા રોગોની ફરિયાદ કઈ રીતે કરીએ ? જ્યાં જ્યાં દુઃખાવો થતો હોય, જ્યાં જ્યાં તકલીફ થતી હોય એ બધાનું

સરસ રીતે વર્ણન કરીએ છીએ. જેથી ડૉક્ટર રોગનો યોગ્ય નિર્ણય લઈ યોગ્ય દવા આપી શકે. અને એ દવાના સેવન દ્વારા આપણે આપણા રોગને નાબૂદ કરી શકીએ.

બસ આ જ રીતે આપણે આપણા પાપરૂપી રોગની ગુરુદેવરૂપી ડૉક્ટર પાસે ફરિયાદ કરવાની છે. તો એમાં ક્યાંય છુપાવવા જેવી વાત નથી. જે હોય તે સરળતાથી ગુરુદેવને કહી દેવાનું છે. જો પ્રાયશ્ચિત લેતા પણ માયા કરવામાં આવે તો એનું પરિણામ શું આવે એ જાણવું છે તો વાંચો આ દૃષ્ટાંત.

**રુક્મિણી રાજકુમારી.** રૂપ અને શીલ ગુણથી અલંકૃત હતી. યોગ્ય ઉંમર થતાં લગ્ન લેવાયા. પૂર્વ કર્મના કારણે એનો પતિ તરત જ મૃત્યુ પામ્યો. રુક્મિણી પણ એની ચિત્તામાં બળી મરવા તૈયાર થઈ ત્યારે એના પિતાજી એને રોકે છે કારણ કે તેઓ જિનધર્મને પામેલા હતા.

રુક્મિણી કહે છે પિતાજી ! આ યુવાવયમાં મારાથી બ્રહ્મચર્યનું પાલન સંકટમાં છે. સતી સ્ત્રી ક્યારેય જીવનમાં બીજા પતિને ન સ્વીકારે. શું કરું ? ત્યારે પિતાજી એને પોતાના રાજમહેલમાં લઈ ગયા અને કહ્યું તારે અહીં જ રહી દિવસો ધર્મઆરાધનામાં પસાર કરવાના છે. રુક્મિણી પણ ધર્મધ્યાનમાં દિવસો પસાર કરી રહી હતી.

થોડોક સમય થતાં રાજા મૃત્યુ પામે છે. એની અંતિમ ક્રિયાઓ પૂર્ણ કરી રાજાને એકપણ પુત્ર ન હોવાથી અને રુક્મિણી બ્રહ્મચારી હોવાથી મંત્રીઓ એને જ રાજા તરીકે ઘોષિત કરે છે. રુક્મિણી પણ રાજ્યનું સંચાલન સારી રીતે કરી રહી હતી.

એક દિવસની વાત છે. રુક્મિણી રાજદરબારમાં બેઠી હતી અને એની નજર શીલસન્નાહ નામના યુવાન નવામંત્રી ઉપર પડી. વિકારભરી દૃષ્ટિથી જોયું. શીલસન્નાહ પણ બ્રહ્મચારી હતાં. એમને ખ્યાલ આવી ગયો કે રાજકુંવરીએ ખરાબદૃષ્ટિથી મને જોયો છે. મારું શીલ સંકટમાં છે. એમ વિચારી તરત જ એ ગામને છોડીને ચાલ્યો ગયો.

બીજા રાજ્યમાં જાય છે ત્યાં શત્રુનું આક્રમણ થતાં રાજાને મદદ કરી યુદ્ધમાં વિજય પ્રાપ્ત કર્યો અને એ જ વખતે એના ઉપર દેવોએ પુષ્પવૃષ્ટિ કરી. સંસારથી વિરક્ત થઈ ત્યાં જ દીક્ષા લીધી અને અવધિજ્ઞાન પ્રાપ્ત કર્યું.

રુક્મિણીએ પણ પાછળથી દીક્ષા લીધી. પોતાની સાધના કરી. અણસણ કરવા માંગતી હતી. ગુરુદેવ પાસે અનશનની આજ્ઞા માંગી ત્યારે આ શીલસન્નાહ ગુરુ તરીકે બિરાજમાન હતા. રુક્મિણીએ તેમને ન ઓળખ્યા પણ ગુરુદેવ તેને ઓળખી ગયા.

ગુરુદેવે કહ્યું, આપણે ત્યાં શાસ્ત્રમાં વિધાન છે કે આલોચના થઈ શુદ્ધ થઈ પછી અણસણ સ્વીકારવું જોઈએ. અને રુક્મિણી સાધ્વીએ આલોચના લીધી. ગુરુદેવે

કહ્યું હજુ કોઈ પાપ બાકી રહી જતું હોય તો આલોચના કરી શુદ્ધ થઈ જાવ.

રુક્મિણી સાધ્વી કહે છે કે ગુરુદેવ બધા પાપોની આલોચના લઈ લીધી છે ત્યારે ગુરુદેવે પેલા રાજસભામાં આંખ દ્વારા થયેલા પાપને યાદ કરાવ્યું ત્યારે રુક્મિણીએ વિચાર્યું જો હું સાચું કહીશ તો મારી બ્રહ્મચારી નામની પ્રતિષ્ઠા પર કલંક લાગશે, ધૂળમાં ભળી જશે.

આમ વિચારી તેણે પ્રત્યુત્તર આપ્યો કે ગુરુદેવ એ વખતે તો મેં એ યુવાનની પરીક્ષા કરવા માટે આમ કર્યું હતું. માત્ર માયા કરી એક નાનકડું પાપ છુપાવ્યું પરિણામ શાસ્ત્રકાર ભગવંતો કહે છે કે રુક્મિણીનો એક લાખ ભવ સંસાર વધી ગયો.

માટે જ તો કહું છું ક્યારેય આવું ગાંડપણ આપણા જીવનમાં નહિ કરતાં. નહિ તો પરિણામ માઠું, ભુંડું આવ્યા વિના નહિ રહે. માટે માયા વિના સરળતાથી ગીતાર્થ ગુરુ ભગવંત પાસે જીવનની કાળી કિતાબ ખુલ્લી કરી આત્માને સાફ કરી દેજો. એમાં શરમ શા માટે રાખવાની.

શરમ તો પાપ કરતી વખતે આવવી જોઈએ કે જૈનકુળમાં ઉત્તમ પરિવારને ત્યાં જન્મ પામી મોઢેથી બોલી ન શકાય એવા ગંદા પાપો કર્યા છે. એ પાપો બંધાઈ ગયા છે. એટલે એનું ફળ તો ભોગવવું જ પડશે. જો ગુરુદેવ પાસે આલોચના લઈ લેશો તો શુદ્ધ થઈ જશો, નહિ તો એ પાપો એનો સમય પાકશે ત્યારે આંખમાંથી આંસુ પડાવ્યા વિના નહિ રહે.

કર્મરાજાને ત્યાં ચોખ્ખો હિસાબ છે. ક્યાંય મિલાવટ નથી. એ ક્યારેય કોઈની લાંચ-રિશ્વત સ્વીકારતા નથી અને ક્યારેય કોઈની શરમ પણ રાખતા નથી.

એ પછી તીર્થંકરનો આત્મા હોય કે ચક્રવર્તીનો હોય, અમીર હોય કે ગરીબ હોય, બાળક હોય કે વૃદ્ધ હોય, સ્ત્રી હોય કે પુરુષ હોય. એને કોઈનીય શરમ નથી. જેની પાસેથી જેટલો હિસાબ એને લેવાનો છે એ લઈને જ રહેશે. એ પછી પર્વત ઉપર હોય કે કોઈ ગુફામાં છુપાયો હોય ગમે ત્યાંથી ગોતીનેય એનો હિસાબ ચૂકતે કરશે. તો આપણી ભલાઈ એમાં જ છે કે એ આપણી પાસે હિસાબ માંગે, એ જબરદસ્તીથી આંખમાં આંસુ પડાવીને હિસાબ ચૂકતે કરે તે પહેલાં જ આપણે આલોચના લઈ એ હિસાબ ચૂકતે કરી દેવો જોઈએ. જો પાપની આલોચના, પ્રાયશ્ચિત ન કર્યું તો મર્યા જ સમજો.

**ત્રિપૃષ્ઠ વાસુદેવ**ના ભવમાં પ્રભુ મહાવીરના જીવે સંગીતમાં મગ્ન બનેલ શય્યાપાલકના કાનમાં ધગધગતા સીસાનો રસ રેડાવ્યો તો એ કર્મ ૨૭મા ભવમાં ઉદયમાં આવતા પ્રભુના કાનમાં ખીલા ઠોકાણા.

ત્રીજા **મરીચી**ના ભવમાં કુળનું અભિમાન કરી નીચ ગોત્ર કર્મ ઉપાર્જન કર્યું. એ ભોગવતાં બાકી રહેલું હિસાબ ચૂકતે કરવા છેલ્લા ૨૭મા ભવમાં દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિમાં ૮૨ દિવસ રહેવું પડ્યું.

**ખંધકમુનિ**ના જીવે પૂર્વભવમાં કોઠીબડાના ફળની અખંડ છાલ ઉતારી અને પછી જોરદાર પ્રશંસા કરી નિકાચિત કર્મ બાંધ્યું તો પછીના ભવમાં જીવતે જી ચામડી ઉતારવાનો પ્રસંગ આવ્યો.

આવા તો કેટલાય પ્રસંગો શાસ્ત્રના પાના ઉપર ટંકાયા છે કે પાપ કર્યા પછી જેમણે પ્રાયશ્ચિત નથી કર્યું એને એના કર્મો ભોગવવા જ પડે છે. એનો હિસાબ ચૂકતે કરવો જ પડે છે.

**'સમજુને શિખામણ શાનમાં.'** આપણે બધા સમજુ છીએ. દુઃખ જોઈતું નથી તો જેના દ્વારા દુઃખ આપણા જીવનમાં આવે છે એ પાપનો નિકાલ કરવો પડે. અને પાપના નિકાલ માટે પ્રાયશ્ચિત એ સર્વશ્રેષ્ઠ ઉપાય છે તો ચાલો પ્રાયશ્ચિત સ્વીકારી આપણા આત્માને શુદ્ધ બનાવીએ.

***'પાપોનું પ્રાયશ્ચિત અનાદિકાળના મોહને તોડે છે***
***અને આત્માને મોક્ષમાં જોડે છે.***

***પાપોનું પ્રાયશ્ચિત અનાદિકાળના અજ્ઞાનને તોડે છે***
***અને આત્માને જ્ઞાનમાં જોડે છે.'***

## 3. પ્રત્યાખ્યાન

***'જીવનમાં જિનવાણીને સાંભળવા વ્યાખ્યાનની જરૂર છે,***
***જીવનમાં જિનવાણીને ઉતારવા પ્રત્યાખ્યાનની જરૂર છે.'***

આપણે કેટલાય વર્ષોથી જિનવાણી સાંભળીએ છીએ, છતાંય હજુ સુધી સુધર્યા નથી, કારણ કે જિનવાણીને જીવનમાં ઉતારી નથી. જિનવાણીને જીવનમાં ઊતારવા પ્રત્યાખ્યાન કરવું પડે. પ્રત્યાખ્યાન એટલે પચ્ચક્ખાણ, પ્રતિજ્ઞા.

પ્રત્યાખ્યાન = પચ્ચક્ખાણ કરવાથી આપણું મન મજબૂત બને છે અને આપણે ઘણા બધા પાપોથી બચી જઈએ છીએ.

ધારો કે તમને ચોવિહાર કરવાની પ્રતિજ્ઞા છે અને અચાનક જ કોઈ લગ્નાદિ પ્રસંગમાં જવાનું થાય તો શું કરશો ? ઘરેથી જમીને નીકળશો કે ત્યાં જઈને સૂર્યાસ્ત પહેલાં જમી લેશો. આમ પ્રતિજ્ઞાનું પાલન કરશો, પરંતુ જો તમે પ્રતિજ્ઞા ન લીધી હોત તો... ?

કોઈક વખત બહારગામ જવાનું થાય અને કદાચ ભોજનશાળા સુધી પહોંચો ત્યાં સૂર્યાસ્ત થવાની તૈયારી હોય તો પાણી પીને પણ ચોવિહાર કરી લેશો. પણ નિયમ નહિ હોય તો... ?

ઘણા વ્યક્તિ ડરતા હોય છે. મ.સા. નિયમ, પ્રતિજ્ઞા લીધા પછી તૂટી જાય તો... ? એના કરતાં નિયમ ન લેવો સારો ? તમારો નંબર આવા લોકોની

જમાતમાં તો નથી ને ?

જો હોય તો એક ખૂણામાં બેસી થોડો વિચાર કરજો.

**હું કપડાં પહેરું ને મેલા થઈ જાય તો... ? એના કરતાં કપડાં ન પહેરવા એ જ સારું... ?**

**હું ધંધો કરું ને નુકસાની જાય તો... એના કરતાં ભિખારીની જેમ ભીખ માંગીને ખાવું સારું... ?**

**હું લગ્ન કરું ને પછી છુટાછેડા થઈ જશે તો... એના કરતા વાંઢા ફરવું સારું.**

સંસારના કાર્યોમાં તો આવો ક્યારેય વિચાર નથી કરતાં તો પચ્ચક્ખાણ લેવામાં આટલો બધો વિચાર શા માટે ?

પચ્ચક્ખાણ લઈને તૂટી જાય એના કરતાં જે પચ્ચક્ખાણ નથી લેતા એને વધારે પાપ લાગે છે. કારણ કે સંપૂર્ણપણે અવિરતિમાં જ છે અને જ્યાં સુધી અવિરતિમાં છે ત્યાં સુધી પાપો નિરંતર લાગવાના ચાલુ જ છે. આ પાપોથી અટકવા, પાપોથી બચવા માટે જ તો પ્રત્યાખ્યાન કરવાનું છે.

પૂજ્ય શ્રમણ-શ્રમણી ભગવંતોએ જિંદગીભરના પચ્ચક્ખાણ સ્વીકાર્યા છે. આપણી પાસે પણ આવું સત્ત્વ હોય તો એ ફોરવવું જ જોઈએ. કદાચ એટલું સત્ત્વ ન હોય તો શ્રાવકના ૧૨ વ્રત અને ૧૪ નિયમ તો સ્વીકારવા જ જોઈએ.

જો તમે પચ્ચક્ખાણ નથી લેતા તો દુનિયાભરમાં જેટલા પાપો થાય છે એનું પાપ તમને પણ લાગે છે. કારણ કે એની સાથેનો તમારો સંબંધ તૂટ્યો નથી અને જ્યાં સુધી એ સંબંધ તૂટતો નથી ત્યાં સુધી પાપ ચાલુ જ છે.

જેમ કે તમે કોઈક Hill Station પર ફરવા માટે ગયા. ત્યાં આગળ Five Star hotelમાં ૧૦ દિવસ માટે Room book કરાવી. બે દિવસ ત્યાં રહી આજુબાજુના પર્યટન સ્થળો ફરવામાં ૭ દિવસ થયા અને છેલ્લા ૧૦મા દિવસે તમે ફરી ત્યાં આવ્યા. આમ તમે ૧૦ દિવસમાંથી ૩ દિવસ જ રૂમનો ઉપયોગ કર્યો છે. છતાં ય ભાડું કેટલા દિવસનું ચૂકવવું પડે... ? ૧૦ દિવસનું... શા માટે ? કારણ કે એ રૂમ તમારા નામ પર બોલે છે. એની સાથેનો તમારો સંબંધ છે. એ સંબંધ તમે જ્યારે કટ કરાવો છો ત્યારથી તમારું રૂમનું ભાડું અટકે છે.

બસ એ જ ન્યાયે દુનિયાભરના બધા પદાર્થો સાથે આપણો સંબંધ ચાલુ છે. જ્યાં સુધી પચ્ચક્ખાણ લેવા દ્વારા એની સાથેનો સંબંધ તોડતા નથી ત્યાં સુધી એ પાપ તમને પણ લાગ્યા કરે છે.

આ વખતના સમેતશિખરજીના ચાતુર્માસમાં ગુરુદેવની આ પ્રેરણાઓ ઝીલીને લગભગ ૨૦૦ જેટલા આરાધકોએ ૧૨ વ્રત અને ૧૪ નિયમ નાણ સમક્ષ ઉચ્ચાર્યા હતાં. લગભગ ૧૦૦ જેટલા આરાધકોએ ચતુર્થ બ્રહ્મચર્ય વ્રત સ્વીકાર્યું હતું. અદ્ભુત માહોલ જામ્યો હતો. જ્યાં જ્યાં નજર પડે ત્યાં ત્યાં ૧૨ વ્રતધારી શ્રાવકોના દર્શન

થતાં હતાં. ધન્યવાદ છે વ્રતધારી સાચા શ્રાવક શ્રાવિકાઓને !

ઘણી વખત બધા વ્યક્તિઓ પૂછતાં હોય છે મ.સા. પચ્ચક્ખાણ ન લઈએ અને દિવસમાં કંઈ જ ન ખાઈએ તો ઉપવાસનો લાભ મળે ? લુખ્ખું-સુકું ખાઈએ તો આયંબિલનો લાભ મળે ?

ના ! જેટલો પચ્ચક્ખાણ લેવાથી મળે તેટલો ન મળે. જો પચ્ચક્ખાણ લીધા વિના જ લાભ મળતો હોત તો આપણા કરતાં પશુ-પક્ષીઓને વધારે લાભ મળત. દેવતાઓને વધુ લાભ મળત. પણ ના ! એવું નથી પચ્ચક્ખાણ કરનારને વધુ લાભ મળે છે. નાનકડું પણ પચ્ચક્ખાણ કરનારો આત્મા સદ્ગતિને પામે છે.

યાદ છે પેલો **દારૂડિયો !** દારૂની એક એવી આદત પડી ગઈ હતી કે દારૂ વિના એ જીવી શકતો ન હતો. એક વખતની વાત છે. ગામમાં કોઈક આચાર્ય ભગવંત પધાર્યા હતા. એનો મિત્ર આ દારૂડિયાને પણ પરાણે જિનવાણી શ્રવણ કરવા લઈ ગયો. પ્રવચનના અંતે ગુરુ ભગવંતે બધાને કોઈકને કોઈક પ્રતિજ્ઞા આપી. આ દારૂડિયાની વારી આવી. ગુરુદેવને કહે છે કે ઘણીવાર દારૂ છોડવાનો પ્રયત્ન કર્યો પણ છૂટી શકે એમ નથી. ગુરુદેવ બીજો કોઈ નિયમ આપો.

ગીતાર્થ ગુરુભગવંતે મધુર ભાષામાં કહ્યું વત્સ ! એક કામ કર. જ્યારે તારે દારૂ ન પીવો હોય ત્યારે વસ્ત્રમાં ગાંઠ બાંધી દેવી અને જ્યારે દારૂ પીવાની ઈચ્છા થાય ત્યારે એ ગાંઠ છોડ્યા પછી જ દારૂ પીવો એ પહેલાં નહિ. અને હા ! કામ પતી જાય કે તરત જ વસ્ત્રને ગાંઠ મારી દેવી. બોલ તારાથી આ પ્રતિજ્ઞા પાળી શકાશે ને ?

ગુરુદેવ ! આ તો બહુ સરળ છે. હું આ નિયમ પાળી શકીશ. મને પચ્ચક્ખાણ આપો. ગુરુદેવે પ્રતિજ્ઞા આપી. કેટલાક દિવસો ગયા. નિયમનું બરાબર પાલન કર્યું.

કહેવાય છે ને નિયમ = પ્રતિજ્ઞા લેનારની પરીક્ષા થયા વિના રહેતી નથી. કોઈક દિવસ તો એની અવશ્ય પરીક્ષા થાય જ છે અને આ જ પરીક્ષામાં પાસ થવાથી જીવનો વિકાસ ઉત્તરોત્તર વધુ ને વધુ થતો રહે છે.

એક દિવસની વાત છે. દારૂ પીવાની ઈચ્છા થાય છે અને ગાંઠ ખોલવા પ્રયત્ન કરે છે પણ ગાંઠ ખૂલતી જ નથી. ઘણીવાર પ્રયત્ન કર્યો પણ ગાંઠ ન ખૂલી. હવે આખાય શરીરમાં તલપ જાગી છે. રહી શકે તેમ નથી. ચક્કર આવવા લાગે છે. ત્યારે પરિવારના સદસ્યો પ્રતિજ્ઞા તોડવાની વાત કરે છે. ત્યારે આ દારૂડિયો કહે છે મેં મારી જિંદગીમાં માત્ર એક નાનકડી પ્રતિજ્ઞા કરી છે એ પ્રતિજ્ઞાનું પ્રાણના ભોગે પણ પાલન કરવું છે.

**'પ્રાણ ખૂટે તો ભલે ખૂટવા દો, પણ પ્રતિજ્ઞા ન તૂટવી જોઈએ.'**

**પ્રતિજ્ઞામાં અડીખમ રહે છે. આયુષ્ય સમાપ્ત થાય છે અને મૃત્યુ પામી**

**શાશ્વતા શત્રુંજય તીર્થાધિરાજમાં અધિષ્ઠાયક કપર્દી યક્ષ થાય છે. આ પ્રભાવ છે પ્રતિજ્ઞાનો...**

**'પ્રત્યાખ્યાન પાપ સાથે સંબંધ તોડે છે,**
**પ્રત્યાખ્યાન પ્રભુ સાથે સંબંધ જોડે છે.'**

પ્રત્યાખ્યાન કરવાથી આપણો પાપ સાથેનો સંબંધ તૂટે છે. તમે માંસાહાર, ચોરી, જુગાર, વેશ્યાગમન નથી કરતાં છતાં પણ જો તમે પચ્ચક્ખાણ નથી લીધા તો તમને પાપ લાગે છે.

રોજ સૂર્યાસ્ત પહેલા તમારું ભોજન પૂર્ણ થઈ જાય છે. છતાંય જો તમે પચ્ચક્ખાણ નથી લેતા તો રાત્રિભોજનનું પાપ લાગે છે.

દિવસમાં માત્ર પાંચ કે છ જોડી જ વસ્ત્ર, પગરખાં, ચંપલ, વાહન વાપરો છો છતાં ય જો એનો નિયમ ન લ્યો તો દુનિયાભરમાં જેટલા વસ્ત્રો, વાહનો, ચંપલો છે એ બધાંનું પાપ તમને લાગે છે કારણ કે તમને નિયમ નથી.

માટે જેને પાપનો ભય લાગતો હોય, પાપનો ડર હોય એમણે વહેલામાં વહેલી તકે પચ્ચક્ખાણ લેવા જ જોઈએ.

જે પાપો આપણે કરતાં જ નથી, જે પાપો સાથે આપણને ઝાઝો સંબંધ પણ નથી, એવા વગર ફોગટના પાપો લઈ પાપોથી ભારે શા માટે બનવું ?

માટે જિંદગીમાં જે જે પાપો કરતાં નથી એ બધાંના પચ્ચક્ખાણ લઈ લેવાથી અઢળક વગર ફોગટિયા પાપોથી જાતને બચાવી શકાય છે.

પચ્ચક્ખાણ લીધા પછી કદાચ તૂટી જાય તો સદ્ગુરુ ભગવંત પાસે એની આલોચના લઈ લેવી જોઈએ. વસ્ત્ર મેલું થાય તો સાબુ-પાણી દ્વારા ધોઈ એને શુદ્ધ કરી લેવું જોઈએ. પણ મેલા થવાના ભયથી વસ્ત્રો પહેરવાના ન છોડાય.

બસ એ જ રીતે કદાચ નિયમ લીધા પછી તૂટી જાય તો આલોચના લઈ શુદ્ધ થઈ જવું જોઈએ. પણ નિયમ ભંગ થવાના ભયથી નિયમ જ ન લેવો એવું ગાંડપણ ન કરવું જોઈએ.

હા ! આપણે જાણી જોઈને વસ્ત્ર કાદવમાં નાંખી મેલું નથી કરતાં, જાણી જોઈને ચા કપડાં પર નથી ઢોળતાં, પણ અજાણતાથી... ભૂલથી... ઢોળાઈ ગઈ માટે વસ્ત્ર ધોઈને ચોખ્ખું કરીએ છીએ.

તેમ જાણી જોઈને નિયમ નથી તોડવાનો... પ્રતિજ્ઞાભંગ નથી કરવાનો... પણ અજાણતાથી કે ભૂલથી નિયમભંગ થઈ ગયો હોય તો ગુરુ ભગવંત પાસે પ્રાયશ્ચિત લઈ શુદ્ધ થવાનું છે.

પચ્ચક્ખાણ તો જ થઈ શકશે જો તમારો સંકલ્પ મજબૂત હશે, જેટલો સંકલ્પ મજબૂત હશે એટલી સિદ્ધિ જલ્દી મળશે.

યાદ છે પેલા **પાંડવો !** નારદજી સમકિતી ન હોવાથી દ્રૌપદી એનો સત્કાર

કરતી નથી. નારદને ખોટું લાગે પછી બાકી શું રહે ? નારદ એટલે કાંડી ચાંપીને આગ લગાડનારો. નારદ ત્યાંથી નીકળી પદ્મોત્તર રાજા પાસે ગયો અને દ્રૌપદીનું ચિત્ર રાજાને બતાડ્યું. રાજાએ અઠ્ઠમ તપ કરી દેવને પ્રસન્ન કરી દ્રૌપદીનું અપહરણ કરાવ્યું. દ્રૌપદી ત્યાં રહી છઠ્ઠના પારણે છઠ્ઠ કરી પોતાના શીલની રક્ષા કરે છે.

આ બાજુ પાંડવો અને કુંતા માતા ચારેબાજુ દ્રૌપદીની શોધખોળ કરે છે.કૃષ્ણ વાસુદેવને ખબર પડતાં એ પણ શોધ કરાવે છે ત્યાં જ નારદજી કૃષ્ણ પાસે આવીને અપહરણની વાત કહે છે. કૃષ્ણ પાંડવોને લઈ સીધા જ પદ્મોત્તર રાજા પાસે પહોંચે છે.

પાંડવો યુદ્ધ કરવા માટે જાય છે. પહેલા દિવસે યુદ્ધ કરતાં કરતાં સૂર્યાસ્ત થઈ જાય છે ને પાછા આવે છે. ત્યારે કૃષ્ણ પૂછે છે શું થયું ? હાર્યા પણ નથી ને જીત્યા પણ નથી. કૃષ્ણે પૂછ્યું તમારું લક્ષ્ય શું હતું ? ત્યારે કહે છે 'કાં જીતશું કાં હારશું'.

કૃષ્ણે કહ્યું જ્યાં સંકલ્પ જ નબળો હોય ત્યાં સિદ્ધિ ક્યાંથી મળવાની ? બીજા દિવસે યુદ્ધ કરે છે અને યુદ્ધમાં વિજય પ્રાપ્ત કરે છે. કારણ કે લક્ષ્ય બદલાઈ ગયું હતું. આજે લક્ષ્ય હતું, 'જીતીને જ રહીશું.'

સંકલ્પ નબળો હતો ત્યાં સુધી સિદ્ધિ એનાથી દૂર જ ભાગતી હતી પણ જેવો સંકલ્પ મજબૂત કર્યો કે સિદ્ધિ ચરણોમાં આળોટતી થઈ ગઈ. માટે જ તો કહ્યું છે,

**'કાયર દિલના માનવીને રસ્તો કદી જડતો નથી,**
**અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી.'**

અત્યાર સુધી કાયરની જેમ સંસારમાં જ્યાં ત્યાં ભટકી ભટકીને જીવન પૂરું કર્યું. પણ હવે મનને મજબૂત બનાવવાનું છે. હવે

**'કાયર બની ભવમાં ભટકવું નથી,**
**બહાદૂર બની પાપોથી અટકવું છે.'**

અત્યાર સુધી જેટલી વાર પણ પ્રતિજ્ઞા લીધી ત્યારે ગામ-પરગામ છૂટ... સાજે માંદે છૂટ... મહિનામાં ૫ દિવસ છૂટ... ભૂલચૂક થાય તો છૂટ... આમ કહો છો. આ શું છે ? તમે નિયમ કરતાં તો છૂટ વધારે લ્યો છો. નિયમ લેવામાં પહેલેથી જ આટલા નબળા છો તો પરીક્ષા થશે ત્યારે શું કરશો ? નબળા નહિ પણ સબળા બનો.

યાદ છે પેલો **વંકચૂલ ચોર !** ગુરુ મહારાજ જંગલમાં ભૂલા પડ્યાં અને વંકચૂલ પાસે ચાતુર્માસમાં ચાર મહિના રહેવા વસતિ માંગી. પ્રવચન ન આપવાની શરતે વસતિ આપી. ચાર માસ પૂર્ણ થયા. વંકચૂલ વળાવવા ગયો ત્યારે ગુરુ ભગવંતે માત્ર ચાર નિયમ આપ્યા.

(૧) અજાણ્યા ફળ ખાવા નહિ.

(૨) ૫-૭ ડગલા પાછળ હટી વાર કરવો.

(૩) રાજાની રાણી સાથે વ્યભિચાર ન કરવો.

(૪) કાગડાનું માંસ ન ખાવું.

એક વખતની વાત છે. ચોરી કરી પાછા ફરતાં રસ્તો ભૂલ્યાં. એક ઠેકાણે વિશ્રામ લીધો. બધાને જોરદાર ભૂખ લાગી છે. આજુબાજુ વૃક્ષો પરથી સેવકો ફળો તોડીને લાવ્યા. નામ ખબર ન હોવાથી ન ખાધું. જેટલા સેવકચોરોએ ફળ ખાધા તે થોડી જ વારમાં મૃત્યુ પામ્યા. કારણ કે તે ઝેરી કિંપાકફળ હતું.

થોડા દિવસ પછી ફરી ચોરી કરવા ગયો છે. આ બાજુ એની બહેને પુરુષનો પોષાક પહેરી લીધો અને ભાભી સાથે નાટક જોવા ગયા. મોડી રાતે પાછા આવ્યા ને તરત જ સૂઈ ગયા. વંકચૂલ ચોરી કરી પાછો આવ્યો. પત્નીને કોઈ પુરુષ સાથે સૂતેલો જોઈ તલવારથી મારવા જાય ત્યાં જ પ્રતિજ્ઞા યાદ આવતા ૫-૭ ડગલા પાછળ હટ્યો... તલવાર થાંભલા સાથે અથડાઈ નીચે પડી... પુરુષના પોષાકમાં રહેલી બહેન જાગી ગઈ... ભાઈ કહીને બોલાવ્યો ત્યારે હકીકત ખબર પડી. તે સતત ગુરુદેવની વાતો યાદ કરે છે અને નિશદિન ઉપકારને યાદ કરે છે.

એક વખત ચોરી કરવા રાજભવનમાં ગયો છે ને ત્યાં રાણી અનુચિત માંગણી કરે છે. વંકચૂલે તેનો અસ્વીકાર કરતાં બૂમાબૂમ કરી છેડછાડનો આરોપ મૂક્યો. બીજા દિવસે રાજસભામાં હાજર કર્યો, જ્યારે તેણે પોતાનો કશો જ બચાવ ન કર્યો ત્યારે રાજાએ ઉત્તમ પુરુષ જાણી તેને પોતાનો અમાત્ય મંત્રી જાહેર કર્યો. લોકો આશ્ચર્ય પામ્યા ત્યારે રાજાએ કહ્યું ગઈકાલની આખી ઘટના મેં બહાર ઊભા ઊભા દરવાજાના છિદ્રમાંથી જોઈ છે. આ સંપૂર્ણ નિર્દોષ છે.

ત્રણ પ્રતિજ્ઞામાં પાસ થઈ ગયો. પ્રતિજ્ઞા પાળવાથી આ જ ભવમાં એ ત્રણેય વાર બચી ગયો. ગુરુદેવના વચન પર સંપૂર્ણ શ્રદ્ધા બેસી ગઈ. અહોભાવથી ગુરુદેવના ચરણોમાં ભાવથી ઝૂકી જાય છે.

એક વખત એ બીમાર પડ્યો હતો. ઘણા વૈદ્યોને બતાવ્યું પણ સારું ન થયું. એક બહુ જ જાણકાર વૈદ્ય આવ્યો અને એણે કહ્યું જો મારી દવા કાગડાના માંસ સાથે લેવામાં આવે તો તરત જ સારું થઈ જાય ત્યારે વંકચૂલે કહ્યું મોત આવે તો ભલે આવતું. 'મૃત્યુને સ્વીકારવા તૈયાર છું, પણ પ્રતિજ્ઞા તોડવા નહિ.' અંતે મક્કમતાની પ્રતિજ્ઞાનું પાલન કરી આયુષ્ય પૂર્ણ કરી ત્યાંથી સ્વર્ગમાં જાય છે.

ચોર જેવા ચોરે પણ પ્રતિજ્ઞાનું મક્કમતાથી પાલન કરી આલોક અને પરલોકમાં સાક્ષાત્ એના ફળને અનુભવ્યું. આપણે પણ એના ફળને અનુભવવું હોય તો મક્કમ બની પ્રતિજ્ઞાનો સ્વીકાર કરો. નાનકડો નિયમ પણ ગ્રહણ કરી, મક્કમતાથી પાલન કરવામાં આવે તો ય બેડો પાર થઈ જાય.

***'કેટલું જીવન જીવ્યા એ મહત્ત્વનું નથી,***
***કેવું જીવન જીવ્યા એ મહત્ત્વનું છે.'***

# આત્માની Precautions = સાવધાનીઓ

દુઃખ ટળે તો જ સુખ મળે,

દોષ ટળે તો જ મોક્ષ મળે.

## (૧) સુખમાં સાવધાન ⟶ આસક્તિ ન થાય

(૧) સત્તા
(૨) સંપત્તિ
(૩) સ્ત્રી

## (૨) દુઃખમાં સમાધાન ⟶ આર્તધ્યાન ન થાય

(૧) દુઃખનો પ્રતિકાર ⟶ દુર્ગતિ
(૨) દુઃખનો સ્વીકાર ⟶ સદ્ગતિ
(૩) દુઃખનો સત્કાર ⟶ પરમગતિ

## (૩) ધર્મમાં પ્રણિધાન ⟶ અસ્થિરતા ન થાય.

(૧) સંકલ્પ
(૨) સાધના
(૩) સિદ્ધિ

# (૧) સુખમાં સાવધાન : આસક્તિ ન થાય

દુનિયાના પ્રત્યેક પ્રાણીઓની એક જ ઈચ્છા હોય છે કે મને સુખ મળે. પણ બિચારા અજ્ઞાની જીવોને ખબર જ નથી કે સાચું સુખ કયું છે ? એ લોકો તો માત્ર ભૌતિક સુખો પાછળ આંધળી દોટ લગાવી રહ્યાં છે.

સંસારના તમામ સુખો બ્લેડ ઉપર લગાવેલી ચૉકલેટ જેવાં છે. બહારથી એ ચૉકલેટ ખૂબ જ આકર્ષક દેખાય છે. એ ચૉકલેટને જોઈ મોંઢામાં પાણી આવી જાય... મન એ ખાવા તલપાપડ થઈ જાય ને અજ્ઞાની જીવ એને મોંઢામાં મૂકે છે. એના સ્વાદ ઉપર ઓવારી જાય છે એના મોંઢામાંથી શબ્દો નીકળી પડે છે વાહ ! શું આનો સ્વાદ છે. જ્યાં એને ખાવા જાય છે ત્યાં જ પેલી અંદર છુપાયેલી બ્લેડ એની જીભને કાપી નાંખે છે... લોહીની ધારાઓ વહે છે. પછી બબડે છે કે આના કરતાં ન ખાધી હોત તો સારું...

અરે ! ખાધા પછી ય ધ્યાન રાખ્યું હોત, સાવધાની રાખી હોત તો આ દિવસ ન આવત. હવે એ જ વ્યક્તિ ફરી વાર એ જ ચૉકલેટ જુએ અને એને ખાવાનું મન થાય તો ખાય ખરો ? કદાચ કોઈક જબરજસ્તીથી એના મોંઢામાં મૂકી દે તો કેવી રીતે ખાય ?

અરે ! નાનકડા બાળકને કોઈક વખત દૂધ પીવા આપ્યું હોય. બાળકને ખબર ન હોય કે આ દૂધ ગરમાગરમ છે અને અચાનક એના મોંઢામાં નાંખે... જીભ દાઝે... કે તરત જ મોંઢું ત્યાંથી દૂર કરી નાંખે અને ફૂંક મારીને ઠંડુ કરીને પીવે. જ્યારે પણ એને દૂધ પીવાનો અવસર આવે ત્યારે એ શું કરશે ? સીધું મોંઢામાં નાંખશે કે **ચેક** કરીને પીશે ? હવે એ બાળક માત્ર દૂધ જ નહિ છાશ પીવા આપશોને... તોય ફૂંક મારીને જ પીશે.

નાનકડો ટેણિયો પણ જો એક વખતના અનુભવથી સાવધાન થઈ જાય છે, તો આપણને તો અનંતા ભવો થઈ ગયા છે. અનંતા અનુભવો થઈ ગયા છે. શું આપણે સાવધાન થઈ ગયા છીએ ?

અજ્ઞાનતામાં એ સુખો પાછળ જ પાગલ બન્યાં હતાં અને અનંતા દુઃખો વેઠ્યાં હતાં પણ હવે અનુભવ થયા પછીય એ ભ્રામક સુખો પાછળ દોડીને ભવભ્રમણ વધારવાના... ? ના... હવે નથી ભટકવું આ સુખો પાછળ, હવે મારે અટકવું છે. આ ભૌતિક સુખોની દોટે તો ભલભલાની પથારી ફેરવી નાંખી છે. આ ભૌતિક સુખોમાં મુખ્ય ત્રણ વસ્તુએ આપણો સત્યાનાશ કર્યો છે.

**(૧) સત્તા**
**(૨) સંપત્તિ**
**(૩) સ્ત્રી**

**(૧) સત્તા :** જે વ્યક્તિ પાસે આખા દેશની સત્તા હોય, રાજ્યની કે સમાજની સત્તા હોય એ વ્યક્તિ ઉપર દેશ, રાજ્ય કે સમાજ નિર્ભર હોય છે. એટલે જ તો કહેવાય છે કે **'જેવો રાજા તેવી પ્રજા.'** રાજા જો સદાચારી હશે તો પ્રજા પણ સદાચારી બનશે પણ જો રાજા જ દૂરાચારી, ભ્રષ્ટાચારી કે વ્યાભિચારી હોય તો ત્યાં પ્રજાની શું હાલત થાય ?

પૂર્વના કાળમાં **સંપ્રતિ મહારાજા** થઈ ગયા. હાથમાં સત્તા આવતાં જ તેનો સદુપયોગ કરવાનું શરૂ કરી દીધું હતું. તેઓના જીવનકાળ દરમિયાન લોકો વધુ ને વધુ ધર્મ સન્મુખ બન્યાં. જ્યાં સુધી નૂતન જિનાલય નિર્માણના સમાચાર ન મળે ત્યાં સુધી મોંઢામાં અન્ન કે પાણી પણ ન્હોતાં નાંખતાં. એમના આ પરાક્રમે કંઈક નવા જ ઈતિહાસનું સર્જન કર્યું.

એમણે પોતાના જીવનમાં સવા લાખ જિનમંદિરો અને સવા કરોડ જિનપ્રતિમાઓનું સર્જન કર્યું. તેઓએ ભરાવેલી પ્રતિમાઓ અનેક લોકો દ્વારા પૂજાતી પૂજાતી આપણા સુધી પહોંચી છે. આજે ય કેટલાય શહેરોમાં એમની પ્રતિમાઓ જોવા મળે છે. અનાર્ય દેશના લોકોને પણ ધર્મ પમાડવા અનેક ઉપાયો કરી સાધુ ભગવંતના વિહાર માટે સુલભ બનાવ્યાં. ઠેર ઠેર જિનશાસનની પ્રભાવના કરી. આ છે સત્તાનો સદુપયોગ.

કોઈકે સાચું જ કહ્યું છે કે **'નાના માણસોની મોટી ભૂલ જેટલું નુકસાન નથી કરતી એના કરતાં વધુ નુકસાન મોટા માણસની નાની ભૂલ કરે છે.'** સત્તા હાથમાં આવી ગયા પછી તમારી જવાબદારીઓ અનેક ગણી વધી જાય છે. જ્યારે નાના બાળક હતાં ત્યારે આપણી પાસે કોઈ સત્તા પણ ન્હોતી અને જવાબદારીઓ પણ ન્હોતી. પણ હવે આપણે મોટા થયા છીએ. આપણા પરિવારની જવાબદારી આપણા માથે છે તો એ પરિવાર ક્યાંક દુર્ગતિના દ્વારે ન ચઢી જાય એની તકેદારી રાખવાની છે.

વચગાળાના સમયમાં એવા અપાત્ર વ્યક્તિઓના હાથમાં સત્તા આવી ગઈ જેમણે ભારતીય સંસ્કૃતિની વાટ લગાડી દીધી. એમનો એક જ સિદ્ધાંત. **'આ ભવ મીઠાં, પરભવ કોણે દીઠાં'** માટે પરલોકની ચિંતા કર્યા વિના ખાઓ, પીઓ અને જલસા કરો.

રસ્તામાં જતાં જે સ્ત્રી દેખાય અને ગમી જાય તેને જબરજસ્તીથી પોતાના અંતઃપુરમાં ધકેલી દેવાની. રાત પડે ને દારૂઓની પાર્ટી મનાવાય... જમણવારમાં માંસ પીરસાય... લોકો ઉપર સત્તાની ધાક જમાવી ધર્મ પરિવર્તન કરાવાય... જો એમ કરવા તૈયાર ન થાય તો તલવારના એક ઝાટકે જ યમલોક પહોંચાડી દેવાય...

આપણે કદાચ બીજું બધું ન કરી શકીએ પણ એક કામ અવશ્ય કરવાનું છે

અને એ છે. આપણા પરિવારની રક્ષા. આજે school **અને** colledge**ની** અંદરમાં શિક્ષણ મળે છે પણ સંસ્કારનું શું ? સંસ્કાર તો ધર્મગુરુઓ પાસેથી જ મળે. સ્કૂલના શિક્ષણ માટે દીકરા પાછળ એની મા ય મંડી પડે. એવું લાગે કે બંને સ્કૂલમાં ભણવા જાય છે. છોકરા કરતાં એની બેગનું વજન વધારે હોય.

આજે સ્કૂલ પણ morningની થઈ ગઈ એટલે પૂજા કરવાના સંસ્કારનો ખાત્મો બોલાઈ ગયો. લગભગ છોકરો પૂજાથી વંચિત રહી જાય છે. આવીને ખાઈ-પીને tution જવાનું... drawing class... dance class, cooking class, karrate class... આ બધાં ક્લાસો અને ટ્યુશનોએ પાઠશાળા ઉપર પ્રહાર કર્યો. લગભગ સંઘોની પાઠશાળાઓમાં કાગડાઓ ઊડે છે !

પહેલાના બાળકો જ્યારે પ્રતિક્રમણ કરવા આવતાં ત્યારે અતિચાર, અજિત શાંતિ, મોટી શાંતિ વગેરે બોલવા માટે પડાપડી થતી અને આજે એવા છોકરાઓને દીવો લઈ ગોતવા જવું પડે. તો ય મળશે એમ છાતી ઠોકીને ન કહી શકાય !

**માવતરને ખાસ વિનંતી છે કે જોબ કરવા, ભણવા, કીટી પાર્ટીઓમાં... પાડોશમાં પારકી પંચાત કરવા... નહિ જાવ તો ચાલશે પણ બાળકોમાં સંસ્કાર નહિ નાંખો તો નહિ ચાલે.** રવિવારે ભૂલેચૂકેય કદાચ મ.સા. પાસે આવી જાય તો ય નસીબની વાત છે. અઠવાડિયાના છ દિવસનો થાક રવિવારે ઉતારે.

૧૦ વાગ્યા પહેલા ઊઠવાનું નહિ. ઊઠીને ચા-પાણી નાસ્તો કરી સ્નાન કરીને fresh થાય. થોડીવાર ટીવી જોઈને friends સાથે રમવા જાય ત્યાંથી ઘરે આવી ફરી હાથ-પગ-મોઢું ધોઈ fresh થઈ આખું family ફિલ્મ જોવા thiatreમાં જાય ત્યાંથી સીધા hotelમાં જાય. પેટની ટાંકી ફૂલ કરી ઘરે જઈ સૂઈ જાય. આમાં ક્યાંથી કલ્યાણ થાય... ?

અધૂરામાં પૂરું કે છોકરાને પહેલેથી જ english mediumમાં દાખલ કરે. છોકરાની હાલત tight થઈ જાય. ન ઘોડો ન ગધેડો એવી હાલત થાય. ન સરખું english આવડે... ન ગુજરાતીના ઠેકાણા હોય... છોકરાઓને બીજા બધા ક્લાસ નહિ કરાવો તો ચાલશે, પણ પહેલાં ગુજરાતીના ક્લાસ કરાવો. ગુજરાતી જ નહિ આવડે તો આપણા ધાર્મિક પુસ્તકો કઈ રીતે વાંચશે ? જ્ઞાન કઈ રીતે મેળવશે ? ગુજરાતી ન આવડે એટલે ઉપાશ્રયમાં આવી મ.સા.નું માથું ખાય.

એકવાર એક બાળકને એની માતાએ સમજાવીને ભણવા મોકલ્યો. ઉતાવળમાં પુસ્તક લઈને આવ્યો પણ સાપડો ઘરે ભૂલી ગયો. મેં કહ્યું સાપડો ક્યાં છે ? તો કહે મ.સા. એ શું હોય ? અડધો કલાક માથાકૂટ કરી પણ સમજ્યો જ નહીં. પછી છેલ્લે એને ચિત્ર દોરી બતાવ્યું ત્યારે કહે, ઓહ ! મ.સા. તો એમ બોલો

ને book-stand ક્યાં છે ? આ હાલત છે આજના educated બાળકોની !

ધન્યવાદ છે એ માત-પિતાઓને ! કે જેમને આવો કોઈ ઝેરી વાયરો સ્પર્શ્યો નથી. મેં એવી ય માતાઓને જોઈ છે કે જે વ્યવહારથી છોકરાને coventમાં મોકલે છે પણ બીજા કોઈ ક્લાસ ન કરાવતાં ઘરે બેસી એને ગુજરાતી કરાવે છે, ગાથાઓ ગોખાવે છે, ધાર્મિક ઉપકરણોની ઓળખ આપે છે. morning school હોવા છતાંય બાળકને વહેલો ઉઠાડીને જિનમંદિરમાં પૂજા ય કરાવે છે.

રવિવાર આવે ને બાળકને અષ્ટપ્રકારી પૂજા શીખવાડે છે. મ.સા.ને ગોચરી પધારવા વિનંતી કરાવે. બપોરે સામાયિક કરતાં શિખવાડે તો સાંજે ચોવિહાર પણ કરાવે. ચોમાસામાં દોઢ મહિનો બિયાસણાં કરાવે. એમાં ય પહેલું બિયાસણું **કાચું-પાકું સ્કૂલની રિસેસમાં** કરાવે અને બીજું પાકું બિયાસણું ઘરે કરાવે.

હજુય વિશ્વાસ ન આવતો હોય તો વાંચો આ સત્ય ઘટના ! હમણાં જ અમારી નિશ્રામાં ગિરડીહથી સમેતશિખર ત્રણ દિવસનો છ'રી પાલિત પૌષધધારી સંઘ વર્ધમાન મિત્ર મંડળ દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો. લગભગ ૪૫૦ યાત્રિકોની સંખ્યા આ સંઘયાત્રામાં હતી. લગભગ ૧૫ જેટલા બાલક-બાલિકાઓ પોતાની સ્કૂલમાંથી રજા લઈને આ સંઘમાં જોડાયા હતાં.

એમાં ય એક બાલક, નામ એનું **તત્ત્વ**. મલાડ-ઈસ્ટ દેવચંદનગરનો રહેવાસી. પૌષધની તમામ ક્રિયાઓ કરે, એકાસણું કરે, સંથારા ઉપર જ સૂવે, ૧૪ કિલોમીટરનો વિહાર પણ કરે. અને મુખ ઉપર સદાય પ્રસન્નતા, એ જ હસતો ચહેરો. જ્યારે વિહાર કરીને આવે ત્યારે બધા પૂછે તત્ત્વ થાક લાગ્યો છે ? ત્યારે કહે થાક લાગતો નથી, ભવોભવનો થાક ઊતરે છે... એ બાળક ઘરે રોજ ચોવિહાર કરે છે, ઉકાળેલું પાણી પીએ છે, સામાયિક કરે છે, એની ઉંમર તમે શું વિચારો છો ? માત્ર ૪ વર્ષ... તમને કેટલાં વર્ષ થયાં ? હજુય ઠેકાણું પડ્યું છે ?

બાળકનો ૯૦ ટકા આધાર એના માતા-પિતા ઉપર હોય છે. જો માતા-પિતા સુધરે તો પરિવાર સુધરે. પરિવાર સુધરે તો સમાજ સુધરે અને સમાજ સુધરે તો દેશ સુધરે. જ્યાં સુધી સત્તા તમારા હાથમાં છે ત્યાં સુધી એનો ઉપયોગ કરી લ્યો.

**રોજ પરમાત્માને પ્રાર્થના કરો કે હે પ્રભુ ! આખા જગતને સુધારજો પણ શરૂઆત મારાથી કરજો.**

આપણી પાસે અત્યારે જે કાંઈ પણ છે એ બધું પૂર્વભવનમાં ઉપાર્જન કરેલા પુણ્યના કારણે છે. એટલે જ તો પરમર્ષિઓએ કહ્યું છે.

**'सुखमास्ते सुखं शेते भुक्षे पिबसि खेलसि,**
**न जाने त्वग्रतः पुण्यैर्विना किं भविष्यसि ।'**

તું સુખપૂર્વક બેસે છે, સૂવે છે, ખાય છે, પીવે છે, રમે છે. પણ ભવિષ્યમાં પુણ્ય વિના તારું શું થશે એ મને ખબર નથી.

Bankમાં તમે પચાસ હજારની રકમ ભરાવી. તમારા accountમાં પચાસ હજાર જમા થઈ ગયા. હવે અચાનક તમને એક લાખ રૂપિયા જોઈએ છે. check લખીને bankમાં આપો તો તમને કેટલા રૂપિયા મળે ? જેટલા રૂપિયા તમારા accountમાં જમા હોય એટલા જ મળે. એનાથી એક રૂપિયો પણ વધુ ન મળે.

કેટલીક જગ્યાએ પાણીના ખૂબ problem હોય છે. પાણી ક્યારે નળમાં આવતું બંધ થઈ જાય એ ખબર ન પડે. લોકો હેરાન થઈ ગયા. તેમણે કંઈક વિચાર કરી પોતાના ઘરમાં ટાંકી વસાવી. જેમાં બે દિવસ ન ખૂટે એટલું પાણી જમા કરી શકાય. હવે ગમે ત્યારે પાણી જતું રહે. એમને ચિંતા નથી કેમ કે એમની પાસે પૂરતું પાણી ભરેલું છે.

હવે એ વ્યક્તિ ખોટી ભ્રમણામાં રહે કે મારે કોઈ પાણીની જરૂર જ નથી. મારી પાસે પૂરતું પાણી છે હવે નવું ભરવાનું બંધ કરી દે તો એ પાણી એને ક્યાં સુધી મળશે ? જ્યાં સુધી ટાંકીમાં પાણી છે ત્યાં સુધી જ મળશે. ટાંકીમાં ખલાસ થતાં જ એને પાણી મળવાનું બંધ થઈ જશે.

બસ આ જ રીતે આપણી પુણ્યની બેંકમાં જેટલું પુણ્ય જમા હશે, જેટલી પુણ્યરૂપી મૂડી હશે કે પુણ્યની ટાંકીમાં જેટલું પુણ્યરૂપી પાણી હશે એટલું જ આપણને વાપરવા મળશે. એનાથી એક રૂપિયો કે એક ટીપું પાણીય વધુ વાપરવા નહિ મળે.

હવે જો આપણે નિશ્ચિત થઈને બેસી જઈશું તો પુણ્યની મૂડી, પુણ્યરૂપી પાણી ખાલી થઈ જશે, પરંતુ 'મૂડી' બૅન્કમાં જમા કરતા રહીશું, નવું નવું પાણી મોટર દ્વારા ટાંકીમાં ઉમેરતા જઈશું તો આપણું બેલેન્સ કે ટાંકી કદીય ખાલી નહિ થાય.

હા... એક વાત ચોક્કસ છે કે આ પુણ્ય પણ સુવર્ણની બેડી જેવું છે. જે વ્યક્તિના પગમાં બેડી હોય એ વ્યક્તિને ત્યાંથી ભાગવાની ઈચ્છા હોય છતાં ય ભાગી ન શકે. ઘણા લોકો યાત્રા-પ્રવાસ માટે નીકળે ત્યારે ટ્રેનમાંથી લગેજ કોઈ ઉપાડી ન જાય માટે સાંકળથી બાંધી રાખે છે. કોઈક છોકરાએ નવી જ સાઈકલ ખરીદી હોય અને એ કોઈ ઉઠાવી ન જાય માટે સાંકળથી બાંધી રાખે છે. ઘણી જગ્યાએ પાણીની પરબ હોય છે, ત્યાં લોકોને પાણી પીવા માટે ગ્લાસ હોય છે. જે સાંકળથી બાંધેલા હોય છે, જેથી કોઈ પણ એને છૂમંતર ન કરી શકે. આડો-અવળો ન મૂકી શકે.

જે રીતે કેદી, લગેજ, સાઈકલ, ગ્લાસ સાંકળથી બંધાયેલા છે તેમ આપણે પણ પુણ્યરૂપી સાંકળથી બંધાયેલા છીએ. એ પુણ્ય ભોગવ્યા વિના આપણો આ

સંસારમાંથી છૂટકારો થવાનો નથી. મોક્ષ પણ મળવાનો નથી. એટલે માત્ર પુણ્ય મેળવવા માટે જ ધર્મ આરાધનાઓ કરવાની નથી.

મોક્ષમાં પહોંચવા માટેની સામગ્રીઓ જેમ કે મનુષ્યભવ, આર્યદેશ, સદ્‌ગુરુ સમાગમ વગેરે પુણ્ય દ્વારા જ મળે છે. માટે શરૂઆતમાં મોક્ષની સામગ્રી મેળવવા માટે પુણ્યની જરૂર છે પણ મોક્ષમાં જવા માટે તો પુણ્યને પણ શૂન્ય કરવું પડશે. પણ ત્યાં સુધી પહોંચવા તો પુણ્ય જોઇશે જ. અને એ પુણ્ય પરમાત્માએ કહેલ ધર્મને આચરવાથી જ મળે છે, પણ આપણું લક્ષ્ય પૂર્વ કરેલા પાપોને ખતમ કરવાનું હોવું જોઈએ.

ખેડૂત ખેતરમાં બિયારણ વાવે છે, ત્યારે એનું લક્ષ્ય શું હોય છે ? આ ખેતી દ્વારા ઘણો બધો પાક થાય અને પોતાના લક્ષ્યને મેળવવા રાત-દિવસ મહેનત કરે છે. એને પાણી, ખાતર આપવું, જનાવર-પશુ-પંખીઓથી રક્ષણ કરવું... એ બધી જ રીતે સંભાળે છે. અને ફળ સ્વરૂપે લક્ષ્યની પ્રાપ્તિ થાય છે. ઘણો બધો પાક તૈયાર થાય છે ત્યારે આજુબાજુ ઘાસ પણ ઊગે છે. ઘાસ ઊગાડવાનું લક્ષ્ય નથી છતાં ય એને ઘાસ પણ મળે છે.

શાકભાજી સાથે થેલીય આવે છે ને !

ચશ્મા લ્યો તો એની સાથે એનું બોક્સ પણ આવે છે ને !

ગિફ્ટ લ્યો તો એની સાથે ગિફ્ટ પેપર પણ આવે છે ને !

આપણું લક્ષ્ય તો શાકભાજી, પાક, ચશ્મા, ગિફ્ટનું હોય છે, પણ થેલી, ઘાસ, બોક્સ, ગિફ્ટ પેપર એની સાથે જ આવી જાય છે. પણ હા ! જો તમે થેલી, ઘાસ, બોક્સ, ગિફ્ટ પેપરનું જ લક્ષ્ય રાખો તો એની સાથે શાકભાજી, પાક, ચશ્મા, ગિફ્ટ ન આવે. તો એવો કયો મૂરખનો સરદાર હોય કે જે ગૌણવસ્તુ-નજીવીવસ્તુઓ મેળવવા માટે મુખ્ય વસ્તુ, અમૂલ્ય વસ્તુઓને ગૌણ કરે.

કોઈ જ્વેલર્સવાળો તમારી ઉપર ખુશ થઈ માંગવા કહે તો તમે શું માંગો ? બુદ્ધિમાન હોય તે કહે મને daymond નો neckless જોઈએ છે. જ્યારે બુદ્ધુ કહે મને daymondનું neckless રાખવાનું box જોઈએ છે. આપણો નંબર શેમાં ?

જ્વેલર્સવાળો એટલે કે અનંતરત્નોના માલિક પરમાત્મા. એમની પાસે ડાયમંડનો નૅકલેસ માંગવો એટલે કે ધર્મ આરાધનાનું લક્ષ્ય પૂર્વે બાંધેલા કર્મોને બાળવાનું રાખવું. નૅકલેસ રાખવાનું બૉક્સ માંગવું એટલે કે લક્ષ્ય પુણ્ય-ભૌતિક સુખની સામગ્રી તરફ રાખવું.

ઘણીવાર એવું જોવા મળે છે કે જે બહુ ધર્મ કરતો હોય છે એ દુઃખી હોય, એના ઉપર સંકટો આવતા હોય, ડગલે ને પગલે નિષ્ફળતા મળતી હોય, એની દુકાને

કાગડો ય ન ફરકતો હોય અને જે ખૂબ પાપી હોય, અધર્મી હોય, વ્યસનોમાં ચકચૂર હોય, જેણે દેરાસર-ઉપાશ્રયના પગથિયાં પણ ન ચઢ્યાં હોય અને સુખી હોય. ડગલે ને પગલે એને સફળતા મળતી હોય, એની દુકાને customersની ભીડ લાગેલી હોય. ધર્મ કરનારો ઝુંપડામાં રહે અને પાપ કરનારો બંગલામાં રહે. ધર્મીને ત્યાં ખાવાના ય ફાંફા હોય અને પાપીને ત્યાં રોજ મહેફિલ જામતી હોય આવું કેમ ?

સાંભળો, એક વ્યક્તિને મોસંબીનો juice પીવો છે એ રસ્તા પર રહેલી લારી પર જાય છે, અને કહે છે ભાઈ એક ગ્લાસ મોસંબીનો જ્યુસ આપો. લારીવાળા પાસે મોસંબી ઓછી હતી. અનાનસ વધુ હતાં એટલે એણે એક અનાનસનો મોટો ટુકડો પહેલેથી જ મશીનમાં નાંખી દીધો હતો. હવે એક ગ્લાસનો ઓર્ડર મળ્યો એટલે ઉપરથી એક મોસંબી નાંખી. જ્યુસ કાઢી પીવા આપ્યો. પેલા ભાઈને ચાખતાં જ ખ્યાલ આવી ગયો કે આમાં અનાનસ છે. ભૈયાને ખખડાવ્યો ત્યારે એણે ભૂલ સ્વીકારી, માફી માંગી.

જૂના જમાનામાં લોકો ઘરમાં પીપડાં રાખતાં હતાં. પીપડાં એટલે મોટું અનાજ ભરવાનું સાધન. એની અંદર પહેલાં ઘઉં નાંખ્યા, પછી ચોખા નાંખ્યા અને પછી જુવાર નાંખી રહ્યાં છે ત્યાં જ તમારો બાબલો દોડતો દોડતો આવ્યો. એ ત્યાં ઊભો ઊભો જુએ છે કે મમ્મી પીપડામાં જુવાર નાંખી રહી છે. તમે ૨ મિનિટ હાથ ધોવા ગયાં. ત્યાં બાળકને મસ્તી કરવાનું મન થયું એટલે એણે પીપડાની નીચે જે નળ હતો એ ખોલ્યો તે એમાંથી ઘઉં નીકળ્યાં. એ તો જોતો રહી ગયો. ત્યાં તો મમ્મી આવી. નળ બંધ કર્યો. બાબલો મમ્મીને કહે, 'મમ્મી મમ્મી, કમાલ થઈ ગઈ ગઈ. આજે તો મને magic જોવા મળ્યું. તે તો અંદર જુવાર નાંખ્યા અને આમાંથી ઘઉં નીકળ્યાં. વાહ ! શું જાદુ છે. મમ્મી ! હું હમણાં મારા friendsને બોલાવી આ જાદુ બતાવું.'

અને એ બોલવા જાય ત્યાં તો મમ્મી એને અટકાવે છે અને કહે છે પહેલા મારી વાત સાંભળ. માતા કહે છે કે 'બેટા ! આ કંઈ જાદુ નથી. આની અંદર મેં પહેલાં ઘઉં નાંખ્યા હતા પછી ચોખા નાંખ્યા હતા પણ ત્યારે તું રમતો હતો એટલે તેં જોયું નહિ પણ જ્યારે હું જુવાર નાંખી રહી હતી ત્યારે તું દોડતો દોડતો આવ્યો અને તને એમ લાગ્યું કે મેં માત્ર આમાં જુવાર જ ભર્યાં છે. પણ આ તારી ભ્રમણા છે. છોકરો તો સમજી ગયો પણ આપણે સમજ્યાં ખરાં ?

જેવી રીતે પેલા ભાઈએ માત્ર મોસંબી જ જોઈ હતી, અંદર રહેલું પાઈનેપલ નહોતું જોયું પણ એના સ્વાદ ઉપરથી ખબર પડી ગઈ કે આમાં પાઈનેપલ છે. જેવી રીતે પેલા બાળકને જુવાર જ દેખાયા હતાં. અંદર પહેલેથી નાંખેલા ઘઉં દેખાયા ન હતા. પણ માતાએ સમજાવ્યો તો સમજી ગયો.

તેવી રીતે આપણને પણ અત્યારે નજર સમક્ષ પાપીને ત્યાં જલસા અને ધર્મીને ઘેર ધાડ દેખાય છે. પણ એ આપણી ભ્રમણા છે. આપણને અત્યારે માત્ર મોસંબી, જુવારની જેમ એના પાપો જ દેખાય છે પણ પૂર્વભવમાં એણે કરેલા સત્કાર્યો અનાનસ, ઘઉં-ચોખાની જેમ આપણને દેખાતા નથી. એ વાત આપણને ક્યારેક અનુભવ પરથી જણાય છે તો ક્યારેક આપણી માતા સમાન સદ્ગુરુ ભગવંત પાસેથી જાણવા મળે છે, માટે ક્યારે પણ આવી ભ્રમણાઓમાં ફસાવું નહિ.

તમે બધા વેપારીઓ છો. જેવી પૈસાની વાત આવે કે તમારી આંખ પહોળી થઈ જાય, કાન સરવાં થઈ જાય. તમને તમારી જ ભાષામાં કહું તો agent હોય એણે કશું જ નથી કરવાનું, માત્ર customers merchant પાસે લઈ જવાના. બધી માથાફોડ એ બેય જણા કરે અને આને બેઠાં બેઠાં જ ૧૦ ટકા કે ૧૫ ટકા commission મળી જાય. આપણે પણ આવું જ કાંઈક કરવાનું છે. આપણી સત્તાનો ઉપયોગ કરી લોકોને સત્કાર્યમાં જોડી બેઠાં બેઠાં જ commission મેળવવાનું છે.

પણ એક વાત કાન ખોલીને સાંભળજો કે જો તમે સત્તાનો દુરુપયોગ કરી લોકોને, સમાજને, પરિવારને, દુષ્કાર્યમાં જોડો છો તો એનું ય કમિશન તમને મળે છે. **સત્કાર્યોની દલાલીથી પુણ્યનું બેલેન્સ વધે છે તો દુષ્કાર્યોની દલાલીથી પાપનું બેલેન્સ વધે છે.** તમે બધા જ વણિક છો. વાણિયો હંમેશાં profitનો જ ધંધો કરે lossનો નહિ. તમારે ધંધો, દલાલી શેની કરવી છે પ્રોફિટની કે લોસની ?

**(૨) સંપત્તિ :**

*'બાંધી મુઠ્ઠી લઈ અવતર્યો જાતાં ખાલી હાથ,*
*જીવડાં જો ને તું જગતમાં કંઈ ન આવે તુજ સાથ.'*

આપણો જન્મ થયો ત્યારે આપણું વજન અઢી કિલો હતું. મૃત્યુ બાદ આપણી રાખનું ય વજન અઢી કિલો હશે. જનમ્યાં ત્યારે પ્રથમ કપડું ઝભલું વાપર્યું હતું. જેમાં એક પણ ખિસ્સું ન્હોતું. અહીંથી વિદાય થઈશું, ત્યારે છેલ્લું કપડું કફન હશે, એમાં પણ એક પણ ખિસ્સું નહિ હોય. છતાંય માનવી આખી જિંદગી ખિસ્સા ભરવાની જ મહેનત કરે છે. છે ને આશ્ચર્ય !

આજે તો ચારેબાજુ સંપત્તિ મેળવવા રાફડો ફાટી નીકળ્યો છે. ગમે તેમ કરીને, ગમે ત્યાંથી, ગમે તે રીતે સંપત્તિ જોઈએ જ. સંપત્તિ મેળવવા ધર્મને ય અભરાઈએ ચઢાવી દીધો છે. માત્ર જૈન કહેવા ખાતરના રહ્યાં. એ નામને ટકાવવા માત્ર પ્રભુના દર્શન, પૂજા કરવાના. અડધાંના તો એ પણ ગયાં.

દિવસ ને રાત સંપત્તિ માટે જ મજૂરી કરવાની. એના માટે અનીતિ કરવા ય

તૈયાર, **કરપ્શન**, લાંચ, વિશ્વાસઘાત, કપટ, છેતરપિંડી, અસત્ય બોલવા ય તૈયાર થઈ જાય. કેટલાયના હૃદય તો એટલા ક્રૂર બની ગયા છે કે સંપત્તિ માટે સગા ભાઈ, બાપ, મા, કાકા, બહેનની હત્યા કરવા સુધી પહોંચી ગયા છે. કેટલાક પોતાના દેહને ય વેચવા તૈયાર થઈ જાય છે. માત્ર ને માત્ર સંપત્તિ મેળવવા.

શું તમારા જીવનનું સર્વસ્વ સંપત્તિ જ છે ? સંપત્તિથી જ સુખ મળે એવી તમારી માન્યતા ભૂલ ભરેલી છે. વિશ્વાસ ન હોય તો સાંભળો થોડા વર્ષો પૂર્વેની આ સત્ય ઘટના.

અમેરિકાનો અત્યંત શ્રીમંત વ્યક્તિ. કરોડોની સંપત્તિનો માલિક. પોતાની બધી સંપત્તિઓને સાચવવા એક અલગ જ પ્રકારનું મોટું locker રાખ્યું. એની ચાવી એની પાસે જ રહે. બીજો કોઈ એને ખોલી ન શકે. એક દિવસ પોતે પોતાની સંપત્તિ ગણવા માટે અંદર ગયો. સંપત્તિ જોઈને, ગણી ગણીને રાજી થયો. પાછો બહાર નીકળવા ગયો ને ધ્રાસકો પડ્યો, કેમ કે દરવાજો લોક થઈ ગયો હતો અને એની ચાવી બહાર જ ભૂલી ગયો હતો. અંદરથી બૂમાબૂમ કરી મૂકી પણ લોકર જ એવું બનાવ્યું હતું કે એક શબ્દ પણ બહાર સંભળાતો ન્હોતો.

ભૂખ અને તરસ પણ લાગી હતી. ગળું સુકાઈ રહ્યું હતું. તરસથી તડપી રહ્યો હતો ત્યારે એણે એક કાગળ લખ્યો અને થોડીવારમાં જ મૃત્યુ પામ્યો. એક-બે દિવસ થયાં બધા શોધ-ખોળમાં લાગી ગયાં. અચાનક આ લોકર પાસે આવ્યા. ઉઘાડ્યું તો અંદરથી ભયંકર દુર્ગંધ મારતી હતી. બાજુમાં પડેલા કાગળને ઉઠાવ્યો અને વાંચ્યું. એમાં એણે લખ્યું હતું, 'જે કોઈ પણ મને અત્યારે એક ગ્લાસ પાણી પીવડાવશે એને હું મારી જિંદગીની બધી સંપત્તિ આપવા તૈયાર છું.' એટલે જ તો મહાપુરુષોએ કહ્યું છે.

**'अर्थानाम् अर्जने दुःखं, अर्जितानां च रक्षणे**
**आये दुःखं व्यये दुःखं, धिगर्थं दुःखकारणम्'**

સંપત્તિને પ્રાપ્ત કરવામાં, પ્રાપ્ત કરેલી સંપત્તિને સાચવવામાં, કમાવવામાં, ખર્ચ કરવામાં દુઃખ થાય છે. એવા દુઃખના કારણ સ્વરૂપ, પૈસાને ધિક્કાર થાઓ.

એક વાત યાદ રાખજો.

**સંપત્તિથી ભોજન મળશે ભૂખ નહિ,**
**પાણી મળશે, પ્યાસ નહિ,**
**ડનલોપની ગાદી મળશે, ઊંઘ નહિ,**
**ઘડિયાળ મળશે, સમય નહિ,**
**પુસ્તક મળશે, જ્ઞાન નહિ.**

પહેલા માણસ સંપત્તિને મેળવવા માટે દિવસ-રાત, ભૂખ-તરસ, ઠંડી-ગરમી બધાંની પરવા કર્યા વિના શરીરના આરોગ્યને ખર્ચી કાઢે છે, વાપરી કાઢે છે, ઘસી નાંખે છે પછી એ જ આરોગ્ય મેળવવા સંપત્તિને ખર્ચી કાઢે છે, વાપરી નાંખે છે.

આ તો એવી વાત થઈ કે ચોક્ખા કપડાં પહેરી કાદવમાં પડવાનું પછી કાદવને સાફ કરવા માટે ચોક્ખાં થવાનું.

સરસ મજાના કાગળના ટુકડે ટુકડા કરી નાંખવાના પછી એ જ કાગળને ચોંટાડવા મહેનત કરવાની.

જાણી જોઈને ઘરમાં પેટ્રોલ છાંટી આગ લગાડવાની પછી ફાયરબ્રિગેડવાળાને ફોન કરી આગ બુઝાવવા માથાકૂટ કરવાની.

Neat and clean એવા બંગલામાં કચરો નાંખી ગંદો કરવાનો પછી એ જ બંગલાને સાફ કરવા ઝાડુ-પોતું લગાવવાનું.

ઊંઘવા માટે ઊંઘની ગોળીઓ ખાવાની પછી ઊઠવા માટે elarm વગાડવાનો.

રાત ને દિવસ સંપત્તિ પાછળ મત ભાગો, હવે જાગો પરલોકમાં પાવલી ય સાથે નથી આવવાની તો પછી સંપત્તિ માટે આટલી દોડધામ શા માટે ? ઘણા લોકો કહે છે મ.સા. મોંઘવારીનો જમાનો છે. પૈસા વિના ચાલી શકે એમ નથી ? પહેલા તમે મારી એક વાત ધ્યાનથી સાંભળો. તમારી પાસે દૂધનો ગ્લાસ ભરેલો છે. બાજુમાં સાકરનો ડબ્બો ભરેલો છે. તમારે મીઠું દૂધ પીવું છે. શું કરવું પડશે ? બાજુમાં રહેલા સાકરના ડબ્બામાંથી બે ચમચી સાકરની ભરી દૂધમાં નાંખી હલાવવું પડશે.

સાકર એ પુણ્યના સ્થાને છે. હલાવવાની ક્રિયા એ પુરુષાર્થના સ્થાને છે. તમે સાકર નાંખ્યા વિના જ રાત-દિવસ એને હલાવ્યા જ કરશો તો ય એ કદી ગળ્યું નહિ બને. એક રાત શું હજારો રાતો, અરે તમારી જિંદગી ય પૂરી થઈ જશે પણ માત્ર હલાવવાથી દૂધ ક્યારેય મીઠું ન બને. એમાં સાકર નાંખવી જ પડે. તેમ રાત-દિવસ મહેનત કરવાથી કંઈ પૈસા ન મળે પણ એના માટે ય પુણ્ય જોઈએ.

એક વાત ચોક્કસ છે કે માત્ર સાકરનો ડબ્બો બાજુમાં રાખવાથી ય દૂધ ગળ્યું ન બને. એના માટે પુરુષાર્થ પણ કરવો પડે. એટલે નિષ્કર્ષ એ આવ્યો કે પુણ્ય + પુરુષાર્થ. બંને સાથે હોય ત્યારે પૈસાની પ્રાપ્તિ થાય. અને એમાં ય પુણ્યની જરૂરત ૯૦ ટકા છે. પુરુષાર્થની ૧૦ ટકા.

જો પુણ્ય જ નહિ હોય તો ગમે તેટલો પુરુષાર્થ કરો પરિણામ શૂન્ય છે અને પુણ્ય સત્કાર્ય કરવાથી જ બંધાય છે. તમે સત્કાર્યને, ધર્મને બાજુમાં મૂકી રાત-દિવસ સંપત્તિ પાછળ જ દોડો તો ક્યાંથી પુણ્ય મળે ? પુણ્ય વિના સંપત્તિ ય ક્યાંથી મળે ?

ચાલો એક વાત નક્કી કરો કે તમારો દિવસનો ખર્ચો નીકળી જાય એટલું કમાયા પછી દુકાન બંધ કરી ધર્મ આરાધનામાં લાગી જવાનું ?

અમને ઘણા કહે કે, મ.સા. ! ભવિષ્યનો તો વિચાર કરવો પડે ને ? કાલ ઊઠી માંદગી આવે, hospitalમાં ભરતી થવું પડે, દિકરાને schoolમાં કે colleageમાં admition મેળવવા donation આપવું પડે, હાલતાં ને ચાલતાં ઘરમાં કોઈ પ્રસંગ આવીને ઊભો રહે ત્યારે જો પૈસા હોય તો બધા કાર્યો આસાનીથી પાર પડી જાય ને ?

વાહ રે વાહ... શાબાશ... અહીં તમને તમારા ભવિષ્યનો વિચાર આવે છે. પણ કયા ભવિષ્યનો ? માત્ર આ લોકના જ ભવિષ્યનો વિચાર આવે છે. જ્યારે હું તમારા આલોક સાથે પરલોકના ય ભવિષ્યનો વિચાર કરું છું.

આ લોકમાં ધર્મ આરાધનાને બાજુમાં મૂકી ૧૮-૧૮ પાપોનું સેવન કરી જે પૈસો તમે જમા કરી રહ્યા છો. જ્યારે એ પાપોનો ઘડો ફૂટશે અને એ પાપો ભોગવવાનો અવસર આવશે ત્યારે હાજા ખખડી જવાના. આંખમાંથી ચોધાર આંસુ વહેતા હશે તો ય કર્મરાજાને તમારા ઉપર દયા નથી આવવાની. એ તો એનો ચોપડો clear કરવા હિસાબ ચૂકતે કરીને જ જવાના છે.

જે સંપત્તિ માટે રાત-દિવસ મહેનત તમે કરો અને જલસા પરિવારના બધા ય સદસ્યો કરે. પણ યાદ રાખજો એના પાપનું ફળ ભોગવવામાં એ લોકો ભાગ નહિ પડાવે. એ તો જાતે જ ભોગવવું પડશે.

જંગલનો રાજા સિંહ પોતાની ભૂખ ભાંગવા હાથી ઉપર તરાપ મારે અને ફાડી ખાય. પોતાનું પેટ ભરી ત્યાંથી ચાલતો થઈ જાય એની પાછળ શિયાળીયાઓ મિજબાની મનાવે. પણ હાથીને મારવાનું પાપ કોને લાગે ? હજુ ય વિશ્વાસ ન આવતો હોય તો વાંચો આ સત્ય ઘટના, જેથી તમારી શંકાનું સચોટ સમાધાન થઈ જશે.

મલાડમાં રહેતા એક કરોડપતિ શેઠે દિવસ અને રાત મહેનત કરી સંપત્તિ ભેગી કરી. Bankમાં પોતાના accountમાં જમા કરાવી. એક જ વિચાર કે આ સંપત્તિ મને આપત્તિમાંથી બચાવશે. ભવિષ્યમાં કોઈ તકલીફ ઊભી થાય ત્યારે અમારું રક્ષણ કરશે.

એક દિવસ કોઈક પ્રસંગ આવતાં એ ભાઈ સંપત્તિ લેવા બૅન્કમાં ગયા. એમના ઘર અને બૅન્ક વચ્ચે માત્ર ૫ મિનિટનું જ અંતર હતું. બૅન્કમાંથી પૈસા કઢાવી ઘર તરફ આવતા હતાં કે લૂંટારુઓ ત્યાં આવ્યા. ભરબજારમાં ધોળા દિવસે લોકોની નજર સામે

જ એ ભાઈના પેટમાં છરા ભોંકી બધી સંપત્તિને લૂંટીને ભાગી ગયા. એ ભાઈ તરફડી તરફડીને ત્યાં જ મૃત્યુ પામ્યા.

જે સંપત્તિને તમે તારક માનતા હતા એ જ મારક બની ગઈ. જેને તમે રક્ષક માનતા હતા તે જ ભક્ષક બની ગઈ.

સંપત્તિ આજ દિન સુધી કોઈની પણ થઈ નથી અને થવાની પણ નથી. એ તો જેનું લલાટ પુણ્યથી ચમકતું હશે ત્યાં જ રહેવાની છે.

જો તમારું પુણ્ય ચમકતું હશે તો કોઈના બાપની ય તાકાત નથી કે તમારી સંપત્તિ સામે નજર નાંખી શકે. એ સંપત્તિને ચોર ચોરી ન શકે, લૂંટારુ લૂંટી ન શકે, અગ્નિમાં બળે નહિ, ઉધઈ ખાય નહિ, પાણીમાં ડૂબે નહિ પણ જો તમારું પુણ્ય જ પરવારી ગયું હશે તો એ સંપત્તિ તમે ગમે તેટલી ખૂણે ખાંચરે સાચવી રાખી હશે, ગમે તેટલા તાળાંઓ લગાવ્યા હશે, ગમે તેટલા ચોકીદારો એની રક્ષા માટે રાખ્યા હશે પણ એ તમારી પાસે નહિ ટકે.

મ.સા. હાથ બાંધીને બેસી રહેવા કરતાં થોડી મહેનત કરીએ તો દિલને ટાઢક તો વળે. ભલે મને નિષ્ફળતા મળી પણ મેં મહેનત તો કરી હતી ? ભઈલા મારી એક વાત ધ્યાનથી સાંભળ.

પૂર્વના જમાનામાં દૂધને માટીના ઘડામાં રાખતાં. સાંજ પડે એટલે એમાં મેળવણ નાંખી માટલામાં જ જમાવી દેતાં. સવાર પડે એટલે એ દહીં બની જાય. એનું વલોણું કરે. આજે જેમ મશીનથી દહીમાંથી છાશ બનાવે છે તેમ પૂર્વના કાળમાં વલોણું કરી છાશ બનાવવામાં આવતી. એ વલોણું જાતે જ કરવું પડે. ૨-૩ કલાકની મહેનત કરવી પડે અને એ છાશ બને ત્યારે ઉપરથી માખણ કાઢી તાજું ઘી અને આજની જ તાજી છાશ તૈયાર થાય. બપોરે જમવા બેસે ત્યારે ઘીથી લચપચતો રોટલો, ગોળ, છાશ અને મરચાં. આ જ એમનો ખોરાક.

એક વખતની વાત છે કે સાસુને કંઈક કામ આવી પડતાં વહુને કહ્યું કે હું થોડુંક કામ પતાવીને આવું છું આજે તું છાશ કરી રાખજે. વહુએ હા પાડી. ૨-૩ કલાક સખત અને સતત મહેનત કરે છે પણ માખણ જ નથી થતું. ત્યાં સાસુમા આવ્યા. એમણે વહુને પસીનાથી લોથપોથ જોઈ. એટલે વલોણું પોતાના હાથમાં લઈ એમણે ૨-૩ કલાક મહેનત કરી પણ માખણ જ ન દેખાય. સાસુમા વિચારે છે કે કેમ આવું થયું ? રોજ તો માખણ થાય છે આજે આટલી બધી મહેનત કરવા છતાં નથી થતું એટલે એમણે બરોબર અંદર ધારીને જોયું ને ચોંકી ઊઠ્યા અને જોરથી બોલ્યા. ‘બાપ રે બાપ... હે ભગવાન... બધી મહેનત પાણીમાં...’

બન્યું એવું કે સાસુમા બહાર ગયા. એટલે વહુએ જોયા વિના જ માટલામાં

વલોણું ફેરવવાનું શરૂ કર્યું. બે માટલા બાજુબાજુમાં હતાં. એક પાણી પીવા માટે રાખ્યું હતું અને એક છાશ બનાવવાનું હતું. વહુએ ભૂલથી દહીના માટલાને બદલે પાણીના માટલામાં વલોવવાનું શરૂ કર્યું... અને પછી સાસુમાએ....

૬ કલાક... ૬ મહિના... ૬ વર્ષ.... તમે પાણીમાં વલોણું કર્યા કરો પણ એમાંથી ક્યારેય માખણ નહિ નીકળે. તમે ઘાણીમાં ગમે તેટલી રેતીને પીલ્યાં કરો... એક ટીપું પણ તેલનું નહિ નીકળે. તમે ચમચી લઈને અરબી સમુદ્રના પાણીને માપવા બેસો.. જન્મારો પૂરો થઈ જશે. પણ સમુદ્રનો અંત નહિ આવે. આ બધી તમારી મહેનત પાણીમાં છે. આવી મહેનત કરી તમારા દિલમાં ઠંડક અનુભવશો ?

સાચા માર્ગે કરેલી મહેનત હંમેશાં સફળ થાય છે. તેમ પુણ્ય સાથે કરેલો પુરુષાર્થ સફળ થાય છે. હું તમને હાથ બાંધીને બેસી રહેવા માટે નથી કહેતો. હું તો માત્ર એટલું જ કહું છું કે ધર્મને બાજુમાં મૂકી રાત-દિવસ સંપત્તિ પાછળ દોડવાથી એ ક્યારેય નહિ મળે. કિંતુ ધર્મ દ્વારા ઉપાર્જન કરેલા પુણ્ય દ્વારા જ સંપત્તિ મળશે. માટે તમારા જીવનમાં ધંધા કરતાં ધર્મને સ્થાન વધુ આપો.

એક વાત હંમેશા યાદ રાખજો કે સુખ સંપત્તિથી નથી મળતું સંતોષથી મળે છે. સંપત્તિ વધે છે તેમ સુખ વધે છે. આવી ભ્રમણામાં ફસાતા નહિ. સંપત્તિ તો પેલા મમ્મણ શેઠ પાસેય ચિક્કાર હતી. પણ એની પાસે સંતોષ નહોતો એટલે જ દુઃખી હતો.

આવો કરોડપતિ શેઠિયો છતાં ય વધુ સંપત્તિ મેળવવા રાત્રે શિયાળાની ઋતુમાં ય નદીમાં પડે ત્યાં કોઈ તૂટી ગયેલા વહાણના લાકડાં તરતા હોય તેને લઈ આવે. એ વેચી એમાંથી જે થોડા ઘણા પૈસા મળે એ ભેગા કરે. એક દિવસ એ રાત્રિએ ઠંડીમાં લાકડા લેવા જતો હતો ને રાણીએ આખું દૃશ્ય જોયું. મહારાણીએ શ્રેણિક રાજાને વાત કરી. આપણા રાજ્યમાં આટલા દુઃખી માણસો છે ને તમને દયા પણ નથી આવતી. શ્રેણિક મહારાજાને વાત સાચી લાગી. બીજા દિવસે એને રાજસભામાં હાજર કર્યો. રાજાએ જે જોઈએ તે માંગવા કહ્યું. પેલો મમ્મણ કહે રાજન્ ! પહેલા આપ મારે ત્યાં પધારો પછી હું આપને જણાવીશ. રાજા ત્યાં ગયા.

મમ્મણ શેઠ શ્રેણિક રાજાને અંદરના ઓરડામાં લઈ ગયાં. રાજાએ ત્યાંનું દૃશ્ય જોયું અને આશ્ચર્ય પામ્યા. એ ઓરડામાં બે રત્નોના બળદ હતાં. આખા બળદો રત્નોથી શણગારેલા હતાં. એના એક રત્નની તોલેય રાજ્યની સંપત્તિ આવી શકે તેમ નહોતી. રાજાએ પૂછ્યું કે આટલી બધી સંપત્તિ છે છતાંય ભિખારી જેવું જીવન શા માટે ? મમ્મણ કહે રાજન ! ધ્યાનથી જુઓ. બીજા બળદનું એક શિંગડું હજુ ખાલી છે. એ રત્નોથી ભરાઈ જાય બસ એટલે મારા મનને શાંતિ થાય.

આટલી બધી સંપત્તિનો માલિક પણ માત્ર તેલ અને ચોળા ખાતો હતો. પરિવારના સદસ્યો જમવા બેસે તો એના ય કોળિયા ગણતો હતો. આવી સંપત્તિ શું કામની જે આપણા જીવનને મસ્તીથી જીવવા ય ન દે.

શું તમે બધાય આ મમ્મણના વંશમાંથી તો નથી આવ્યા ને ? જો તમને તમારી સંપત્તિથી સંતોષ ન હોય તો થોડુંક વિચારવા જેવું તો ખરું ? કેમ બરાબર ને ?

એકવાર એક દૂતે ઘણા સમયથી પુત્રની ઇચ્છાવાળા એવા રાજાને કહ્યું રાજન ! આપનો જય હો... વિજય હો... જય જયકાર હો... આજે આપને ત્યાં પુત્રનો જન્મ થયો છે... રાજા તો ખુશખુશાલ થઈ ગયો અને એ દૂતને ૭૭ પેઢી સુધી ન ખૂટે એટલું ધન આપ્યું. ધન મળતાં જ પેલો દૂત પોક મૂકીને રડવા લાગ્યો.

બધાને આશ્ચર્ય થયું. કોઈને કાંઈ ખબર પડતી ન્હોતી. એક જણે પૂછ્યું, 'ભાઈ ! તું રડે છે શા માટે ?' પેલો દૂત કહે રાજાએ મારી ૭૭ પેઢી સુધી ન ખૂટે એટલું ધન આપ્યું પણ મારી ૭૮મી પેઢીનું શું થશે... ?

જ્યાં માત્ર સંપત્તિ જ છે ત્યાં સુખ નથી પણ જ્યાં સંતોષ છે ત્યાં જ સુખ છે. જ્ઞાનસાર નામના ગ્રંથમાં મહોપાધ્યાય યશોવિજયજી મ.સા.એ કહ્યું છે,

**परस्पृहा महादुःखं, निःस्पृहत्वं महासुखं,**
**एतदुक्तं समासेन, लक्षणं सुखदुःखयोः ॥**

કોઈની પણ અપેક્ષા, ઇચ્છા રાખવી એ જ સૌથી મોટું દુઃખ છે અને અપેક્ષા વિનાનું, ઇચ્છા વિનાનું જીવન જીવવું એ જ સૌથી મોટું સુખ છે.

એક વાત ધ્યાનમાં રાખજો કે ઇચ્છાઓ ક્યારે પણ પૂરી થવાની નથી. એક ઇચ્છા પૂરી થશે ત્યાં બીજી નવી ઇચ્છા ઊભી થઈ જશે. એને પૂરી કરશો ત્યાં વળી ત્રીજી ઇચ્છા... આમાં આપણું આયૂષ્ય ખૂટી જશે પણ ઇચ્છાઓ નહિ ખૂટે. આપણા શ્વાસો પૂરા થઈ જશે પણ ઇચ્છાઓ, અપેક્ષાઓ ક્યારેય પણ પૂરી નહિ થાય. આનો આપણને બધાને અનુભવ છે.

નાના હતાં ત્યારે આપણી ઇચ્છા હતી કે મને રમવા માટે રમકડાં મળી જાય તો આખી દુનિયાનું સુખ મને મળી જાય. કંપાસ... બેગ... સારાં કપડાં... ઘડિયાળ... નવી સાઈકલ... નવા બૂટ... નવો મોબાઈલ... ડીગ્રી... નોકરી... છોકરી... પુત્ર... એના લગ્ન... દાદા બનું... ખોળામાં રમાડું... સારું ભોજન... સેવા-ચાકરી... આમ માણસને મરતાં સુધી કોઈને કોઈ ઇચ્છા રહેવાની જ. અને મોત સુધી માણસ એને પૂરી કરવા પ્રયત્ન કરવાનો... દુઃખી જ રહેવાનો... માટે જો

સુખી થવું હોય તો ઈચ્છાઓથી વિરમો અને સંતોષમાં રમો.

યાદ કરો પેલા **પુણિયા શ્રાવકને** ! આજના દિન પૂરતું કમાઈ લે એટલે ધંધો બંધ. ધર્મ-આરાધનામાં ડૂબી જાય. ન આવતીકાલની ચિંતા... ન ભવિષ્યની ચિંતા... માત્ર વર્તમાનમાં જ મજેથી જીવવાનું. પોતે જ આટલા ઉત્તમ હોય તો શ્રાવિકા ય એવા ઉત્તમ જ હોય ને... બંને એક જ ટાઈમ ભોજન કરે અને પ્રસન્નતાથી જીવન જીવે. એક દિવસ સાધર્મિક ભક્તિ કરવાનું મન થયું. એના માટે વધારે કમાવવાની ઈચ્છા નથી. નક્કી કર્યું. બંને વારાફરતી ઉપવાસ કરે અને એમના ભોજનમાંથી સાધર્મિકની ભક્તિ કરે. સમય મળતાં જ સામાયિકમાં મશગૂલ બની જાય. આ રીતે ધર્મમય જીવન પસાર કર્યું.

મમ્મણ પાસે અઢળક સંપત્તિ હતી પણ સંતોષ ન્હોતો માટે સુખી ન્હોતો. પુણિયા પાસે સંપત્તિ ન્હોતી પણ સંતોષ હતો માટે સુખી હતો.

શ્રમણ-શ્રમણી ભગવંત પાસે એક પણ રૂપિયો નથી છતાં ય આટલી મસ્તીથી પોતાનું જીવન જીવી રહ્યા છે. એનું કારણ શું ? કોઈ પણ જાતની અપેક્ષાઓ નથી. એટલે જ તો મહોપાધ્યાય યશોવિજયજી મ.સા.એ કહ્યું,

**भूशय्या भैक्षमशनं जीर्णवासो वनं गृहम्**
**तथाऽपि निःस्पृहस्याहो चक्रिणोप्यधिकं सुखम् ।**

સાધુઓની શય્યા કઈ ? ધરતી. ધરતી ઉપર સંથારો-ઉત્તરપટ્ટો પાથરીને સંથારી જાય અને પડતાં જ ઘસઘસાટ ઊંઘ આવી જાય. જે તમને **એ.સી. રૂમમાં... ડનલોપની ગાદી ઉપર... સોફ્ટ ચાદર** ઓઢીને... ઊંઘની ગોળીઓ ખાઈનેય... ન આવે.

શ્રમણ ભગવંતોને વાપરવાનું શું ? ઘરે ઘરે ગોચરી વહોરવા માટે જાય. ક્યારેક મેવા-મિઠાઈઓથી પાત્ર ભરાઈ જાય તો ક્યારેક રોટલીના ય વાંધા હોય. ક્યારેક ૩૨ પકવાન મળે તો ક્યારેક પાણી પીને ય પેટ ભરવું પડે. છતાં ય એટલી જ પ્રસન્નતા હોય જે તમને ઘરમાં સોનાના થાળી-વાટકામાં ૩૨ મિઠાઈ પકવાન ખાતાં પણ ન હોય.

**ગુરુ ભગવંતોના dress એક જ હોય પણ adress ઘણા બધા હોય. જ્યારે તમારે ઊલ્ટું છે. adress એક જ હોય પણ dress ઘણા બધા હોય.** ગુરુ ભગવંતને પહેરવા માટે સફેદ રંગના જિર્ણ-શીર્ણ વસ્ત્ર હોય છતાંય મુખ પર એટલી મસ્તી હોય જે તમને મોંઘાદાટ, રંગબેરંગી, ફેશનેબલ, રોજના નવા વસ્ત્રો પહેરતાં ય ન હોય.

સાધુ-સાધ્વીજી ભગવંતોને રહેવાનું ક્યાં ? ક્યારેક શાલિભદ્રના મહેલ જેવા

ઉપાશ્રયમાં તો ક્યારેક સુદામાના ઝુંપડા જેવા ઉપાશ્રયમાં, ક્યારેક ઉપવનમાં તો ક્યારેક વેરાન રણમાં, ક્યારેક સ્કૂલમાં તો ક્યારેક મહાદેવના મંદિરમાં, ક્યારેક સુંવાળી જમીન ઉપર તો ક્યારેક ખાડા-ટેકરાવાળી જમીન ઉપર છતાંય એમના મુખ ઉપર ચમકતું તેજ હોય છે, જે કરોડોના મહેલ જેવા **બંગલામાં-ફ્લેટમાં, ડાઈનિંગ ટેબલ, ફ્રીઝ, ટીવી, વોશિંગ મશીન, માઈક્રો ઓવન, હોમ થિયેટર, નોકર-ચાકર** ખડેપગે તમારી સેવામાં હાજર હોય એવા ફ્લેટમાં ય નથી. આનું કારણ શું ?

**न ही सुही देवता देवलोए, न हि सुही पुढवी पहराया,**
**न हि सुही सेठ सेनावइया एगंत सुही साहु वीतरागी ।**

દેવલોકના દેવતા પણ સુખી નથી. સમગ્ર પૃથ્વીનો રાજા પણ સુખી નથી. શેઠ કે સેનાપતિ પણ સુખી નથી. પણ વાસ્તવમાં સુખી કોઈ હોય તો વીતરાગી સાધુઓ જ સુખી છે.

ધરતી ઉપર સંથારો કરનારા, તમારી ભિક્ષા દ્વારા ભોજન કરનારા, જીર્ણ-શીર્ણ વસ્ત્ર પહેરનારા, વનમાં રહેનારા સાધુઓને ચક્રવર્તી કરતાં પણ અધિક સુખ હોય છે. કારણ કે તેઓનું જીવન અપેક્ષા વિનાનું છે. જ્યારે તમારું જીવન સેંકડો અપેક્ષાવાળું છે. એમને જે મળે તેમાં સંતોષ હોય છે. જ્યારે તમને જે મળ્યું છે તેમાં સંતોષ નથી અને નથી મળ્યું તે મેળવવાની અપેક્ષાઓ છે. જો તમારે ખરેખર આ ભવમાં સુખી થવું હોય તો અપેક્ષાઓ છોડીને સંતોષમય જીવન જીવવાનું શરૂ કરી દો.

***Don't expect anything from anybody.***
***કોઈપણ વ્યક્તિ પાસે કોઈપણ વસ્તુની અપેક્ષા રાખો નહિ.***

કેટલાક વ્યક્તિઓનું પૂર્વભવનું પુણ્ય એટલું જોરદાર હોય છે કે એ પાણી માંગે તો ય દૂધ હાજર થાય. એને પુષ્કળ ભોગસામગ્રી, ભૌતિક સુખોની પ્રાપ્તિ થાય છે. અજ્ઞાની મનુષ્યો તેમાં પાગલ બનીને પોતાનું બધું પુણ્ય વેડફી નાંખી દુર્ગતિના દ્વાર ખોલે છે. પણ જે જ્ઞાની છે. સમજુ છે તે ક્યારેય આ ભોગ સુખો પાછળ, ક્ષણિક સુખો પાછળ આસક્ત ન થાય. એનું લક્ષ્ય તો અનંતકાળના અનંત સુખને મેળવવાનું હોય છે.

**ભરત મહારાજા** પાસે છ ખંડનું સામ્રાજ્ય હતું. અઢળક ભૌતિક સુખોની સામગ્રીઓ હતી. ૯ નિધિ, ૧૪ રત્નો, ૬૪૦૦૦ દેવાંગના જેવી સ્ત્રીઓ, ૯૬ કરોડ ગામ હતા. છતાંય તેઓ આ ભૌતિક સુખોથી સાવધાન હતાં. એમાં આસક્ત ન બન્યા. એટલે જ તો શાશ્વત સુખના ભોક્તા બન્યા. આપણે પણ જો શાશ્વત સુખને

પ્રાપ્ત કરવું હોય તો થોડા કાળના, ક્ષણના સુખમાં સાવધાન બનવું પડશે. ક્યાંય એમાં આસક્ત ન થઈ જવાય, લેપાઈ ન જવાય, અટવાઈ ન જવાય.

*સુખમાં ફુલાવવું નહિ,*

*સુખમાં લીન ન બનો.*

*દુઃખમાં ગભરાવવું નહિ,*

*દુઃખમાં દીન ન બનો.*

(૩) **સ્ત્રી :**

***'પ્રભુ સાથે જો પ્રીત વંછો તો નારી સંગ નિવારોજી.'***

જો આપણે ખરેખર પરમાત્મા સાથે પ્રીત કરવા ઈચ્છતા હોઈએ તો આપણે સ્ત્રીના સંગને ત્યજવો જોઈએ. કારણ કે સ્ત્રી આપણી સાધનામાં બાધક બને છે. મહાપુરુષો કહે છે કે, આ સંસારમાં વિધાતાએ સ્ત્રીના બહાને એક એવી જાળ ગોઠવી છે કે, જે જાળમાં વિવેકરહિત થયેલા મનુષ્યો, દેવો, તિર્યંચો, દાનવો બધા ફસાય છે.

જેમ શિકારી પક્ષીઓને પકડવા અનાજના દાણાઓ નાંખે છે. સાથે એવી જાળ બિછાવે છે કે જે પક્ષીઓને દેખાય પણ નહિ. પક્ષીઓ માત્ર સરસ મજાનાં દાણાઓ જોઈને ખાવા માટે જાય છે. ત્યાં જ જાળમાં ફસાઈ શિકારીના સકંજામાં ઝડપાઈ જાય છે. તેવી જ રીતે મોહરાજારૂપી શિકારીએ અનાજના દાણાસમાન સ્ત્રીઓ બનાવી છે. જેના આકર્ષણ પાછળ પક્ષીઓ સમાન બિચારા પામર જીવો ઝડપાઈ જાય છે.

ઈંદ્રિય પરાજયશતક નામના ગ્રંથમાં પૂર્વમહાપુરુષે કહ્યું છે કે,

**'मणयनवणीयविलओ जह जायइ जलणसंनिहाणंमि**
**तह रमणिसंनिहाणे विद्‌दवइ मणो मुणीणं पि ।'**

જેમ અગ્નિ પાસે રહેલું મીણ કે માખણ પીગળી જાય છે. તેમ સ્ત્રીની પાસે રહેવાથી મુનિ ભગવંતોનું પણ મન ચલાયમાન થઈ જાય છે. એટલે જ તો મુનિભગવંતો સ્ત્રીના સંગથી દૂર રહે છે. કદાચ અજાણતાં સ્ત્રી ઉપર દૃષ્ટિ પડી જાય તો પણ સૂર્યની સામે નજર કરતાં જ જેમ દૃષ્ટિ પાછી લેવી પડે તેમ પોતાની નજર ફેરવી નાંખે છે.

યાદ કરો પેલા **નરેન્દ્રને** ! એક વખત અગાશીમાં અભ્યાસ કરતાં કરતાં આંટા મારી રહ્યાં હતાં. અચાનક અગાશી પરથી સામેના ઘરમાં દૃષ્ટિ પડી. એક યુવતિ સ્નાન કરી રહી હતી. થોડીક ક્ષણો સુધી ધારી ધારીને... ટીકી ટીકીને જોયા કર્યું. થોડીવાર થઈ... દૃષ્ટિ પાછી ખેંચી... વિચારધારા શરૂ થઈ... મેં આ ખોટું કર્યું... મારી ભૂલ થઈ... આ ભૂલની સજા મળવી જ જોઈએ....

અગાશી પરથી તરત નીચે ઊતર્યાં... **કિચનમાં** જઈ ડબ્બો ખોલી અંદરથી

લાલ તીખા મરચાંનો ભૂક્કો લઈ બંને આંખોમાં નાંખ્યો...

આંખમાં ભયંકર બળતરા થઈ... પાણીની ધારા વહી... તે વખતે મનમાં વિચાર્યું. આ નાલાયક એવી મારી આંખે આ પાપ કર્યું હતું. એની એને સજા મળી ગઈ. ભવિષ્યમાં આવું પાપ કરશે તો આનાથી પણ ખતરનાક સજા મળશે... આ જ નરેન્દ્ર આગળ જઈને સ્વામી વિવેકાનંદ બન્યા.

જગતમાં જે પુરુષોના માહાત્મ્યને દેવેન્દ્ર પણ ન ભાંગી શકે તેવા પુરુષોને પણ સ્ત્રીઓએ પોતાના ગુલામ બનાવ્યા છે. પોતાના દાસ બનાવ્યા છે તેવા પુરુષોને ય સ્ત્રીઓ પોતાની આંગળીના હિસાબે નચાવતી હોય છે. સ્ત્રીઓ ઘરમાં રાજા તરીકે રૂઆબ જમાવે. અને પુરુષ બિચારો નોકરની જેમ કામ કરે. સ્ત્રીની દરેક આજ્ઞાનું પાલન કરે.

**सियं च उण्हं सहंति मूढा, इत्थीसु सत्ता अविवेअवंता ।**
**इलाइपुत्तं व चयंति जाइं, जिअं च नासंति अ रावणुव्व ॥**

સ્ત્રીઓને વિષે આસક્ત થયેલા અવિવેકી પુરુષો ઠંડી... ગરમી... ભૂખ... તરસ... બધું જ સહન કરે છે. પેલા ઈલાચિપુત્રએ એક નટડીના પ્રેમમાં પાગલ બની પોતાના સગા મા-બાપ... કુટુંબ... સમાજ... આબરૂને અભરાઈ પર ચઢાવી દીધી.

૨ મિનિટના સ્ત્રીના પ્રેમમાં પાગલ બની ૨૨-૨૨ વર્ષના મા-બાપના સ્નેહને ભૂલી જનારા લોકોનો આ દુનિયામાં તોટો નથી. એક સીતાના રૂપમાં મોહાંધ બનેલા રાવણે પોતાના પ્રાણો ગુમાવ્યા. આ વાતો તો જગપ્રસિદ્ધ જ છે ને !

અરે ! જે સ્ત્રી માટે રાજાએ પોતાનું રાજ્ય, રાજવી વૈભવો, સ્વજનો, સંપત્તિઓ બધું જ છોડી જંગલની કાંટાળી કોડી પકડી... જંગલમાં ભૂખ લાગે તો બીજું કંઈ પર ન મળતાં પોતાના જ શરીરનું માંસ ખવડાવ્યું... તરસ લાગતા પોતાના જ શરીરમાંથી લોહી કાઢી પીવડાવ્યું... થાક લાગતાં પોતાના ખભા ઉપર બેસાડી એક સ્થાનેથી બીજા સ્થાને ભટક્યો... એ જ સ્ત્રીએ પરપુરુષમાં આસક્ત બની પોતાના જ પતિને કૂવામાં ધક્કો મારી દીધો...

**जुवईहिं सह कुणंतो संसग्गि, कुणइ सयलदुक्खेहिं ।**
**न हि मुसगाणं संगो, होई सुहो सह बिलाडेहिं ॥**

સ્ત્રીઓનો સંસર્ગ કરનારો પુરુષ ખરેખર સઘળાં દુઃખોની સાથે સંબંધ બાંધે છે. એટલે કે એને અનેક જાતનાં આકરાં દુઃખો ભોગવવા પડે છે. કારણ કે ઉંદરોને બિલાડીઓની સાથે સંગ કરવો તે સુખાવહ નથી.

યાદ કરો પેલા **રાજા મુંજને** ! યુદ્ધમાં કારમો પરાજય મળ્યો... તૈલંગણના

રાજા તૈલપે મુંજને બંદી બનાવી કારાગૃહમાં પૂર્યો. તેના ભોજનની વ્યવસ્થા તૈલપ રાજાની કદરૂપી બહેન મૃણાલિની કરતી હતી. આમ રોજ ભોજન બાબતે બંનેને મળવાનું થતાં એકબીજા તરફ આકર્ષાયા. બંને એકબીજાના પ્રેમમાં પાગલ બન્યાં.

એક વખતની વાત છે કે રાજા મુંજના વિશ્વાસુ સેવકોએ રાજા મુંજને કારાગૃહમાંથી મુક્ત કરવા ગુપ્ત ભોંયરો બનાવ્યો. હવે રાજા મુંજને મુક્ત થતાં અટકાવનાર કોઈ ન્હોતું. રાજા મુંજ ભાગવાની તૈયારી કરતા હતાં. ત્યાં જ મૃણાલિની આવી. રાજા મુંજે તેને બધી વાત કહી અને પોતાની સાથે આવવા કહ્યું. મૃણાલિની કહે થોડીવાર રાહ જુઓ હું હમણાં જ મારા કિંમતી આભૂષણોની પેટી લઈ આવું પછી જઈએ...

આ તરફ મૃણાલિનીએ વિચાર્યું કે જો રાજા મુંજ આ કારાગૃહમાંથી મુક્ત થશે તો એના રાજ્યમાં રહેલી રૂપ રૂપના અંબાર સમાન એની પટ્ટરાણી પાછળ પાગલ બની જશે. ત્યાં જઈ મારા ભાવ પણ નહિ પૂછે. એટલે એને અહીંથી ભાગતા મારે ગમે તે ઉપાયે અટકાવવો જોઈએ.

આવો વિચાર કરી મૃણાલિની સીધી દોડી પોતાના ભાઈ તૈલપ પાસે... બધી વાતો કહી દીધી. તૈલપે તરત જ પોતાના સૈનિકો મોકલ્યા... રાજા મુંજને પકડી ઘેર ઘેર ભીખ મંગાવી. રાજા મુંજે ઘેર ઘેર ભીખ માંગતા લોકોને શીખ આપી કે, કદી પણ કોઈ સ્ત્રી ઉપર વિશ્વાસ નહિ કરતાં, નહિં તો રાજા મુંજ જેવી તમારી ય હાલત થશે...

રાજા તૈલપે મુંજ પાસે ઘેર ઘેર ભીખ મંગાવી મોટા મેદાન વચ્ચે ઊભો રખાવ્યો... બીજા બાજુ ગાંડો હાથી છોડ્યો... એ હાથીએ પોતાના પગ નીચે રાજા મુંજને કચડી નાંખ્યો.

માટે જ શાસ્ત્રકાર ભગવંતોએ સ્ત્રીના સંગથી દૂર રહેવા કહ્યું છે. જે જે વ્યક્તિઓએ સ્ત્રીનો સંગ કર્યો છે તે તે વ્યક્તિઓ ઊંચા અને મોટા પદો પામીનેય ત્યાંથી પટકાયા છે.

હા ! તીર્થંકરો, મહાપુરૂષોને જન્મ આપનાર, સંસ્કારોનું સિંચન કરનાર, પતિત પરિણામીને પણ ઉત્થાન તરફ લઈ જનાર પણ સ્ત્રીઓ જ છે. પણ એ સ્ત્રીઓની અહીં વાત નથી. અહીં તો જે સાધનામાં બાધક બનનાર છે એ સ્ત્રીઓની વાત છે.

નિમિત્તો મળતાં પતન પામવું તેના કરતાં નિમિત્તોથી દૂર રહેવામાં જ સલામતી છે. જો આપણે આપણા જીવનને સલામત રાખવું હોય તો આપણા જીવનને પતન તરફ લઈ જનારાં આ ત્રણેયથી દૂર રહેવું.

## (૨) દુઃખમાં સમાધાન - આર્તધ્યાન ન થાય.

કોઈ પણ જીવ જ્યાં સુધી સંસારમાં છે ત્યાં સુધી એના જીવનમાં દુઃખ તો આવવાનું જ. સંસારમાં કોઈપણ વ્યક્તિ કાયમ સુખી રહી શકતી નથી. જો સંસારમાં જ કાયમનું સુખ મળતું હોત તો કોઈને મોક્ષે જવાની ઈચ્છા જ ન થાય. સંસાર એ દુઃખનું identy card છે. એટલે જ તો જ્ઞાની ભગવંતોએ સંસારને દુઃખ સ્વરૂપ, દુઃખ ફલક અને દુઃખાનુબંધી કહ્યો છે. જો આપણે દુઃખમુક્ત બનવું હોય તો સમાધાન કર્યા વિના છુટકો નથી.

**धर्मस्य फलमिच्छन्ति, धर्मं नेच्छन्ति मानवाः ।**
**पापस्य फलं नेच्छन्ति, पापं कुर्वन्ति सादराः ॥**

ઘણા બધા મનુષ્યો ધર્મના ફળને ઈચ્છે છે પણ ધર્મને ઈચ્છતા નથી. એમને સુખ જોઈએ છે પણ ધર્મ કરવો નથી. આ તો કેવી વાત થઈ કે ઝવેરીની દુકાનમાંથી દાગીનાઓ ખરીદવા છે પણ પૈસા આપવા નથી. ઝવેરી તો શું પેલો શાકભાજીવાળો ય પૈસા વગર તમને ત્યાં ઊભા રહેવા નહિ દે. જેમ પૈસા આપ્યા વિના માલ મળતો નથી તેમ ધર્મ કર્યા વિના સુખ મળતું નથી.

મનુષ્યો પાપના ફળને ઈચ્છતા નથી. પણ પાપ અત્યંત આદરપૂર્વક કરે છે. એમને દુઃખ જોઈતું નથી અને પાપ કર્યા વિના રહેવું નથી. અગ્નિને હાથ લગાડો તો એ તમને બાળે જ તેમ પાપ કરો તો દુઃખ મળે જ. માટે એક વાત મગજમાં **ફિક્સ** કરી દો કે મને જે પણ દુઃખ પ્રાપ્ત થાય છે એની પાછળનું કારણ મારા જ પાપો છે. હવે જો દુઃખ ન જોઈતું હોય તો પાપ કરવાના બંધ કરો. અનેક જીવોને યમલોકમાં પહોંચાડી આપણને સુખ ક્યાંથી મળવાનું ?

***ગ્રંથ પંથ સબ જગત મેં બાત બતાવત દોય,***
***સુખ દિયે સુખ ઉપજે, દુઃખ દિયે દુખ હોય.***

આ જગતમાં જેટલા પણ ગ્રંથ છે, જેટલા પણ પંથ છે, તેઓ માત્ર બે જ વાત કહે છે કે, હે માનવી ! જો તારે સુખ જોઈતું હોય તો તું બીજા જીવોને સુખ આપ અને તારે દુઃખ જોઈતું હોય તો તું બીજા જીવોને દુઃખ આપ.

***'વારા પછી આવશે વારો,***
***આજે મારો ને કાલે તારો.'***

આંબાની ગોટલી વાવશો તો આંબો ખાવા મળશે અને લીમડાને વાવશો તો લીમડો મળશે. આપણે શું જોઈએ છે આંબાના મીઠા ફળ કે લીમડાના કડવા ફળ ?

એ આપણા હાથમાં છે. આજ દિન સુધી એવું ક્યારેય પણ નથી થયું કે આંબાને વાવ્યો અને લીમડો ઊગ્યો.

માટે જ તો કહેવાય છે કે -

**As you Saw so shall you reap.**

જેવું વાવો તેવું લણો.

આ દુનિયામાં ત્રણ પ્રકારના જીવો હોય છે.

**(૧) દુઃખનો પ્રતિકાર કરનારા → દુર્ગતિ મળે.**
**(૨) દુઃખનો સ્વીકાર કરનારા → સદ્ગતિ મળે.**
**(૩) દુઃખનો સત્કાર કરનારા → પરમગતિ મળે.**

**(૧) દુઃખનો પ્રતિકાર કરનારા –**

*'માનવી રડતો જન્મે છે.*
*ફરિયાદ કરતો જીવે છે.*
*હતાશ થઈને મરે છે.'*

કેટલાક જીવો એવા હોય છે કે જે દુઃખોનો સતત પ્રતિકાર કરતાં હોય છે પણ યાદ રાખજો કે તમે જે કર્મ બાંધ્યું છે એનું ફળ તો તમને મળવાનું જ છે. કર્મરાજા દેવ-દાનવ-પશુ-પક્ષી-માનવ-ચક્રવર્તી - અરે ખુદ તીર્થંકરને પણ છોડતાં નથી તો આપણે કેવી રીતે એનો પ્રતિકાર કરશું ?

લાખો વર્ષો થઈ ગયા લાખો doctors થઈ ગયાં છતાં પણ આજ સુધી એક પણ એવો ડોક્ટર મળ્યો નથી. એક પણ એવો scientist મળ્યો નથી કે જેણે મૃત્યુ પર વિજય પ્રાપ્ત કર્યો હોય. મૃત્યુને રોકવાની Tablet શોધી હોય. તમારું કર્મ જ્યારે, જ્યાં, જે સમયે લખાયેલું છે તે સમયે ભોગવવું પડશે. એ ભોગવવાની વેળાએ એનો પ્રતિકાર કરવો કેટલો વ્યાજબી છે ?

તમે hotelની અંદર ગયા, ટેબલ પર બેઠા. મનગમતી વાનગીઓનો order આપ્યો. પેટ ભરીને ખાધું. હવે બિલ ચૂકવવાનો વારો આવ્યો ત્યારે તમે કહો કે પૈસા નથી તો ચાલે ખરું ? જો પૈસા ચૂકવવાની તાકાત ન્હોતી તો હૉટલમાં જ ન્હોતું જવું જોઈતું તેમ દુઃખ સહન કરવાની ત્રેવડ નથી તો પાપ જ ન્હોતું કરવું જોઈતું.

પાપ કર્યું જ છે તો એનું ફળ ભોગવવાનું જ છે. પણ જો તમે એમાં હાય-વોય કરશો, રોકકળ કરશો તો એ પાપ સહન કરતાં કરતાં બીજા નવા પાપો બાંધી બેસશો. એક પાપ સહન કરવાની તાકાત નથી તો બીજા બધા પાપોને કેવી રીતે સહન કરશો.

૧૦૦ રૂપિયા ચૂકવવાની તાકાત નથી તો ૧૦૦૦ રૂપિયા કેવી રીતે ચૂકવશો ? ૧૦ મહેમાનને સાચવવાની તાકાત નથી તો ૧૦૦ મહેમાનોને કેવી રીતે સાચવશો ?

તમે કૂતરાને પથ્થર મારશો તો કૂતરો પથરાંને બટકાં ભરશે પણ એ જ પથ્થર તમે સિંહને મારશો તો એ પથ્થરને બટકાં નહિ ભરે, પણ તમારા ઉપર તરાપ મારશે. કૂતરાની નજર જે આવ્યું એના ઉપર હોય છે. જ્યારે સિંહની નજર જ્યાંથી આવ્યું તેના ઉપર હોય છે. આપણી નજર ક્યાં ? જે દુઃખ આવ્યું એના ઉપર કે એ દુઃખ જ્યાંથી આવ્યું એ પાપ ઉપર ?

પેલો **રાજગૃહીનો ભિક્ષુક** ! રોજ ભીખ માંગવા જાય છે પણ પોતાના પૂર્વભવમાં બાંધેલા કર્મોના કારણે એને ભોજન મળતું ન્હોતું. ભૂખ્યો અને તરસ્યો દિવસો પસાર કરતો હતો. એવામાં એક દિવસ તે નગરીમાં મોટો મહોત્સવ આવ્યો.

નગરીના બધા લોકો નવા નવા કપડાં પહેરી મહોત્સવમાં ગયા. આ ભિક્ષુક પણ વિચારે છે કે ઘણા દિવસથી હું ભૂખ્યો છું. કંઈ પણ ખાવાનું મળતું નથી. માત્ર ગાળો, અપમાન ને અપશબ્દો જ મળે છે. આજે આ નગરીમાં મહોત્સવ છે. બધા ગામના લોકો ઉદ્યાનમાં ક્રીડા કરવા માટે ગયા છે. હું પણ ત્યાં જાઉં, જેથી મને ત્યાં ભોજન મળશે. આમ વિચારી ઘણી આશા અને અરમાનો સાથે પોતાના પેટની ભૂખ ભાંગવા ઉદ્યાનમાં ગયો.

લોકો મહોત્સવની મજા માણી રહ્યાં હતાં. ખૂબ આનંદપૂર્વક મહોત્સવ માણી લોકો જમવાની તૈયારી કરવા લાગ્યા. આ ભિક્ષુક પણ ત્યાં બધા પાસે ભોજનની માંગણી કરે છે. પણ કોઈ પણ તેને ખાવાનું આપતું નથી.

અરે ! ત્યારે બીજા પણ ભિક્ષુકો ત્યાં હતાં. લોકોએ તેમને ભોજન આપ્યું પણ આ ભિક્ષુકને ભોજન ન આપ્યું. ઘણી વાર, ઘણી જગ્યાએ માંગવા છતાં પણ ન મળતાં આ ભિક્ષુકને મનમાં ખૂબ ગુસ્સો આવ્યો.

તેણે મનમાં વિચાર્યું આ ગામના લોકો કેટલા હરામખોર, પક્ષપાતી, નાલાયક છે કે બધા ભિક્ષુકોને ભોજન આપ્યું. માત્ર મને જ ન આપ્યું. હું પણ આ લોકોને જોઈ લઈશ અને દુષ્ટ વિચાર સાથે બાજુમાં રહેલા પહાડ પર ચઢ્યો. મનમાં એક જ વિચાર હતો કે આ ગામના લોકોને મારે સબક શીખવાડવો છે.

પહાડ પર રહેલી મોટી શિલા દેખતાં જ એ શીલાને ધક્કો મારી ગામના લોકોને મારી નાંખવાનો વિચાર કર્યો. શીલાને ધક્કો મારતાં મારતાં પોતે જ ગબડી પડ્યો અને તે જ શીલા નીચે આવીને મૃત્યુ પામી. ૭મી નરકમાં ઉત્પન્ન થયો. આ ફળ છે દુઃખના પ્રતિકારનું. દુઃખનો પ્રતિકાર દુર્ગતિ અપાવે છે.

**'રંક બનીએ તે હજી પોષાય,**
**રાંક બનીએ તે ન પોષાય,**
**દરિદ્ર બનીએ તે હજી પોષાય,**
**દીન બનીએ તે ન પોષાય.'**

જો એ સમયે એણે વિચાર્યું હોત કે મારા જ કોઈ પૂર્વના કર્મોનો દોષ છે કે મને ભિક્ષા નથી મળતી. બધા જ ભિક્ષુકોને મળે છે માત્ર મને જ નથી મળતી કેમ કે મારું કર્મ છે. જો આમ વિચાર કરી સમાધાન કર્યું હોત તો ૩૩ સાગરોપમની સજા ન થાત, દુર્ગતિમાં ન જવું પડત. પણ તે માર ખાઈ ગયો. એણે કૂતરાની દૃષ્ટિએ વિચાર્યું. જો સિંહની દૃષ્ટિથી વિચાર કર્યો હોત તો આત્માનું કલ્યાણ કર્યું હોત.

આપણા જીવનમાં પણ આવી ઘણી ઘટનાઓ બનતી હશે એ વખતે આપણે મનમાં વિચાર કઈ દૃષ્ટિથી કરીએ. કૂતરાની દૃષ્ટિથી કે સિંહની દૃષ્ટિથી ?

આખું વર્ષ દિવસ રાત મહેનત કરનારો Fail થાય અને પરીક્ષાના દિવસોમાં જ ચોપડી ખોલનારો First Classમાં પાસ થાય ત્યારે કયો વિચાર આવે... ?

સાચવી-સાચવીને, માપસર, શ્રેષ્ઠ ભોજન કરનારો માંદો ને માંદો જ હોય જ્યારે ગમે ત્યારે, ગમે તેટલું, ગમે તે ખાનારો તંદુરસ્ત હોય ત્યારે કયો વિચાર આવે ?

રાત-દિવસ મજૂરી કરી, પસીના પાડનારો માંડ માંડ છાશ-રોટલા ભેગો થાય જ્યારે બીજો માત્ર એક કલાકમાં જ કરોડો ઊભા કરી દે ત્યારે કયો વિચાર આવે ?

મોટોભાઈ વર્ષોના વર્ષો સુધી ખડે પગે માતા-પિતાની સેવા કરે, સાચવે છતાં ય એની કદર ન થાય અને નાનો ભાઈ માત્ર બે દિવસ સાચવે ને ચારેબાજુ એની કદર થાય, આદર મળે ત્યારે કયો વિચાર આવે ?

આવી ઘટનાઓ દિન-પ્રતિદિન આપણા રોજિંદા જીવનમાં બનતી જ હોય છે. એ વખતે જો આપણે સિંહદૃષ્ટિ રાખીશું તો આપણા મનનું સમાધાન કરી શકશું.

મેં પૂર્વભવમાં ખૂબ જીવહિંસા કરી હશે જેના કારણે મને આરોગ્ય સારું નથી મળતું. અને બીજાએ ખૂબ જીવદયાનું પાલન કર્યું હશે જેના કારણે એને શરીરને નહિં સાચવવા છતાંય કશું જ નથી થતું.

મેં પૂર્વભવમાં બીજાના યશની ચોરી કરી હશે. મહેનત બીજાએ કરી હશે અને મેં મફતમાં મારું નામ આપી બીજાના યશ પર કબજો જમાવ્યો હશે. જેના કારણે મને જશ નથી મળતો. જ્યારે પેલાએ પૂર્વભવમાં પોતે કામ કરી જશ બીજાને આપ્યો હશે જેના કારણે આ ભવમાં એને આદર મળે છે.

**પરિસ્થિતિ ફેરવવી આપણા હાથમાં નથી પરંતુ મનઃ સ્થિતિ ફેરવવી આપણા જ હાથમાં છે. વરસાદ અટકાવવો આપણા હાથમાં નથી પરંતુ એમાં ભીંજાવું કે નહિ**

**એ આપણા હાથમાં છે. ગામ ન ફેરવાય... ગાડાંએ ફરવું પડે. ગાડાને બદલે ગામને ફેરવનારો ગાંડો ગણાય.**

આમ જો સમાધાન કરશો તો હંમેશા જીવનને પ્રસન્નતાથી જીવી શકશો, જેથી આલોક અને પરલોક બંનેય સુધરી જશે પણ જો દુઃખનો પ્રતિકાર કરવા ગયા તો **'બાવાના બેય બગડ્યાં'** જેવી આપણી હાલત થશે. નહિ આ ભવમાં સુખ-ચેનથી જીવી શકશું ને પરભવમાં દુર્ગતિ મળશે. માટે જો આલોક અને પરલોક બંનેય સુધારવા હોય તો દુઃખનો પ્રતિકાર મત કરો.

***વિધિની સાથે વેર ન થાય, જીવન આખું ઝેર ન થાય.***
***નસીબ છાપેલો કાગળ છે, તેમાં કદી ફેર ન થાય.***

(૨) **દુઃખનો સ્વીકાર કરનારા –** કેટલાક જીવો એવા હોય છે કે જે દુઃખને પ્રસન્નતાથી સ્વીકારે છે. દુઃખ આવતા હાય-વોય નથી કરતાં પણ સમાધાન કરે છે. મેં જે બીજ વાવ્યું છે એનું જ ફળ મને મળી રહ્યું છે. આમ સમાધાન કરી જિંદગીને પ્રસન્નતાથી જીવનારા હોય છે.

દુઃખનો પ્રતિકાર કરવાની કક્ષામાં રહેલા જીવો પરિસ્થિતિ પલટવાનો પ્રયત્ન કરે છે જ્યારે આ કક્ષામાં રહેલા જીવો પરિસ્થિતિને નહિ પરંતુ મનઃસ્થિતિને પલટાવી નાંખે છે.

**Everything is in order.**
**બધું મારા પૂર્વે કરેલાં કર્મો પ્રમાણે જ થાય છે.**

મારાં પૂર્વના કર્મો પરિસ્થિતિ સર્જે છે. પણ મનઃ સ્થિતિ તો મારા હાથમાં જ છે. જેમ મોટા મોટા પહાડો બનાવવાનું કામ મારા હાથમાં નથી પણ પહાડ પર ચઢવું કે ન ચઢવું એ તો મારા જ હાથમાં છે. તેમ પરિસ્થિતિને અનુકૂળ બનાવવી એ મારા હાથમાં નથી પણ પરિસ્થિતિને અનુકૂળ બનવું કે પ્રતિકૂળ એ તો મારા જ હાથમાં છે. પરિસ્થિતિનો પ્રતિકાર કરવો કે સ્વીકાર એ તો મારા જ હાથમાં છે.

જીવનમાં ગમે ત્યારે, ગમે તેટલું દુઃખ આવે પણ માત્ર એક જ વિચાર કરવાનો કે દુઃખ મારા જીવનના વિકાસ માટે જ આવે છે. આ દુઃખ મને નવા નવા અનુભવો કરાવે છે. દુઃખ એ એક મૂંગુ શિક્ષક છે જે આપણને શિખવાડે છે કે જેમ તને આ પરિસ્થિતિ નથી ગમતી તેમ બીજા જીવોને પણ આ પરિસ્થિતિ નથી ગમતી. માટે તું ક્યારેય આવું કાર્ય બીજા જોડે કરતો નહિ. માટે જ તો કહ્યું છે કે,

**आत्मनः प्रतिकुलानि परेषां न समाचरेत् ।**

એટલે કે તને જે નથી ગમતું તે બીજા સાથે કરતો નહિ.

પથ્થરને શિલ્પિના ટાંકણા સહન કરવાં જ પડે તો જ એમાંથી પ્રતિમાનું નિર્માણ થાય અને એ પ્રતિમાની લોકો પૂજા કરે. પણ જો પથ્થર ટાંકણા સહન કરતો નથી એ પગથિયાંના સ્થાને ગોઠવાય છે જેના પર લોકો પગ મૂકીને જાય છે.

અરે દુઃખ તો ઘણાં સારાં છે, કમ સે કમ પ્રભુની યાદ તો અપાવે છે. સાચું બોલજો તમને સુખમાં ભગવાન વધુ યાદ આવે કે દુઃખમાં ? સુખના સમયમાં ભગવાન પાસે જાય અને એ વખતની પ્રાર્થનામાં તથા દુઃખના સમયમાં હૃદયથી પરમાત્માને કરેલી પ્રાર્થનામાં જમીન આસમાનનો ફરક તમે જાતે જ અનુભવ્યો હશે. માટે ક્યારેય દુઃખથી ગભરાવવું નહિ પણ સહજતાથી સ્વીકાર કરવો.

આપણે ત્યાં જેટલા પણ મહાપુરુષો કે મહાસતીઓ થયાં છે એ લોકોના જીવનમાં કેટ-કેટલું દુઃખ આવ્યું છતાંય એનો સ્વીકાર કરી સમાધાન કર્યું છે. માટે જ તો રોજ આપણે એમની પાસે ગુણોની યાચના કરીએ છીએ.

***Peace of heart is the greates victory a man can achieve.***

હૃદયની શાંતિ પ્રાપ્ત કરવી એ જીવનની સૌથી મોટી જીત છે. જે મનુષ્ય પ્રાપ્ત કરી શકે છે.

યાદ છે પેલી **સુભદ્રા સતી** ! કપટ કરી જૈન ધર્મ અંગીકાર કરનાર યુવાન જોડે લગ્ન થયા. સસરાને ઘેર આવ્યા ત્યારે વાસ્તવિકતાનો ખ્યાલ આવ્યો. જૈનેતરના ઘરમાં રહીને પણ જૈન ધર્મના આચારોનું પાલન કરતી હતી. એને ય સાસુ આજના જમાના જેવી માથાભારે મળેલી, પરંતુ સુભદ્રા સતીએ ક્યારેય પણ એમના વિશે ખરાબ વિચાર્યું ન્હોતું. સાસુ વારેઘડીએ એને મેણાં-ટોણાં મારે, કટાક્ષો, અપશબ્દો કહે છતાંય બધુ સહન કરતી. પરિસ્થિતિનો સ્વીકાર કરી પોતાના મનને વધુમાં વધુ ધર્મમાં જોડતી હતી.

એક દિવસની વાત છે. એક મુનિભગવંત ગોચરી માટે પધાર્યા. જેઓ નિઃસ્પૃહી હતાં. જેમણે માત્ર પોતાના આત્માની જ ચિંતા હતી. તેઓને શરીર પણ અપેક્ષા ન્હોતી. આ શરીરથી જેટલો કસ કાઢી શકાય એટલો કાઢી લેતા. એ મુનિ ભગવંતની આંખમાં તણખલું હતું. જે વારંવાર એમની આંખમાં ખૂંચ્યા કરતું હતું... એના કારણે આંખ લાલઘૂમ થઈ ગઈ હતી... આંખમાંથી સતત પાણી વહેતું હતું...

આ જોઈને સુભદ્રાનું મન દ્રવી ઊઠ્યું. એણે મનમાં વિચાર્યું કે ધન્ય છે આવા નિઃસ્પૃહી મુનિભગવંતને કે જેઓ પોતાના શરીરની પણ દરકાર કરતાં નથી. પણ મારી ફરજ છે કે મારે એમની સાધનામાં સહાયક બનવું જોઈએ. અને એણે પોતાની જીભથી મુનિ ભગવંતની આંખમાં રહેલું તણખલું કાઢ્યું.

પરંતુ દુર્ભાગ્યવશ ત્યારે તેના કપાળમાં રહેલો ચાંદલો મુનિ ભગવંતના ભાલ પર લાગી ગયો. મુનિ ભગવંતને વહોરાવ્યું. મુનિ ભગવંત પાછા વળ્યા ત્યારે સતત

સુભદ્રાના છિદ્રોને જ શોધવામાં મશગૂલ બનેલી તેની સાસુએ સુભદ્રા ઉપર અસતી-કુલટાનું કલંક લગાડ્યું.

મહાસતીઓ બધુ સહન કરશે પણ પોતાના શીલ અને શાસન પર કલંક લાગે એ ક્યારેય પણ સહન ન કરે. સુભદ્રા તો સમજુ હતી. એટલે એણે આજની વહુઓની જેમ કંઈ સાસુ સાથે ઝઘડો ન્હોતો કર્યો કે અપશબ્દો ય ન્હોતા કહ્યા. એ તો કાઉસ્સગ્ગ ધ્યાનમાં સ્થિર થઈ ગઈ. શાસનદેવી પ્રગટ થયા અને કહ્યું કે હે સુભદ્રા સતી ! તું જરાય ચિંતા કરીશ નહીં. તારા પર અને શાસન પર લાગેલું કલંક દૂર થશે અને જૈન શાસનની પ્રભાવના થશે.

બીજે જ દિવસે ચંપાપુરી નગરીના ચારેય દરવાજા બંધ થઈ ગયા. લોકોની અવર-જવર અટકી જતાં રાજા પાસે સમાચાર પહોંચ્યા. મોટા-મોટા હાથીઓને દરવાજા તોડવા લાવવામાં આવ્યા. પણ બધાં ય પ્રયત્નો નિષ્ફળ ગયાં ત્યારે આકાશવાણી થઈ હે નગરજનો ! કોઈ પણ સતી સ્ત્રી કાચા સૂતરના તાંતણાથી ચાળણીને બાંધી કુવામાંથી પાણી કાઢી દરવાજાને ત્રણ વાર છાંટશે તો જ આ દરવાજા ખુલશે, નહિં તો નહિં ખૂલે.

આ સાંભળી રાજા ખુશખુશાલ થઈ ગયો. એણે પોતાની રાણીઓને આજ્ઞા કરી. એક પછી એક બધી રાણીઓએ પ્રયત્નો કર્યા પણ બધાય નિષ્ફળ ગયા પછી નગરની બધી સ્ત્રીઓએ પ્રયત્ન કર્યા પણ સફળતા ન મળી ત્યારે સુભદ્રા કલંક આપનારી સાસુ પાસે જવાની અનુમતિ માંગે છે ત્યારે સાસુ કટાક્ષ મારે છે કે મહાસતી શિરોમણિ તમારું ચરિત્ર જગત સામે પ્રગટ કરો.

સુભદ્રા જાય છે... કાચા સૂતરથી ચાળણી બાંધી કુવામાં નાંખી પાણી બહાર કાઢે છે... દરવાજા તરફ આગળ વધે છે... આખું નગર આશ્ચર્ય પામે છે. સતી સુભદ્રાનો જયજયકાર કરે છે.

સુભદ્રા સતી નગરના ત્રણ દરવાજા પાણી છાંટીને ખોલે છે જ્યારે નગરજનો ચોથો દરવાજો ખોલવાની વિનંતી કરે છે ત્યારે સુભદ્રા સતી ના પાડે છે અને કહે છે કે કદાચ આ નગરની કોઈ સ્ત્રી બહારગામ ગઈ હોય અને એણે પોતાનું સતીત્વ પ્રગટ કરવું હોય એના માટે આ દરવાજો રાખું છું.

આમ સુભદ્રા સતીએ નગરના ત્રણ દરવાજા ખોલી પોતાનું સતીત્વ સાબિત કર્યું. ચારેબાજુ જૈનધર્મની પ્રભાવના થઈ.

કેટલીય સ્ત્રીઓએ પોતાનું શીલ સાચવવા પ્રાણના બલિદાન પણ આપી દીધા છે તો કેટલા કે રખડવું પડ્યું છે કેટકેટલા દુઃખો માથે આવી પડ્યાં છતાંય પોતાના શીલથી, પોતાના ધર્મથી ભ્રષ્ટ થયા ન્હોતા થયાં પણ ધર્મમાં વધુ ને વધુ દઢ બન્યા

હતાં. આમ મહાપુરુષો - મહાસતીઓએ દુઃખનો સ્વીકાર કરી સદ્ગતિનું Reservation કરાવી દીધું.

આપણે પણ મહાપુરુષો-મહાસતીઓનો આદર્શ આપણા પોતાના જીવનમાં અપનાવવો જોઈએ. આપણે પણ જો સદ્ગતિનું Reservation કરાવવું હોય તો દુઃખનો સ્વીકાર કર્યા વિના છૂટકો નથી.

**'Live for the best but be ready for the worst'**

નાની નાની બાબતો માટે Let go કરો.

મોટી મોટી બાબતો માટે Let god કરો.

(૩) **દુઃખનો સત્કાર કરનારા –** કેટલાક જીવો એવા હોય છે જે સામે ચાલીને દુઃખોને આમંત્રણ આપે છે. એ મહાપુરુષો દુઃખોને challange આપે છે કે તમે મારી સામે શું આવવાના હું તમારી સામે આવું છું. તાકાત હોય તો આવી જાવ મેદાનમાં **'કિસ મેં કિતના હૈ દમ ?'**

આ કક્ષામાં રહેલા જીવો પોતાનું પ્રચંડ સત્વ પ્રગટ કરે છે. એમના મગજમાં આ બાબત જડબેસલાક બેસી ગઈ હોય છે કે કર્મ સિવાય મારો વાળ વાંકો કરવાની કોઈના ય બાપની તાકાત નથી. મારું કર્મ મારે જ ભોગવવાનું છે. એ હું વહેલું ભોગવું કે મોડું... આજે ભોગવું કે કાલે... આ ભવમાં ભોગવું કે પરભવમાં... હસતાં હસતાં.. ભોગવું કે રડતાં રડતાં... પણ મારે એ ભોગવવાનું જ છે આ વાત fix છે. એમાં કોઈ જ શંકાને સ્થાન નથી.

***દુઃખમાં હલી જનારા હારી જાય છે.***
***દુઃખમાં ડરી જનારા ડગી જાય છે.***
***દુઃખમાં ભાંગી પડનારા ભાગી જાય છે.***

માટે દુઃખમાં હલવાની... હારવાની... ડરવાની... ડગવાની... ભાંગવાની... ભાગવાની... જરૂર નથી. બીજેને ભેટ આપવાનીય જરૂર નથી. પણ જરૂર છે સામે ચાલીને ભેટવાની.

તમે કોઈકના પૈસા ઉધાર પર લીધા. હવે એ પૈસા તમે સામે ચાલીને એને આપી દો એમાં બહાદુરી છે કે પેલો તમારા ઘરે આવીને... તમને ડરાવી-ધમકાવીને, તમારું insult કરીને... જબરદસ્તીથી પૈસા લઈ જાય એમાં બહાદુરી છે ?

આ કક્ષામાં રહેલા જીવો માને છે કે કર્મરાજા મારી પાસે હિસાબ માંગવા આવે... મારું અપમાન... બદનામી કરે... એ પહેલાં જ મારે એમનું દેવું ચૂકતે કરી દેવું છે. માટે જ તેઓ દુઃખોને Wel-come કરે છે.

**પરમાત્મા મહાવીરદેવ** પાસે કેટલી તાકાત હતી ? ઈન્દ્રના મનની શંકાનું સમાધાન કરવા માત્ર અંગુઠાના સ્પર્શ વડે આખા મેરુ પર્વતને હલાવી નાંખ્યો. આટલી પ્રચંડ તાકાત પરમાત્મામાં હતી. એ પરમાત્માએ જેવી દીક્ષા લીધી કે કર્મરાજા પોતાનો હિસાબ ચૂકતે કરવા માટે આવ્યા.

ક્યારેક ચંડકૌશિક સર્પ બની પ્રભુના ચરણમાં ડંખ માર્યો... તો ક્યારેક ગોવાળિયાના રૂપમાં આવી કાનમાં ખીલા ઠોક્યા... ક્યારેક પગમાં ચૂલો પ્રગટાવી ખીર રાંધી... તો ક્યારેક ભ્રમર, વીંછી સ્વરૂપે આવી પ્રભુના શરીરમાં ડંખો માર્યા...

એક પછી એક કર્મરાજા પોતાના બધો હિસાબ વસૂલ કરે છે ત્યારે પરમાત્મા પણ પ્રસન્નતાથી એ દેવું ચૂકતે કરવા તૈયાર હતાં.

પરમાત્માને આ રીતે દેવું ચૂકતે કરવામાં બહુ વિલંબ થતો લાગ્યો. તેથી તેઓ જલ્દીથી ઋણમુક્ત થવા દુઃખોનો સત્કાર કરવા સામે ચાલીને અનાર્ય દેશમાં ગયા.

આ અનાર્ય દેશમાં કોઈ પરમાત્માને ઓળખતા ન્હોતા. કોઈએ મુષ્ટિના પ્રહાર કર્યા... તો કોઈએ લાકડીના પ્રહાર કર્યા... કોઈકે ગાળો આપી, તો કોઈકે પથ્થરોના પ્રહાર કર્યાં. કોઇકે અપશબ્દો કહ્યા તો... કોઈકે અપમાનો કર્યાં... છતાંય પરમાત્માએ બધું સહન કર્યું.

માત્ર સહન નથી કર્યું પણ હસતાં હસતાં પ્રસન્નતાથી સહન કર્યું અને જગતને એક આદર્શ આપ્યો છે કે હંમેશા સહન કરવાથી જ સિદ્ધિ મળે છે. સામનો કરવાથી નહિ. જો સામનો કરવાથી જ સિદ્ધિ મળતી હોત તો મેરુ પર્વતને કંપાયમાન કરનારા એવા પરમાત્માએ ગોવાળ, સંગમ, ચંડકૌશિક જેવાને તો ક્યાંય ઉપાડીને ફેંકી દીધા હોત.

પણ પરમાત્માને ખબર હતી કે મારા કર્મો મારે ભોગવ્યા વિના છુટકો નથી માટે બધું પ્રસન્નતાથી સહન કર્યું.

અરે ખુદ ઈન્દ્ર મહારાજા પરમાત્માને વિનંતી કરે છે કે, હે પરમાત્મા આપને ખૂબ જ કષ્ટો આવવાના છે. જો આપ આજ્ઞા કરો તો દેવોને આપની સેવામાં હાજર કરું. જેથી આપને કોઈપણ જાતની તકલીફ ન પડે ? એ જગ્યાએ આપણે હોત તો ચોક્કસ કહી દેત. હા... હા... મૂકીને જાવ. અને હા... થોડા વધારે મૂકતા જજો કે જેથી કોઈક આઘા-પાછા થઈ જાય તો બીજા કામ લાગે !

પણ આ તો પરમાત્મા હતા. સામે ચાલીને કષ્ટ સહન કરવાવાળા હતા એમણે ચોખ્ખી ના પાડી દીધી કે આજ સુધી એવું ક્યારેય બન્યું નથી કે કોઈ પરમાત્મા દેવતાની સહાય લઈને મોક્ષે ગયા હોય ! આમ પ્રભુ વીરે કોઈની સહાય તો ન લીધી પણ સામે ચાલીને દુઃખોનો સહકાર કરી પરમગતિ પ્રાપ્ત કરી.

આપણે પ્રભુ વીરના જ સંતાન કહેવાઈએ. પ્રભુ વીર આટલા પરાક્રમી હતાં અને આપણે આટલા બધા કાયર ? કેટલાક કહે કે પરમાત્મા પાસે પ્રથમ સંઘયણ હતું માટે તેઓ સહન કરી શકતા હતાં. આપણી પાસે છેલ્લું સંઘયણ છે માટે ક્યાંથી સહન થાય ?

વાહ ! શું તમારી બુદ્ધિ છે ? છટકવાના જ બધા રસ્તા મળે છે ? ચલો તમારી વાત માની. પણ અત્યારે ય તમારાથી જેટલું સહન થઈ શકે એટલું ય સહન કરો છો ? દુઃખોને સામે ચાલીને સહન કરવા જાવ છો ?

પૈસા કમાવવા રાત-દિવસ ચિંતા કરનારા... પરસેવા પાડનારા... ખડે પગે customer ની સેવા કરનારા... ભોજન - ઉંઘ બધાનેય બાજુ પર મૂકી દેનારા તમે, ધર્મના કાર્યમાં સહન કરવામાં કેમ ઢીલા પડો છો ? પૈસા કમાવવા હોય ત્યાં તો કોઈ સંઘયણ નડતું નથી તો અહીં કેમ નડે છે ?

આ કલિકાળમાં ય છેલ્લા સંઘયણને જ ધારણ કરનારા કેટલાય શ્રમણ-શ્રમણી ભગવંતો છે, જે સામે ચાલીને કષ્ટો સહન કરે છે. કર્મરાજાને challange આપે છે. મસ્તકના એક એક વાળ ખેંચી ખેંચીને કાઢે છતાંય મુખ ઉપર પ્રસન્નતા હોય છે. વિચારે છે કે મારા માત્ર વાળ નીકળતા નથી પણ સાથે મારા કર્મો પણ ચૂંટાય છે... નીકળે છે... સાધુ-સાધ્વી એક ગામથી બીજે ગામ જવા એક પણ વાહનનો ઉપયોગ ન કરે. ચાલીને જ વિહાર કરે છે.

કેટલાક તો એનાથી ય ઉત્કૃષ્ટ ભાવનામાં રમતા હોય છે. જ્યારે ઉનાળો હોય ત્યારે ભરબપોરે અગાશીમાં જઈ કાઉસ્સગ્ગ ધ્યાનમાં સ્થિર થઈ જાય અને મનમાં વિચારે કે આ મારા પગ નથી બળતાં પણ મારાં કર્મો બળે છે. આમ સામે ચાલીને દુઃખોનો સત્કાર કરે છે.

કેટલાક શિયાળાની પોષ મહિનાની ઠંડીમાં સવારમાં શરીર પરના વસ્ત્રો કાઢીને ખુલ્લે શરીરે જીર્ણ વસ્ત્રો પહેરી ઠંડીને સહન કરે છે.

ક્યારેક માત્ર રોટલી અને પાણી વાપરી ૧૦૦મી ઓળીના આયંબિલો કરે છે.

તો ક્યારેક રસના પર વિજય પ્રાપ્ત કરવા ભોજનમાં કડવું કળિયાતું નાંખીને વાપરે છે.

આ આદર્શ તો આપણી આંખ સામે જ છે ને ? છતાં ય આપણામાં અને એમનામાં આટલો બધો ફરક કેમ ?

કારણ કે આપણું જીવન માત્ર શરીરલક્ષી છે. શરીરને કોઈ તકલીફ ન પડવી જોઈએ. શરીરને જ સજાવીએ - શણગારીએ છીએ.

જ્યારે આવા મહાત્માઓની નજર આત્મા ઉપર હોય છે. મારા આત્માનું

જલ્દી કલ્યાણ કેમ થાય ? મારો ક્યારે મોક્ષ થાય ? મારા કર્મો ક્યારે ક્ષય થાય ? અને એના ક્ષય માટે જ પ્રચંડ સત્ત્વને પ્રગટ કરે છે. દુઃખોનો સત્કાર કરે છે.

પોતાના લક્ષ્યને પ્રાપ્ત કરવા શરીરનું બલિદાન આપવું પડે તો ય તૈયાર હોય છે.

આપણે પણ આવા આદર્શો આપણા જીવનમાં ઉતારીએ. આપણે પણ સામે ચાલીને દુઃખોનો સત્કાર કરીએ. કદાચ શક્તિ ન હોય તો સામેથી આવેલા દુઃખોનો સ્વીકાર કરીએ પણ પ્રતિકાર તો કદાપિ ન કરીએ. આર્તધ્યાનને સદાય માટે જીવનમાંથી તિલાંજલિ આપીએ. દુઃખોમાં સમાધાન કરી મનને સદાય પ્રસન્ન બનાવી આપણે પણ જલ્દી એવા સ્થાનને પ્રાપ્ત કરીએ કે જ્યાં ક્યારેય આપણને દુઃખનો સ્પર્શ પણ ન થઈ શકે.

પુનઃ પુનઃ હું તમને પ્રેરણા કરું છું કે,

ત્રણ પોઈન્ટ હંમેશા યાદ રાખો...

દુઃખમાં સદા **સમાધાન** કરો.. જેથી આર્તધ્યાન ન થાય

સુખમાં સતત **સાવધાન** રહો... જેથી આસક્તિના પાપ ન બંધાય

પરમાત્મામાં જોરદાર **પ્રણિધાન** જોડો... જેથી પ્રભુભક્તિની ધારા સતત પ્રવાહિત થતી રહે અને ધર્મમાં સંકલ્પ મજબૂત થાય.

## (3) ધર્મમાં પ્રણિધાન

**'धर्मेण हीनाः पशुभिः समानाः'**

ધર્મથી હીન મનુષ્યો પશુઓ સમાન છે. માનવને પશુઓથી અલગ પાડનાર કોઈ ચીજ હોય તો તે ધર્મ છે.

**'दुर्गति प्रपतत् प्राणी धारणाद् धर्म उच्यते'**

દુર્ગતિમાં પડતાં જીવને અટકાવી રાખે તે ધર્મ છે.

***Religion is the production of Pure Mind -***

મનને શુદ્ધ બનાવનાર એક માત્ર ધર્મ જ છે.

*'ધાન એક વર્ષ કામ લાગે,*
*નિધાન જિંદગીભર કામ લાગે,*
*પ્રણિધાન ભવોભવ કામ લાગે.'*

પ્રણિધાન એટલે મન, વચન, કાયાની એકાગ્રતા.

કોઈ કાર્યમાં સિદ્ધિ પ્રાપ્ત કરવી હોય તો તેના માટે એકાગ્રતા જરૂરી છે.

ગાડી ચલાવતાં driverનું મન જો એક મિનિટ પણ disturb થઈ જાય તો

જિંદગી ગુમાવવાનો વારો આવે છે.

docter petientનું operation કરતાં જો એકાગ્રતા ચૂકી જાય તો દર્દીના રામ રમી જાય.

વિદ્યાર્થી જો પરીક્ષા આપતાં આપતાં તેનું concerntration ચૂકી જાય તો એનું career ખોઈ બેસે.

દૂધમાં મેળવણ નાંખ્યા પછી વારંવાર હલાવ્યા કરો તો ક્યારેય દહીં ન બને.

બીજને જમીનમાં વાવ્યા પછી વારંવાર બીજ કાઢી check કર્યા કરો તો વૃક્ષ ક્યારેય ન બને.

Cricketer જો Matchમાં રમતાં રમતાં એકાગ્રતા ગુમાવી બેસે તો Wicket ગુમાવી દેવાનો વારો આવે.

આના પરથી ફલિત થાય છે કે કોઈપણ કાર્યમાં સફળતા પ્રાપ્ત કરવા માટે એકાગ્રતા જરૂરી છે. પછી એ ભૌતિક ક્ષેત્ર હોય, સામાજિક હોય, ધાર્મિક હોય કે આધ્યાત્મિક હોય.

**મહામંત્રી પેથડશાહ !** પરમાત્માની ભક્તિ કરવામાં એટલા મગ્ન બની ગયા હતાં કે ખુદ મહારાજા આવીને એમની પાછળ બેસી ગયા છતાં ય ખબર ન પડી.

**નાગકેતુ !** પરમાત્માની પુષ્પ પૂજા કરતાં એટલા મશગુલ બની ગયા કે પુષ્પમાં રહેલો સર્પ ડંખે છે છતાં ય પોતાના ધ્યાનથી વિચલિત થતાં નથી. પરિણામે ત્યાં ને ત્યાં કેવલજ્ઞાન પ્રાપ્ત કરે છે.

**શોભન મુનિ !** સ્વાધ્યાયમાં એટલા મગ્ન બની ગયા હતાં કે ગોચરીમાં કોઈએ પથરાં વહોરાવ્યાં તો ય ખબર ન પડી. પરિણામે ૨૪ જિનની સંસ્કૃત સ્તુતિઓની જિનશાસનને ભેટ મળી.

**મહોપાધ્યાય યશોવિજયજી મહારાજા !** ગ્રંથરચનામાં એટલા મશગુલ બની જતાં કે શિષ્ય હાથમાં પાણીની પાતરી લઈને ઊભો જ રહે ને સૂર્યાસ્ત થઈ જાય. સ્વાધ્યાય પાછળ પાણી પીવાનું પણ ભૂલી જતાં.

**સકલચંદ્ર ઉપાધ્યાય !** સંકલ્પ કર્યો કે ગધેડો ન ભૂંકે ત્યાં સુધી કાઉસ્સગમાં રહેવું અને બનવાજોગ કુંભાર ગધેડાને લઈને બહારગામ ગયો હતો. ૭૨ કલાક પછી ભૂંક્યો ત્યાં સુધી એક જ સ્થાને સ્થિર રહ્યાં પરિણામે સત્તરભેદી પૂજાની પ્રાપ્તિ થઈ.

**આટલું યાદ રાખો**

**(૧) સંકલ્પ એ બીજ છે.**

**(૨) સાધના એ વૃક્ષ છે.**

**(૩) સિદ્ધિ એ ફળ છે.**

**(૧) સંકલ્પ એ બીજ છે –** બીજ હોય તો ફળની પ્રાપ્તિ થાય. બીજ વિના ક્યારેય ફળની પ્રાપ્તિ ન થાય. સંકલ્પ એ બીજ છે. જેટલો સંકલ્પ મજબૂત એટલી સફળતાની પ્રાપ્તિ જલ્દી થાય.

વિદ્યાર્થીનો સંકલ્પ જો પરીક્ષામાં ૯૦ ટકા લાવવાનો હશે તો તે એના માટે મહેનત કરી લક્ષ્યની પ્રાપ્તિ કરશે. પણ જો સંકલ્પ જ નહિ કર્યો હોય તો માત્ર ભણવા ખાતર ભણશે. ૪૦ ટકા લાવી પાસ થશે પણ આગળ નહિ વધી શકે.

Cycle શીખવાનો મજબૂત સંકલ્પ હશે તો ગમે તેટલી વાર પડશે, હાથ-પગ છોલાશે તો ય પોતાનો પ્રયત્ન છોડશે નહિ અને પરિણામે સાઈકલ ચલાવવામાં master બની જશે. પણ જો સંકલ્પ જ નબળો હશે તો એક-બે વાર પડશે અને સાઈકલ ચલાવવાનું માંડી વાળશે.

જેટલો સંકલ્પ મજબૂત હશે તેટલું સત્ત્વ વધુ પ્રગટ થશે. અને જેટલો સંકલ્પ નબળો હશે તેટલું સત્ત્વ ઢંકાઈ જશે.

**નેપોલિયન !** જ્યારે પણ યુદ્ધ કરવા જતો ત્યારે નાવમાં બેસી સામે કિનારે પહોંચી નાવને આગથી બાળી નાંખી ભાગવાનો રસ્તો જ બંધ કરી દેતો, તેથી સૈનિકો પાસે માત્ર એક જ રસ્તો બચતો. કાં યુદ્ધમાં વિજય પ્રાપ્ત કરી જીવતાં રહો, નહિ તો મૃત્યુને ભેટવા તૈયાર રહો. એ સિવાય બીજો કોઈ પણ વિકલ્પ રહેતો નહિ એ મજબૂત સંકલ્પના પ્રતાપે જ યુદ્ધમાં વિજય પ્રાપ્ત થતો હતો.

**આલ્બર્ટ આઈન્સ્ટાઈન !** પરિવારના કહેવાથી લગ્ન કરી ગાયબ થઈ ગયો. ચારેબાજુ તપાસ કરતાં ન મળ્યો ત્યારે કોઈકે કહ્યું કે તે Laboratory સિવાય બીજે ક્યાંય નહિ ગયો હોય. લેબોરેટરીમાં શોધવા ગયા. અને એ ત્યાં જ મળ્યો. બધા એને વઢે છે કે આજે જ લગ્ન થયા છે ને તમે આજેય અહીં આવ્યાં ? ત્યારે તેણે કહ્યું શું ? મારા આજે લગ્ન થયા છે ?

જો ભૌતિક ક્ષેત્રમાં સફળતા મેળવવા મજબૂત સંકલ્પ જોઈએ તો આધ્યાત્મિક ક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત કરવા તો એથી ય વધુ મજબૂત સંકલ્પ જોઈએ.

આ સંકલ્પ એટલે જ પ્રણિધાન.

જો પૂજા કરવાનો તમારો મજબૂત સંકલ્પ નહિ હોય તો થોડા Late ઊઠશો... થોડું દુકાનમાં કામ આવી જશે... ઘરમાં કોઈક મહેમાન આવી ગયા... આવા કારણો મળતાં જ એ પૂજા કરવાનું છોડી દેશે. પણ જો મજબૂત સંકલ્પ હશે કે પૂજા કર્યા વિના મોંઢામાં અન્ન કે પાણી મૂકવું નહિ તો, ગમે તેવા કારણો આવશે પણ તમને એમાંથી રસ્તો મળી જશે.

જો તપ કરવાનો તમારો મજબૂત સંકલ્પ નહિ હોય તો થોડું માથું દુઃખવા આવશે... ઉધરસ-ખાંસી થશે... કે ઊલટી થશે.... અને તરત જ પારણું કરી લેશે પણ

જો મજબૂત સંકલ્પ હશે તો તપ પૂર્ણ કરીને જ રહેશે.

જો સમતા રાખવાનો મજબૂત સંકલ્પ હશે તો કોઈ ગાળ આપશે... અપમાન કરશે... લાકડી કે પથ્થરના પ્રહાર કરશે... તોય ગુસ્સો નહિ આવે પણ જો મજબૂત સંકલ્પ નહિ હોય તો ભૂલથી સહેજ કોઈનો પગ અડશે તો ધૂંઆપૂંઆ થઈ જશે.

આજથી જ મોક્ષ પ્રાપ્ત કરવાનો મજબૂત સંકલ્પ કરો. મારે આવા સંસારના ભોગસુખો પાછળ, ક્ષણિક સુખો પાછળ મારા અમૂલ્ય માનવભવને બરબાદ નથી કરવો. મારે તો શાશ્વત, અનંત, વીતરાગતાના સુખને પ્રાપ્ત કરવું છે.

**(૨) સાધના એ વૃક્ષ છે –** માત્ર બીજ વાવી દેવાથી કામ ન ચાલે. પછી એને ખાતર, પાણી, પ્રકાશ વગેરે પૂરું પાડવું પડે તો જ તેમાંથી વિરાટવૃક્ષ બને છે. જે વિરાટવૃક્ષ તડકા-છાયા, ઠંડી-ગરમીમાં અડીખમ ઊભું રહી શકે છે અને ફળ આપવા માટે સમર્થ બને છે.

તેમ માત્ર સંકલ્પ કરવાથી કામ ન ચાલે પછી સંકલ્પને સિદ્ધ કરવા સંકલ્પાનુસાર સાધના પણ કરવી પડે, તો જ સિદ્ધિની પ્રાપ્તિ થાય છે.

યાદ કરો પેલા **ચંદ્રાવતંસક રાજાને** ! રાત્રિના સમયે સંકલ્પ કરે છે કે જ્યાં સુધી આ દીપક ચાલુ છે ત્યાં સુધી મારે કાઉસ્સગ્ગ ધ્યાનમાં સ્થિર રહેવું. સંકલ્પ કરી સાધના કરવાની શરૂઆત કરી. પ્રાયઃ કરીને સાધના સહજતાથી સિદ્ધ ન થાય. એમાં પરિષહો અને ઉપસર્ગોને સહન કરવા જ પડે.

આ રાજા પણ કાઉસ્સગ્ગની સાધનામાં મસ્ત બની ગયા હતાં. સમય થતાં દીપક બુઝાવવાની તૈયારી હતી ત્યાં જ રાજાની દાસી આવી. એણે વિચાર્યું કે જો આ દીપક બુઝાઈ જશે તો રાજાની સાધના ખંડિત થઈ જશે. રાજાની સાધના અખંડિત બનાવવા રાજાના સંકલ્પને નહિ જાણતી એવી દાસીએ એ ખૂટી ગયેલા ઘીવાળા દીપકમાં ઘી ઉમેર્યું અને દીપકને ફરીથી ઝગમગતો કરી દીધો. આ રીતે આખી રાત પસાર થઈ.

જ્યારે જ્યારે દીપક બુઝાવવાની તૈયારી હોય ત્યારે ત્યારે દાસી આવીને ઘી પૂરીને જતી રહેતી. સવાર પડતાં જ ઉજાસ થતાં દીપકની આવશ્યક્તા ન રહેતાં દાસીએ ઘી ન ઉમેર્યું. દીપક બુઝાયો અને રાજાએ કાઉસ્સગ્ગ પાળ્યો.

આખી રાત્રિ ખડેપગે ઊભા રહેતાં ખૂબ થાક લાગ્યો અને થોડા જ વખતમાં પ્રાણ છોડ્યાં અને દેવગતિને પ્રાપ્ત કરી.

સંકલ્પ મજબૂત હતો. સાધના પણ તે અનુસાર જ હતી. તો થોડા જ સમયમાં સદ્ગતિને પ્રાપ્ત કરી. આપણે પણ જો સદ્ગતિ પ્રાપ્ત કરવી હોય... દુર્ગતિને તાળા મારવા હોય તો... આજથી જ મોક્ષનો સંકલ્પ કરી સાધના શરૂ કરી દો. સાધના માર્ગમાં આવતા પરિષદ અને ઉપસર્ગોને સહન કરી વિરાટ વૃક્ષની જેમ અડીખમ રહો.

(૩) **સિદ્ધિ એ ફળ છે –** કોઈ પણ ફળ પ્રાપ્ત કરવું હોય તો આસાનીથી પ્રાપ્ત નથી થતું પણ એની પાછળ મહેનત કરવી પડે છે. એટલે જ તો કહેવાય છે કે **'મહેનતનાં ફળ મીઠાં'.**

જે વ્યક્તિ સાચી દિશામાં મહેનત કરે છે એને અવશ્ય એના મીઠા ફળ ખાવા મળે છે. પણ કોઈ કહે કે મારે મહેનત કર્યા વિના જ મીઠા ફળ ખાવા છે તો શું એ શક્ય છે ?

આપણને તો સરસ મજાનો બગીચો દેખાય છે ને આપણે ટહેલવા નીકળી પડીએ છીએ. બગીચાની મજા માણીએ છીએ પણ એ બગીચા પાછળ માળીએ મહેનત કરી છે ત્યારે એનું આ ફળ મળ્યું છે. માળીનો બગીચો બનાવવાનો મજબૂત સંકલ્પ હતો. એ તૈયાર કરવા માટે એણે રાત-દિવસ મહેનત કરી અને પરિણામ સ્વરૂપ બગીચાની પ્રાપ્તિ થઈ.

યાદ કરો પેલા **જંબુસ્વામિને !** એક જ વાર સુધર્માસ્વામિની દેશના સાંભળી વૈરાગ્ય પ્રગટ થયો. સંયમ લેવાનો મજબૂત સંકલ્પ કર્યો. લગ્ન પૂર્વે જ બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કર્યું. માતા-પિતાની આજ્ઞાથી લગ્નના બીજા જ દિવસે સંયમ લેવાનું નક્કી કરી લગ્ન કર્યા, લગ્નની પહેલી રાત્રિમાં જ આઠેય પત્નીઓને, પ્રભવસહિત ૫૦૦ ચોરોને પ્રતિબોધ પમાડી બીજા દિવસે ૫૨૭નો દીક્ષાનો વરઘોડો નીકળ્યો.

સંયમ લઈ સાધના કરી તે જ ભવમાં સિદ્ધ થવાનો સંકલ્પ મજબૂત હતો તો એકેય ભોગસુખોની સામગ્રી એને લલચાવી શકી નહિ કે લોભાવી શકી નહિ. આ છે સંકલ્પનો પ્રભાવ ! આ છે પ્રણિધાનનો પ્રભાવ !

આપણે પણ આવું જ ધર્મમાં પ્રણિધાન કરવાનું છે. પ્રણિધાન કરવાથી જીવનમાંથી અસ્થિરતા દૂર થાય છે. માટે આજથી જ સંકલ્પ કરો કે મારે મોક્ષ મેળવવો જ છે અને એના માટે સંયમની સાધના જરૂરી છે. મારે દરરોજ પરમાત્મા પાસે સંયમજીવન પ્રાપ્ત કરવાની પ્રાર્થના કરો. પ્રાર્થના કરવા માત્રથી જ લખલૂટ કર્મોની નિર્જરા થાય છે અને ચારિત્ર જલ્દી ઉદયમાં આવે છે. એ ચારિત્ર જીવનમાં, સંયમની સાધનામાં પરિષહ અને ઉપસર્ગોને સહન કરવાથી અવશ્ય મોક્ષની સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય મહારાજા યોગશાસ્ત્ર નામના ગ્રંથમાં કહે છે કે,

**जिनधर्म विनिर्मुक्तो मा भुवं चक्रवर्त्यऽपि ।**
**स्यां चेटोऽपि दरिद्रोऽपि जिनधर्माऽधिवासितः ॥**

જિનધર્મથી રહિત ચક્રવર્તીપણું પણ મારે નથી જોઈતું. હું દાસ થઈશ કે દરિદ્ર

થઈશ તો પણ મને ચાલશે પરંતુ મને જન્મ તો જૈનકુળમાં જ મળજો.

***'દો પાટન કે બીચ મેં, સાબૂત બચા ન કોઈ,***
***ખૂંટ પકડ કે જો રહા, પીસ સકા ન કોઈ'***

રાગ-દ્વેષરૂપી બે પડની વચ્ચે સંસારી જીવ અનાજના દાણાની જેમ કચડાઈ રહ્યો છે. પરંતુ જે જીવ જિનધર્મરૂપી ખૂંટને પકડી રાખે છે એને કોઈ પણ કચડી શકતું નથી. એનો વાળ પણ કોઈ વાંકો કરી શકતું નથી.

There are many stars in the sky
but not like a Moon.
There are many flowers in the garden
but not like a Rose.
There are Many birds in the world
but not like a Peacock.
There are Many religion in the world
but not like Jainism.

આકાશમાં તારાઓ ઘણા બધા છે,
પણ ચંદ્ર જેવો એક પણ નથી.
ઉદ્યાનમાં પુષ્પો ઘણા બધા છે,
પણ ગુલાબ જેવું એક પણ નથી.
દુનિયામાં પક્ષીઓ ઘણા બધા છે.
પણ મોર જેવું એક પણ નથી.
દુનિયામાં ધર્મો ઘણા બધા છે.
પણ જૈન ધર્મ જેવો એક પણ નથી.

આપણને મળેલા દુર્લભ એવા જૈન ધર્મનો ફાયદો ઉઠાવવા સ્થિરતાથી ધર્મનું પાલન કરો.

જીવનમાંથી અસ્થિરતા દૂર કરવા
આજથી જ ત્રણ વાત જીવનમાં નક્કી કરો.

***સંકલ્પ – સિદ્ધ થવાનો***
***સાધના – સંયમની.***
***સિદ્ધિ – શાશ્વત સુખની.***

# આત્માનું HEALTH = સ્વાસ્થ્ય

સદ્ગુણો એ પુણ્યની વાવડી છે,

ભવસાગર તરવાની નાવડી છે.



(૧) સદ્ગુરુ સંગ

(૨) સ્વાધ્યાય રંગ

(૩) સંયમ જંગ

સદ્ગુણો પુણ્યની વાવ જેવા છે. વાવડીમાં સ્ફટિક જેવું શુદ્ધ પાણી હોય, રંગબેરંગી પુષ્પો હોય તો વાવ સરસ મજાની લાગે છે. તેમ જીવનમાં સદ્ગુણો હોય, તો આપણું જીવન પણ સરસ મજાનું લાગે છે.

***'એક જ અરમાન છે મને...***
***મારું જીવન સુગંધી બને...***

સદ્ગુણો ભવસાગર તરવા નાવ જેવા છે. આપણા બધાની ઈચ્છા ભવસાગરથી પાર ઉતરવાની છે. આ ત્રણ સદ્ગુણો આપણા જીવનમાં આવી જાય તો આપણો બેડો પાર થઈ જાય, તો ચાલો આ ત્રણ સદ્ગુણોને જાણીને જીવનમાં અપનાવવાનો પ્રયત્ન કરીએ.

## (૧) સદ્ગુરુ સંગ

***'વૃક્ષ વિનાની વેલડી, ચંદ્ર વિનાની રાત,***
***સદ્ગુરુ વિનાની જિંદગી, થઈ જાશે બરબાદ.'***

જંગલમાં ભૂલા પડેલા મુસાફરોને ભોમિયા સાચી દિશા બતાવે છે. તેમ સદ્ગુરુ સંસારના જંગલમાં ભૂલા ભટકતાં એવા આપણને સિદ્ધિ ગતિની સાચી દિશા બતાવે છે. અત્યાર સુધી આપણે ઊંધી જ દિશામાં દોડીએ છીએ, માટે હજુ સુધી સંસારનો અંત આવ્યો નથી. **કોઈક સદ્ગુરુને પકડી લઈએ જે આપણને સાચી દિશા બતાવે. દિશા બદલાઈ જશે તો દશા આપમેળે બદલાઈ જ જવાની.** માટે જરૂર છે કોઈક સદ્ગુરુના સંગની.

**'કુસંગ જીવનને બરબાદ બનાવે છે,**
**સદ્ગુરુ સંગ જીવનને આબાદ બનાવે છે.'**

જેનું જીવન બરબાદ થઈ ગયું છે, જેનું જીવન જુગાર, દારૂ, માંસ, વેશ્યા, પરસ્ત્રીથી ખરડાઈ ગયું છે એને એક જ પ્રશ્ન પૂછજો કે, 'તારા જીવનની બરબાદીની શરૂઆત કેવી રીતે થઈ ?

એક જ જવાબ મળશે કે મેં કોની જોડે સંગ કરાય અને કોની સંગ ના કરાય એનો વિચાર ન કર્યો અને કોઈક કુસંગે-ખરાબ મિત્રના સંગે મારી જિંદગી બરબાદ કરી નાખી.

**સંપત્તિને સાચવવી હોય તો ગુંડાની ગલી છોડવી જ પડે તેમ સદ્ગુણો સાચવવા હોય તો દુર્જનનો સંગ છોડવો જ પડે.**

**સુવાસ મેળવવા ઉકરડો છોડવો જ પડે અને ઉદ્યાન તરફ જવું જ પડે.**

**સદ્‌ગુણો મેળવવા દુર્જનનો સંગ છોડવો જ પડે અને સદ્‌ગુરુસંગ તરફ જવું જ પડે.**

ઉકરડા તરફ માંડેલા કદમ સફળ બને તોય નકામા છે અને ઉદ્યાન તરફ માંડેલા કદમ નિષ્ફળ બને તો ય સારાં છે. તેવી રીતે દુર્જન તરફ માંડેલા કદમ સફળ બને તો પણ નકામા છે અને સદ્‌ગુરુસંગ તરફ માંડેલા કદમ નિષ્ફળ બને તો પણ સારાં છે. ઉકરડાંને ઉદ્યાનમાં ફેરવવાની તાકાત માળીમાં છે, તેમ દુર્ગુણોને ય સદ્‌ગુણોમાં ફેરવવાની તાકાત સદ્‌ગુરુમાં છે.

દૂધનો લીંબુ સાથે સંગ થાય તો દૂધ ફાટી જાય છે અને એ જ દૂધનો સાકર, કેસર, ઈલાયચી સાથે સંગ થાય તો દૂધ સ્વાદિષ્ટ બને છે. તે જ રીતે વ્યક્તિને કોઈકનો કુસંગ થાય તો સજ્જનમાંથી ય દુર્જન બની જાય અને **સદ્‌ગુરુનો સંગ થાય તો**

**દુર્જનમાંથી ય સજ્જન...**
**દુરાચારીમાંથી ય સદાચારી...**
**ખૂનીમાંથી ય મુનિ...**
**ડાકુ મટીને ય દયાળુ...**
**શેતાનમાંથી ય સંત બની જાય છે.**

પેલા બ્રાહ્મણના છોકરાઓ રડી રહ્યા છે. કેમ કે એમને ખીર ખાવી છે. ક્યારેય ખાધી નથી. આજુબાજુ ક્યાંકથી ખીર બનાવવા ચોખા, દૂધ, સાકર બધું મેળવીને ખીર બનાવે છે અને ઠારવા મૂકે છે ત્યાં **દઢપ્રહારી** નામનો શેતાન ડાકુ, ખૂંખાર ખૂની ત્યાં લૂંટફાટ કરવા પોતાની ટોળી સાથે આવે છે. લૂંટ ચલાવી બધા ભાગે છે. દઢપ્રહારીને ભૂખ લાગી છે એટલે એ ખીર લઈ જાય છે ત્યાં જ બ્રાહ્મણના છોકરાઓ વચ્ચે આવે છે ને દઢપ્રહારી તેઓને તલવારના એક ઝાટકે ઉડાડી દે છે. ગાય વચ્ચે આવે છે તો તલવાર એનીય સગી થતી નથી, ને ગાયને ઉડાવી દે છે. પેલી ગર્ભવતી બ્રાહ્મણી વચ્ચે આવે છે ને આ દઢપ્રહારી એ તલવાર એના પેટમાં ખોસી દે છે... પેલી ઢળી પડે છે, સાથે પેટમાં રહેલો ગર્ભ તરફડિયા મારે છે... તડપી રહ્યું છે...

આ દશ્ય જોઈને દઢપ્રહારીના હાથમાંથી તલવાર પડી જાય છે. લોકોમાં બૂમાબૂમ થાય છે ને ત્યાંથી ભાગી જાય છે. લોકો પકડે તે પહેલા તો ક્યાંય નીકળી જાય છે. પણ હવે એના મનમાં વિચારો ચાલે છે. હાય ! હાય ! હું કેટલો પાપી...

એ ચાર-ચાર પવિત્ર જીવો.

બ્રાહ્મણ, ગાયમાતા, સ્ત્રી અને બાળકની હત્યા કરી... બીજો કોઈ રસ્તો ન

મળતાં આપઘાત કરવા પર્વત પર ચઢે છે અને જ્યાં કૂદકો મારવા જાય ત્યાં જ એક સદ્‌ગુરુ એનો હાથ પકડે છે...

***સદ્‌ગુરુ કુંભાર સારીખા ઘડ ઘડ કાઢે ખોટ***
***અંદર સે રક્ષા કરે બાહર મારે ચોટ.***

કુંભાર ઘડા બનાવતી વખતે બહારથી થાપટ મારે છે પણ અંદરથી હાથ પણ આપે છે તેમ સદ્‌ગુરુ બહારથી ગમે તેટલા કડક હોય પણ અંદરથી તો આપણી રક્ષા જ ઇચ્છતા હોય છે.

સદ્‌ગુરુ પૂછે છે, ભાઈ ! કોણ છે તું ? શા માટે દુર્લભ એવા માનવ જીવનને ખતમ કરી રહ્યો છે ? અને પેલો દૃઢપ્રહારી પોતાના જીવનની કાળી ડાયરી સદ્‌ગુરુના ચરણોમાં ધરે છે, અને કહે છે હવે હું આપઘાત ન કરું તો બીજું શું કરું ?

સદ્‌ગુરુ કહે છે કે શું આપઘાત કરવાથી તેં બાંધેલા પાપો ખતમ થઈ જશે ? બેટા ! બાંધેલા પાપનું ફળ આ ભવમાં નહિ તો આવતા ભવમાં ચૂકવવું જ પડશે માટે તું આપઘાત નહિ પાપઘાત કર. પાપઘાત કરવાથી બધા પાપો દૂર થઈ જાય છે અને આત્મા નિર્મળ થાય છે. સદ્‌ગુરુના સંગે એને આપઘાત કરતો અટકાવી પાપઘાત કરવા માટે સંયમજીવનનું દાન કર્યું. પાપઘાત કરવા નિયમ લીધો કે જ્યાં સુધી મને મારા પાપો યાદ આવે કે કોઈ યાદ કરાવે ત્યાં સુધી અન્ન કે પાણી મારે મોંઢામાં નાંખવું નહિ.

આ અભિગ્રહ ધારણ કરી ગામના પહેલા દરવાજે ઊભા રહ્યા. કોઈક કહે આ મારા પુત્રનો ખૂની છે, અત્યારે મુનિ બનવાનું નાટક કરે છે. આને મારો એમ બોલી કોઈક લાકડી ફટકારે છે, તો કોઈક કહે છે આ મારા પિતાનો... પત્નીનો... માતાનો... બહેનનો... ભાઈનો... ખૂની છે એમ બોલી કોઈક લાકડી... તો કોઈક પથરાં મારે છે. કોઈક ધૂળોનો ઢગલો કરે છે... તો કોઈ અપશબ્દો બોલે છે... આમ બધાં ફટકારે છે... ધિક્કારે છે... તિરસ્કાર કરે છે. પણ પેલા મુનિએ મનોમન નક્કી કરી લીધું છે કે મારે પાપઘાત કરવો છે માટે કશુંય નથી બોલતા. બધું સહન કરે છે. એમ દોઢ મહિનો થતાં ગામવાળાનો ગુસ્સો શાંત થયો. બધા માફી માંગે છે. પછી ગામના બીજા દરવાજે જાય છે ત્યાં આ જ રીતે દોઢ મહિનો સહન કરે છે.

***જે કમ્મે શૂરા***
***તે ધમ્મે શૂરા***

જે કર્મ કરવામાં શૂરવીર હોય છે, તે ધર્મ કરવામાં પણ શૂરવીર હોય છે.

આમ ગામના કુલ ચાર દરવાજે દોઢ-દોઢ મહિનો એટલે કે છ મહિના સંપૂર્ણ

આહાર-પાણી ત્યાગ કરી માત્ર સહન કરતાં કરતાં પોતાના ઘનઘાતી કર્મો ખપાવી કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે. એક માત્ર સદ્ગુરુના સંગના કારણે આ દૃઢપ્રહારી મુનિ પતનમાંથી ઉત્થાન તરફ... વિનાશમાંથી વિકાસ... તરફ આગળ વધતાં વધતાં પરમપદને પામી ગયા.

***'એક ઘડી આધી ઘડી આધી સે ભી આધ,***
***તુલસી સંગત સંત કી, કટે કોટિ અપરાધ.'***

પારસમણિના સ્પર્શમાત્રથી... સંગમાત્રથી લોખંડ સુવર્ણ બની જાય છે તેમ સદ્ગુરુના સંગથી પતિત પણ પાવન બની જાય છે. તુલસી તો ત્યાં સુધી કહે છે કે એક ઘડી એટલે ૨૪ મિનિટ, આધી ઘડી એટલે ૧૨ મિનિટ આધી સે ભી આધ મતબલ કે ૧૨ થી ય અડધી, એટલે કે ૬ મિનિટ પણ જો કોઈ સદ્ગુરુનો સંગ કરે તો કરોડો અપરાધો કાપી શકે છે. તો જે પોતાનું આખું જીવન જ સદ્ગુરુના ચરણોમાં સમર્પિત કરી દે તેનો બેડો પાર ન થઈ શકે ?

***ખાડામાં પડતી ગાડીને danger લખેલું પાટીયું બચાવે છે.***
***દુર્ગતિમાં પડતા જીવને સદ્ગુરુ બચાવે છે.***

પતંગ ગમે ત્યાં આકાશમાં દૂર ઉડતી હોય પણ જ્યાં સુધી એનો દોરો પતંગ ચગાવનારના હાથમાં છે ત્યાં સુધી એ સલામત છે. ફુગ્ગો ગમે તેટલો દૂર હોય પણ એની દોરી પેલા બાળકના હાથમાં છે ત્યાં સુધી એ સલામત છે. બાળક ગમે ત્યાં રખડતો હોય પણ જ્યાં સુધી માની નજર બાળક ઉપર છે ત્યાં સુધી તે સલામત છે. બસ એ જ રીતે આપણે ગમે ત્યાં સંસારમાં ભટકતા હોઈએ, રખડતા હોઈએ પણ આપણા જીવનની દોરી જો સદ્ગુરુના હાથમાં છે, સદ્ગુરુની જો આપણી ઉપર રહેમનજર છે ત્યાં સુધી આપણે, આપણું જીવન સલામત છે.

લોખંડનો ખીલો સાગરમાં ડૂબી જાય છે,
પણ જો નાવ સાથે જોડાઈ જાય તો તરી જાય છે.

લોખંડના ખીલા જેવા આપણે સંસારમાં ડૂબી જઈએ. પણ જો નાવ સમાન સદ્ગુરુ સાથે જોડાઈ જઈએ તો સંસાર સાગર તરી જઈએ.

જીવન વહે જલની જેમ આપણે જીવીએ કમળની જેમ.

ગમે તેટલો કાદવ-કીચડ હોય પણ કમળ તેનાથી અલિપ્ત જ રહે છે તેમ જો સદ્ગુરુ આપણા જીવનમાં હશે તો કાદવ-કીચડ સમાન સંસારમાં આપણે હોઈશું છતાંય કમળની જેમ નિર્મળ રહી શકીશું. કમળ કાદવમાં રહેવા છતાંય કાદવની દુર્ગંધ એ સ્વીકારતું નથી ને પોતાની સુગંધ ક્યારેય છોડતું નથી તેમ સદ્ગુરુની અમીદૃષ્ટિ

આપણા ઉપર હશે તો આપણે પણ સંસારની દુર્ગંધથી લેપાશું નહિ તથા આપણા સદ્‌ગુણોને તરછોડશું નહિ. જરૂર છે જીવનમાં આવા કોઈક સદ્‌ગુરુના સંગની.

*મા જન્મ આપે છે.*
*ગુરુમા જીવન આપે છે.*
*મા ભાગ્યવાન બનાવે છે.*
*ગુરુમા ભગવાન બનાવે છે.*
*મા દુઃખથી બચાવે છે.*
*ગુરુમા દોષથી બચાવે છે.*
*મા સ્વસ્થ બનાવે છે.*
*ગુરુમા સ્વચ્છ બનાવે છે.*
*મા દશા બદલાવે છે.*
*ગુરુમા દિશા બદલાવે છે.*

આપણા જીવનમાં જેમ family docter હોય છે તેમ આવા એક family **સદ્‌ગુરુ** પણ હોવા જોઈએ. કંઈક તકલીફ થાય ને સીધા આપણે ફેમિલિ ડૉક્ટર પાસે દોડી જઈએ છીએ, જે દવા આપે તે સ્વીકારીએ છીએ. પરેજી પણ આપણે પાળીએ છીએ. તેમ જીવનમાં નાનકડા પણ દોષોનું સેવન થાય તો તરત જ આ સદ્‌ગુરુ પાસે દોડી જવું જોઈએ ને જે પ્રાયશ્ચિતરૂપી દવા આપે, જે કુટેવો જીવનમાંથી દૂર કરવાની પરેજી પાળવા કહે, તે બધું જ આપણે સ્વીકારી પાલન કરવું જોઈએ. કેમ કે,

*ડૉક્ટર આપણા દર્દને નાબૂદ કરે છે,*
*સદ્‌ગુરુ આપણા દોષને નાબૂદ કરે છે.*
*ડૉક્ટર આપણા રોગનો વિનાશ કરે છે.*
*સદ્‌ગુરુ આપણા રાગદ્વેષનો વિનાશ કરે છે.*

### (૨) સ્વાધ્યાય રંગ :

*આદિત્ય વિના પ્રકાશ નહિ*
*સાહિત્ય વિના વિકાસ નહિ.*

આદિત્ય એટલે સૂર્ય. સૂર્ય જેમ જેમ અસ્ત થતો જાય છે તેમ તેમ અંધકાર પોતાનો અધિકાર જમાવવા લાગી જાય છે. સૂર્ય અસ્ત થઈ જાય છે ને ચારેબાજુ અંધકારનું સામ્રાજ્ય ફેલાઈ જાય છે. પણ એ અંધકાર ત્યાં સુધી જ પોતાનો હુકમ ચલાવશે જ્યાં સુધી સૂર્યનો ઉદય થયો નથી. સૂર્યનો ઉદય થતાં જ અંધકારને ઊભી

પૂંછડીએ ભાગવું પડે છે. પછી એ પોતાનું અસ્તિત્ત્વ ટકાવી શકતો નથી.

બસ એ જ ન્યાયે આપણા આત્મા ઉપર પણ અજ્ઞાનના અંધકારે સામ્રાજ્ય જમાવી દીધું છે અને એ જ અજ્ઞાનતાના કારણે આપણે ખોટા રસ્તા ઉપર જ આગેકૂચ કરી રહ્યાં છીએ. પણ એ અજ્ઞાનના અંધકારનું સામ્રાજ્ય ક્યાં સુધી ટકશે ? જ્યાં સુધી જ્ઞાનરૂપી સૂર્યનો ઉદય થતો નથી ત્યાં સુધી. માટે અજ્ઞાન અંધકારને ભગાડવા... દુર્ગતિમાં ધકેલનારા શત્રુઓને નષ્ટ કરવા... આત્મ સુખને માણવા... જ્ઞાનરૂપી દીપક પ્રગટાવવા... સ્વાધ્યાયનો રંગ લગાડવો જ પડશે. સ્વાધ્યાયના પ્રકાશ દ્વારા આત્માનો વિકાસ થાય છે. ખોટા રસ્તા તરફ દોડતા આપણા પગ અટકે છે અને સાચા રસ્તા તરફ દોડે છે.

મહોપાધ્યાય યશોવિજયજી મ.સા. જ્ઞાનસારમાં જણાવે છે કે,

**सुखिनो विषयातृप्ता नेन्द्रोपेन्द्रादयोऽप्यहो ।**
**भिक्षुरेकः सुखी लोके ज्ञानतृप्तो निरञ्जनः ॥**

વિષયોથી અતૃપ્ત ઈંદ્ર વગેરે પણ સુખી નથી પરંતુ કર્મરૂપ અંજનથી રહિત જ્ઞાનથી તૃપ્ત સાધુઓ જ સુખી છે.

**Empty Mind is devil's house**

ખાલી મન એ શેતાનનું ઘર છે. મનને ખાલી રાખી શેતાનનું ઘર બનાવવું તેના કરતાં સ્વાધ્યાય દ્વારા ભગવાનનું ઘર બનાવવું શ્રેષ્ઠ છે.

મુનિ ભગવંતોનો પ્રાણ સ્વાધ્યાય છે. ૨૪ કલાકમાંથી ૧૫ કલાક સ્વાધ્યાય કરવાનું વિધાન છે. જો શ્રમણ-શ્રમણી ભગવંતો પણ સ્વાધ્યાય માટે આટલો બધો પુરુષાર્થ કરતાં હોય, રાત-દિવસ મચી પડતાં હોય, નાના બાલ મુનિઓથી માંડીને ઠેક વૃદ્ધ મહાત્મા સુધીના બધા મહાત્માઓ આવો જોરદાર જ્ઞાન પુરુષાર્થ કરતાં હોય તો તમે શા માટે પાછળ પડો છો. તમારે તો વધુ સાવધાન થવું જોઈએ. ૧૮ પ્રકારના પાપોના કાદવથી લેપાયેલા એવા આપણને શુદ્ધ થવા માટે સ્વાધ્યાય અતિઆવશ્યક છે.

***'જ્ઞાની શ્વાસોશ્વાસમાં કરે કર્મનો છેહ***
***પૂર્વકોડી વરસા લગે અજ્ઞાની કરે તેહ'***

કરોડો વર્ષની સાધના દ્વારા અજ્ઞાની જીવ જેટલા કર્મોનો નાશ કરે છે તેટલા કર્મોનો નાશ સમ્યક્જ્ઞાની આત્મા માત્ર શ્વાસોશ્વાસમાં કરે છે. આવા અમૂલ્ય સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ માટે આપણો પુરુષાર્થ કેટલો ?

સાચું બોલો, સવાર પડે ને હાથમાં શું આવે ? છાપું કે સ્વાધ્યાયની પુસ્તક ?

દુનિયાનાં બધાં કાર્યો કરવા માટે સમય મળે છે તો સ્વાધ્યાય કરવા માટે સમય કેમ ન મળે ?

સમય નથી મળતો એમ જે લોકો કહે છે પ્રાયઃ એ બહાના હોય છે. ધંધો કરવા... ટી.વી. જોવા... મિત્રો સાથે ગપ્પા મારવા... બહેનપણીઓ સાથે ફરવા જવાના સમયો નીકળી શકતા હોય તો સ્વાધ્યાય કરવા સમય કેમ ન મળે ?

સમય નથી મળતો એમ કહેવાને બદલે એમ કહો કે અમને હજુ સ્વાધ્યાયની લગન જાગી નથી, સ્વાધ્યાયની તરસ લાગી નથી. તરસ્યો માનવી ગમે ત્યાંથી પાણી પી લે છે.

**રાત્રે ૧૨-૧૨ વાગ્યા સુધી વૉટ્સ એપ પર busy રહેનારાંને સ્વાધ્યાય માટે સમય ક્યાંથી મળે... ?**

**સવારે ૯-૯ વાગ્યા સુધી ઘસઘસાટ ઊંઘનારા સૂર્યવંશી રાજપુત્રોને સ્વાધ્યાયનો સમય ક્યાંથી મળે... ?**

**બહેનપણી કે મિત્રો સાથે ગલીના નાકે ૨-૩ કલાક ગપ્પા મારનારા Educated Studentsને સમય ક્યાંથી મળે... ?**

**સાસુઓની નિંદામાંથી ઊંચી ન આવતી વહુઓને, વહુઓની ચોકીદારીમાંથી સમય ન મેળવનારી સાસુઓને સમય ક્યાંથી મળે... ?**

**દુકાનની સીટ પર અડ્ડો જમાવનારા બાપને સમય ક્યાંથી મળે ?**

એક વાત મગજમાં ફીટ બેસાડી દો.

***‘સ્વાધ્યાય માટે સમય મળશે નહિ, કાઢવો પડશે.’***

સમય મળશે તો સ્વાધ્યાય કરશું આવું વિચારનારો કદી સ્વાધ્યાય કરી શકે નહિ. ગમે તેટલા Tight Scheduleમાંથી કોઈના મૅરેજમાં... પાર્ટીમાં... રિસેપ્શનમાં... દુકાનના ઉદ્‌ઘાટનમાં.... બર્થ-ડે પાર્ટીમાં જવા માટે સમય કાઢીએ છીએ તેમ સ્વાધ્યાય માટે પણ સમય કાઢવો પડશે.

અમારા **દેવેન્દ્રસૂરિ મ.સા. !** સ્વાધ્યાય કરતાં કરતાં ડોક વાંકી વળી ગઈ હતી છતાંય સ્વાધ્યાય કરવાનું છોડ્યું નહોતું. માત્રું-સ્થંડિલ જતાં રસ્તામાં જેટલો સમય મળે એ સમયમાં પણ સ્વાધ્યાય કરતાં હતાં.

૧૮-૧૮ દેશના **મહારાજા કુમારપાળ !** ૩૨ પ્રકાશનો સ્વાધ્યાય કરી પછી જ મંજન કરતાં હતાં.

**મહામંત્રી પેથડશાહ !** રાજકાજમાં busy છતાંય સ્વાધ્યાય છોડતાં ન હતાં. ઘરેથી રાજમહેલ સુધી પાલખીમાં બેસીને જતાં ત્યારે હાથમાં પુસ્તક રાખી સ્વાધ્યાય

કરતાં હતાં અને આમ દરરોજ પાલખીમાં વાંચન કરતાં 'ઉપદેશ માલા' નામનો ગ્રંથ કંઠસ્થ કર્યો.

સલામ છે આવા મહાપુરુષોને કે ૧૮-૧૮ દેશના મહારાજા, ૧૮-૧૮ દેશને સંભાળવાની જવાબદારીઓ હોવા છતાં પણ સ્વાધ્યાય કદી ચૂક્યા નથી. તમે કેટલા દેશના રાજા છો ? અરે દેશની વાત જવા દો, તમારા ઘરનાં તો રાજા ખરાં ને... ? કે ઘરમાં ય ઘરવાળીનું ચાલે ? માત્ર એક નાનકડા કુટુંબની જવાબદારી છે. જો આવા મહારાજાઓ, મહામંત્રીઓ, મહાત્માઓ પુષ્કળ જવાબદારીઓ વચ્ચે પણ સમય કાઢી શકતાં હોય અને આપણા માથે એટલી મોટી કોઈ જવાબદારી ન હોવા છતાં ય આપણે કહીએ કે સમય નથી મળતો તો આ વાત કેટલી વ્યાજબી ગણાય ? માટે આજથી જ બધા બહાના છોડો. કારણ કે

***'બહાના શોધનારને કદી રસ્તા મળતાં નથી,***
***રસ્તા શોધનારને કદી બહાના મળતાં નથી.'***

આપણે શું શોધવું છે સ્વાધ્યાય કરવા માટેનો રસ્તો... કે સ્વાધ્યાય ન કરવા માટેના બહાનાં એ આપણી જાતને જ પૂછવાનું છે. ઘણાની ફરિયાદ હોય છે કે મ.સા. સ્વાધ્યાય કરીએ છીએ પણ યાદ રહેતું નથી. ૨-૪-૬ કલાક ગોખવા છતાંય યાદ ન રહેતાં કંટાળીને સ્વાધ્યાય કરવાનું માંડી વાળીએ છીએ. આવા વિચારો કરનારો વર્ગ પણ ઓછો નથી.

પણ સાવધાન ! ૧૫ વર્ષ પહેલા કોઈએ કહેલ અપશબ્દો... કરેલું અપમાન... આપેલી ગાળો... એના એ જ શબ્દોમાં as it is આપણને યાદ રહેતી હોય, ટી.વી.માં જોયેલ Serial, Film... કે Advertise... as it is આપણે બીજાને કહી શકતા હોઈએ. ઈન્ડિયા પાકિસ્તાન વચ્ચે રમાયેલ મૅચનો દરેક ઑવરનો સ્કોર... કયા બેટ્સમેન દ્વારા કેટલા રન બનાવાયાં... કોણે કેટલી વિકેટો ક્યારે લીધી... એ બધું જ જો યાદ રહી શકતું હોય તો ગાથા યાદ કેમ ન રહે ?

કારણ એ જ કે આ બધી સાંસારિક પ્રવૃત્તિઓ જેટલા રસપૂર્વક, એકાગ્રતાપૂર્વક કરીએ છીએ એટલો રસ કે એકાગ્રતા સ્વાધ્યાય કરતી વખતે નથી હોતી. સ્વાધ્યાય કરતી વખતે પણ કોણ આવ્યું અને કોણ ગયું ? વહુએ રસોડામાં ફ્રીઝનો દરવાજો કેમ ઉઘાડ્યો... ? પાડોશીના ઘરે બેલ વાગી તો કોણ આવ્યું... ? આ બધા જ Tensions સ્વાધ્યાય કરતી વખતે હોય... આ બધું ય યાદ આવે તો ક્યાંથી યાદ રહે ?

હા. કોઈક વખત એવુંય બને કે ઘણો બધો પ્રયત્ન સ્વાધ્યાય માટે એકાગ્રતાપૂર્વક, રસપૂર્વક કરવા છતાં ય યાદ ન રહે તો આપણું કોઈક પૂર્વભવમાં

બાંધેલું, જ્ઞાનની આશાતના દ્વારા બંધાયેલું જ્ઞાનાવરણીય કર્મ ઉદયમાં આવ્યું હોય. પણ સબૂર ! યાદ ન રહે તો પણ સ્વાધ્યાય ચાલુ જ રાખવો, છોડવો નહિ.

યાદ કરો પેલા મુનિવરને ! યોગોદ્‌વહનની ક્રિયા ચાલુ છે. આયંબિલ શરૂ કર્યાં છે અને ત્યાં જ પૂર્વભવમાં બાંધેલું જ્ઞાનાવરણીય કર્મ ઉદયમાં આવ્યું. પૂર્વભવમાં પોતે ભણેલા-ગણેલા વિદ્વાન મુનિ છે. રોજ બધાને સ્વાધ્યાય કરાવે છે. એક દિવસ પોતે સંથારો-શયન કરવાની તૈયારીમાં છે ને ત્યાં જ વારંવાર શિષ્યો પ્રશ્નો લઈ સમાધાન મેળવવા આવે છે.

ઊંઘમાં વિલંબ થઈ રહ્યો છે ને બાજુમાં જ કોઈ મુનિવરને જ્ઞાન ચઢતું નથી તે આરામ ફરમાવી રહ્યાં છે. કોઈ તેમને ખલેલ પહોંચાડતું નથી. આ દૃશ્ય જોયું ને મનમાં વિચાર કર્યો કે મારા કરતાં તો આ નહિ ભણેલાં મુનિવર સુખી છે... આરામથી સૂવા તો મળે છે. હું ભણ્યો તે ભૂલ કરી કે આરામ પણ નથી મળતો... આના કરતાં ન ભણ્યો હોત તો સારું ! માત્ર આટલો વિચાર કર્યો.

કર્મરાજાના પાંજરામાં શિકાર ફસાઈ ગયો. એ બાંધેલું કર્મ ઉદયમાં આવ્યું. કશું જ યાદ રહેતું નથી. ગુરુ મહારાજે કૃપા કરી એક જ વાક્ય ગોખવા માટે આપ્યું ‘મા રુષ મા તુષ’ આ વાક્ય પણ તેઓ યાદ રાખી શકતાં નહોતાં., એ વાક્યને બદલે ‘માસતુસ’ ‘માસતુસ’ ગોખવા લાગ્યા. તેથી લોકોએ તેમનું નામ **માસતુસ મુનિ** પાડી દીધું. ૧ દિવસ... ૨ દિવસ... ૧૫ દિવસ... ૧ મહિનો... ૬ મહિના... ૧ વર્ષ... ૫ વર્ષ... ૧૨-૧૨ વર્ષ વીતી ગયાં છતાં ય એક વાક્ય યાદ રહેતું નથી. પણ તેમણે જરાય ગભરાયા વિના, અકળાયા વિના સ્વાધ્યાયનો પ્રયત્ન દિવસ અને રાત ચાલુ જ રાખ્યો.

પોતાના કર્મને દોષ આપી પૂર્વે કરેલા અપરાધોની ક્ષમા માંગે છે અને આ બાજુ સ્વાધ્યાયની ધૂન મચાવી છે. ૧૨ વર્ષના અંતે આ પ્રચંડ સ્વાધ્યાયના પુરુષાર્થે કેવળ જ્ઞાનની ભેટ આપી. આ તાકાત છે સ્વાધ્યાયની. એક વાક્ય... અરે ! પોતાનું નામ પણ યાદ રહેતું નહોતું. એવા મુનિવરને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું.

આપણામાંથી એવા તો એકેય નહિ હોય કે જેમને પોતાનું નામ પણ યાદ ન રહેતું હોય ! તો શા માટે નિરાશ થાવ છો. ચાલો ઊઠો, ઘણું સૂતાં આ મોહરાજાની નિંદ્રામાં ! હવે જાગો અને મંડી પડો સ્વાધ્યાયમાં.

***‘ઊઠ જાગ મુસાફિર ભોર ભયો, અબ દેર કહાં સો સોવત હૈ***
***જો જાગત હૈ સો પાવત હૈ, જો સોવત હૈ સો ખોવત હૈ.***

બસ ! બહુ થયું ! હવે નથી સૂવું મોહની નિંદ્રામાં... કારણ કે જે સુવે છે તે બધું ગુમાવે છે. અને જે જાગે છે તે બધું પામે છે. ભલે અત્યાર સુધી મેં કશું નથી કર્યું, પણ **'જાગ્યા ત્યાંથી સવાર'** હજુય મારી પાસે જેટલો સમય છે તે આ સ્વાધ્યાય દ્વારા સાર્થક કરું. સ્વાધ્યાય દ્વારા પ્રભુના વચનો જાણવા છે. જીવનમાં ઊતારવા છે. પ્રભુના વચનોને જાણવા માટે સ્વાધ્યાય એ શ્રેષ્ઠ ઉપાય છે.

## (૩) સંયમ જંગ

**'ज्ञानस्य फलं विरतिः'** જ્ઞાનનું ફળ વિરતિ છે. સદ્‌ગુરુના સંગમાં સ્વાધ્યાયના રંગે રંગાઈ સંયમ જંગ ખેલવાનો છે.

**'માનવજીવનનો એક જ સાર, સંયમ વિના નહિ ઉદ્ધાર.'**

આ સુવાક્ય આપણે ઘણીવાર સાંભળ્યું છે. બોલીએ પણ છીએ. માનવ-જીવનનો સાર સંયમ છે...

એક ભાઈ અમેરિકા ફરીને આવ્યા ત્યારે એમનો મિત્ર એમને મળે છે અને પૂછે છે અમેરિકા જઈને ત્યાંથી શું લાવ્યા ? તે ભાઈ કહે છે ત્યાં જઈ હું ખાખરા અને ચેવડો લાવ્યો... ખાખરા અને ચેવડા તો અહીં પણ મળતા જ હતાં. એમાં તમે નવાઈ શું કરી.

આ તો એવી વાત થઈ કે **'હીરો ઘોઘે જઈ આવ્યો, ડેલે હાથ દઈ આવ્યો.'**

બસ આ જ રીતે દેવલોકના ભવોમાં ખૂબ સંપત્તિઓ હતી. મોજડીમાં રહેલા રત્નથી ય આખા ભારતને ખરીદી શકું એટલી સંપત્તિઓ ભોગવીને આવ્યો છું. અપ્સરા સમાન દેવીઓ સાથે કેટલીય વાર સંબંધો બાંધી બેઠો છું. તિર્યંચના ભવોમાં બધે ઠેકાણે ખૂબ ફર્યો છું. હવે એ જ બધા ધંધા માનવભવ પામીને કરવાના... ? ના અહીં તો કંઈક નવું જ કરવાનું. અહીં પણ એ જ સુખો પાછળ પાગલ બનીશ તો મારી હાલત પણ ખાખરા અને ચેવડા લાવનાર જેવી થશે.

***'અવતાર માનવીનો ફરીને નહિ મળે...***
***અવસર તરી જવાનો ફરીને નહિ મળે.'***

આંગણે કલ્પવૃક્ષ છે. ઘરમાં કામકુંભ છે. તિજોરીમાં ચિંતામણિરત્ન છે. હવે ગલી ગલીએ ભીખ માંગવાની બેવકૂફી શું કામ કરીએ... ?

પેલા ભરવાડના હાથમાં ચિંતામણિરત્ન છે. થોડેક દૂર રહેલા કાગડાઓ કા...કા... કરી રહ્યાં છે. આને ગુસ્સો આવે છે ને ચિંતામણીરત્ન કાગડા પર ફેંકે છે.

પાછળ જ મોટી ખીણ હતી અને પેલું ચિંતામણીરત્ન કાયમ માટે હાથમાંથી જતું રહ્યું.

જેમ કાગડાને ઉડાડવા ચિંતામણીરત્નનો ઉપયોગ ન કરાય તેમ સંસારના સુખો ભોગવવા ચિંતામણી રત્નસમાન માનવભવનો ઉપયોગ ન કરાય. ચિંતામણિરત્નની વિધિપૂર્વક આરાધના કરો તો કાયમનું સુખ મળે છે, તેમ માનવભવમાં સંયમજીવનની વિધિપૂર્વક આરાધના કરવાથી મોક્ષનું શાશ્વતું સુખ મળે છે. ચિંતામણિરત્ન કંઈ વારંવાર ન મળે કોઈક ભાગ્યોદય થયો હોય ત્યારે જ મળે છે, તેમ માનવજીવન વારંવાર ન મળે પ્રચંડ પુણ્યોદય થયો હોય ત્યારે જ મળે છે.

ધન્યવાદ છે... નમસ્કાર છે... તે શ્રમણ-શ્રમણી ભગવંતોને કે જેમણે આ સંયમજીવન સ્વીકારી પોતાના માનવજીવનને સફળ કર્યું છે. જેઓ કર્મોની સામે સંયમજંગ ખેલી રહ્યા છે.

જ્યારે આઝાદી વખતે જંગ ખેલાયો હતો તેમાં કેટલાયના ખૂન થયા... કેટલાયને ફાંસી મળી... કેટલાયના પરિવારો રખડતાં થઈ ગયા... પણ આ સંયમજંગ એવો છે કે એમાં બહારના શત્રુઓ સાથે નથી લડવાનું... પણ અંદર રહેલા શત્રુઓ સાથે લડવાનું છે. સાંભળી છે આ પંક્તિ...

***'જલતી આગ બુઝા ન પાયે વહ નીર હી ક્યા***
***અપને લક્ષ્ય કો ભેદ ન પાયે વહ તીર હી ક્યા***
***સંગ્રામ મેં લાખો કો મારનેવાલા ભી અગર***
***અપને આપ પર વિજય ન પાયે વહ વીર હી ક્યા.'***

રણસંગ્રામમાં હજારોને ખતમ કરવાવાળો પણ જ્યાં સુધી પોતાના આંતરિક શત્રુઓને હણતો નથી ત્યાં સુધી એ મહાવીર કહેવાતો નથી.

***'જો બહારના શત્રુઓને જીતનારો વીર કહેવાય છે,***
***તો અંદરના શત્રુઓને જીતનારો મહાવીર કહેવાય છે.***

મોહરાજાએ આપણા સામ્રાજ્યને પચાવી પાડ્યું છે. કેટલાય વર્ષોથી એના ઉપર રાજ કરી રહ્યો છે. જ્યાં સુધી આપણે સંયમજંગ નહિ ખેલીએ ત્યાં સુધી આપણું સામ્રાજ્ય પાછું મળવાનું નથી. આપણો રહેવા માટે રાજમહેલ હોવા છતાં ક્યાં સુધી ભિખારીની જેમ એક શરીરમાંથી બીજા શરીરમાં ભટકતા રહેવાનું.

બસ ! બહુ થયું... હવે ભટકવું નથી. પાપોથી અટકવું છે અને એના માટે સંયમજંગ ખેલવો છે. કોઈ સ્ત્રીને અડવાનું નહિ. એના માટે મનમાં ખરાબ વિચારો

પણ ન કરવા. સ્ત્રી જ નથી તો પુત્રાદિ પરિવારની ઝંઝટ પણ નથી. પૈસાને ટચ ન કરવા એટલે કમાવવાની-પાપોની ફેક્ટરીને તાળું લાગી ગયું.

નવા પાપો તો બંધ થઈ ગયા પણ જૂના પડેલા છે એનું શું ? લોચ કરવો. એકેક વાળને ખેંચતા ખેંચતા એકેક કર્મોને ખેંચી રહ્યા છે. જેમ વાળ મસ્તકથી અલગ થાય છે તેમ અનાદિકાળના ભેગાં કરેલાં કર્મો પણ ધીરે ધીરે આત્માથી અલગ થાય છે. કેશના લુંચન સાથે કલેશનું... કર્મોનું... કષાયોનું... ય લુંચન થઈ જાય છે. માટે જ તો કહ્યું છે,

***'આ કેશનું લુંચન છે, આ કર્મોનું લુંચન છે.***
***કષાયો છે કાળા, એનું આ લુંચન છે.'***

કોઈપણ પ્રકારના વાહનોનો ઉપયોગ કર્યા વિના વિહાર કરવો, નિર્દોષ ગોચરી સ્વીકારવી, જેમ ભ્રમર પુષ્પોમાંથી રસને પીવે છે પણ પુષ્પોને જરા પણ કિલામણા પહોંચાડતો નથી તેમ સંયમીઓ પણ બધાના ઘરેથી થોડી-થોડી ગોચરી વહોરતા જાય છે પણ કોઈને કિલામણા પહોંચાડતા નથી. આવા નિર્દોષ સંયમજીવનનું પાલન કરનારા પોતે તો તરે છે બીજા કેટલાયને તારે છે.

કોઈક નટડીના પ્રેમમાં પાગલ બનીને તેને મેળવવા નટ બનીને નૃત્ય કરતા કરતાં **ઈલાચિકુમાર**ની દૃષ્ટિ સામેના ઘર તરફ જાય છે એ ઘરમાં કોઈક મુનિભગવંતને શ્રેષ્ઠીની રૂપવતી કન્યા મોદક વહોરાવી રહી છે. મુનિ ભગવંત ગોચરી વહોરે છે પણ પેલી કન્યા ઉપર દૃષ્ટિ પણ નથી નાંખતા.

આ દૃશ્ય ઈલાચિકુમારની નજરમાં આવ્યું... વિચારધારા શરૂ થઈ... પશ્ચાતાપ શરૂ થયો... પોતાની જાતને ધિક્કારે છે... ધિક્કાર છે મને કે એક નટડીના મોહમાં ફસાઈને મારા માતા-પિતા-પરિવારને છોડ્યાં અને એક નટડો બની ભરસભામાં નાચી રહ્યો છું. મારી આંખને મલિન કરી, મારા વિચારોને ખરાબ બનાવ્યા.

ધન્ય છે. આ મુનિ ભગવંતનો કે સામેથી નવયૌવના સોળ શણગાર સજેલી, રૂપ રૂપના અંબાર સમી શ્રેષ્ઠીની કન્યા વારંવાર વિનંતી કરી રહી છે છતાં એક નજર પણ કરતાં નથી. ઊંચુંય જોતાં નથી. ધન્ય છે એમના જીવનને... ધન્ય છે એમના વિચારોને.

આમ મુનિ ભગવંતોની અનુમોદના કરતાં... પોતાની જાતને ધિક્કારતા...

વાંસના દોરડા ઉપર નૃત્ય કરતાં કરતાં... કેવળજ્ઞાન પ્રગટ થયું.

***'પોતે તરે અને બીજાનેય તારે તે સંયમી***
***પોતે તો ડૂબે બીજાને ય ડૂબાડે તે સંસારી.'***

દરરોજ પરમાત્મા પાસે સંયમજીવન મેળવવા પ્રાર્થના કરો, ભાવના ભાવો. એના દ્વારા પણ ચારિત્રમાં પ્રતિબંધક કર્મોનો ભુક્કો બોલાય છે. તમારા સંપર્કમાં આવનારને ક્યારેક દીક્ષાના ભાવ જાગે તો અટકાવો નહિ એને સાચી સમજણ આપો. ભઈલા અમે તો સંસારના કૂવામાં પડ્યા, તારે પડવા જેવું નથી. અમે તો મોહની જાળમાં ફસાયા, તારે ફસાવા જેવું નથી. આવો સંયમનો રાગ પેદા કરો.

**કૃષ્ણ મહારાજા** ! પોતાની દરેક પુત્રીઓને પૂછતાં કે બેટા રાણી બનવું છે કે દાસી... ? બધાને રાણી થવું જ ગમે ને. જે રાણી બનવાનું કહેતા તેને નેમનાથ પ્રભુ પાસે દીક્ષા અપાવતાં.

એક પુત્રી માતાના શીખવવાથી બોલી મારે દાસી બનવું છે તો એના લગ્ન કરાવ્યાં અને જમાઈને કહી દીધું કે ઘરનું બધું કામ એની પાસે જ કરાવવાનું ને થોડા દિવસમાં જ પાછી આવી કહે મારે દાસી નહિ રાણી બનવું છે. આમ એને પણ દીક્ષા અપાવી.

એ તો ઠીક પોતાના નગરમાં જેને પણ દીક્ષા લેવી હોય તો પ્રસન્નતાથી લઈ શકતા. કારણ કે એમના કુટુંબના ભરણ-પોષણની જવાબદારી તેઓ પોતે ઉઠાવી લેતા.

ધન્ય છે કૃષ્ણ મહારાજાને ! પોતે સંયમ ન લઈ શક્યા તો બીજા કોઈને અટકાવતા નહિ. કોઈને લેવાની ભાવના થાય તો વ્યવસ્થા/અનુકૂળતા પોતે કરી આપતા.

આવો સંયમરાગ આપણા જીવનમાં પણ આવવો જોઈએ. જ્યાં સુધી સંયમ ન મળે ત્યાં સુધી સંયમની ભાવના, સંયમીની અનુમોદના કરવી. જ્યાં જ્યાં પણ દીક્ષા થતી હોય ત્યાં ત્યાં અનુકૂળતા કરીને પણ અવશ્ય જવું. દીક્ષા જોવાથી પણ કર્મોના ભુક્કા બોલાઈ જાય છે.

વર્તમાનકાળમાં પણ એવા કેટલાય મહાત્માઓ છે જેમને દીક્ષા જોતા જોતા દીક્ષા લેવાના ભાવ થઈ ગયા. જો એ મુમુક્ષુઓ આખો સંસાર છોડી શકતા હોય તો આપણે માત્ર ૨-૩ કલાક ધંધો, દુકાન, ઘર, સ્કૂલ, કૉલેજ ન છોડી શકીએ ?

| | |
|---|---|
| સંસારમાં કોઈનું Decision નથી | Right |
| બધા છે બહારથી એકદમ | White |
| પણ અંદરથી તમારી Position છે. | Tight |
| ઘરમાં રોજ થાય મમ્મી-પપ્પાની | Fight |
| Hotel અને Picture માં કાઢી જિંદગીની અડધી | Night |
| પછી ક્યાંથી પ્રગટે વૈરાગ્યની | Light |
| ગુરુદેવે તો સ્વીકાર્યું છે સંયમ | Delight |
| દરરોજ વરસાવશે જ્ઞાનની | Sunlight |
| અજ્ઞાન, મોહ, રાગ-દ્વેષ નહિ રહે | Slight |
| જેથી જલ્દી મેળવશો મોક્ષની | Flight |

***Some has Tension...***
***Some has Depression...***
***but no has Satisfaction...***

સંસારમાં સમસ્યા છે... સમાધાન નથી... આજે માનવી પાસે સુંદર સજાવેલા ડનલોપના બેડરૂમ છે પણ ઉંઘ નથી. ૩૨ મિઠાઈ, ૩૩ ફરસાણો હાજર છે, પણ ભૂખ નથી. આજે માનવી પાસે અપ ટુ ડેટ ફ્લેટ છે. T.V. Set છે, સોફાસેટ છે, પણ પોતે અપસેટ છે પોતે જ્યારે અશાંત બની ગયો છે. ત્યારે પ્રભુ મહાવીરના ચીંધ્યા રાહે જવું એ જ સર્વશ્રેષ્ઠ ઉપાય છે.

આજના માનવીને શરીરમાં શાતા નથી તેનું દુઃખ છે. કોઈને સમાજમાં સ્થાન નથી તો કોઈને બજારમાં નામ નથી તેનું દુઃખ છે. કોઈને ઘરની તકલીફ છે તો કોઈને ઘરવાળીની તકલીફ છે. કોઈને રૂપિયા નથી તેનું દુઃખ છે તો કોઈને રૂપ નથી તેનું દુઃખ છે, પરંતુ કોઈને પાસે રજોહરણ નથી તેનું દુઃખ છે ખરું ?

**સંસારની લાતો ખાતાં ખાતાં કોઈ મોક્ષમાં ગયું નથી,**
**સંસારને લાતો મારતાં મારતાં અનંતા મોક્ષે ગયા છે.**

***A small candle can light a thousand.***

સંયમ એટલે
વિકૃતિમાંથી પ્રકૃતિ તરફ...
વકીલાતથી કબૂલાત તરફ...
વિસર્જનમાંથી સર્જન તરફ...
ધનથી ધર્મ તરફ...
વાસનાથી ઉપાસના તરફ...
ભોગમાંથી યોગ તરફ...
સંપત્તિથી સંતોષ તરફ...
વિલાસથી વૈરાગ્ય તરફ...
દુર્જનતાથી સજ્જનતા તરફ...
ક્રોધથી બોધ તરફ...
વિકારમાંથી વિરાગ તરફ...
વાંધાથી સાંધા તરફ...
વહેમથી પ્રેમ તરફ...
પાપથી પશ્ચાતાપ તરફ...
સાધનથી સાધના તરફ...
રાગમાંથી ત્યાગ તરફ...

## પાવન પ્રયાણ

સફેદ ધ્વજ એટલે યુદ્ધ વિરામ...
સફેદ ભાત એટલે ભોજન વિરામ...
સફેદ વાળ એટલે જીવન વિરામ...

પૂર્વના કાળમાં સફેદ વાળ જોઈને લોકોને વૈરાગ્ય થતો હતો. આજે લોકો સફેદ વાળ જોઈને **dying** કરાવે છે. છે ને આશ્ચર્ય !

*આધિથી આરાધનાના...*
*વ્યાધિથી વૈરાગ્યના...*
*ઉપાધિથી ઉપાસનાના...*
*સંસારમાંથી સંયમના...*
*શ્રાવકમાંથી શ્રમણના...*
*શણગાર સજવા સમુત્સુક બનો.*

– **જ્યાં જીવવાનું થોડું અને જરૂરિયાતનો પાર નહિ તે સંસાર,**
**જ્યાં જીવવાનું ઘણું અને જરૂરિયાતનું નામ નહિ તે સંયમ.**

રોજ પ્રભુ પાસે પ્રાર્થના કરો કે...

**'મોહતંતુ તોડીને હું સ્વજન સંગ ક્યારે ત્યજીશ ?**
**સંવેગને વૈરાગ્યના રસરાજને ક્યારે ભજીશ ?**
**ગુરુદેવના પદકમલમાં બની ભ્રમર હું ક્યારે રમીશ ?**
**શ્રામણ્યરૂપી સુંદરી ક્યારે વરીશ... ક્યારે વરીશ ?**

– શાશ્વત સુખની શોધમાં... વિતરાગની વાટમાં... દીક્ષાના દરબારમાં... વૈરાગ્યના વનવિસ્તારમાં... સર્વવિરતિના સહવાસમાં... પ્રવજ્યા પંથના પ્રવાસમાં પગલા પાડવા પરમોત્સુક બનો.

***'સંયમ જંગ સંસાર ભંગ કરાવે,***
***સંસાર જંગ સંયમ ભંગ કરાવે.'***

***'સંયમરાગ સંસારથી તારે,***
***સંસારરાગ સંસારમાં ડૂબાડે.'***

# સંસારી V/S સંયમી

| | | | |
|---|---|---|---|
| સાધન વિના ન ચાલે તે | સંસારી | સાધના વિના ન ચાલે તે | સંયમી |
| ખૂબીમાંથી ખામી જુએ તે | સંસારી | ખામીમાંથી ખૂબી જુએ તે | સંયમી |
| સ્વપ્ના સુખના ને દહાડા દુઃખના તે | સંસારી | દેખીતું દુઃખ પણ સદાયનુ સુખ તે | સંયમી |
| જ્યાં હરપલ કડવાશ છે તે | સંસારી | જ્યાં હરપલ હળવાશ છે તે | સંયમી |
| માત્ર ભેગું કરવાની વાત તે | સંસારી | ભેગા રહેવાની વાત તે | સંયમી |
| પગ ખેંચી નીચે પાડે તે | સંસારી | હાથ આપી ઉઠાડે તે | સંયમી |
| પોતે બળે ને બીજાને ય બાળે તે | સંસારી | પોતે ઠરે ને બીજાને ય ઠારે તે | સંયમી |
| કણ-કણને સાચવી રાખે તે | સંસારી | ક્ષણ-ક્ષણને સાચવી રાખે તે | સંયમી |
| સારા દેખાવાનો પ્રયત્ન હોય તે | સંસારી | સારા બનવાનો પ્રયત્ન હોય તે | સંયમી |
| ૧૫ કલાક હાથમાં મોબાઈલ હોય તે | સંસારી | ૧૫ કલાક સ્વાધ્યાય હોય તે | સંયમી |
| સારું બોલે ઘણું ને કરે કંઈ નહિ તે | સંસારી | બોલે ઓછું ને કરે ઘણું તે | સંયમી |
| **Dress** અનેક પણ **Address** એક તે | સંસારી | **Address** અનેક પણ **Dress** એક તે | સંયમી |
| પેટી ને પટારા ભરાય તો અસંતોષ તે | સંસારી | પેટ ન ભરાય તોય સંતોષ તે | સંયમી |
| જ્યાં હરપલ **Competition** છે તે | સંસારી | જ્યાં હરપલ **Compromise** છે તે | સંયમી |
| પોતે ડૂબે ને બીજાને ય ડૂબાડે તે | સંસારી | પોતે તરે ને બીજાને ય તારે તે | સંયમી |

| | |
|---|---|
| આ નાનકડા જીવનમાં કેટલું... | Tension |
| દરેક પેપરમાં આવે... | Reaction |
| ગરમીમાં પણ ન મળે... | Air-condition |
| કોલેજના કામમાં કરવી પડે... | Action |
| તો જ શિક્ષકો પર પડે સારી... | Impression |
| કરવા માટે માગવી પડે મમ્મી પપ્પા પાસે... | Permission |
| કરવી હોય અમારે... | Fashion |
| પણ લખવા બેસવું પડે... | Lesson |
| અમારે ફરવા જવું હોય... | Hill Station |
| એટલામાં નજીક આવી જાય... | Examination |
| વળી દર વર્ષે આવતું... | Election |
| જિંદગીમાં નોકરી કર્યા બાદ પણ ન મળે તે... | Pension |
| ચોમાસામાં આવી પડે... | Reaction |
| તો પછી છેલ્લે ખાવું પડે ડોક્ટરનું... | Injection |

*આ બધા નુકસાનોથી બચી જવા*

*Tension Free જીવન જીવવા*

*ચાલો સૌ સંયમ જીવનમાં મેળવવા*

# Admission

સંયમ એટલે...

નવું ગણિત

ભિક્ષા મળે તો સંયમ વૃદ્ધિ

ભિક્ષા ન મળે તો તપોવૃદ્ધિ

નવો પરિવાર

પિતા - ધૈર્ય

માતા - ક્ષમા

ભ્રાતા - સંયમ

## સંયમ જીવનનો નવો પહેરવેશ

સમર્પણનો સંથારો

કરૂણાની કાંબળી

કોમલતાના કપડાં

રમણતાનું રજોહરણ

પ્રસન્નતાની પોથી

પવિત્રતાના પાત્ર

દયાનો દાંડો

# SANSAR MEANS...

આપણું ધાર્યું કંઈ ન થાય... તેનું નામ સંસાર

સુઓ તો સમાધિ અને ઊઠો તો ઉપાધિ... તેનું નામ સંસાર

ત્રણ સાંધીએ ત્યાં તેર તૂટે... તેનું નામ સંસાર

હાથે ય બાળવાના અને હૈયું ય બાળવાનું... તેનું નામ સંસાર

આલોક પણ બગડે અને પરલોક પણ બગડે... તેનું નામ સંસાર

તમાચો મારી ગાલ લાલ રાખવાનો... તેનું નામ સંસાર

ખિસ્સા ખાલી અને ભપકાં ભારી... તેનું નામ સંસાર

પાઈની પેદાશ નહીં ને ઘડીની નવરાશ નહિ... તેનું નામ સંસાર

આરાધનાનું નામ નહીં અને વિરાધનાનો પાર નહિ.. તેનું નામ સંસાર

ઉપરથી ચળકાટ અને અંદરથી ઉકળાટ... તેનું નામ સંસાર

ભૂત ભાગે અને પલિત જાગે... તેનું નામ સંસાર

પરાણે પણ મોઢું હસતું રાખવાનું... તેનું નામ સંસાર

**તૂટનારું તૂટે, ફૂટનારું ફૂટે, ખૂટનારું ખૂટે,**
**એમાં તું કેમ માથા કૂટે...**

આજે માનવ પાસે Dinner Set, Diomand Set, Sofa Set, Tea-Set, T.V. Set છે પણ તેનું Mind Upset છે. કારણ કે જે ચાવીથી તાળું ખોલવાનું હતું. તેનાથી તાળું બંધ કરી બેઠા છીએ. એટલે કે જે મનથી ભગવાન બનવાનું હતું તે મનથી શેતાન બની બેઠા છીએ.

**૫૦ રૂપિયા હાથમાંથી પડી જાય તો તેનું દુઃખ થાય છે, પણ જિંદગીના ૫૦ વર્ષ ધર્મ કર્યા વિના પાણીમાં જતાં રહ્યાં તેનું દુઃખ થા છે ખરું ?**

સંયમ ન લઈ શકીએ ત્યાં સુધી સાચા શ્રાવક તો બની શકીએ છીએ ને ? સાચો શ્રાવક તે જ કહેવાય,

**જે ચોવિહાર મૂકે નહીં,**
**સામાયિક કદી ચૂકે નહીં,**
**બીડી, સિગારેટ ફૂંકે નહીં અને**
**જ્યાં ત્યાં ઝૂકે નહીં.**

**આપણને ચિંતા કોની ? સાથે રહેનાર આત્માની કે છૂટા પડી જનાર શરીરની ? કમાલ કહેવાય કે જેને એકે ક્ષણ પણ ભૂલવાનો નથી તેને આખા દિવસમાં એક ક્ષણ પણ યાદ કરતાં નથી.**

**તમારા બે મિત્રો છે. તેમાંથી એક કહે ચાલો સામાયિક કરીએ અને બીજો કહે ચાલો Hotel માં જઈએ ત્યારે તમે કોને Company આપો ?**

કંઈ ન થાય તો છેલ્લે પ્રભુને વિનંતી કરીએ કે હે પ્રભુ !

**'ભલે આવ્યો વગર કપડે,**
**જીવન જીવ્યો દરજીના કપડે,**
**પણ જાઉં ત્યારે પ્રભુ,**
**તારો વેશ મારા દેહે હોય**
**એટલી તો કૃપા કરજે.**

# PRAY TO GOD & GURUDEV

સંસાર છે ભયંકર રણ,
ભવોભવ થાય જન્મ-મરણ.

સંસારના ત્યજું અધિકરણ,
સંયમના ગ્રહું ઉપકરણ.

સદાય જ્ઞાનમાં થાય વિચરણ
આર્યા ચંદનનાનું આવે આચરણ.

સ્વીકારું પ્રભુનું શરણ,
સદાય રહું ગુરુને ચરણ.

કર્મનું થાય શીઘ્ર હરણ,
તો મોક્ષનું થાય સ્મરણ.

**ભવજલ તરવા તરણ**
હવે તો આપો
**ગુરુદેવ જલદી મને રજોહરણ.**



# *Moral of Life*

**જાય નોટ પછી સંબંધમાં આવે છે ઓટ**

**આત્મ કલ્યાણમાં આવે છે મોટી ખોટ**

**હે જીવ ! માનવ જીવનમાં ન બન તું ભોટ**

**સંસારથી તરવા સ્વીકારી લે**

**સંયમની બોટ.**



દુ:ખથી બચવું હોય તો,
મોક્ષમાં જ જવું પડે.

પાપથી બચવું હોય તો,
દીક્ષા જ લેવી પડે.

# આત્માના Ornaments = અલંકારો

## ધર્મરત્નપ્રાપ્તિના ૨૧ ગુણ

(૧) અક્ષુદ્ર

(૨) રૂપવાન્

(૩) પ્રકૃતિથી સૌમ્ય

(૪) લોકપ્રિય

(૫) અક્રુર

(૬) ભીરુ

(૭) અશઠ

(૮) સુદાક્ષિણ્યવાન

(૯) લજ્જાળુ

(૧૦) દયાળુ

(૧૧) મધ્યસ્થ સૌમ્યદૃષ્ટિ

(૧૨) ગુણાનુરાગી

(૧૩) સત્કથ

(૧૪) સુપક્ષયુક્ત

(૧૫) સુદીર્ઘદર્શી

(૧૬) વિશેષજ્ઞ

(૧૭) વૃદ્ધાનુગ

(૧૮) વિનીત

(૧૯) કૃતજ્ઞ

(૨૦) પરહિતકારી

(૨૧) લબ્ધલક્ષ્ય



**(૧) અક્ષુદ્ર :- ગંભીર હોય.**

– ક્ષુદ્ર એટલે ગંભીરતા રહિત. તે બુદ્ધિની નિપુણતારહિત હોવાથી ધર્મ સાધી શકતો નથી, તેથી અક્ષુદ્ર એટલે સ્વ પરનો ઉપકાર કરવામાં જે સમર્થ હોય તે ધર્મરત્ન પ્રાપ્ત કરવા માટે યોગ્ય છે.

– **સ્ત્રી એટલે free of charge પ્રચાર અને પ્રસાર. માત્ર એક બહેનને કહો અને આખા ગામમાં whats app કરતાંય જલદી પહોંચી જાય. ૯-૯ મહિના બાળકને ગર્ભમાં રાખવાવાળી ૯ સેકન્ડ પણ એક વાત પેટમાં રાખી શકે નહિ. છે ને આશ્ચર્ય !**

– રજનું ગજ ન કરે. કષાયોને no entry.

– **A great conquror does not fight on small issues.**
મહાન યોદ્ધા છોટી છોટી બાતો કો લેકર ઝગડે નહિ કરતા.

– **પ્રભુનો દાસ કદી ન હોય ઉદાસ. એ ઉડાઉ પણ ન હોય. એ ઉધાર પણ ન હોય, પણ એ ઉદાર હોય.**

– **दानेन पाणि र्न तु कंकणेन ।**
હાથનું આભૂષણ ઘડિયાળ કે કંકણ નથી પણ દાન છે.

– લક્ષ્મીની ત્રણ ગતિ

**(૧) દાન – બીજાને આપવું.**
**(૨) ભોગ – પોતે વાપરવું.**
**(૩) નાશ – ન ખાય ન ખાવા દે.**

જે તુચ્છ નહિ હોય તે લક્ષ્મીનો વધુ પ્રયોગ દાનમાં કરશે.

– સંઘ પૂજન કરવામાં રસ કે લેવામાં ? ખાવામાં વધુ રસ કે ખવડાવવામાં ?

– તમારે આ ત્રણમાંથી શું બનવું છે તે તમે જ નક્કી કરો.

**(૧) લક્ષ્મીદાસ – ચમડી છુટે પણ દમડી ન છુટે.**
**(૨) લક્ષ્મીનંદન – થોડા ઘણા સત્કાર્યોમાં વાપરે.**
**(૩) લક્ષ્મીપતિ – લક્ષ્મી એના કંટ્રોલમાં હોય.**

– વાસણનો વપરાશ નહિ કરો તો કાટ લાગી જશે.
સંપત્તિનો Use નહિ કરો તો Loose થઈ જશે.

– નાની નાની વાતોમાં અત્યારે વર્તમાનમાં જે ઝઘડા, કલેશ, કંકાસ, યુદ્ધ, માથાફોડી થાય છે એ પણ તુચ્છતાનું પરિણામ છે.

– ડગલે ને પગલે divorceની ધમકીઓ, ઘર છોડીને ભાગી જવાની વાતો, છુટાછેડા, વગેરે અનેક ઘટનાઓ ઘા બની જાય છે તે પણ ક્ષુદ્રતાનું પરિણામ છે.

– સ્વભાવમાં સૌંદર્ય, ગાંભીર્ય, ઔદાર્ય, માધુર્ય રાખતા શીખશું તો સ્વ અને પર દરેકમાં શાંતિનું નિર્માણ થશે.

– **Life is worth living.**
જીવન જીવવા લાયક બનશે.

– રેલવેની જેમ જીવનમાં ત્રણ લાઈન.
(૧) Broad Line - વિકસિત મગજ.
(૨) Meter Line - અર્ધવિકસિત મગજ.
(૩) Narrow Line - સંકુચિત મગજ

– અક્ષુદ્રનો નંબર Broad Lineમાં આવે.

– હું અને મારી વહુ એમાં આવી ગયા સહુ. દુનિયા જાય ખાડામાં. આવી વિચારધારા ક્ષુદ્ર વ્યક્તિની હોય જ્યારે અક્ષુદ્ર વ્યક્તિને તો **'वसुधैव कुटुम्बकं'** - **The World is my family** હોય.

(૨) **રૂપવાન : - પાંચેય ઈંદ્રિયો પરિપૂર્ણ હોય.**

– સંપૂર્ણ અંગોપાંગવાળો, પાંચેય ઈન્દ્રિયો વડે સુંદર અને સારા સંઘયણવાળો જે હોય તે રૂપવાન કહેવાય છે. તેવો પુરુષ ધર્મને દીપાવી શકે છે અને ધર્મ પાળવામાં સમર્થ હોય છે.

– દાંત પડી ગયા હોય, આંખમાં અંધાપો હોય, કાનમાં બહેરાશ હોય, શરીરમાં લકવા હોય, એવો વ્યક્તિ ધર્મ પાળવા સમર્થ થતો નથી.

– ગુણ વિનાના માત્ર રૂપની કોઈ કિંમત નથી. આજના હીરો-હીરોઈનો આવા રૂપોનું પ્રદર્શન કરી અનેકોની જિંદગી બરબાદ કરે છે.

– રૂપવાન બનવા Beauty Parlourમાં જવાની જરૂર નથી. પણ ધર્મસ્થાનકે આવવાની જરૂર છે. ધર્મ કરવાથી નિર્જરા સાથે પુણ્યબંધ થાય અને એ પુણ્ય આપણને રૂપવાન બનાવે.

– આજના સમયમાં રૂપ, રૂપિયા, રૂઆબની બોલબાલા છે. માત્ર રૂપનો મોહ પણ અનર્થકારક બને છે.

– **આજના સમયમાં છોકરી જુએ છે છોકરાની** hight.
**છોકરા જુએ છે છોકરી કેટલી છે** white.
**બેય ભેગા થઈને મનને કરે છે** tight.

**પરિણામે જીવનમાં દિવસ-રાત થાય છે fight.**

– રૂપવાનની શોભા પણ શીલ, સદાચાર અને સંસ્કારથી છે.

– રૂપવાન બનવું તે પુણ્યનું પરિણામ છે. પણ સાથે ગુણવાન બનવું તે આત્માનો પુરુષાર્થ, માતા-પિતાના સંસ્કાર, દેવ-ગુરુકૃપાનું પરિણામ છે.

– રૂપવાન વ્યક્તિમાં ત્રણ ગુણ જોઈએ.

(૧) **સુખમાં સાવધાન - આસક્તિ ન થાય.**

(૨) **દુઃખમાં સમાધાન - આર્તધ્યાન ન થાય.**

(૩) **ધર્મમાં પ્રણિધાન - અસ્થિરતા ન થાય.**

– **Not only beautyfullness, but also character is important in our life.**

માત્ર સુંદરતા નહિ પણ સાથે સુંદર ચારિત્ર આપણા જીવનમાં મહત્ત્વનું છે.

૩. **પ્રકૃતિ સૌમ્ય : સ્વભાવથી જ શાંત હોય.**

– જે સ્વભાવથી સૌમ્ય પ્રકૃતિવાળો હોય તે પ્રાયે કરીને પાપમાં પ્રવર્તતો નથી. તેથી જ તે સુખે સેવવાલાયક થાય છે અને બીજાઓને પણ ઉપશમનું કારણ થાય છે.

– Nature Cool જોઈએ. શાંત-પ્રશાંત-ઉપશાંત જોઈએ.

– ગુસ્સાથી કેટલા નુકસાન થાય તે જાણવા છતાં ય છોડે નહિ. એક જણ ગુસ્સો કરે તેની આજુબાજુવાળા બધાને અસર કરે.

– **'क्षमा वीरस्य भूषणम्'**

ક્ષમા એ વીર પુરુષોનું આભૂષણ છે.

– આધિ, વ્યાધિ, ઉપાધિ આવે ત્યારે સમાધિ ટકવી જોઈએ. તૂટવી ન જોઈએ. માનવી ગુસ્સો કરીને પોતે જ પોતાના હાથે દુઃખી થાય છે. પોતે જ પોતાના ભવિષ્ય ઉપર કુહાડો મારે છે.

– **'अशान्तस्य कुतो सुखम्'** -

અશાંત વ્યક્તિને સુખ ક્યાંથી હોય ?

– ક્રોધના મૂળની શોધ કરી એમાંથી બોધ મેળવો.

– જ્યાં સુધી સંત બની શકતા નથી ત્યાં સુધી શાંત તો બનીએ.

**'જ્ઞાની સે જ્ઞાની મિલે કરે જ્ઞાન કી બાત.**
**ગધે સે ગધા મિલે કરે લાતમ લાત.'**

**સામો થાય આગ તો તો તમે થજો પાણી,**
**આ છે મારા વ્હાલા મહાવીરની વાણી.**

આપણો નંબર શેમાં ? કૂતરો ભસે, સર્પ ડંખે, ગધેડો લાત મારે. આપણે પણ ગમે ત્યારે ગમે ત્યાં ગમે તે રીતે ભસીએ, કડવા શબ્દોનો સામેવાળાને ડંખ મારીએ, ગુસ્સામાં આવી લાતો મારીએ તો આપણામાં અને પશુઓમાં ફરક શું ?

– નામ હોય શાંતિભાઈ કે શાંતિબહેન અને એક પણ દિવસ ઝઘડા વિનાનો ન જતો હોય. ઝઘડો કર્યા વિના ખાવાનું પચે નહિ, ચેન ન પડે, બેચેની લાગે એ કેમ ચાલે ? **यथा नाम तथा गुणः**

**લગાડી લાગે નહિ તે લોટરી નકામી,**
**ખાધેલું પૂરું પચાવે નહિ તે હોજરી નકામી.**
**પૂરો પગાર ન મળે તે નોકરી નકામી.**
**આખો દિવસ કચકચ કરે તે ડોકરી નકામી.**
**મા-બાપનું કીધું માને નહિ તે છોકરી નકામી,**
**ખરે ટાઈમે ખસી જાય તે ખોપરી નકામી.**

– **Never loose mind but forever use mind.**
મગજને ગુમાવો નહિ પણ હંમેશા એનો ઉપયોગ કરો.

– **કોલસો ઘસાવા છતાંય પોતાનો રંગ છોડતો નથી.**
**સુખડ કપાવા છતાંય પોતાની સુગંધ છોડતું નથી.**
**શેરડી પિલાવવા છતાંય પોતાની મધુરતા છોડતી નથી.**
**તેમ ધર્મી ય દુઃખમાં પોતાની સમતા છોડતો નથી.**

(૪) **લોકપ્રિય : સદાચારથી સમૃદ્ધ જીવન હોય.**

– જે આલોકને અને પરલોકને વિરુદ્ધ એવું કાર્ય સેવતો ન હોય તથા દાન, વિનય અને શીલથી યુક્ત હોય તે લોકપ્રિય કહેવાય છે. તે બીજા માણસોને પણ ધર્મને વિષે બહુમાન ઉત્પન્ન કરે છે.

– લોકપ્રિય બનવા મોટાને આદર આપો. નાનાની કદર કરો.

– આપણું જીવન ગુલાબના છોડ જેવું હોવું જોઈએ, પણ કાંટાળા થોર જેવું નહિ.

– ચાર પ્રકારના લોકો

(૧) **ધન્ય** - જે વ્યક્તિ ૧૮ આલમમાં વસે છે તે.

(૨) **ધન્યતર** - પોતાના હૃદયમાં ગુરુને વસાવે તે.

(૩) **ધન્યતમ્** - ગુરુના હૃદયમાં પોતે વસે તે.

(૪) **ધન્યાતિધન્ય** - પરમાત્માના હૃદયમાં પોતે વસે તે.

– **લોગવિરુદ્ધચ્ચાઓ - લોક વિરુદ્ધ કાર્યોનો ત્યાગ કરવો.**

શાસન, સંઘ, સમાજ, સમુદાયનું નામ બગડે એવા કાર્યોનો ત્યાગ કરવો.

– ગમે તેટલો મોટો વ્યક્તિ બધાને સાથે લઈને ચાલે તો જ લોકપ્રિય બની શકે છે.

– **If wealth is lost, nothing is lost.**
**If health is lost, something is lost. but**
**If character is lost, everything is lost.**

જો તમે સંપત્તિ ગુમાવી છે તો કશું જ નથી ગુમાવ્યું.
જો તમે સ્વાસ્થ્ય ગુમાવ્યું છે તો કંઈક ગુમાવ્યું.
પરંતુ જો તમે સદાચાર ગુમાવ્યો છે, તો બધું જ ગુમાવ્યું છે.
કેરેક્ટર-સદાચાર જાય તો બધુ જ જાય.
સદાચાર, સંસ્કાર એ જ જીવનની મુખ્ય આધારશિલા છે.

– લોકપ્રિયતાથી લાગવગ પણ વધે છે,
મોટા માણસોની સાથે... અને
તેથી જ અહિંસા પ્રસાર વગેરેના ન ધારેલાં કાર્યોમાં પણ સફળતા મળે છે.

– **સફળ વ્યક્તિ કરતાં સારી વ્યક્તિ બનવાનું મહત્ત્વ વધુ છે.**

**જબ તુમ આયે જગત મેં, જગ હસે તુમ રોય,**
**અબ કરણી ઐસી કરો, તુમ હસેં જગ રોય.**

– **કેટલાક વ્યક્તિ એવા હોય કે જ્યાં જાય ત્યાં આનંદ ફેલાવે.**
**કેટલાક વ્યક્તિ એવા હોય કે જ્યાંથી જાય ત્યાં આનંદ ફેલાવે.**

– લોકપ્રિય વ્યક્તિ જ્યાં જાય ત્યાં આનંદ વ્યાપી જાય.

– **Life is great school for the development of character.**
જિંદગી એ ચારિત્ર્યના વિકાસ માટે એક મોટી શાળા છે.

(૫) **અક્રુર - કષાયરહિત**

– ક્રૂર માણસ ક્લિષ્ટ પરિણામવાળો હોય છે. તેથી તે સમ્યક્ પ્રકારે ધર્મનું આરાધન કરી શકતો નથી. તેથી કરીને તે ધર્મને યોગ્ય નથી. પરંતુ અક્રૂર = શુભ પરિણામવાળો જ ધર્મ માટે યોગ્ય છે.

**'कषायमुक्तिः किल मुक्तिरेव ।**
**કષાયોથી મુક્ત થવું એ જ ખરેખર મોક્ષ છે.**

– કસાઈ જો બકરા કાપે છે તો કષાય શુભભાવને કાપે છે.
કસાઈ ઉપર તિરસ્કાર જાગે છે પણ કષાય ઉપર જાગે છે ?

– હાથમાંથી તપેલી, કાચની બરણી, ચાનો કપ છટકશે તો ચાલશે પણ મગજ છટકશે તો નહિ ચાલે. ચાનો કપ છટકવાથી એટલું નુકસાન નહિ થાય જેટલું મગજ છટકવાથી થશે.

– ઝાડ પથ્થર મારનારને પણ મીઠાં ફળ આપે છે. આપણને પથ્થર મારનારને આપણે શું આપીએ ? મીઠાં ફળ કે તીખી ગાળ... ?

**'હળુકર્મી જીવ સમજાવો તેમ સમજી જાય.**
**ભારેકર્મી જીવ સમજાવો તેમ સામો થાય.'**

– ક્રૂરતા હોય ત્યાં ધર્મ ન હોય. દયાળુતા હોય ત્યાં ક્રૂરતા ન હોય.

– અક્રૂર વ્યક્તિ આ છ ગુણોને જીવનમાં અપનાવવા પ્રયત્ન કરે.
(૧) **સાંભળો** - કષાયોના કટુ પરિણામોને સાંભળો.
(૨) **સમજો** - સાંભળ્યા પછી એને સમજવાનો પ્રયત્ન કરો.
(૩) **સોચો** - ક્યારે ? ક્યાં ? કેવી રીતે મારાથી કષાય થાય છે તે સોચો.
(૪) **શોધો** - કષાયોને દૂર કરવાના ઉપાયો શોધો.
(૫) **સુધારો** - પૂર્વે કરેલી ભૂલોને સુધારો.
(૬) **શણગારો** - સર્વગુણોને પ્રાપ્ત કરી જીવનને શણગારો.

– **We have plenty of Money but not peace of Mind** શાંતિ દુનિયાની કોઈ પણ બજારમાંથી મળશે નહિ. માત્ર અક્રુરને જ તે અનુભવાશે.

**'मन की आंटी अटपटी, झटपट लखे न कोय,**
**मन की खटपट जो मीटे, चटपट दर्शन होय ।**

– **मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः**
સંસાર અને મોક્ષ બંનેનું કારણ મનુષ્યોનું મન છે.
કલેશ સહિત મન એટલે સંસાર, કલેશ રહિત મન એટલે મોક્ષ.

– નિર્વાણભૂમિમાં આધ્યાત્મિક જીવનનું નિર્માણ કરો.

– ભૂતકાળના કષાયો ખટકે તો જ વર્તમાનમાં કષાયોથી અટકે અને ધર્મમાં ટકે નહિં તો ભવમાં ભટકે.

– અક્રુર બનવા માટે બે શરત :
(૧) **Let go** - જવા દો. જીવનમાં બનતી નાની ઘટનાઓ મગજમાં ન ભરો.

(૨) **Let god** - ઈશ્વર પર છોડી દો. જીવનમાં બનતી મોટી ઘટનાઓ પ્રભુને સોંપી દો.

– **દ્વેષ આક્રમક છે જે તોડી આપે છે.**
**પ્રેમ નિમંત્રક છે જે જોડી આપે છે.**

– **દુશ્મનને નહીં દુશ્મનાવટને ખતમ કરો.**

**પોથી પઢ પઢ જગ મૂઆ, પંડિત ભયા ન કોય**
**ઢાઈ અક્ષર પ્રેમ કા, પઢે સો પંડિત હોય**

પ્રેમ સે દુશ્મન ભી દોસ્ત બન શકતા હૈ. ક્રૂરતાસે મિત્ર ભી શત્રુ બન સકતા હૈ.

(૬) **ભીરૂ :- પાપનો ભય**

– ભીરૂ માણસ આલોક અને પરલોકના કષ્ટનો વિચાર કરે છે અને અપયશના કલંકથી ડરે છે. તેથી તે પાપકર્મમાં પ્રવર્તતો નથી. માટે પાપભીરૂ જીવ ધર્મ માટે યોગ્ય છે.

– ત્રણ પ્રકારના જીવ

(૧) **અધમ** - રાજાના ભયથી પાપ ન કરે.
(૨) **મધ્યમ** - પરલોકના ભયથી પાપ ન કરે.
(૩) **ઉત્તમ** - સ્વભાવથી જ પાપ ન કરે.

– બંધ સમય ચિત્ત ચેતીએ, ઉદયે શો સંતાપ.
પાપ કરતાં માપ રાખો, નહિ તો તે સાપની જેમ ડંખશે. ત્યારે આંખે આંસુ હશે.

– દુઃખ ઉપર આંસુ સારે તે – અનાર્ય
પાપ ઉપર આંસુ સારે તે – આર્ય

– ત્રણ ચીજથી દૂર રહો.

(૧) **પાપના વિચારથી દૂર રહો.**
(૨) **પાપના નિમિત્તોથી દૂર રહો.**
(૩) **પાપીના સંગથી દૂર રહો.**

– રાચી માચીને પાપ નહિ કરો, આંખ મીંચીને પાપ નહિ કરો.
કદાચ કરવા જ પડે તો આંખમાં આંસુ લાવીને કરો.

– બે જણ રૂમાલથી જમીનને પૂંજે.

(૧) જીવ મરે નહિ એટલા માટે - પાપથી અટકે.

(૨) પેન્ટ બગડે નહિ એટલા માટે - પાપને બાંધે.

– **નાવમાં પડેલું નાનકડું છિદ્ર નાવને સાગરમાં ડૂબાડે છે.**
**જીવનમાં પડેલું પાપનું છિદ્ર જીવને સંસારમાં રખડાવે છે.**

– **One man purification can save the world.**
એક માનવની પવિત્રતા જગતને બચાવી શકે છે. માટે પાપભીરૂ બની જીવનને શુદ્ધ બનાવો.

– Wasted Money, Wasted time & Wasted Sin થી બચો.

– T.V.માં Picture જોતાં, Theaterમાં Movie જોતાં ત્રણ કલાક પછીય The End આવે છે. આપણા પાપોનો The End ક્યારે ?

– તમે શેનાથી ડરો. પાપથી કે સાપથી ? સાપ તો એક જ ભવમાં નુકસાન કરશે. જ્યારે પાપ ભવોભવ નુકસાન કરશે.

– પાપનો ડર લાગે છે કે પાપથી પકડાઈ જવાનો ડર લાગે છે ?

– સાધુ બની નિષ્પાપ જીવન જીવવું જોઈએ. કર્મોદયે શક્ય ન હોય તો શ્રાવક બનવું.

**શ્રા** - (જિનવાણીનું) શ્રવણ અને શ્રદ્ધા

**વ** - (ધનનું) વપન અને વરે (સમ્યક્ત્વને)

**ક** - (પાપ નાશ) કરે અને કરે (વ્રત સ્વીકાર)

**૭. અશઠ :- સરલ**

– શઠતારહિત મનુષ્ય અન્ય માણસને છેતરતો નથી તેથી તે વિશ્વાસ કરવાલાયક અને પ્રશંસા કરવા લાયક થાય છે. તથા તે ભાવસહિત ધર્મકાર્યમાં ઉદ્યમ કરે છે તેથી તે ધર્મને યોગ્ય છે.

**It is simple to become rich,**
**but It is difficult to become simple.**
સંપત્તિવાળા બનવું સરળ છે, પણ સાદા અને સરળ બનવું મુશ્કેલ છે.

– શઠતા એટલે લુચ્ચાઈ, બદમાશી, છેતરપિંડી, ઠગાઈ

– First deserve than desire.
પહેલાં યોગ્યતા પ્રાપ્ત કરો પછી ઈચ્છા કરો.

– **પાત્રા તૂટે તો સાંધી શકાય પણ પાત્રતા તૂટે તો... ?**

– જેના જીવનમાં પાત્રતા હોય તે જ ધર્મરત્ન મેળવી શકે.

**'પલ કા ભરોસા નહિ તો કલ કા ક્યોં વિશ્વાસ કરે,**
**માયા કે જૂઠે બંધન મેં જીવનકો ક્યોં હ્રાસ કરે.'**

– **शठं प्रति शाठ्यं,**
**Tit for Tat,**
**જેવા સાથે તેવા.**
**થાય તેવા થઈએ તો ગામ વચ્ચે રહીએ.**
આ કહેવત છે સંસારની.
પ્રભુ વીર કહે છે કર્મ સિવાય કોઈના બાપની ય તાકાત નથી કે આપણો વાળ પણ વાંકો કરી શકે, માટે તું બીજાને ઠગતો નથી પણ તારી જાતને જ ઠગે છે.

– **eating કરો, meeting કરો, seating કરો, feating કરો. ભલે કરો પણ મહેરબાની કરી કોઈનીય સાથે cheating નહિ કરો.**

**ઉપર સફેદી હૈ દિલ કાલા હૈ,**
**હોઠો પેં હંસી હૈ દિલ મેં જ્વાલા હૈ**
**દિખાવા ઈતના બઢ ગયા હૈ સમજમેં નહિ આતા,**
**ખજાના ભલે ખાલી હો ઉપર તો તાલા હૈ.**

– હે બાળક ! તું દરેક વાત સાચી કેમ માની લે છે ? બાળકનો જવાબ સાંભળજો... તેણે કહ્યું કારણ કે કપટ કોને કહેવાય એ મને ખબર નથી.
– સારા થવું વધુ ગમે કે સારા દેખાવું વધુ ગમે ?
– હે ભગવાન ! બધાનું ભલું કરજે, પણ શરૂઆત મારાથી કરજે.

**'મન મેલા તન ઉજલા, બગલા કપટી અંગ,**
**તાસે તો કાકો ભલો, તન મન એક હી રંગ.'**

– Nobody can trust on cheater.
– કપટી વ્યક્તિ ઉપર કોઈપણ વિશ્વાસ કરી શકતા નથી.
– **'परोपकारः पुण्याय, पापाय परपीडनम्'**
પરોપકાર પુણ્ય માટે થાય છે, પરપીડા પાપ માટે થાય છે.
૧. **નામ રામનું અને કામ હરામનું.**
૨. **મુંહ મેં રામ, બગલ મેં છુરી.**
૩. **હાથીના દાંત ચાવવાના જુદા હોય અને બતાવવાના જુદા હોય.**

૮. **સુદાક્ષિણ્યવાન :- પોતાનું કાર્ય છોડી બીજાનું કરી આપે.**
– સારા દાક્ષિણ્ય ગુણવાળો પુરુષ પોતાના કાર્યનો વ્યાપાર છોડીને બીજાનો

ઉપકાર કરે છે, તેથી તેનું વચન સૌ કોઈ ગ્રહણ કરે છે અને તેને જ સર્વ મનુષ્યો અનુસરે છે.

– આપણે પહેલાં આપણું કરીએ પછી મૂડ હોય તો બીજાનું કરીએ. જ્યારે દાક્ષિણ્યવાન્ જીવ પોતાનું કાર્ય ગૌણ કરીનેય પહેલા બીજાનું કરી આપે.

– **'सेवाधर्मो परमगहनो योगीनामप्यऽगम्यः'**

સેવા કરવાનો ધર્મ એટલો ગહન છે કે, યોગીઓને ય એ દુર્લભ છે.

– આજના જમાનામાં ભલાઈ કરવાવાળા કરતા મલાઈ ખાનારા વધુ છે.

– પોતે તો સત્કાર્ય કરે, બીજાનેય મદદ કરે.

– ખરાબ કાર્ય કોઈ બતાવે તો વિવેકપૂર્વક ના પાડે.

– આપણો નંબર શેમાં ?

(૧) **સંસ્કૃતિ** - પોતાનું કામ છોડીને પણ બીજાનું કામ કરી આપવું.

(૨) **પ્રકૃતિ** - પહેલા પોતાનું કામ કરવું પછી સમય મળે તો બીજાનું કરવું.

(૩) **વિકૃતિ** - બીજાનું કામ કરવાનું તો ઘેર ગયું. એણે કરેલું કામ બગાડી નાંખવું.

**સુદાક્ષિણ્યવાન્નો નંબર સંસ્કૃતિમાં જ હોય.**

– **સુદાક્ષિણ્યવાન્** વ્યક્તિના જીવનમાં ચાર ગુણ હોય.

(૧) **આસ્થા** - જિનેશ્વરના વચનમાં (શ્રદ્ધા) આસ્થા

(૨) **આરાધના** - જિનેશ્વરકથિત ધર્મની આરાધના

(૩) **અડગતા** - ધર્મકાર્યમાં આવતા વિઘ્નોમાં અડગતા (નિશ્ચલતા)

(૪) **આશા** - પૌદ્‌ગલિક સુખો છોડી મોક્ષના, આત્માના સુખો મેળવવાની આશા (ઇચ્છા)

– **Care More for others than yourself.**

– તમારી જાત કરતાંય બીજાની વધારે કાળજી કરો.

**(૯) લજ્જાલુ : - ખરાબ કાર્ય કરવામાં શરમ.**

– લજ્જાળુ માણસ થોડા પણ અકાર્યને દૂરથી વર્જે છે. સદાચારનું આચરણ કરે છે અને અંગીકાર કરેલું વ્રત કોઈપણ પ્રકારે મૂકતો નથી, તેથી તે ધર્મનો અધિકારી છે.

– ખરાબ કાર્ય કરવામાં ક્યારેય આગળ આવે નહિ.

સારું કાર્ય કરવામાં ક્યારેય પાછો પડે નહિ.

– પપ્પા સામે ઊભા છે. બીડી કેમ પીવાય ? લજ્જાળુ વ્યક્તિમાં દૂરાચાર હોય તો ય બહાર પ્રગટ ન કરી શકે. અટકી જાય.

– લજ્જાળુ વ્યક્તિના જીવનમાં ચાર ગુણ હોય.

**(૧) સદાચારનો સરવાળો**
**(૨) બુરાઈની બાદબાકી**
**(૩) ગુણોનો ગુણાકાર**
**(૪) ભૂલોનો ભાગાકાર**

– ઇન્દ્રિયો ચોર કરતાં વધુ ખતરનાક છે. ચોર જેના ઘરમાં રહેતો હશે તેના ઘરમાં તો ચોરી નહિ જ કરે. જ્યારે ઇન્દ્રિયો આત્માના જ ઘરમાં રહી વિવેકરૂપી ધન લૂંટી દુર્ગતિના ખાડામાં ફેંકી દે છે.

– લજ્જાળુ વ્યક્તિ ખુલ્લા ચોગાનમાં ક્યારેય પાપ કરી શકે નહિ.

– **Avoid bad acts from your life.**
તમારા જીવનમાંથી ખરાબ કાર્યોને દૂર કરો.

**(૧૦) દયાળુ : પ્રાણીની રક્ષા**

– ધર્મનું મૂળ દયા છે અને દયાને અનુસરીને જ સર્વ ધર્મ અનુષ્ઠાન જિનેન્દ્રના શાસનમાં સિદ્ધ છે. તેથી કરીને અહીં દયાળુ ધર્મને યોગ્ય છે.

– દુ:ખી, દરિદ્ર, અપંગને જોઈ દયાથી મન ઉભરાઈ જાય.

**દુ:ખીના દુ:ખની વાત, સુખી ના સમજી શકે**
**સુખી જો સમજી શકે, તો દુ:ખ વિશ્વમાં ના ટકે.**

– જીવ વિરાધનાથી ડરે તે જૈન. જયણા શ્રાવકની માતા છે.

– ધ્યાનપૂર્વક ચાલજો, જેથી પોતાની રક્ષા તો થાય. સામેવાળા જીવનીય રક્ષા થાય.

**Live & Let Live**
**જીવો અને જીવવા દો.**

– **નીચી નજર ચાલતા, ત્રણ ગુણ મોટાં થાય,**
**કાંટો ટળે, દયા પળે. પગ પણ નહિ ખરડાય.**

– **ગાડી સારામાં સારી પણ બ્રેક વગરની નકામી,**
**પેન સારામાં સારી પણ રિફિલ વગરની નકામી.**
**વાડી સારામાં સારી પણ ઝાડ વગરની નકામી,**
**જિંદગી સારામાં સારી પણ દયા વગરની નકામી.**

**સૂર્ય ઊગીને બીજાને પ્રકાશ આપે છે,**
**ફૂલ ખીલીને બીજાને સુવાસ આપે છે.**
**દીપક બળીને બીજાને ઉજાસ આપે છે,**
**દુર્જન માનવી જીવવા માટે બીજાને ત્રાસ આપે છે.**

– **Every man can not be great man but every man can be gentleman.**

દરેક વ્યક્તિ મહાન નથી બની શકતા, પરંતુ દરેક વ્યક્તિ સજ્જન તો બની શકે છે.

– દયાળુના જીવનમાં ત્રણ ગુણ અવશ્ય હોવા જોઈએ.

(૧) હૃદય - Butter Factory - **માખણથી ય કોમળ**
(૨) મસ્તક - Ice Factory - **બરફથી ય ઠંડુ**
(૩) જીભ - Sugar Factory - **સાકરથી ય મીઠી**

**'દયા ધર્મ કા મૂલ હૈ, પાપમૂલ અભિમાન**
**તુલસી દયા ન છોડીએ, જબ લગ ઘટ મેં પ્રાણ.'**

– A kind person saves others life. while cruel person kills others life.

દયાળુ વ્યક્તિ બીજાની જિંદગી બચાવે છે, જ્યારે નિર્દય વ્યક્તિ બીજાની જિંદગી ખતમ કરે છે.

(૧૧) **મધ્યસ્થ સૌમ્ય દૃષ્ટિ : સર્વત્ર રાગદ્વેષ રહિત**

– મધ્યસ્થ અને સૌમ્ય દૃષ્ટિવાળો પુરુષ ધર્મના વિચારને યથાર્થ રીતે જાણે છે અને તેથી તે ગુણનો સંગ્રહ કરે છે અને દોષોને દૂરથી જ તજે છે.

– ચાર ચીજોને ઊગતા જ કાપી નાંખો.

(૧) **દર્દ - સમભાવથી કાપો.**
(૨) **દુશ્મન - મૈત્રીભાવથી કાપો.**
(૩) **દેવું - કૃતજ્ઞભાવથી કાપો.**
(૪) **દોષ - સૌમ્યભાવથી કાપો.**

જો આને કાપવામાં મોડું થાય તો ભારે નુકસાની સર્જી શકે છે. સાવધાન !

– આત્માનું Checking કરો. Daily Diary Maintain કરો.

– આજે મારા દ્વારા કેટલા દોષો દૂર કરાયા અને કેટલા ગુણો અપનાવાયા ?

– સંયમ જીવન એટલે રાગદ્વેષ વિનાનું જીવન. ગોચરીએ જાય ત્યારે ગોચરી મળે તો સંયમવૃદ્ધિ અને ગોચરી ન મળે તો તપોવૃદ્ધિ.

– **રાગ-દ્વેષથી ખસતાં રહો.**
**જીવનમાં સદાય હસતાં રહો.**

– 'કલેશે વાસિત મન સંસાર, કલેશરહિત મન તે ભવપાર.
મનને સ્વચ્છ અને સ્થિર બનાવો.'

– તન ટેમ્પલમાં હોય અને મન ચંપલમાં હોય.
તન વ્યાખ્યાનમાં હોય અને મન દુકાનના ગલ્લામાં હોય.

– **ચાર કામ સાથે કરશે : સામાયિક + વ્યાખ્યાન + માળા + ઊંઘ**
**બધું કરશે પણ વેઠ વાળવા જેવું કરશે તો ક્યાંથી ઠેકાણું પડશે ?**

– સારું છે મનનો ફોટો પડતો નથી નહિં તો ઘરમાં કોઈ રહી શકે નહિ.

**'રહને કા સુંદર ફ્લેટ હૈ, કપડા ભી અપ ટુ ડેટ હૈ**
**સોની કા ટીવી સેટ હૈ, મગર માનવ અપસેટ હૈ.'**

– **સામાયિક કરીને કટાસણા ઘસાયા,**
**નવકાર ગણીને મણકા ઘસાયા.**
**પૂજા કરીને સુખડના ટુકડા ઘસાયા**
**પણ આ બધા દ્વારા અંતરના રાગ-દ્વેષ કેટલા ઘસાયા !**
**એ ક્યારેય વિચાર્યું ?**

– ઉકળતા પાણીમાં પ્રતિબિંબ દેખાતું નથી તેમ ક્રોધીને પોતાનું હિત દેખાતું નથી.

– સોના લગડી કોઈને ધગધગતી અપાય નહિ તેમ સારી વાત પણ કોઈને કર્કશતાથી કહેવાય નહિ.

– મધ્યસ્થ સૌમ્યદૃષ્ટિવાળી જીવ રાગ-દ્વેષ કરે નહિ પણ હંમેશા ત્રણ કાર્ય કરે.

(૧) **દિલથી ક્ષમા રાખે**
(૨) **દિલથી ક્ષમા માંગે**
(૩) **દિલથી ક્ષમા આપે.**

– **Forget, Forgive & be a friend.**
ભૂલી જાવ, ક્ષમા આપો અને મિત્ર બનો.

(૧૨) **ગુણાનુરાગી : બીજાના ગુણો જોઈ રાજી થાય.**

– ગુણરાગી માણસ ગુણવંતોને બહુ માન આપે છે. ગુણરહિત જનોની ઉપેક્ષા કરે છે. ગુણોનો સંગ્રહ કરવામાં પ્રવર્તે છે અને પ્રાપ્ત થયેલા ગુણને મલિન કરતો નથી.

– અત્યાર સુધી બે જ કામ કર્યા. **સુખની યાદ અને દુઃખની ફરિયાદ.**
હવે એમાં થોડો સુધારો કરો. **ગુણોની યાદ અને દોષોની ફરિયાદ.**

– ગુણાનુરાગીનું જીવન આવું હોય.
  (૧) આરાધનાની **ભૂખ** હોય તો વિરાધનાનું **દુઃખ** હોય.
  (૨) આરાધનાની **ઝણઝણાટી** હોય તો વિરાધનાની **કમકમાટી** હોય.
  (૩) આરાધનાનું **રટણ** હોય તો વિરાધનાનું **રૂદન** હોય.
  (૪) આરાધનાનો **આનંદ** હોય તો વિરાધનાનું **આક્રંદ** હોય.

– Where there is a will, there is a way.

**जहाँ चाह,**
**वहाँ राह ।**

**દિશા બદલાઈ જાય તો દશા બદલાઈ જાય,**
**દૃષ્ટિ બદલાય તો સૃષ્ટિ બદલાય.**

દોષાનુરાગી મટી ગુણાનુરાગી બનવા સૌ પ્રથમ આપણી દૃષ્ટિ બદલીએ.

– દોષદૃષ્ટિ સમડી જેવી છે. જે બીજાના દુર્ગુણરૂપી કચરાનો સંગ્રહ કરે છે.
ગુણદૃષ્ટિ હંસ જેવી છે. જે બીજાના સદ્‌ગુણરૂપી મોતીનો સંગ્રહ કરે છે.

**'બૂરા જો દેખન મેં ચલા, બૂરા ન મિલિયા કોય**
**જો ઘટ ખોજું આપણો, તો મુજસે બૂરા ન કોય.'**

પોતાના દોષ જુઓ, પરના ગુણ જુઓ.

**"ભક્તિ કરો તો ઐસી કરો, જો ભક્તિ પ્રભુ કો રિઝાયે**
**તું ક્યા પ્રભુ કો મિલને જાવે, પ્રભુ ખુદ મિલને આવે રે."**

ગુણાનુરાગી જીવ પ્રભુના ગુણો પાછળ પાગલ હોય છે.

– **Envy & jealosy are roots of misery.**
અદેખાઈ અને ઈર્ષ્યા એ દુઃખના મૂળ છે.

(૧૩) **સત્કથા : સારી વાતો કરવી**

– અશુભ કથાના સંગથી કલુષિત મનવાળાનું વિવેકરત્ન નાશ પામે છે. ધર્મ તો વિવેકરૂપી સારવાળો છે, તેથી ધર્મના અર્થીએ શુભ કથાવાળા થવું જોઈએ.

- **પ્રતિક્રમણ ઊભા ઊભા કરતા થાક લાગે અને નિંદા, ગપાટા, વિકથા, પારકી પંચાત કરવામાં ત્રણ કલાક ક્યાં પસાર થઈ જાય ખબર પણ ન પડે... ! છે ને આશ્ચર્ય ?**
- વ્યાપાર ઘણો પણ નફો ન થાય તો શું કામનું ?
  ધર્મક્રિયા ઘણી પણ નિંદા ન જાય તો શું કામનું ?
- **પાણીની જેમ જિનવાણીના ય ત્રણ ગુણો છે.**
  (૧) પાણી પ્યાસ બુઝાવે - જિનવાણી વિષયોની પ્યાસ બુઝાવે.
  (૨) પાણી સંતાપ દૂર કરે - જિનવાણી કષાયનો તાપ દૂર કરે.
  (૩) પાણી મેલ કાપે - જિનવાણી કર્મનો મેલ કાપે.
- કાનમાં ધાકો પડ્યો નથી ત્યાં સુધી સદુપયોગ કરી લ્યો. જિનવાણીના રસિયા બનો.

### ત્રણ પ્રકારની ઢીંગલી

(૧) **પત્થરની** - પાણીનો પ્રવેશ ન થાય - જિનવાણીનો ભીતરમાં પ્રવેશ જ ન થાય.

(૨) **વસ્ત્રની** - થોડીવારમાં સુકાઈ જાય. - પ્રવચનમાં ભીના, બહાર જઈ સૂકાં થઈ જાય. સત્કથી જિનવાણી શ્રવણ થતાં જ નાચી ઊઠે છે કેમ કે જિનવાણી એના જીવનમાં પાણીના સ્થાને છે. આહાર વિના કદાચ ચાલી શકે પણ પાણી વિના નહિ.

(૩) **સાકરની** - પાણીમાં ભળી જાય. - દિવસ અને રાત જિનવાણીમાં ભળેલા જ હોય.

આપણો નંબર શેમાં ?

ગુરુદેવ ખાસ કહે તમે માત્ર મળવા નહિ આવો. અમારામાં ભળવા ય આવો. સત્કથી સાકરની ઢીંગલી જેવો હોય.

- **Bad thoughts are worse enemies than lions & tigers.**
  સિંહ અને વાઘ કરતાંય અશુભ વિચારો વધારે કટ્ટર દુશ્મનો છે.

### (૧૪) સુપક્ષયુક્ત :- સારો પરિવાર

- જેનો પરિવાર અનુકૂળ, ધાર્મિક અને સદાચારવાળો હોય તે સુપક્ષ કહેવાય છે. આવો પુરુષ જ વિઘ્નરહિત ધર્મક્રિયા કરી શકે છે.
- ધર્મકાર્યમાં સહાયક બને એવો પરિવાર હોવો જોઈએ.
  આજે ઘરવાળો ઉત્તરમાં હોય તો ઘરવાળી દક્ષિણમાં... ?

**'ચડતાં દિન પારખું, નિત આવે મહેમાન,**
**પડતાં દિનનું પારખું, ઘર ન આવે શ્વાન.'**

– સારા પરિવારમાં આ ત્રણ ગુણો હોય.

(૧) **પરમાત્મા ભક્તિ** - બધા વિના ચાલે પ્રભુ વિના ન ફાવે.

(૨) **પરલોકદષ્ટા** - હમણાં કમાઈશ તો વૃદ્ધાવસ્થામાં કામ લાગશે તેમ આલોકમાં કરેલા સત્કાર્યોનું પુણ્ય પરલોકમાં કામ લાગશે.

(૩) **પરમપદનો પ્યાસી** - પ્રત્યેક પ્રવૃત્તિ પરમપદની પ્રાપ્તિ માટે હોય.

**ત્રણ પ્રકારના સંબંધ**

(૧) **સ્વાર્થ સંબંધ** - પરિવાર પાસેથી કંઈક ને કંઈક લેવામાં જ રસ હોય.

(૨) **સ્નેહ સંબંધ** - પરિવાર પાસેથી લેવામાંય રસ હોય તો દેવામાંય રસ હોય.

(૩) **સમર્પણ સંબંધ** - પરિવારને દેવામાં જ રસ હોય. પરિવાર પાસેથી લેવામાં ન હોય. જેની પાસે આ સમર્પણ સંબંધ હોય એનો પરિવાર સુપક્ષયુક્ત બનીને જ રહે.

– ધર્મને બદલે ધન જ વહાલું છે એવો કલિકાલનો પરિવાર.

**'નોટ છાપે તે છોકરો, નોટો સાચવે તે બાપ,**
**નોટો જોઈ રાજી થાય તે મા, નોટો ખર્ચી નાંખે તે વહુ.'**

– **United we stand & divided we fall.**

સંગઠનથી આપણી ઉન્નતિ થાય છે અને કુસંપથી આપણી અવનતિ થાય છે.

**(૧૫) સુદીર્ઘદર્શી :- પરિણામ સુંદર આવે તેવા કાર્ય કરનારો.**

– દીર્ઘદષ્ટિવાળો પુરુષ જે જે પરિણામે સુંદર હોય, જેમાં ઘણો લાભ અને થોડો પ્રયાસ હોય તથા ઘણા માણસોને પ્રશંસા કરવાલાયક હોય તે તે સર્વ કાર્યનો આરંભ કરે છે.

– ***A man is the architect of his own future.***

મનુષ્ય પોતે જ પોતાના ભવિષ્યને ઘડનારો શિલ્પી છે.

– છોકરાના Marriage નક્કી થતા જ Pre-plan કરીએ છીએ. Hall, આમંત્રણ કાર્ડ, Party, Dress ખરીદી, Jewellary બધા માટે પ્લાન કરીએ છીએ તો પરલોક માટે શું **પ્લાન** છે ? કઈ ગતિમાં જવું છે ? દીર્ઘદર્શી બધો જ વિચાર કરીને ક્રિયા કરે.

– “આ ભવ મીઠા, પરભવ કોણે દીઠા.” આવા વિચારોવાળા ન હોય. Eat, Drink and be Marry – ખાવો, પીવો અને મોજ કરો... આવા માત્ર વર્તમાનસુખનો જ ભૂખ્યો ન હોય.

– આત્માના વિકાસ માટે જરૂરી ત્રણ ગુણો :

(૧) **તન** - **નોર્મલ** અને **સાધનામય** બનાવો.

(૨) **વચન** - **નેચરલ** અને **વાત્સલ્યમય** બનાવો.

(૩) **મન** - **નિર્મલ** અને **ભાવનામય** બનાવો.

– As you think, so you become.

જેવું તમે વિચારશો એવા તમે બનશો.

**ત્રણ પ્રકારના જીવો**

(૧) **સંજ્ઞાપ્રધાન** - **ભાગોળ** (ગામની પાદર) સુધી નજર હોય - **શરીરલક્ષી** જીવન હોય.

(૨) **પ્રજ્ઞાપ્રધાન** - **ભૂગોળ** (આલોક) સુધી નજર હોય - **બુદ્ધિલક્ષી** જીવન હોય.

(૩) **આજ્ઞાપ્રધાન** - **ખગોળ** (પરલોક, મોક્ષ) સુધી નજર હોય - **મોક્ષલક્ષી** જીવન હોય.

– ***Learn from past, Live in present & plan for the future.***

ભૂતકાળમાંથી શીખો, વર્તમાનમાં જીવો અને ભવિષ્ય માટે યોજના કરો.

– ઘડપણમાં તકલીફ ન આવે માટે જુવાનીમાં કમાઈ લેવું જોઈએ એવું સમજનારો પરલોકમાં દુર્ગતિ ન થાય માટે આલોકમાં ધર્મ કરી લેવો જોઈએ... એવું, કેમ નથી સમજતો ?

– આખી જિંદગી ફરિયાદોમાં જ પસાર કરી : લાઈટ નથી, ગેસ નથી, વરસાદ નથી, ઘાટી નથી વગેરે... પણ જીવનમાં ધર્મ નથી એની ક્યારેય ફરિયાદ કરી ખરી... ?

– **Simple living & high thinking.**

જીવન સાદું અને વિચારો ઉચ્ચ હોવા જોઈએ.

**(૧૬) વિશેષજ્ઞ - પક્ષપાતરહિતપણે વસ્તુઓને જાણે.**

– વિશેષજ્ઞ પુરુષ પ્રાયે કરીને પક્ષપાતરહિતપણે વસ્તુઓના ગુણદોષને જાણે છે. તેથી કરીને તે ધર્મનો અધિકારી થાય છે.

– વિશેષજ્ઞ વ્યક્તિ જિંદગીમાં એવા કામ કરે કે જે જિંદગીભર યાદ રહી જાય છે. એ જિંદગીને માત્ર જીવતો નથી, જીતીને ય બતાડે છે.

– વિશેષજ્ઞ વ્યક્તિ કોઈની સાથે બેસે પણ કોઇને માથે કદાપિ ન બેસે.

– ઘણીવાર ઉઘરાણી કરવા છતાં ય સામેવાળો પાંચ લાખ રૂપિયા ન આપતો હોય ત્યારે વિશેષજ્ઞ પોતાના પૂર્વભવના દોષને વિચારે. સામેવાળાના દોષને નહિ.

– આત્મા = Godown, કર્મ = Stock છે.

Export કરવો છે કે Import કરવો છે ?

– કર્મ બધા શાંતિથી બેઠા છે ત્યાં સુધી ફાયદો ઉઠાવી લ્યો. નહિ તો Time Bomb ફૂટશે ત્યારે ક્યાંય ફેંકાઈ જશો.

– સવારે સામે દેખાતો વ્યક્તિ ય સાંજે સ્મશાન ભેગો થઈ જાય છે.

– **"ઇંટ કા જવાબ પત્થર સે"** આવો વિચાર હિટલરનો હતો.

કોઈપણ સંયોગનો પ્રતિકાર નહિ, સ્વીકાર, આવો વિચાર મહાવીરનો હતો.

– પેટ બગડે તેવું ખાવું નહિ, મન બગડે તેવું વિચારવું નહિ, જીવન બગડે તેવું આચરવું નહિ.

– પોલિસ કદાચ પકડશે નહિ તો ય કર્મ ક્યારે ય છોડશે પણ નહિ.

વિશેષજ્ઞ કર્મ Theory સારી રીતે જાણતો હોય છે.

– બચપણમાં માતાનો સાથ, યુવાનીમાં પત્નીનો સાથ, ઘડપણમાં પુત્રનો સાથ, બિમારીમાં ડૉક્ટરનો સાથ... આવા સાથ બાહ્ય દૃષ્ટિએ ગમે તેટલા મહત્ત્વના હોય પણ આંતરિક દૃષ્ટિએ સાચો સાથ તો એક માત્ર પરમાત્માનો છે. વિશેષજ્ઞની આંતરિક દૃષ્ટિ ઉઘાડી હોય અને એ માત્ર પરમાત્માના સાથને ઇચ્છતો હોય.

**ત્રણ પ્રકારના જીવો**

**(૧) અધમ - દુઃખનો ઈન્કાર કરે – દુર્ગતિ મળે.**

**(૨) મધ્યમ - દુઃખનો સ્વીકાર કરે – સદ્‌ગતિ મળે.**

**(૩) ઉત્તમ - દુઃખનો સત્કાર કરે – પરમગતિ મળે.**

– **One wrong step may give you a great fall**

માત્ર એક જ ખોટું પગલું કદાચ મહાન પતન કરે.

## (૧૭) વૃદ્ધાનુગ :- વૃદ્ધ પુરુષોને અનુસરે

– વૃદ્ધ માણસ પરિપક્વ બુદ્ધિવાળો હોય છે. તેથી તે પાપના આચરણમાં પ્રવર્તતો જ નથી. તેમ જ વૃદ્ધને અનુસરનાર પણ તેવો જ હોય છે. કારણ કે ગુણો સંગતિથી પ્રાપ્ત થાય છે.

– **"ઘરડાં ગાડાં વાળે."** વૃદ્ધોએ કેટલીય દિવાળી, તડકા-છાંયા જોયેલા હોય છે. એમાંથી રસ્તો કેમ કાઢવો એની જાણકારી ય હોય છે. માટે એમની Care કરવી જોઈએ અને એમની વાતોને *follow* કરવી જોઈએ.

**ચાર પ્રકારના પુરુષો**

(૧) અરીસા જેવા - વૃદ્ધ પુરુષોના વચનોનું As It is એના જીવનમાં *reflection* પડે.

(૨) ધ્વજ જેવા - ચલ-વિચલ હોય. વૃદ્ધનું વચન માનું કે ન માનું ?

(૩) સ્તંભ જેવા - અક્કડ-કદાગ્રહી હોય.

**સાચું તે મારું નહિ, પણ મારું તે સાચું.**

(૪) કંટક જેવા - વૃદ્ધ સલાહ આપે તો એને જ કાંટાની જેમ ડંખે, ખૂંચે.

– જેણે જીવનમાં વિકાસ કરવો હોય તેણે ધર્મથી અવિરુદ્ધ વૃદ્ધોની વાતોને અનુસરવું.

**'तपः श्रुतं धृतिः ध्यानं विवेको यम संयमी,**
**ये वृद्धास्तेषु वृद्धा न खलु पलिताऽकुरः'**

જેઓ તપ, શ્રુત, ધીરજ, ધ્યાન, વિવેક, યમ, સંયમ વગેરે ગુણોમાં આગળ વધેલા છે તેઓ વૃદ્ધ તરીકે માન્ય છે પણ માત્ર સફેદવાળ વાળા વૃદ્ધો નહિ.

– વૃદ્ધ પુરુષો એટલે અનમોલ ખજાનો. એને તરછોડવાનો ન હોય. લૂંટવાનો હોય.

– વૃદ્ધ પુરુષો આપણા સારા માટે જ કહે છે. આપણને એ ખારાં કેમ લાગે છે એ જ સમજાતું નથી ?

– વૃદ્ધ પુરુષો પાસે કદાચ ભણતર નહિ હોય પણ ગણતર તો અવશ્ય હોય જ. આપણા પાસે કદાચ ભણતર ખૂબ જ હશે પણ ગણતર કેટલું છે... ?

– વૃદ્ધ પુરુષો ભોમિયા સમાન છે. માર્ગમાં અટવાયેલાને ભોમિયો માર્ગ બતાવે છે. સંકટોમાં ફસાયેલા એવા આપણને વૃદ્ધ પુરુષો સાચી સલાહ આપી માર્ગ બતાવે છે.

– **obedience is the road to success.**

વડીલોની આજ્ઞા એ વિજય પામવાનો માર્ગ છે.

**(૧૮) વિનીત :- વિનયવાળો હોય.**

– વિનય એ સમ્યક્ જ્ઞાન, દર્શન વગેરે સર્વગુણોનું મૂળ છે અને તે ગુણો મોક્ષનું મૂળ છે. તેથી વિનયવાળો માણસ અહીં ધર્મના અધિકારમાં પ્રશસ્ત કહ્યો છે.

– વિનિતનો વિકાસ થાય છે. અવિનિતનો વિનાશ થાય છે.

– **No argument but agreement.**

– જુઓ છો શું ? જોડાઈ જાવ કેમ કે જોવાવાળો જોતો જ રહી જાય છે. કરવાવાળો જીતી જાય છે.

– જીવનને વ્યવસ્થિત બનાવવા ત્રણ ચીજ જોઈએ.

(૧) **કમ ખાના** - માપસર વાપરવું - તન તંદુરસ્ત રહે - ઓછું ખાવું.

(૨) **ગમ ખાના** - બીજાનો ગુસ્સો ગળી જવો - વચન પ્રશસ્ત રહે - ખમી ખાવું.

(૩) **નમ જાના** - વડીલોનો વિનય કરવો - મન મસ્ત રહે - નમી જાવું

**'ઝૂકતા વહી હૈ જિસમેં જાન હૈ,**
**અક્કડપન તો મુડદે કી પહચાન હૈ.'**

– **અભિમાની વ્યક્તિ ફુલાઈ શકે છે, પણ આ દુનિયામાં ફેલાઈ શકતો નથી.**

**ત્રણ પ્રકારના પુરુષો**

(૧) **અધમ** - સજ્જન પુરુષોનેય નમે નહિ.

(૨) **મધ્યમ** - પોતે નમે અને સામેવાળાને ય નમાવે.

(૩) **ઉત્તમ** - સામેવાળાને ન નમાવે, પોતે સામે ચાલીને નમન કરે.

– **'બોલી બોલો તો ઐસી બોલો, જો બોલી હો રસીલી,**
**મગર હમ તો ઐસે બોલતે હૈ, જૈસે રાયફલ મેં સે નીકલે ગોલી.'**
વિનિત વ્યક્તિની બોલી હંમેશા રસીલી હોય છે જે બધાના મનને જીતી લે છે.

– **Be kind, honest & humble.**
દયાળુ, પ્રામાણિક અને નમ્ર બનો.

– ***Grace of Guru & Faith of disciple leads to Salvation.***
ગુરુની કૃપા અને શિષ્યની શ્રદ્ધા મોક્ષમાં લઈ જાય છે.

**(૧૯) કૃતજ્ઞ :- કોઈએ કરેલા ઉપકારને જાણનારો.**

– કૃતજ્ઞ માણસ ધર્મગુરુને 'આ મારા પરમ ઉપકારી છે.' એવી તત્ત્વબુદ્ધિથી બહુ માને છે, તેથી કરીને તેના ગુણોની વૃદ્ધિ થાય છે. આ કારણથી કૃતજ્ઞ માણસ

અહીં ધર્મને યોગ્ય છે.

**न मे पर्वतभाराः न मे भाराः सुसागराः**

**कृतघ्नाः महाभाराः भाराः विश्वासघातकाः**

ધરતી કહે છે કે, મને પર્વતો કે સાગરોનો એટલો ભાર નથી લાગતો જેટલો ભાર કૃતઘ્ની અને વિશ્વાસઘાતીનો લાગે છે.

– **માતૃભૂમિ, માતૃભાષા અને માતૃસંસ્કાર ક્યારેય ન ભૂલાય.**

***'ભૂલો ભલે બીજું બધું મા-બાપને ભૂલશો નહિ,***
***અગણિત છે ઉપકાર જેનાં એ કદિ વિસરશો નહિ...'***

– વડીલોની આજ્ઞા સામે Argument નહીં Agreement કરો.

– માતા બાળકને ખાતા-પીતા-બોલતા બધું જ શીખવાડશે પણ જો જીવન જીવતાં નહિ શીખવાડે તો એ કૃતજ્ઞ બનવાને બદલે કૃતઘ્ન બની જશે.

– આપણા ઉપર સૌથી વધુ ત્રણ જણના ઉપકાર

(૧) માતા-પિતા
(૨) સ્વામી-માલિક
(૩) ધર્મગુરુ

– ઉમાસ્વાતિ મહારાજે પ્રશમરતિ સૂત્રમાં કહ્યું છે કે,

**दुष्प्रतिकारौ मातापितरौ स्वामी गुरुश्च लोकेऽस्मिन् ।**

**तत्र गुरुरिहामुत्र च, सुदुष्करतरप्रतीकारः ॥**

આ લોકમાં માતા-પિતા, સ્વામિ અને ગુરુનો બદલો વાળવો અશક્ય છે. તેમાં પણ આ લોક અને પરલોકમાં પણ ગુરુનો બદલો વાળવો તો મહાકષ્ટથી અશક્ય છે.

– શાસ્ત્રમાં તો ત્યાં સુધી કહ્યું છે કે આપણા શરીરમાંથી ચામડી ઉતારી એના જૂતા બનાવી પહેરાવવામાં આવે તો ય એમનું ઋણ વાળી ન શકાય. માત્ર એમને ધર્મમાર્ગે વાળો તો જ ઋણ વળે.

– **તમે જે દશા તમારા મા-બાપની કરો છો. તેવી જ તમારી દશા તમારા દીકરાઓ કરશે એની તૈયારી રાખજો.**

– **ઘરમાં મા-બાપને ચૂપ કરે અને મંદિરમાં જઈ ધૂપ કરે.**
**ઘરમાં મા-બાપને તરછોડે અને બહાર બધાને હાથ જોડે.**
**છે ને આશ્ચર્ય ?**

– Fridge, Furniture જગ્યા નથી રોકતા ને મા-બાપ જગ્યા રોકે છે. **માતા-પિતાની દવાનું બિલ જોઈને આંખો ફાટી જાય છે. જ્યારે તમારા** dress, બૂટ, Hotelનું બિલ જોઈને... ?

**ફર્નિચર પ્રમાણે બંગલો સેટ ન થાય,**
**પણ બંગલા પ્રમાણે ફર્નિચર સેટ કરાય.**
**ચાવી પ્રમાણે તાળું સેટ ન થાય,**
**પણ તાળા પ્રમાણે ચાવી સેટ કરાય.**
**ચશ્મા પ્રમાણે આંખ સેટ ન થાય,**
**પણ આંખ પ્રમાણે ચશ્મા સેટ કરાય.**
**તેમ આપણા પ્રમાણે મા-બાપ સેટ ન થાય,**
**મા-બાપ પ્રમાણે પોતાને સેટ કરાય.**

– **ચાર પ્રકારના પુરુષો**

(૧) **અધમાધમ** - પોતે કમાવવાનું શરૂ કરે ત્યાં સુધી વડીલોને સાચવે.

(૨) **અધમ** - ઘરમાં પત્ની આવે ત્યાં સુધી સાચવે.

(૩) **મધ્યમ** - ઘરનું કામ કરી શકે ત્યાં સુધી સાચવે.

(૪) **ઉત્તમ** - જિંદગીભર સાચવે અને તીર્થની જેમ સેવા કરે.

– અપકારી ઉપર પણ ઉપકાર કરે તે ઉત્તમ.
ઉપકારી ઉપર પણ અપકાર કરે તે અધમ.

**(૨૦) પરહિતકારી : - બીજાનું હિત કરનારો**

– પરહિતમાં તત્પર રહેનાર મનુષ્ય ધન્ય છે. કારણ કે તે સમ્યક્ પ્રકારે ધર્મનું તત્ત્વ જાણે છે. તેનું ચિત્ત નિઃસ્પૃહ હોવાથી તથા તે મહાસત્ત્વવાળો હોવાથી બીજાઓને પણ માર્ગમાં સ્થાપન કરે છે.

**'शिवमस्तु सर्वजगतः, परहितनिरताः भवन्तु भूतगणाः,**
**दोषाः प्रयान्तु नाशं, सर्वत्र सुखी भवतु लोकः'**

સર્વ જગતનું કલ્યાણ થાઓ.
સર્વ જીવો પરહિત કરવામાં તત્પર થાઓ.
સર્વ દોષો નષ્ટ થાઓ.
સર્વ જીવો સર્વ ઠેકાણે સુખી થાઓ.

– રાખ્યું તે રાખ, આપ્યું તે આપણું.

**सर्वे भवन्तु सुखिनः, सर्वे सन्तु निरामयाः**
**सर्वे भद्राणि पश्यन्तु, मा कश्चिद् दुःखभाक् भवेत् ।**

જગતના સર્વ જીવો સુખી થાઓ.
જગતના સર્વ જીવો રોગ રહિત થાઓ.
જગતના સર્વ જીવોનું કલ્યાણ થાઓ.
જગતનો કોઈપણ જીવ દુઃખી ન થાઓ.

– ઘણી વ્યક્તિ તિજોરી ખોલે, દર્શન કરે અને ખુશ થાય.
લક્ષ્મીને તિજોરીમાં ભરવામાં નહિ, તિજોરીમાંથી બહાર કાઢી બીજાનું ભલું કરવામાં જીવનની સાર્થકતા છે.

– જિનશાસનમાં સંપત્તિના દાન કરતાં સંતતિનું દાન શ્રેષ્ઠ છે.

– **ચાર પ્રકારના માણસો**

(૧) **ઉત્તમ** - બીજાને સુખી કરીને રાજી થાય તે.
(૨) **મધ્યમ** - બીજાને સુખી જોઈને રાજી થાય તે.
(૩) **અધમ** - બીજાને દુઃખી જોઈને રાજી થાય તે.
(૪) **અધમાધમ** - બીજાને દુઃખી કરીને રાજી થાય તે.

પરહિતકારીનો નંબર ઉત્તમમાં જ હોય.

– **'समयं गोयम ! मा पमायए'** પ્રભુ વીર ગૌતમ સ્વામીના નામ દ્વારા આપણને પણ કહી રહ્યા છે કે એક પણ સમયનો પ્રમાદ કરશો નહિ.

**– દૂધનો સાર મલાઈ છે.**
**જીવનનો સાર ભલાઈ છે.**

**– 'તરવર સરવર સંતજન ચોથા વરસે મેહ,**
**પરમારથને કારણે ચારો ધરિયા દેહ.'**

– હવા વગર જેને એક મિનિટ પણ નથી ચાલતું,
પાણી વગર જેને એક કલાક પણ નથી ચાલતું,
ખોરાક વગર જેને એક દિવસ પણ નથી ચાલતું,
એને પરોપકાર કર્યા વગર આખી જિંદગી ચાલી શકે છે.
છે ને આશ્ચર્ય ?

**'સર્વથા સહુ સુખી થાઓ, પાપ ના કોઈ આચરો,**
**રાગ-દ્વેષથી મુક્ત થઈને મોક્ષ સુખ સહુ જગ વરો.'**

– ***Loose no opportunity of doing a good action.***

સારા કાર્ય કરવાની તકને ગુમાવશો નહિ.

**(૨૧) લબ્ધ લક્ષ્ય :- ધર્મકાર્યને સુખે કરીને જાણી શકે.**

– લબ્ધ લક્ષ્ય પુરુષ સમગ્ર ધર્મકાર્યને સુખે કરીને જાણી શકે છે. તેથી કરીને જ તે ધર્મકાર્યને શીઘ્ર કરનારો, સહેલાઈથી શીખવવાલાયક થાય છે અને શીઘ્રપણે જ શિક્ષાનો પારગામી થાય છે.

– જીવનમાં **અનાસક્તિનો પક્ષ** હોવો જોઈએ અને **અણહારીપદનું લક્ષ** હોવું જોઈએ. તરવાનું શીખવું હોય તો પાણીમાં પડવું પડે. ગાદલા પર ન શીખાય.

**'વા ફરે વાદળ ફરે, ફરે નદીના પૂર**
**શૂરા બોલ્યા ના ફરે, ભલે પશ્ચિમ ઊગે સૂર.'**

કદાચ સૂર્ય પશ્ચિમમાં ઊગી શકે પણ જે શૂરવીર હોય તે પોતે ક્યારેય ફરે નહિ. લક્ષ્ય પ્રાપ્ત કરીને જ રહે.

– ગમે તેટલીવાર ગમે ત્યાં ફરવા જાવ છેલ્લે તો ઘરે આવવું જ પડે. આપણું પોતાનું ઘર એટલે મોક્ષ. ઘરે જવું છે કે બહાર જ ભટકવું છે ?

– આ ત્રણ ગુણ જીવનમાં અપનાવવાથી લક્ષ્ય સુધી પહોંચી શકાય.

(૧) **આરાધનામાં લાગી જાવ.**
(૨) **પાપથી ભાગી જાવ.**
(૩) **જીવનમાં જાગી જાવ.**

– **'કરેંગે યા મરેંગે'**ના લક્ષ્યવાળો જીતી પણ શકે છે ને હારી પણ શકે છે. **'કરકે હિ રહેંગે'**ના લક્ષ્યવાળો અવશ્ય જીતીને જ રહે છે.

**અસ્થિર મનના માનવીને રસ્તો કદી જડતો નથી.**
**અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી.**

– **The Ultimate goal is to achieve the salvation.**

આત્માનો અંતિમ ધ્યેય મોક્ષ મેળવવાનો છે.

– સંપત્તિને તિજોરીમાં સાચવી શકાય છે પણ સમયને નહિ. માટે મળેલા સમયનો સદુપયોગ કરી લક્ષ્ય પ્રાપ્ત કરો.

– ***Time and tide wait for none,***

સમય અને ભરતી ક્યારે પણ કોઈની રાહ જોતા નથી.

## પધારો મારે દેશ રે...
## પધારો મારે ઉમતા ગામ રે...
## પધારો મારી ભોમકા એ...

# કામિતપૂર્ણ શ્રી કુંથુનાથાય નમઃ

શ્રી બે. વિ. શ્રીમાળી જૈન સમાજના અમારા પૂર્વજો સદીઓ પહેલાં ભીનમાલ-શ્રીમાલથી સ્થળાંતર થઈને, રૂપેણ નદીને કિનારે આવેલ, મહાતીર્થ શ્રી ગિરિરાજ શેત્રુંજયની તળેટી વડનગરેથી વિસ્તારિત થયેલ એવા ઉમતા ગામમાં આવીને વસ્યા હતા અને આજથી અંદાજે ૫૭ વર્ષ પહેલાં ઉમતા મુકામે કામિતપૂર્ણ શ્રી કુંથુનાથ દાદાની પુનઃ પ્રતિષ્ઠા ૧૦૮ પાર્શ્વનાથ પ્રેરક શંખેશ્વર તીર્થ, પૂજ્યપાદ શ્રી પ્રેમસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં શ્રેષ્ઠીવર્યશ્રી વર્ધમાનદાસ રવચંદ દોશી પરિવારે કરાવેલ હતી અને આ જ જિનાલયની કાયમી ધજાનો લાભ આપણા જ સમાજના શ્રેષ્ઠીવર્યશ્રી મફતલાલ લહેરચંદ શેઠને મળ્યો હતો, આવી આ પુનિત-પાવન ધરા ઉપર વિ.સં. ૨૦૭૩ના ફાગણ વદ - ૪ તા. ૧૬-૩-૨૦૧૭ના રોજ એક ઐતિહાસિક, અદ્વિતીય, અલૌકિક પ્રસંગ ઉજવાયો... અને એ ધન્ય પ્રસંગ હતો શ્રી કુંથુનાથ દાદાની શિખર સાથે આજુબાજુમાં બે અદ્ભુત કલાત્મક, મનોહારી શિખરોથી સજ્જ એવા ત્રિશિખરિય... વિશાળ રંગમંડપવાળા, ઉત્કૃષ્ટ તરણતારણ જહાજ સમાજ જિનાલય અને જિનબિંબોની પ્રતિષ્ઠાનો... ! એક અનેરો લ્હાવો અને ચિરસ્મરણીય આસ્વાદ પવિત્રતાનો... ! જે સમાધિમરણ પણ લાવી શકે તેમ છે.

કહેવાય છે કે ચક્રવર્તીથી પણ વિશેષ સામ્રાજ્ય, સામર્થ્ય અને સત્ત્વ ધરાવતા તીર્થંકર પરમાત્મા જ્યારે એ ભૌતિક સુખોને છોડી, દિક્ષા ગ્રહણ કરી, અઘોર તપશ્ચર્યા-ઉત્કૃષ્ટ આરાધના અને સમતાભરી લખલૂંટ સાધના કરે છે... ત્યારે તેના પરિપાકરૂપે કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે. તીર્થંકર નામ કર્મના સ્વામીને તેથી જબરદસ્ત જ્ઞાનનો, વાત્સલ્યનો, કરૂણાનો અને દીર્ઘદષ્ટિના ભાવિનો પ્રકાશપુંજ પ્રગટ થાય છે. પરંતુ પરમાત્માના નિર્વાણ પછી આ પ્રકાશપુંજ ક્યાં જાય છે ? તેની કોઈને ખબર નથી હોતી. ઉમતા તીર્થે જે પ્રતિષ્ઠાનો માહોલ જોયો ત્યારે એમ લાગે છે કે પરમાત્માની કરૂણા, વાત્સલ્ય અને જ્ઞાનના પ્રકાશપુંજનો ટુકડો ઉમતાની ધરા ઉપર

જરૂર પડ્યો હશે ! જે તીર્થ સ્વરૂપે ઈસુની ૧૨મી સદીમાં આ સમાઈ ગયો હશે... દટાઈ ગયો હશે... ભવિષ્યની રાહ જોતો.

અંદાજે ૭૦૦ વર્ષથી જૂનું આ જિનાલયને આપણા વડવાઓએ પરદેશી-વિધર્મી આક્રમણો અને કુદરતી સંહારથી બચાવવા આયોજનબદ્ધ તેને જમીન ઉપર જ ટીંબો બનાવી દાટી દેવામાં આવેલ. સયાજીરાવ ગાયકવાડના તાબામાં રહેલ આ ગામના આ ટીંબા ઉપર સ્કૂલ બનાવવામાં આવેલ.

ઉમતા ગામના કેન્દ્રમાં આવેલ ૨૦૦ મીટરનો ઘેરાવો અને ૪૦ ફૂટની ઊંચાઈ ધરાવતા ટીંબા, રાજગઢીના ઉપનામ ધરાવતા કોટને ખોદકામ કરતાં ઇ.સ. ૧૯૮૫માં ૨૪ જિનાલય સાથે ૭૪ પ્રતિમાજી મળ્યા હતા. દિગંબર જૈન સમાજ સાથે ઘણા લાંબા સમયના વિવાદ બાદ, સમજૂતીના ભાગરૂપે શ્વેતાંબર સમાજને ૧૭ પ્રતિમાજી મળતાં તેની પ્રતિષ્ઠા ગામમાં જ કરાવવાના હેતુથી આ ભવ્યાતિભવ્ય પ્રસંગ ઉમતા સંઘના આપણા સમાજને સંપન્ન થયો.

જિનશાસનને સમર્પિત, કર્તવ્યપરાયણ, કુશળ વહીવટદાર, ઉદાર અને શાસનની પ્રભાવનાના મતવાદી એવા (૧) સ્વ. શ્રી રતિલાલ વર્ધમાનદાસ ભુતદોશી (૨) શ્રી મફતલાલ લહેરચંદ શેઠ ઉમતા જૈન સંઘને મળ્યા હતા. જેઓએ આ સંઘને સ્થિરતા આપી હતી અને પ્રસંગોપાત જિનશાસનની પ્રભાવના પણ કરી.

તેમજ ત્યારબાદ રાજગઢી કોટ ટીંબાના ઉત્ખનન અને પ્રતિમાજીના વિવાદને સુલઝાવી આપનાર (૧) સ્વ. શ્રી કરશનલાલ કેશવલાલ ભુતદોશી (૨) સ્વ. શ્રી રિખવચંદ લાલચંદ શેઠ માટે ઉમતા સંઘ ઋણ સ્વિકાર કરશે જ. છેલ્લા ૩૦ વર્ષથી આ પ્રતિમાજીની ઉમતા મુકામે સ્થાપના થાય અને ભવ્યાતિભવ્ય તીર્થ બને એ તેમની આખરી ઇચ્છા હતી, જેનો હું મૂકસાક્ષી છું. તે જ રીતે (૧) સ્વ. શ્રી રાજેન્દ્ર મફતલાલ શેઠ પણ પ્રતિમાજી મળવાના સમાચાર માત્રથી મુંબઈથી દોડી આવીને ખૂબ જ ઉત્સાહપૂર્વક, ઉત્ખનનની કાર્યવાહીને વેગ મળે તે હેતુથી તન-મન-ધનથી કામ કરનાર કર્મનિષ્ઠ કાર્યકર હતા. આ ત્રણેય વ્યક્તિઓનો જીવનના છેલ્લા શ્વાસે પણ ઉમતા તિર્થની, જિનાલયને અને પ્રતિષ્ઠાની, એની ભવ્યતાની વાત સમાયેલી હતી.

ઉપરોક્ત પાંચેય વિભૂતિઓ આપણા જૈન સંઘને મળી તે પણ એક ગૌરવ છે. કોઈપણ તીર્થની ભવ્યતા માટે જરૂરી છે સમર્પિત કાર્યકર્તાઓ... શાસન પ્રભાવક સંયમી ચારિત્ર્ય રત્નો, સંઘના રત્નો સમાન ગુરુ ભગવંતો અને પરમાત્માની અસીમ કૃપા.

ઉમતા ગામને (૧) ૧૦૮ પાર્શ્વનાથ પ્રેરક શ્રી શંખેશ્વર તીર્થ મહાગચ્છાધિપતિ, દીર્ઘ સંયમી જીવન જીવનાર પૂજ્યપાદ શ્રી પ્રેમસૂરીશ્વરજી મ.સા.ના સતત વાત્સલ્યને સ્નેહ મળતા રહ્યા છે. (૨) શ્રી પ્રેમ-ભુવનભાનુ સમુદાયના રત્ન સંયમકૈલકક્ષી, નિસ્પૃહ શિરોમણિ, પૂજ્યપાદશ્રી જગતચંદ્રસૂરીશ્વરજી મ.સા.ના સદાય આશીર્વાદ મળતા રહ્યાં છે. અવારનવાર ઉમતા તીર્થ વિહાર કરીને તેઓશ્રી પધાર્યા છે. વિશેષ તો બે શિખરોની ખનનવિધિ વખતે શાસન-પ્રભાવનાનો તેમણે માંગલિક સંભળાવીને અલૌકિક શક્તિનો સાક્ષાત્કાર કરાવેલ હતો, જેનું પરિણામ પ્રતિષ્ઠા વખતે પણ મળવા મળ્યું. (૩) ઉમતા તીર્થની ભવ્યતામાં યશકલગી સમાન, ૧૦૮ ફૂટ આદિનાથ પ્રતિમા પ્રેરક, પ્રભાવક, પ્રતિષ્ઠાચાર્ય પૂજ્યપાદ શ્રી અશોકસાગરસૂરીશ્વરજી મ.સા.ની અનન્ય... અપ્રતિમ એવી નિશ્રા મળી. શ્રી સંઘને અશક્ય જણાતાં કામો, પ્રસંગો અને અનુષ્ઠાનો નિર્વિઘ્ને પાર પડતા જણાયા, પરમાત્માના ચ્યવન અને જન્મ કલ્યાણકના ઉત્સવ પ્રસંગ દરમિયાન એટલે કે પ્રતિષ્ઠાના આગળના દિવસે ફાગણ વદ-૩, તા. ૧૫-૩-૨૦૧૭ના રોજ દરેક પરમાત્માની આંખોમાંથી સતત અમી ઝરતાં સંઘે જોયા છે. આ એક એવી વિરલ ઘટના હતી, જે ઉમતા તીર્થ હોવાનું ઉત્તમ તીર્થ (મહાતીર્થ) બનવાનું અને સંઘનો અભ્યુદય થવાના પ્રમાણરૂપ હતી. જેને સંઘ 'યાવત્ ચંદ્ર દિવા કરો' સુધી યાદ રાખશે.

તારંગા તિર્થે જતાં વિહાર કરતાં, સાક્ષાત સિદ્ધ પરમાત્મા સમાન એવા અનેક ગુરુ ભગવંતો, આચાર્ય ભગવંતોએ આ ધરાને પવિત્ર કરી છે. શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મ.સા. (ડહેલાવાળા) સમુદાયના, તાત્ત્વિક વ્યાખ્યાતા, શાસન પ્રભાવક શ્રી રત્નચંદ્રસૂરીશ્વરજી મ.સા. જેમણે 'પરિવર્તન' નામના મેગેઝિનમાં ઉમતા તિર્થની વિશદ ચર્ચા કરીને પ્રસિદ્ધિ આપી છે. તેવી જ રીતે રામચંદ્રસૂરી સમુદાયના પૂજ્યપાદ પ્રશમરતિ મ.સા.એ પણ આ ધરાને પાવન કરી છે. 'સાધુ ચલતા ભલા ભાગ-૨'માં તેઓશ્રીએ ઉમતા તિર્થ હોવાનું જણાવીને સાત પાનાનો લેખ લખેલ છે જેમણે ગુજરાત બહાર પણ આ તિર્થને પ્રસિદ્ધિ અને નામના અપાવી છે.

અનેક ગુરુ ભગવંતોએ આ તિર્થની પાવન ધરામાં વિહાર કરીને, દર્શન કરીને, આશીર્વાદ આપીને આ ગામને અત્યંત પાવનકારી બનાવી... તીર્થનો ઉદ્ધાર થાય તેવી ઇચ્છા બતાવી છે.

ઉમતા સંઘના ઓસવાલ સમાજના શાસનરત્ન સમાન શ્રી લહેરચંદ સકરચંદ આજીવન કાર્ય કરી, સરપંચપદે રહીને ઉત્ખનન અને શાસન સેવાની અમૂલ્ય,

મહામૂલી સેવા કરી છે. તેવી જ રીતે નિર્માણના કામમાં ઉમતા સંઘના રત્ન સમાન શ્રી કુમારભાઈ સકરચંદ પૂર્ણ સમયની કામગીરીમાં વ્યસ્ત રહીને, તન-મન-ધનથી ઘસાઈને અનન્ય અને અવર્ણનીય સેવા કરી, નિર્માણ પૂરુ કરાવી, પ્રતિષ્ઠા સુધી લઈ જનાર એવા ભાગ્યશાળી વ્યક્તિનો સંઘ સદાય ઋણી રહેશે. ઉપરોક્ત બંને પરિવારના તમામ સભ્યો શાસન પ્રભાવનામાં, ઉત્થાનમાં સતત કાર્યરત હોય છે. તે સૌભાગ્યની વાત છે.

પધારો મારે દેશ રે... મારે ગાંવ રે... પાવન ધરાએ....

વિશેષમાં સમેતશીખરમાં ચાતુર્માસની સુંદર આરાધના કરવાનો અદ્ભુત લ્હાવો અમને પણ મળ્યો. પૂ. ગુરુદેવ આ.**શ્રી પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મ.સા.** આદિના પ્રવચનો આજે પણ અમારા કાનમાં ગુંજે છે. પૂજ્ય આચાર્યશ્રીનો સૌમ્ય સ્વભાવ, મધુર વાણી, તત્ત્વપરિણતિ, પ્રેરણાદાયી હિતશિક્ષા તથા ચાતુર્માસ આરાધનાના દશ્યો અને સંસ્મરણોને અમે વાગોળતા રહીએ છીએ.

પૂજ્ય ગુરુદેવના શિખરજીમાં થયેલા પ્રવચનો આલેખિત થઈને પ્રકાશિત થાય તેવી મારી સૌપ્રથમ ભાવના હતી, વિનંતી હતી, તેને સાકાર કરી અનુમતિ આપી. અને આજે પ્રકાશિત થઈ રહેલ છે. તેનો અમને અત્યંત આનંદ અને અનુમોદના છે. આત્માર્થી જિજ્ઞાસુ સર્વે આ પુસ્તક **''પ્રવચન અંજન''**ના વાંચન દ્વારા પોતાની દૃષ્ટિમાં સમ્યક્ અંજન કરીને સવિશેષ ઉઘાડ કરે એ જ શુભાભિલાષા...!

**– જિતેન્દ્ર ચિનુભાઈ શાહ**
**ટ્રસ્ટી, ઉમતા જૈન સંઘ**
**અમદાવાદ**

श्री कलापूर्णसूरि सद्‌गुरुभ्यो नमः

# પૂ.આચાર્ય શ્રીમદ્ વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મ.સા.
# દ્વારા લિખિત તથા સંપાદિત પુસ્તકો

| | | |
|---|---|---|
| ૧. | સુવિચાર માધુરી | - ગુજરાતી |
| ૨. | દિવ્ય રોશની | - હિન્દી |
| ૩. | ચલે ઉજાલે કી ઓર | - હિન્દી |
| ૪. | મધુર વાણી | - ગુજરાતી |
| ૫. | સ્વાધ્યાય પ્રકાશ | - પ્રકરણ ગ્રન્થ |
| ૬. | જૈન કાવ્ય પ્રવેશ | - ગુજરાતી |
| ૭. | સિદ્ધ હૈમાનુશાસનાત્રિકમ્ | - સંસ્કૃત વ્યાકરણ સૂત્રો આદિ |
| ૮. | જનતા જાગે - હિન્દી | |
| ૯. | કરૂણાનિધાન ભગવાન મહાવીર | - ગુજરાતી (સચિત્ર) |
| ૧૦. | કરૂણાનિધાન ભગવાન મહાવીર | - હિન્દી (સચિત્ર) |
| ૧૧. | Compassiponate Bhagavan Mahavir | - અંગ્રેજી (સચિત્ર) |
| ૧૨. | મેઘકુમાર કી આત્મકથા | - હિન્દી (સચિત્ર) |
| ૧૩. | ભગવાન નેમિનાથ | - હિન્દી (સચિત્ર) |
| ૧૪. | ફૂલ ખીલે તો ખુશબુ મિલે | - હિન્દી |
| ૧૫. | સમર્પણ સુધા | - હિન્દી (સ્તુતિ, સ્તવન, સજ્ઝાય આદિ) |
| ૧૬. | અધ્યાત્મ રોશની | - ગુજરાતી (સંકલિત) |
| ૧૭. | સંસ્કૃતિનો સંદેશ | - ગુજરાતી |
| ૧૮. | સુવાક્ય શાયરી સરિતા | - હિન્દી |
| ૧૯. | આત્મ તત્વનો અમૃત આસ્વાદ | |
| ૨૦. | પ્રકૃતિની પ્રેરણા | |
| ૨૧. | ચાલો ભક્તિ કરીએ | - ગુજરાતી |
| ૨૨. | સંસ્કાર રોશની | - ગુજરાતી |
| ૨૩. | કથા હરે વ્યથા | - ગુજરાતી |
| ૨૪. | જીવન બને મહાન | - ગુજરાતી |
| ૨૫. | દિલના દરિયામાંથી | - ગુજરાતી |
| ૨૬. | વ્યાખ્યાન સાહિત્ય સંગ્રહ | - સંસ્કૃત, ગુજરાતી |
| ૨૭. | સંસ્કાર રોશની | - હિન્દી |
| ૨૮. | વિચાર સૃષ્ટિનું સૌદર્ય | - ગુજરાતી |
| ૨૯. | ઉઠ જાગ મુસાફિર | - ગુજરાતી |
| ૩૦. | પ્રકૃતિની પ્રેરણા | - ગુજરાતી |
| ૩૧. | કલાપૂર્ણસૂરિ પ્રવચનધારા | - હિન્દી |
| ૩૨. | અધ્યાત્મયોગીની અમૃતવાણી | - ગુજરાતી |
| ૩૩. | કલાપૂર્ણસૂરિ અનુભવવાણી | - ગુજરાતી |
| ૩૪. | જૈન માર્ગદર્શિકા | - ગુજરાતી |
| ૩૫. | નિયમ સૌરભ | - ગુજરાતી |
| ૩૬. | કલાપૂર્ણ કૃપાંજલિ (સ્મૃતિગ્રંથ) | - હિન્દી |
| ૩૭. | જીત હીર કનકમ્ | - ગુજરાતી |
| ૩૮. | વાત્સલ્ય મૂર્તિ કનકસૂરિ દાદા | - ગુજરાતી |
| ૩૯. | કચ્છવાગડ સમુદાય જીવન જયોત | - ગુજરાતી |
| ૪૦. | કચ્છવાગડ સમુદાય દર્શન | |
| ૪૧. | કચ્છવાગડ સમુદાય દર્શિકા | |
| ૪૨. | સમાધિ સોપાન | |
| ૪૩. | અધ્યાત્મ કલ્પદ્રુમ, પ્રશમરતિ સાર્થ વિગેરે | - સંસ્કૃત, ગુજરાતી |
| ૪૪. | યોગશતક, યોગસાર તથા ધર્મરત્ન પ્રકરણ સાર્થ | - સંસ્કૃત, ગુજરાતી |
| ૪૫. | સ્તવન વિગેરેની પુસ્તિકાઓ | |

# સમેતશીખરજી મહાતીર્થે

(વિ.સં.૨૦૭૨, ઈ.સ.૨૦૧૬)



૭૦૦ આરાધકોના સામૂહિક ચાતુર્માસ દરમ્યાન
પ્રવચન પ્રભાવક
પ.પૂ.આ.શ્રી પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મ.સા. દ્વારા
અપાયેલ અદ્ભુત પ્રવચનોનો સંગ્રહ એટલે જ

## "પ્રવચન અંજન"

8980007872 Ahmedabad